વિ. સં ૨૦૦૮ ઈ. સ. ૧૯૫૨

અઢીસો પ્રતમા મર્યાદિત આ આવૃત્તિની
આ પ્રત ૪૧મી છે.

[illegible]

મૂલ્ય સાદી નકલ ~~દોઢસો રૂપિયા~~

મૂલ્ય : કીનખાબનું ~~બાઈન્ડીંગ તથા એલ્યુમિનિયમની પેટી~~ સાથે બસો રૂપિયા



[illegible] દીપક પ્રિન્ટરી ૨૩૩૬/૧ રાયપુર દરવાજા પાસે અમદાવાદ
[illegible] માંડવીની પોળમાં છીપામાવજીની પોળ અમદાવાદ

નિવેદન

॥ श्री वीतरागाय नमः ॥

ગુજરાતની જૈનાશ્રિત ગ્રંથસ્થ ચિત્રકળાનો ઇતિહાસ મેં સૌથી પ્રથમ ઈ. સ. ૧૯૩૬માં મારા "જૈન ચિત્રકલ્પદ્રુમ" નામના ગ્રંથમાં ૩૦૦ ચિત્રો સાથે ગુજરાતી ભાષામાં રજૂ કરેલો છે. ત્યાર પછી ઈ. સ. ૧૯૪૦માં "જૈન ચિત્રકલ્પલતા"માં, ઈ. સ. ૧૯૪૧માં, "શ્રી ચિત્રકલ્પસૂત્ર"માં, ઈ. સ. ૧૯૪૯માં "શ્રી કાલકકથા સંગ્રહ"માં, ઈ. સ. [illegible] Jain Miniature Paintings from Western India નામના [illegible] મ્યુઝિયમના ક્યુરેટર ડૉ. મોતીચંદ્ર દ્વારા સંપાદિત ગ્રંથમાં [illegible] તથા ઈ. સ. ૧૯૫૧માં "જૈન ચિત્રાવલી" અને "[illegible]" [illegible] વિદ્વદ્વર્ય ગુરુદેવ પુણ્યવિજયજી દ્વારા સંપાદિત ગ્રંથોમાં [illegible] ગુજરાતની જૈનાશ્રિત ગ્રંથસ્થ ચિત્રકળાની સામગ્રી રજૂ કરેલી છે [illegible] કરવામાં આવેલી ચિત્રસામગ્રી ઉપરાંત પણ ઘણે સ્થળે [illegible] ભાગ પ્રસ્તુત ગ્રંથમાં પ્રથમ જ વાર મેં પ્રસિદ્ધ [illegible]

"શ્રી ભગવતી સૂત્ર"ની પ્રતમાં કે જે પ્રત ડભોઈના વિજયજંબુસૂરીશ્વરજીના ભંડારમાં વિ. સં. ૧૧૧–(ઈ. સ. ૧૦૫૩ થી ૧૦૬૨) ના કારતક સુદિ ૬ રવીવારના દિવસે લખાએલી છે, તેમાં ૭ ચિત્રાકૃતિઓ મળી આવેલી છે. પછી વિ. સં. ૧૧૫૭માં લખાએલી 'નિશીથ-ચૂર્ણિ'ની પ્રતથી શરૂ કરીને ખંભાતના શાંતીનાથના ભંડારમાં આવેલી "પર્યૂષણા કલ્પ"ની પ્રત મધ્યેના બે ચિત્રોની નોંધ મેં "જૈન ચિત્રકલ્પદ્રુમ" ગ્રંથના પાના ૪૦–૪૧ ઉપર કરેલી છે.

પ્રાચીન તાડપત્રની કળાનો દ્વિતીય વિભાગ

[વિ. સં. ૧૩૫૭ થી ૧૪૫૬]

ગુજરાતની જૈનાશ્રિત કળાના તાડપત્રીય ચિત્રોના દ્વિતીય વિભાગની શરૂઆત વિ. સં. ૧૩૫૭થી થાય છે. પરંતુ જેના ઉપર તારીખ નોંધાએલી છે એવી તાડપત્રની ચિત્રવાળી પ્રત વિ. સં. ૧૪૧૮ પહેલાંની મળી નથી. ગુજરાતની જૈનાશ્રિત કળાના તાડપત્ર ઉપરના સુંદરમાં સુંદર ચિત્રો આ સમય દરમ્યાનમાં જ મળી આવે છે. વિ. સં. ૧૪૧૮ માં લખાએલી પ્રત ફલોધી (મારવાડ) નિવાસી સ્વર્ગસ્થ શ્રીમાન ફુલચંદજી ઝાબકના સંગ્રહમાં છે, જેમાં પાંચ ચિત્રો ચીતરેલાં છે. વિ. સં. ૧૪૨૭માં લખાએલી બીજી એક પ્રત અમદાવાદના ઉજમફોઈની ધર્મશાળાના ગ્રંથ ભંડારમાં આવેલી છે, જેમાં છ ચિત્રો ચીતરેલા છે (ચિત્ર નં. ૨૧, ૨૩ થી ૨૯ અને ૪૯) આ પ્રત કલ્પસૂત્ર અને કાલકકથાની છે. ત્રીજી એક પ્રત આ સમયની તારીખ વગરની, ઈડરના શેઠ આણંદજી મંગલજીની પેઢીના તાબાના ગ્રંથ-ભંડારમાં આવેલી છે. જેમાં લગભગ ચિત્ર ૩૪ છે, તેમાંથી ૨૦ ચિત્રો આ ગ્રંથમાં રજૂ કરવામાં આવ્યાં છે (ચિત્ર નં. ૨૭ થી ૪૪ સુધી તથા ૫૫ અને ૫૬). તારીખ વગરની આ જ સમયની બીજી બે પ્રતોના ચિત્રો મારા પોતાના (સારાભાઈ નવાબના સંગ્રહમાં છે) (ચિત્ર ૨૨ અને ૪૫, ૪૭ તથા ૫૦ થી ૫૪). તાડપત્રની પ્રત ઉપર સોનાની શાહીથી ચીતરેલા ચિત્રો ઈડરની પ્રતમાં જ મળી આવ્યા છે, જ્યારે મારા સંગ્રહની તાડપત્રની બે પ્રતો પૈકીની એક પ્રતમાં રૂપાની શાહીનો ઉપયોગ ચિત્રો ચીતરવામાં કરેલો છે (ચિત્ર નં. ૨૨, ૫૧, ૫૩ અને ૫૪).

ગુજરાતની કાગળ ઉપરની જૈનાશ્રિત કળા

[વિ. સં. ૧૪૦૩ થી ૧૫૫૯ સુધી]

કાગળ ઉપરની ચિત્ર કામવાળી પ્રતોમાં સૌથી જુનામાં જુની કલ્પસૂત્રની તારીખ-વાળી પ્રત મુંબઈના શાહ સોદાગર શેઠશ્રી લીલાચંદ દેવચંદના સંગ્રહમાં છે, જેના ઉપર સંવત ૧૪૦૩માં તે લખાયાની નોંધ છે. આ પ્રતમાં ૩૯ ચિત્રો છે. ત્યાર પછી સંવત ૧૪૨૪માં લખાએલી ૨૯ ચિત્રોવાળી પ્રત મુંબઈના ભારતીય વિદ્યાભવનમાં આવેલી છે. (ચિત્ર નં. ૫૭ અને ૫૮) વિ. સં. ૧૪૫૫માં લખાએલી શ્રી પાર્શ્વનાથ ચરિત્રની પ્રત પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય

જ્ઞાનમંદિરમાં છે (ચિત્ર નં. [illegible]) વિ. સં. ૧૪૯૬માં [illegible] કાલકકથા'ની
પ્રત પાટણના હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં છે (જુઓ 'શ્રી કાલકકથા સંગ્રહ'માં ચિત્ર નં. ૧૯)
[illegible] ૧૪૯૮માં લખાએલી સુવર્ણમય સુંદર [illegible] ચિત્રોવાળી 'કલ્પસૂત્ર' અને 'કાલકકથા'ની
હસ્તપ્રત [illegible] પ્રાપ્ત થએલી હોવાથી આ ગ્રંથમાં હું તેના ચિત્રો પ્રસિદ્ધ
કરી શકયો નથી. પરન્તુ [illegible] 'Master-
piece of Kalpasutra Paintings' [illegible] ચિત્રો [illegible]
[illegible] કલાપ્રેમીઓનું [illegible] વિ. સં. ૧૪૯૯ [illegible]
'કાલકકથા'ની પ્રત [illegible]
કાલકકથા સંગ્રહ'ના ચિત્ર નં. ૨૦) વિ. સં. ૧૫[illegible]
(પાટણ)ના ભંડારમાં આવેલી છે (ચિત્ર નં. [illegible])
જ લખાએલી બીજી એક કાલકકથાની પ્રત [illegible]
[illegible] છે (જુઓ 'શ્રી કાલકકથા [illegible]

ના દિવસે લખાએલી સુવર્ણ—રૌપ્યાક્ષરી 'કલ્પસૂત્રની' ની પ્રત અમદાવાદના ડહેલાના ઉપાશ્રયમાં જ આવેલા શ્રી ચગલભાઈના ભંડારમાં આવેલી છે (ચિત્ર નં. ૧૮૮–૧૮૯ તથા ૨૨૪–૨૨૬ અને ૨૫૦–૨૫૧). વિ. સં. ૧૫૨૨ માં જોનપુરમાં લખાએલી સુવર્ણાક્ષરી પ્રત વડોદરાના શ્રી આત્માનંદ જ્ઞાનમંદિરમાં આવેલા શ્રી હંસવિજયજી શાસ્ત્ર સંગ્રહમાં છે (ચિત્ર નં. ૧૬૦ થી ૧૮૫, ૧૯૪ થી ૨૧૭, ૨૫૮, ૨૫૯, ૨૬૧, ૨૬૪, ૨૬૫, ૨૭૪, ૨૭૫) તારીખ વગરની લગભગ પંદરમા સૈકાના અંત ભાગની સ્વર્ગસ્થ શ્રી કુસુમચંદ્રસૂરીશ્વરજીના સંગ્રહમાં પણ એક સુવર્ણાક્ષરી પ્રત છે. તેમાંથી ચિત્ર નં. ૨૪૧, ૨૬૨, ૨૬૩, ૨૬૬, ૨૬૭ તથા ૨૭૦ થી ૨૭૨) અત્રે રજૂ કરેલાં છે. સારાભાઇ નવાબના સંગ્રહમાં સોળમા સૈકાના શરૂઆતના સમયની, પાને પાને સુંદર સુશોભનોવાળી, કલ્પસૂત્રની એક હસ્તપ્રત જે તાજેતરમાં જ પ્રાપ્ત થએલી છે તેના નમૂનાઓ તથા ચિત્રો Masterpieces of Kalpsutra Paintings મા હવે પછી પ્રસિદ્ધ થશે. અમદાવાદના કાપડના જાણીતા વહેપારી શેઠ હીરાચંદ રતનચંદની પેઢીવાળા મારા મિત્ર શ્રીયુત્ જયંતિલાલ જેશિંગભાઈની પાસે પણ કેટલીક કલ્પસૂત્રની ચિત્રવાળી હસ્તપ્રતો છે. આ ઉપરાંત મારા જોવામાં આવેલી સુવર્ણાક્ષરી તથા કાળી શાહીથી લખાએલી સેંકડો હસ્તપ્રતોની નોંધ માત્ર અત્રે આપવાથી પણ બહુજ વિસ્તાર થઈ જાય તેમ હોવાથી નજદીકના ભવિષ્યમાં સમય અને સગવડ પ્રાપ્ત થએથી 'કલ્પસૂત્રની ચિત્રકળાનો ઇતિહાસ' લગભગ એકસો ચિત્રવાળી હસ્તપ્રતો પરથી તૈયાર કરવાનો મારો વિચાર છે, એટલુ જ અત્રે જણાવવાની રજા લઉં છું.

મારા આ પ્રકાશનકાર્યમાં અગાઉથી ગ્રાહક થઇને સહાયક થવા માટે શેઠ માણેકલાલ ચુનીલાલ શાહ જે. પી., શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ મોરખીયા જે. પી., શેઠ હેમચંદ મોહનલાલ ઝવેરી તથા તેઓશ્રીના બંધુઓ, શેઠ ધીરજલાલ જીવણલાલ વગેરે મુંબાઈના શ્રીમાનો તથા અમદાવાદના સર ચીનુભાઇ વગેરેનો આ તકે ઉપકાર માનુ છું અને ઇચ્છુ છું કે મારી ભવિષ્યની સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિમાં પણ તેઓ સહાયક થશે.

પાટણના સમગ્ર જ્ઞાનભંડારો તથા જૈસલમેર વગેરે સ્થળોના જ્ઞાનભંડારોના બારીક નિરીક્ષક અને મારી દરેક સાહિત્ય પ્રવૃત્તિમાં તન અને મનથી પોતાની નાજુક તબીયતની પરવા નહિ કરનાર વિદ્વદ્વર્ય ગુરૂદેવ શ્રી પુણ્યવિજયજીનો તો કયા શબ્દોમા આભાર માનુ તેની સમજણ જ પડતી નથી. તેઓશ્રીએ આ ગ્રંથમાં પ્રકાશિત કરેલ કલ્પસૂત્ર (બારસાસૂત્ર) ના મૂળપાઠો, ચૂર્ણિ, નિર્યુક્તિ તથા પૃથ્વીચંદ્રસૂરિ કૃત ટિપ્પણ, તેના પાઠાંતરો તથા તેનો કોષ તૈયાર કરવામાં જે મહેનત કરી છે અને આ પ્રકાશનને સર્વાંગસુંદર કરવા માટે મને જે વારંવાર સુચનાઓ આપ્યા કરી છે તે માટે હું તેઓશ્રીનો ઋણી છુ અને રહીશ.

તે ઉપરાંત આ ગ્રંથમાં પ્રસિદ્ધ થએલ કલ્પસૂત્રનુ અક્ષરશઃ ભાષાંતર તથા અઘરા શબ્દોનો કોષ તૈયાર કરી આપવા માટે પંડિત બહેચરદાસ જીવરાજ દોશીનો પણ આભાર ન માનુ તો હું કૃતઘ્ની ગણાઉં.

ભાન કરીને મારા આ આભારે ગ્રંથ પ્રકાશન કાર્યમાં [illegible]
તન મહેનત કરીને આવું સર્વાંગ સુંદર પ્રકાશન તૈયાર કરી આપવા માટે [illegible]
દીપક પ્રિન્ટરીના માલિકો ભાઈ શ્રી નટવરલાલ રાવત તથા શ્રી જયંતિલાલ [illegible]
ઉપકારને હું કોઈપણ રીતે ભૂલી શકું તેમ નથી.

આ ગ્રંથમાં આપવામાં આવેલા તીર્થંકરો તથા દેવદેવીઓના ચિત્રોને [illegible]
ણેલા. પોસ્ટરો આગળ સીનેમા [illegible]
આવવા વાચકોને નમ્ર વિનંતિ છે.

મારા આ ગ્રંથ પ્રકાશનમાં જે જે મુનિમહારાજોએ [illegible]
[illegible] અગર પરોક્ષ રૂપે મને સહાય આપી હોય તેઓ [illegible]

મારા કેટલાક સ્નેહીઓ તરફથી આ ગ્રંથની [illegible]
ત્રો આવ્યા છે. તેઓને મારે એટલું જ જણાવવાનું છે કે [illegible]
ના શ્રવણથી મોક્ષ સુખ પ્રાપ્ત થઈ શકે તેવું [illegible]
ગ્રંથની એકધારી સેવા [illegible]
જેવા નિષ્કંચન કેમ જ રહેવા જોઈએ? તેથી [illegible]
[illegible] તે બાબતના પુસ્તકો વિચાર કરીને [illegible]
[illegible] નકલની કિંમત [illegible]
[illegible]

॥ जयन्तु वीतरागाः ॥

પ્રાસ્તાવિક

આજે વિદ્વાનોના કરકમલમાં કલ્પસૂત્ર અને ... [illegible]
પૃથ્વીચન્દ્રાચાર્યવિરચિત ટિપ્પનક અર્પણ કરવામાં ... [illegible]
જે પ્રાચીન-પ્રાચીનતમ તાડપત્રીય અને કાગળ ઉપર ... [illegible]
લીધી છે તેનો સંપૂર્ણ પરિચય આપવો અત્યંત આવશ્યક ... [illegible]
કરવામાં આવે છે.

કલ્પસૂત્રની પ્રતિઓ

ક. પ્રતિ—અમદાવાદ ... [illegible]
... જ્ઞાનભંડારની તાડપત્રીય પ્રતિ

ખ-ગ-ઘ પ્રતિઓ— ... [illegible]
... તમ તાડપત્રીય જ્ઞાનભંડારની ... [illegible]
... [illegible]

ચ પ્રતિ ... [illegible]
... [illegible]

श्रीसुन्दरी च जननी जगति प्रतीता
सा लक्ष्मिका तदनुरूपगुणेति युक्तम् ॥ ३ ॥

श्रीमत्सूरिजिनप्रबोधसुगुरोः सज्ज्ञानदुग्धाम्बुधे–
र्वाक्यात् स्फूर्जदगण्यपुण्यकमलाविस्फूर्त्तिसत्कार्मणम् ।
ज्ञानालेखनमाकलय्य विलसत्सद्भावना लक्ष्मिका
श्राद्धा लेखयति स्म वर्ण्णरुचिरां श्रीकल्पसत्पुस्तिकाम् ॥ ४ ॥

वर्ण्याऽसौ भुवि लक्ष्मिका बहु ययैतत्पुस्तिकाव्याजतो
मोहग्रीष्मकदर्थितागिरतयेऽमंडि प्रपेवामृती ।
यस्या ज्ञानसुधा निपीय नितरा निर्मोहतापाः सुखात्
पश्चानतकवधुरे शिवपुरे यास्यन्ति मोक्षाध्वगाः ॥ ५ ॥

नभःसरोवरे तारकौमुदे क्रीडतीन्दुना ।
यामिनी कामिनी यावत्तावन्नन्दतु पुस्तिका ॥ ६ ॥ छ ॥ छ ॥

ચ પ્રતિનાં અંતમાં નીચે પ્રમાણેની પુષ્પિકા છે.

सं. १२४७ वर्षे आसाढ सुद ९ वुधेऽद्येह श्रीभृगुकच्छे समस्तराजावलीविराजितमहाराजाधिराजउमापति-वरलब्धप्रसादजंगमजनार्द्दनप्रतापचतुर्भुजश्रीमद्भीमदेवकल्याणविजयराज्ये एतत्प्रसादावाप्तश्रीलाटदेशे निरूपितदण्ड-श्रीसोभनदेवे अस्य निरूपणया मुद्राव्यापारे रत्नसीहप्रतिपत्तौ इह श्रीभृगुकच्छे श्रीमदाचार्यविजयसिंहसूरि-पट्टोद्धरणश्रीमज्जिनशासनसमुच्चयआदेशनामृतपयप्रपापालकअवोधजनपथिकज्ञानश्रमपीलितकर्ण्णपुटपेयपरममोक्षास्पदविश्राम-श्रीमदाचार्यश्रीपद्मदेवसूरिशिष्याणा हेतो. परमार्थमण्डपपर्यूषणाकल्पं प० साजणेन लिखितेति ॥ छ ॥

मङ्गल महाश्री ॥ छ ॥ ग्र. २२०० ॥ छ ॥

यादृशं पुस्तके दृष्टं तादृशं लिखितं मया ।
यदि शुद्धमशुद्धं वा मम दोषो न दीयते ॥ १ ॥

ઘ પ્રતિ–આ પ્રતિ મારા પોતાના સંગ્રહની છે અને તાડપત્ર ઉપર લખાયેલી છે.

છ પ્રતિ–આ પ્રતિ ભાઈ સારાભાઇ મણિલાલ નવાબના સંગ્રહની છે અને તે કાગળ ઉપર લખાયેલી છે.

ઉપર જણાવ્યા પ્રમાણેની છ પ્રતિઓનો મેં મારા કલ્પસૂત્રના સંશોધનમાં અક્ષરશઃ ઉપયોગ કર્યો છે. અને આ ઉપરાંત જ્યાં જ્યાં પાઠભેદોને વધારે ઝીણવટથી તપાસવાની આવશ્યકતા જણાઈ ત્યાં ત્યાં મેં ખંભાત, અમદાવાદ, જેસલમેર વગેરેના સંગ્રહોમાંની પ્રાચીન તાડપત્રીય પ્રતિઓનો ઉપયોગ પણ કર્યો છે. મારા જોવામાં આવેલા પ્રાચીન જ્ઞાનભંડારોમાં આજે જે કલ્પસૂત્રની પ્રાચીન પ્રતિઓ છે તે સૌમાં પ્રાચીનતમ પ્રતિ ખંભાતના જ્ઞાનભંડારની છે, જે સંવત ૧૨૪૭માં લખાયેલી છે

આ પ્રતિનો મેં ચ–સંકેતથી સંપૂર્ણ ઉપયોગ કર્યો છે. આ પ્રતિ પ્રાચીનતમ

(જુનામાં જુની) હેવા છતાં [illegible] અને [illegible] [illegible] [illegible] ઉપરાંત [illegible] આ[illegible] હેવાથી તેને મેં મૌલિક નહિ [illegible] પસંદ કરી નથી [illegible] નહિ તો મેં [illegible] શ્રી[illegible] મહારાજના [illegible] સ્વીકારી છે. આ પ્રતિ ઉપરથી [illegible] ઉપયોગ પ્રતિઓ [illegible] પાઠોની [illegible] નોંધ કરવામાં આવી છે. આ ઉપરથી [illegible] માન પ્રસ્તુત કલ્પસૂત્ર, [illegible] પ્રાચીન પ્રતિનું [illegible]

કલ્પસૂત્રની પ્રતિઓનું વર્ણન

[illegible] અને મૌલિક પાઠો—[illegible]
કે કાગળની પ્રતિ [illegible] વિદ્યમાન છે [illegible]
[illegible] શ્રીશાન્તિનાથ[illegible] પ્રતિ [illegible]
[illegible] લખાયેલી [illegible]
[illegible]
[illegible] પ્રતિઓમાં [illegible]
[illegible] પાઠો, [illegible]
[illegible]
[illegible]
[illegible]

સ્થળે આપી છે. **શ્રી ચૂર્ણિકાર** ભગવાન સામે જે કેટલાક પાઠો હતા તે આજની અમે તપાસેલી સંખ્યાબંધ પ્રતિઓ પૈકી કોઇ પણ પ્રતિમાંથી મળી શકયા નથી. ટિપ્પનકકાર **શ્રીપૃથ્વીચન્દ્રસૂરિ** પણ કેટલીક વાર ચૂર્ણિકારને જ અનુસરે છે; પણ તેટલા માત્રથી એમ માની લેવુ ન જોઈએ કે તેમણે એ બધા પાઠો પ્રત્યન્તરોમાં નજરે જોયા જ હશે. કલ્પકિરણાવલિકાર મહોપાધ્યાય **શ્રીધર્મસાગરજી** અનેકાનેક પાઠભેદોની નોધ સાથે ચૂર્ણિકારે સ્વીકારેલા પાઠોની નોધ આપે છે, પરંતુ તેથી ચૂર્ણિકાર ભગવાને માન્ય કરેલા પાઠો તેમણે કોઇ પ્રતિમાં જોયા હોય તેમ માનવાને કશુ જ કારણ નથી એક વાત ખાસ નોધપાત્ર છે કે–ખભાતની સં. ૧૨૪૭ વાળી પ્રતિ, જે મારા પ્રસ્તુત સંશોધનમા સામેલ છે તે, કિરણાવલી ટીકાકાર સામે પણ જરૂર હાજર હતી. આ પ્રતિના પાઠભેદોની નોધ કિરણાવલીકારે ઠેક–ઠેકાણે લીધી છે. ચૂર્ણિકાર મહારાજ સામે જે કેટલાક પાઠો હતા તે આજની ટીકાઓ વાંચનારને નવા જ લાગે તેવા છે. એ પાઠભેદોની નોધ અમે ચૂર્ણિ અને ટિપ્પનકમાં તે તે સ્થળે પાદટિપ્પણીમાં આપી છે અને આગળ ઉપર આ પ્રાસ્તાવિકમાં પણ આપીશુ.

પ્રતિઓમાં શબ્દપ્રયોગોની વિભિન્નતા—(૧) આજે કલ્પસૂત્રની જે સખ્યાબધ પ્રતિઓ આપણા સમક્ષ વિદ્યમાન છે તે પૈકી મોટાભાગની પ્રાચીન પ્રતિઓમા, જ્યાં શબ્દોચ્ચારમાં કઠિનતા ઊભી થતી હોય તેવા સ્થળોમા અસ્પષ્ટ 'य' શ્રુતિવાળા જ પાઠો વ્યાપકરીતે જોવામા આવે છે. જેમકે–**ऊणियाए, तित्थयरे, आययणं, आयाईसु, मव्वाउय** ઇત્યાદિ. જ્યારે કોઈ કોઇ પ્રાચીન પ્રતિઓમાં અને કેટલીક અર્વાચીન પ્રતિઓમા 'य' શ્રુતિ વિનાના જ પાઠો વ્યાપકરીતે જોવામાં આવે છે. આ વિષે પ્રાચીનતા કયા પ્રયોગની એ નિર્ણય કરવો મુશ્કેલ છે. તે છતાં એટલી વાત તો ચોક્કસ જ છે કે **आअअणं, आआईसु, वअणं** વગેરે શબ્દો જે રીતે લખાય છે તે રીતે બોલવા ઘણા મુશ્કેલીભર્યા આપણી જીભને લાગે છે. સંભવ છે અતિપ્રાચીન કાળમા આ શબ્દો આ રીતે જ લખાતા હોય અને ઉચ્ચારમા 'य' શ્રુતિ કરાતી હોય. એ 'य' શ્રુતિને જ વૈયાકરણોએ સત્ર તરીકે અપનાવી લીધી હોય. આ વિષે ગમે તે હો, પણ આપણી જીભ તો આવા પ્રયોગોના ઉચ્ચારણમા વિષમતા જરૂર અનુભવે છે અને આવા પ્રયોગો સ્પષ્ટ ઉચ્ચારણમાટે આપણી ધીરજ પણ માગી લે છે. એ ધીરજ વ્યાપકરીતે દુર્લભ હોવાથી અર્વાચીન પ્રાકૃત ભાષામાં 'य' શ્રુતિએ વ્યાપકપણું લીધું હોવાનો વધારે સભવ છે.

(૨) પ્રાકૃતભાષામાં જ્યા અસ્પષ્ટ 'य' શ્રુતિ કરવામાં આવે છે, ત્યાં કલ્પસૂત્રની કેટલીક પ્રતિઓમા 'इ' કરેલો પણ જોવામાં આવે છે, જેમકે **चइ चइत्ता** વગેરે આવા પ્રયોગો પ્રાચીન પ્રાકૃત ગ્રથના ઘણે સ્થળે જોવામા આવે છે. આચાર્ય **શ્રીધર્મઘોષ-સૂરિએ** ચૈત્યવંદનભાષ્ય ઉપરની **સંઘાચારટીકામાં** આપેલી પ્રાકૃત કથાઓમા આવા પ્રયોગો જ અપનાવેલા જોવાય છે, જેને લીધે ક્યારેક ક્યારેક અર્થ મેળવવામા ગૂંચ-

(૪) [illegible] કરિ-કરિ-દરિ- [illegible]

[illegible]

[illegible] શ્રીમલયગિરિ [illegible] કલ્પભાષ્યની [illegible] વ્યાખ્યાનમાં [illegible] પ્રાકૃતલક્ષણ-ના નિર્દેશ કરતાં ઉપર્યુક્ત ભગવતનિર્મિત લક્ષણગાથાનો જ ઉલ્લેખ કર્યો છે.

(૫) અર્વાચીન પ્રાકૃતના "क-ग-च-ज-त-द-प-य-वां प्रायो लुक्" (सिद्धहेम ૮-૧-૧૭૭) આ નિયમનું અનુસરણ જેવું જોવામાં આવે છે તેવું અને તેટલું પ્રાચીન કાળમાં ન હતું. તેમજ "ख-घ-थ-भाम्" (सिद्धहेम ૮-१-१८७) વગેરે નિયમોને પણ એટલું સ્થાન ન હતું. આ કારણસર પ્રાચીન પ્રાકૃત અને અર્વાચીન પ્રાકૃતમાં ઘણીવાર શબ્દપ્રયોગોની બાબતમાં સમ-વિષમતા જોવામાં આવે છે.

(૬) આ ઉપરાંત કલ્પસૂત્રની પ્રતિઓમાં જ્યાં સામાસિકપદો છે ત્યાં હ્રસ્વદીર્ઘ-ત્વ તેમજ વ્યંજનોના દ્વિર્ભાવ-અદ્વિર્ભાવ વગેરેને લક્ષીને શબ્દપ્રયોગોમાં કે પાઠોમાં ઘણા ઘણા વિપર્યાસ જોવામાં આવે છે, જે મોટે ભાગે નકલ કરનાર લેખકોને આભારી છે.

ઉપર મેં સંક્ષેપમાં પ્રાચીન-અર્વાચીન પ્રાકૃત ભાષા અંગેના નિયમો વિષે જે કંઈ જણાવ્યું છે, તેને લીધે પ્રાચીન-અર્વાચીન ગ્રંથપ્રતિઓમાં શબ્દપ્રયોગોની સમ-વિષ-

મતોને લગતા ઘણા ઘણા પાઠભેદો થઈ ગયા છે. આ પાઠભેદો સ્વભાવિક રીતે જ થઈ ગયા નથી, પરંતુ પાછળના આચાર્યોએ જાણીબુઝીને પણ આ શબ્દપ્રયોગોને સમયે સમયે બદલી નાખ્યા છે, અથવા પ્રાચીન પ્રાકૃતભાષાના પ્રયોગો સાથેનો સંપર્ક ઓછો થવાને લીધે જ્યારે મુનિવર્ગ સહેલાઈથી તે તે શબ્દપ્રયોગોના મૂળને સમજી શકતો ન હોવાથી શ્રીઅભયદેવાચાર્ય, શ્રીમલયગિરિ આચાર્ય વગેરેને તે તે શબ્દપ્રયોગો બદલી નાખવાની આવશ્યકતા જણાઇ અને તેમણે તે તે શબ્દપ્રયોગોને બદલી પણ નાખ્યા છે. આમ કરવાથી ગ્રંથનો વિષય સમજવામાં સરળતા થઈ, પરંતુ બીજી બાજુ જૈન આગમોની મૌલિક ભાષામા ઘણુ જ પરિવર્તન થઈ ગયુ. જેને લીધે આજે ‘જૈન આગમોની મૌલિક ભાષા કેવી હતી’ તે શોધવાનું કાર્ય દુષ્કર જ થઈ ગયું. આ પરિવર્તન માત્ર અમુક આગમ પુરતું મર્યાદિત નથી, પરંતુ દરેકે દરેક આગમમાં અને એથી આગળ વધીને ભાષ્ય–ચૂર્ણિગ્રંથોમા સુદ્ધાં આ ભાષાપરિવર્તન દાખલ થઈ ગયુ છે. એટલે જૈન આગમોની મૌલિક ભાષાના શોધકે જૈન આગમ–ભાષ્ય આદિની જુદા જુદા કુલની પ્રતિઓ એકત્ર કરીને અતિધીરજથી આ નિર્ણય કરવાની જરૂરત છે.

આ સ્થળે, જરા વિષયાંતર થઇને પણ એટલું જણાવવું અતિ આવશ્યક માનુ છું કે—ભાષા દૃષ્ટિએ જૈન આગમોનુ અધ્યયન કરનારે જેસલમેરના કિલ્લાના શ્રીજિનભદ્રીય જ્ઞાનભંડારની તેમ જ લોંકાગચ્છના ભંડારની અને તે ઉપરાંત આચાર્યવર શ્રીજમ્બૂસૂરિ મહારાજના જ્ઞાનભંડારની ભગવતીસૂત્રની એમ તાડપત્રીય પ્રાચીન ત્રણે ય પ્રતિઓ જરૂર જોવી જોઈએ. પાટણ શ્રીહેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં પધરાવેલા સંઘના જ્ઞાનભંડારની અનુયોગદ્વારસૂત્રની પ્રતિ પણ જોવી જોઇએ. જેસલમેરના કિલ્લાના ઉપર્યુક્ત ભંડારની અનુમાન દશમા સૈકાની આસપાસમાં લખાયેલી વિશેષાવશ્યક ભાષ્યની પ્રતિ પણ ભૂલવી ન જોઈએ. આ ઉપરાંત જૈન આગમ ઉપરના ભાષ્યગ્રંથો અને ચૂર્ણિગ્રંથોનું પણ આ દૃષ્ટિએ અવલોકન કરવું જોઇએ. આ બધા અવલોકનને પરિણામે ય જૈન આગમોની મૌલિક ભાષાનુ વાસ્તવિક દિગ્દર્શન કરાવવું અશક્યપ્રાય છે, તે છતા આ રીતે એ ભાષાના નજીકમાં પહોચી શકવાની જરૂર શક્યતા છે. અસ્તુ, હવે મૂળ વિષય પર આવીએ.

ઉપર જણાવવમા આવ્યું તેમ પાછળના આચાર્યોએ આગમસૂત્ર આદિની ભાષામાં સમયે સમયે ઘણુ ઘણુ પરિવર્તન જરૂર કર્યું છે, તે છતાં ઘણે ય સ્થળે તે તે મૌલિક ભાષાપ્રયોગો રહી જવા પામ્યા છે. એટલે એ રીતે, મેં જે પ્રતિને મારા સંશોધન અને સંપાદનમા મૂળ તરીકે રાખી છે તેમા પણ તેવા પ્રયોગો વિદ્વાનોને ઠેકઠેકાણે જોવા મળશે કેટલેક સ્થાને તેવા પ્રયોગોના પાઠભેદો પણ આપવામા આવેલા છે

મારા સંશોધનમા જે ચ–છ નામની પ્રતિઓ છે, તેમા 'ત'કાર બહુલ પાઠો છે [illegible] વમા દકારબહુલ, યકારબહુલ, તકારબહુલ, ટકારબહુલ,

ક્ષમાક્ષમાપના ગમાક્ષમાપના આદિ પ્રાકૃતભાષાપ્રયોગો હતા છે. તે તે પ્રદેશની પ્રાકૃતભાષામાં કે ભાષાભિન્નતાને લઈને, એને આપણી સમક્ષ આવી છે તે. તે પ્રયોગ ભલે પ્રચલિત કે ઉચિત હો. પરંતુ પાછળના જમાનામાં તો પ્રાકૃતભાષા ધીમે ધીમે સંસ્કૃતના ગૌરવરૂપ બની ગઈ છે અને તે જ રીતે વિવિધ કારણોને આધીન થઈને જૈન આગમોની મૌલિક ભાષા પણ ગૌરવરૂપ જ બની ગઈ છે. એટલે જૈન આગમોની મૌલિક ભાષાનું સંશોધન કરનારે ઘણી જ ધીરજ રાખવી જરૂરી છે.

સૂત્રાંક—આજે આપણા સામે કલ્પસૂત્રની જે પ્રાચીન પ્રતિઓ તાડપત્રીય કે કાગળની વિદ્યમાન છે, તે પૈકી કોઈમાં પણ સૂત્રોના અંકો નથી. માત્ર કોઈકમાં જ જમ્મા અંકાની, ખાસ કરી નવસોના સૈકાની પ્રતિઓમાં સૂત્રાંકની પદ્ધતિ મળે છે પરન્તુ તે સૂત્રાંક સંખ્યા ઘણીવાર તો મેળ વિનાની જોવામાં આવે છે. એટલે મેં જે સૂત્રાંકો આપ્યા છે તે મારી દૃષ્ટિએ આપ્યા છે. ટિપ્પન જણાવેલી પ્રતિઓમાં જિનાવલીમાં સૂત્રાંક છે જ નહિ અને સામાચારીમાં પણ કેટલીકમાં જ મળે છે. પરન્તુ આ રીતથી એ પ્રતિઓમાં મોટે ભાગે સૂત્રાંકોનું અખંડપણું જળવાતું નથી ત્યારે મેં સૂત્રાંકોનું અખંડપણું જાળવવા પ્રયત્ન કર્યો છે. મેં જે સૂત્ર વિભાગ કર્યો છે તેના ઔચિત્ય-અનૌચિત્યપણાની પરીક્ષાનું કાર્ય વિદ્વાનોને સોંપું છું.

સંક્ષિપ્ત અને બેવડા પાઠો—કલ્પસૂત્રની પ્રાચીન અર્વાચીન પ્રતિઓમાં કોઈમાં કોઈ ઠેકાણે તો કોઈમાં કોઈ ઠેકાણે એમ, વારંવાર આવતા શબ્દો કે પાઠોને સંક્ષિપ્ત કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે देवाणुप्पिया ને બદલે देवा. असणपाणखाइमसाइम ને બદલે अ।पा।खा।सा। કે असण ४ કે अ ४ એમ કરવામાં આવ્યું છે. ખંભાતની સં. ૧૨૪૭માં લખાયેલી પ્રતિમાં પ્રાચીન લેખન પરમ્પરા જળવાયેલી હોઈ असण ण्क અથવા असण ह्क અને કોઈ ઠેકાણે असण र्क એમ કરેલ છે. જ્યાં એક શબ્દથી ચાર શબ્દ સમજી લેવાના હોય ત્યાં ચારના અંક તરીકે ण्क, ह्क કે र्क અક્ષરનો પ્રયોગ કરવામાં આવતો. આ જ પ્રમાણે જ્યાં છ શબ્દો સમજી લેવાના હોય ત્યાં છ સંખ્યાના સૂચક તરીકે फ, फ्रा કે फा, फ्रा અક્ષર વાપરવામાં આવ્યો છે. તાડપત્રીય પ્રતિઓમાં એક બાજુ આ અક્ષરાંકો દ્વારા જ પત્રાંક સૂચવવામાં આવે છે. જેમને આ અક્ષરાંકોનું જ્ઞાન નથી હોતું તે આવા અક્ષરાંકોને ગ્રંથમાંના ચાલુ પાઠના અક્ષર તરીકે માની લેવા કે અર્થસંગતિ કરવા પ્રયત્ન કરે છે અથવા એ અક્ષરાંકોને નકામા સમજી કાઢી નાખે છે. આ અક્ષરાંકોનું જ્ઞાન પાછલા જમાનામાં વીસરાઈ જવાને લીધે ગ્રંથોમાં ઘણા ગોટાળા થયા છે અને પ્રતિઓનાં પાના અસ્તવ્યસ્ત રીતે લખાઈ ગયાં છે. જેની માઠી અસર આપણે પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય ભગવાન શ્રીસાગરાનન્દસૂરીશ્વરજી મહારાજના **અનુયોગદ્વારચૂર્ણિ** આદિના સંપાદન અને સંશોધનમાં જોઈ શકીએ છીએ. પૂજ્યપાદશ્રી સમક્ષ આદર્શો અસ્તવ્યસ્ત આવ્યા અને તેઓ વધારે પ્રત્યન્તરો મેળવવાની આવશ્યકતા નહોતી ગણતા, એટલે ઉપરોક્ત અસરનું પ્રતિબિમ્બ તેમના સંપાદનમાં આવી જ જાય એમાં શંકાને સ્થાન જ ન હોય. આ તો થઈ સંક્ષિપ્ત પાઠોની વાત. હવે આપણે બેવડાએલા પાઠો વિષે જોઈએ—

કલ્પસૂત્રમાં આર્ષ સૂત્રપદ્ધતિ હોવાને લીધે સ્થાને સ્થાને કેટલીકવાર પાઠોનો બેવડો ઉચ્ચાર કરવાનો હોય છે, આવે સ્થળે તેને કેટલીકવાર ટૂંકાવવામાં આવે છે. આ ટૂંકાવવાનો ક્રમ કોઈ પણ પ્રતિમા આદિથી અંત સુધી એકધારો નથી. જેમકે **गामं जाणुं अंचेइ, गामं जाणुं अंचित्ता** આ પાઠને કોઈ પ્રતિમા ग्राम जाणु अंचेइ, २त्ता આમ લખેલો હોય છે, તો કોઈ પ્રતિમાં गामं जाणु अंचेइ, २ त्ता એમ લખેલો છે. જ્યારે કોઈ પ્રતિમાં गामं जाणु अंचेइ, २ अंचित्ता એમ લખેલુ છે. મેં પ્રથમથી જ જણાવી દીધું છે કે મારા સંપાદનમાં એક પ્રતિને મુખ્ય તરીકે સ્વીકારીને હું ચાલ્યો છું, એટલે હું આશા રાખું છું કે મારા સંપાદન દ્વારા આ બધી વિવિધતા સહેજે જ વિદ્વાનોના ખ્યાલમાં આવી જશે. અને એથી આવા વિવિધ અને વિચિત્ર પાઠભેદોને મેં જતા કર્યા છે.

કલ્પસૂત્ર શું છે?

'પ્રસ્તુત **કલ્પસૂત્ર**, એ કોઇ સ્વતંત્ર સૂત્ર છે કે કોઇ સૂત્રનો અવાન્તર વિભાગ છે?' એ વિષે શ્વેતાંબર જૈન શ્રીસંઘમાં,–જેમાં સ્થાનકવાસી અને તેરાપંથી શ્રીસંઘનો પણ સમાવેશ થાય છે,–ભિન્ન ભિન્ન પ્રકારની માન્યતા ચાલુ છે. શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીસંઘ,–જેમાં દરેકે દરેક ગચ્છોનો સમાવેશ થાય છે,–એકી અવાજે એમ કહે છે અને માને છે કે—કલ્પસૂત્ર એ, કોઇ સ્વતંત્ર ગ્રંથ નથી, નવીન ગ્રંથ નથી, પરંતુ **દશાશ્રુતસ્કંધ** નામના છેદ આગમનો આઠમા અધ્યયન તરીકેનો એક મૌલિક અને પ્રાચીનતમ વિભાગ છે, અને તેના પ્રણેતા ચતુર્દશપૂર્વવિદ્ સ્થવિર **આર્ય ભદ્રબાહુસ્વામી** છે. જ્યારે સ્થાનકવાસી અને તેરાપંથી શ્રીસંઘો, દશાશ્રુતસ્કંધસૂત્રની કેટલીક પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓમાં પ્રસ્તુત આઠમા અધ્યયનરૂપ કલ્પસૂત્રની અતિસંક્ષિપ્ત વાચનાને જોઇને એમ માની લે છે કે—ચાલુ અતિવિસ્તૃત કલ્પસૂત્ર એ એક નવું સૂત્ર છે આ બન્ને ય માન્યતા અંગે પ્રમાણિક અને સ્પષ્ટ સમાધાન અને ઉત્તર મેળવવાના સબળ સાધન તરીકે આપણા સામે **દશાશ્રુતસ્કંધસૂત્રની નિર્યુક્તિ** અને એ સૂત્ર ઉપરની ચૂર્ણિ કે જે નિર્યુક્તિગ્રંથને આવરીને રચાયેલી છે, એ બે છે. આ નિર્યુક્તિ અને ચૂર્ણિ એ બન્ને ય કલ્પસૂત્ર ઉપરના વ્યાખ્યાગ્રંથો છે. નિર્યુક્તિ ગાથારૂપે–પદ્યરૂપે પ્રાકૃત વ્યાખ્યાગ્રંથ છે નિર્યુક્તિ કે જે સ્થવિર આર્યભદ્રબાહુસ્વામિ વિરચિત છે અને ચૂર્ણિ કે જેના પ્રણેતા કોણ? એ હજુ સુધી જાણવામાં નથી આવ્યુ; તે છતાં આ બન્ને ય વ્યાખ્યાગ્રંથો ઓછામાં ઓછાં સોળસો વર્ષ પૂર્વેની રચનાઓ છે, એમાં લેશ પણ શંકાને અવકાશ નથી કલ્પસૂત્ર ઉપરના આ બન્ને ય વ્યાખ્યાગ્રંથો કે જે વ્યાખ્યાગ્રંથો મેં પ્રસ્તુત કલ્પસૂત્ર સાથે સંશોધન કરીને સંપાદિત કર્યા છે, તેનું બારીકાઈથી અધ્યયન અને તુલના કરતાં નિર્યુક્તિચૂર્ણિમાં જે હકીકત અને સૂત્રાંશોનું વ્યાખ્યાન જોવામાં આવે છે, તે ઉપરથી સ્થાનકવાસી અને તેરાપંથી શ્રીસંઘના ગીતાર્થોને પ્રસ્તુત કલ્પસૂત્રને કલ્પિત માની લેવાને કશું જ કારણ નથી મળતું તેમ જ દશાશ્રુતસ્કંધ સૂત્રની ચાલુ આઠમા અંકના

પ્રાચીનકાળના લખાયેલી અનેક પ્રતિઓ આજે વિદ્યમાન છે, જેમાં પ્રસ્તુત કલ્પસૂત્ર આદિમાં આખુંયે નહિ કે ભળતું અને અધૂરું લખાયેલું છે. આથી કોઈને એમ કહેવાને તો કશું જ નથી રહેતું કે સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાય સામે કોઈ કલ્પિત આગમો ઊભા કરવા માટે કે કલ્પિત ઉત્તરો આપવા માટેના આશયે નહિ કે આ સૂત્ર રચી કાઢવામાં આવ્યું છે. તેમ આજ પ્રાચીન તો સ્વતંત્ર કલ્પસૂત્રની કે એ કલ્પસૂત્રગર્ભિત દશાશ્રુતસ્કંધસૂત્રની આજે વિક્રમસંવત ૧૨૪૭થી લઈને જે અનેકાનેક પ્રાચીન તાડપત્રીય અને કાગળ ઉપર લખાયેલી પ્રતિઓ મળે છે તે આજે મળતી જ ન હોત તેમ જ ઉપર જણાવેલી પ્રતિઓ ઉપરાંત નિર્યુક્તિ અને ચૂર્ણિમાં આ કલ્પસૂત્રનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે તે પણ ન હોત. પ્રસ્તુત કલ્પસૂત્ર સાથે પ્રસિદ્ધ કરેલી નિર્યુક્તિ અને ચૂર્ણી, એ કોઈ સ્વતંત્ર વ્યાખ્યાગ્રંથો નથી. પરંતુ દશાશ્રુતસ્કંધસૂત્ર ઉપરની નિર્યુક્તિ અને ચૂર્ણીઓમાંથી કલ્પસૂત્ર પુરતો જુદો પાડી લીધેલા અંશ જ છે. એ ધ્યાનમાં રહે.

કલ્પસૂત્રનું પ્રમાણ

કલ્પસૂત્ર, કેવડું અને કેવા સ્વરૂપમાં હોવું જોઈએ. એ વિષે આજે પાશ્ચાત્ય વિદ્વાનો અને તેમના મતને માન્ય કરનાર આપણા દેશના વિદ્વાનો એક જુદી જ માન્યતા ધરાવે છે. તેમનું ધારવું છે કે–કલ્પસૂત્રમાં ચૌદ સ્વપ્ન આદિને લગતાં કેટલાંક આલંકારિક વર્ણનો વગેરે કલ્પસૂત્રમાં પાછળથી ઉમેરાએલાં છે. સ્થવિરાવલી અને સામાચારીનો કેટલાક અંશ પણ પાછળથી ઉમેરાએલો હોવાનો સંભવ છે. આ વિષે મારા અધ્યયનને અંતે મને જે જણાયું છે તે અહીં જણાવવામાં આવે છે—

આજે આપણા સમક્ષ કલ્પસૂત્રની જે પ્રતિઓ છે, તે પૈકી ખંભાતના શ્રીશાંતિનાથના તાડપત્રીય ભંડારની પ્રતિ વિ૦ સં૦ ૧૨૪૭માં લખાએલી હોઈ સૌ કરતાં પ્રાચીન છે, તેમાં ચૌદ સ્વપ્નને લગતો વર્ણક ગ્રંથ બીલકુલ છે જ નહિ. તેમ જ મેં મારા સંશોધનમાટે જે છ પ્રતિઓનો સંપૂર્ણપણે ઉપયોગ કર્યો છે તે પૈકી ग અને छ એ બે પ્રતિઓમાં સ્વપ્નને લગતો વર્ણકગ્રંથ પ્રકારાન્તરે અને અતિ સંક્ષિપ્ત છે. જ્યારે બીજી પ્રતિઓમાં વર્તમાનમાં પ્રચલિત સ્વપ્ન વિષેનો વર્ણકગ્રંથ અક્ષરશઃ મળે છે. આ રીતે ચૌદસ્વપ્ન વિષે ત્રણ વાચનાન્તરો મારા જોવામાં આવ્યાં છે. શ્રીમાન ચૂર્ણિકાર અને તેમને પગલે ચાલનાર ટિપ્પનકકાર પણ સ્વપ્નસંબંધી વર્ણકગ્રંથ માટે સર્વથા ચૂપ જ છે, સ્વપ્નસંબંધી વર્ણકગ્રંથના એક પણ શબ્દની તેઓ વ્યાખ્યા નથી કરતા. આ બધું જોતા સ્વપ્ન સબંધી પ્રચલિત વર્ણકગ્રંથ અંગેના મૌલિકપણા વિષે જરૂર શંકાને સ્થાન છે પરંતુ તે સાથે બીજો પ્રશ્ન એ ઊભો થાય છે કે ત્રિશલા ક્ષત્રિયાણી ચૌદ સ્વપ્નોને જોઈને જાગે છે, એ ચૌદ સ્વપ્નોના નામ પછી તરત જ **तए ण सा तिसला खत्तियाणी इमे एयारूवे ओराले चोद्दस महासुमिणे पासित्ता णं पडिबुद्धा** સૂત્ર આવે છે; અર્થાત્ "ત્રિશલા ક્ષત્રિયાણી આ અને આ પ્રકારનાં ઉદાર ચૌદ મહાસ્વપ્નને જોઈને જાગી" એ સૂત્રમાં "આ અને આ પ્રકારનાં ઉદાર" એ વાકય

જોતાં આપણને સહેજે એ પ્રશ્ન થાય છે કે "આ પ્રકારનાં ઉદ્ગાર એટલે કેવાં ઉ'ગાર ?" આ જાતનો પ્રશ્ન કે જિજ્ઞાસા, આપણને ચૌદસ્વપ્નને લગતા વર્ણકગ્રંથના અસ્તિત્વની કલ્પના તરફ ખેંચી જાય છે અને આ કારણસર આ ઠેકાણે ચૌદસ્વપ્નને લગતા કોઈને કોઈ પ્રકારના વર્ણકગ્રંથનુ હોવું એ અનિવાર્ય બની જાય છે. પરંતુ જ્યાં સુધી આપણા સામે બીજી પ્રાચીન પ્રતિઓ ન હોય ત્યાં સુધી એ વર્ણકગ્રંથ કેવો હોવો જોઇએ, એનો નિર્ણય કરવાનું કામ ઘણુ કઠિન છે. અત્યારના પ્રચલિત વર્ણકગ્રંથના મૌલિકપણા વિષે શંકાને સ્થાન છે, તે છતા એટલુ ધ્યાનમાં રાખવું અતિ આવશ્યક છે કે પ્રચલિત સ્વપ્નવિષયક વર્ણકગ્રંથ અર્વાચીન હોય તો પણ ને અનુમાન હજાર વર્ષથી અર્વાચીન–તો નથી જ.

આ ઉપરાત ઇન્દ્ર, ગર્ભાપહાર, અટ્ટણશાલા, જન્મ, પ્રીતિદાન, દીક્ષા, કેવલજ્ઞાન, ચાતુર્માસ, નિર્વાણ, અંતકૃદ્ભૂમિ આદિ વિષયક સૂત્રપાઠ અને વર્ણકગ્રંથના અસ્તિત્વની સાક્ષી તો ચૂર્ણિકાર પોતે પણ આપે છે. એ પછીનાં જિનચરિતો કે જેમાં ત્રેવીસ જિનેશ્વરોનાં ચરિત્ર અને અંતરો વિષેના સૂત્રપાઠનો સમાવેશ થાય છે તેની તથા ગણધરાદિ સ્થવિરોની આવલી અને સામાચારીગ્રંથ હોવાની સાક્ષી નિર્યુક્તિકાર અને ચૂર્ણિકાર એમ બન્ને ય સ્થવિરો **पुरिमचरिमाण कप्पो०** નિ૦ ગા૦ ૬૨ અને તેની ચૂર્ણી દ્વારા આપે છે. ગણધરાદિ સ્થવિરોની આવલી આજે કલ્પસૂત્રમાં જે રૂપે જોવામાં આવે છે તેવી અને તેટલી તો ચતુર્દશપૂર્વધર ભગવાન્ શ્રીઆર્યભદ્રબાહુસ્વામિપ્રણીત કલ્પસૂત્રમાં હોઇ જ ન શકે. એટલે જ્યારે પ્રસ્તુત કલ્પસૂત્રને અથવા આગમોને પુસ્તકારૂઢ કરવામા આવ્યા તે જમાનાના સ્થવિરોએ એ ઉમેરેલી છે, એમ કહેવું એ જ સવિશેષ ઉચિત છે. આમ છતા એક પ્રશ્ન તો આપણા સામે આવી ઊભો જ રહે છે કે–આજની અતિઅર્વાચીન અર્થાત્ સોળમા સત્તરમા સૈકામાં લખાએલી પ્રતિઓમાં જે સ્થવિરાવલી જોવામા આવે છે, એ ક્યાંથી આવી ? કારણ કે ખભાત, અમદાવાદ, પાટણ, જેસલમેર વગેરેની સંખ્યાબંધ તાડપત્રીય પ્રતિઓ તપાસી, તેમાંથી મને પાછળના સ્થવિરોને લગતી સ્થવિરાવલી કોઇ પણ પ્રતિમાંથી મળી નથી આમ છતા એમ માનવાને તો આપણુ મન જરા યે કબૂલ નથી થતું કે એ અંશ નિરાધાર હોય[1]. એટલે આ વિષે ચોક્કસાઇભર્યું અન્વેષણ કરવાની આપણી ફરજ ઊભી જ રહે છે.

આટલુ વિચાર્યા બાદ સામાચારી આવે છે. તેમાં શરૂઆતના પર્યુષણાવિષયક જે સૂત્રો છે તે પૈકી સૂત્રાંક ૨૩૧મા **अंतरा वि य से कप्पइ, नो से कप्पइ तं रयणिं उवायणावित्तए** આ પ્રમાણે જે સૂત્રાંશ છે તે પંચમીની ચતુર્થી કરાઈ તે પછીનો છે, એમ આપણને સ્વાભાવિક જ લાગે છે આ સૂત્રાંશનો આપણે કેવો અર્થ કરવો જોઈએ અને ઉત્સર્ગ-અપવાદની મર્યાદાને લક્ષમાં રાખીને એની સંગતિ કેવી રીતે સાધવી જોઇએ ?, એ વિચારવા જેવી બાબત છે મને લાગે છે, અને ઉત્સર્ગ–અપવાદની મર્યાદાને [illegible] સમજ્યો છું ત્યાંસુધી "સંવત્સરીપર્વની આરાધના કારણ[illegible]

ભાદ્રપદ સુદિ પંચમી પહેલાં થઈ શકે, પરંતુ તે પછી નહિ" આ વચન સ્થવિર ભગવંતે તે સમયની મર્યાદાને લક્ષીને જ જણાવ્યું છે. પરંતુ તેટલા માત્રથી ઉત્સર્ગ-અપવાદની મર્યાદા જાણનાર ગીતાર્થોએ આ સૂત્રને સદા માટે એકાન્ત વ્યાપક કરવું ન જોઈએ. અર્થાત્ ભગવાન શ્રીકાલકાચાર્ય સમક્ષ જે પ્રકારનો પ્રસંગ ઉપસ્થિત થયો તે જ પ્રકારનો તેથી ઉલટો અગર કોઈ અનર્થ ગીતાર્થ સમક્ષ આવી પડે તો તે પંચમી પછી પણ સંવત્સરીની આરાધના કરીને આરાધક થઈ શકે અને બીજાઓને પણ આરાધક બનાવી શકે અને તેમ કરવામાં તે ગીતાર્થ જિનાજ્ઞાને અને ઉત્સર્ગ-અપવાદની મર્યાદાને સંપૂર્ણરીતે આરાધે છે, એમ આપણે સમજવું જોઈએ.

આ ઉપરાંત સામાચારીનું વ્યાખ્યાન સંક્ષેપમાં નિર્યુક્તિકારે અને સમગ્રભાવે ચૂર્ણિકારે કરેલ હોવાથી તેના અસ્તિત્વની પ્રાચીનતા સ્વયંસિદ્ધ છે. એટલે એ વિષે મારે ખાસ વધારે કહેવા જેવું કશું જ રહેતું નથી.

કલ્પસૂત્રમાં પાઠભેદો અને સૂત્રોનું ઓછાવત્તાપણું

કલ્પસૂત્રની પ્રાચીન પ્રતિઓમાં પાઠભેદો અને સૂત્રોનું ઓછાવત્તાપણું ઘણે સ્થળે છે અને વિવિધ રીતે આવે છે આ બધું ય અમે કલ્પસૂત્રની પાદટિપ્પણીમા વિસ્તૃત રીતે આપેલુ છે. આમ છતા ચૂર્ણિકાર અને તેમને પગલે ચાલનાર ટિપ્પનકકારે તેમના યુગની પ્રાચીન પ્રતિઓને આધારે જે પાઠો સ્વીકારીને વ્યાખ્યાન કર્યું છે તે પાઠભેદોનો સમાવેશ ઉપર જણાવેલ પાદટિપ્પણીમા મોટે ભાગે થતો નથી. એટલે તે પાઠભેદોને તારવીને આ નીચે આપવામા આવે છે.

ચૂર્ણીકારે સ્વીકારેલા પાઠભેદો

सूत्राङ्क	मुद्रित सूत्रपाठ	चूर्णीपाठ
३	पुव्वरत्तावरत्तकालसमयंसि	पुव्वरत्तावरत्तंसि
१८	-मुक्ख-	-मुख-
६१	पट्टेहिं कुसलेहिं मेहावीहिं जिय०	पट्टेहिं णिउणेहिं जिय०
६२	उण्हादएहि य	(નથી)
,,	अणेगगणनायग० આદિ સામાસિક વાક્ય	અસ્તવ્યસ્ત
१०७	पित्तिज्जे	पेत्तेज्जए
१२२	अन्तरावास	अन्तरवास
१२३	अन्तगडे	(નથી)
१२६-२७	सूत्र	પૂર્વાપર છે.
२३२	पज्जोसवियाण	पज्जोसविए
२८१	अणट्ठावधिस्स	अट्ठाणवधिस्स

ટિપ્પનકકારે સ્વીકારેલા પાઠભેદો

सूत्रांक	मुद्रित सूत्रपाठ	टिप्पनकपाठभेद
३	पुव्वरत्तावरत्त	अवरत्तावरत्त
६	-माणंदिया	-माणंदिया णंदिया
७	अत्थोग्गहं	अत्थोग्गहणं
९	विन्नाय-	विन्नय-
,,	धारए	वारए
,,	परिनिट्ठिए	सुपरिनिट्ठिए
१४	महयाहयनट्टगीयवाइयतंतीतलतालतुडियघण-मुइंगपडुप्पवाइयरवेणं	महयाहयनट्टगीयवाइयसंखसंखियखरमुहीपोयाविरिपिरिया-पणवपडहभंभाहोरंभभेरीझल्लरीदुंदुहिततवितघणझुसिरत-तीतलतालतुडियमुइंगपडुप्पवाइयरवेणं
२६	रयणाणं इच्चाइ अहापायरे	रयणाणं जाव अहापायरे
३३	पुव्वरत्तावरत्त--	अवरत्तावरत्त-
४९	अतुरियं असंभंतमसंभताए	अतुरियमसंभताए
५१	फलवित्तिविसेसे	फलविसेसे
५२	-चुचुमालइयरोमकूवे	चुचुमालइए ऊसवियरोमकूवे
५३	-सपुन्न-	-पुन्न-
५४	विन्नाय-	विनय-
५४	सूरे वीरे	सूरे धीरे वीरे
६०	-गुंजद्धरागसरिसे कमलायरसंडविबोहए उट्ठियम्मि सूरे सहस्सरस्सिम्मि दिणयरे तेयसा जलंते य सयणिज्जाओ अब्भुट्ठेइ	-गुंजद्धबंधुजीव[पारावतचलणनयणपरहुयसुरत्तलोयण जासुयणकुसुमरासि]हिंगुलयणियरातिरेयरेहंतसरिसे कमलागरसंडबोहए उट्ठियम्मि सूरे सहस्सरस्सिम्मि तम्मि य करपहारपरद्धम्मि [अंधकारे बालायवकुंकुमेण खचिय व्व जीवलोए सयणिज्जाओ अब्भुट्ठेइ ॥]
६१	पीणणिज्जेहिं [illegible] दप्पणिज्जेहिं मय[illegible] विहणिज्जे[illegible] [illegible]-	पीणणिज्जेहिं दीवणिज्जेहिं दप्पणिज्जेहिं तिप्पणिज्जेहिं सव्वि-
,,	पट्ठेहिं कुसलेहिं मेहावीहिं जिय-	पत्तट्ठेहिं णिउणेहिं जिय-
६२	[illegible]	नानामणिकणगरयणविमलमहरिहनिउणोवचियमिसिमिसिंतविरइयसुसिलिट्ठविसिट्ठलट्ठआविद्धवीरवलए (?) [illegible]
६३	[illegible]	[illegible]
,,	[illegible]	निरघ० आदिपदसहित
८	[illegible]	[illegible]
८	[illegible]	[illegible]
८	[illegible]	[illegible] छे
	[illegible]	[illegible]
	[illegible]	[illegible]

૯૦	[illegible]	[illegible]
૯૭ થી ૯૯ સૂત્ર		ટિપ્પનક પત્ર ૧૨-૧૩નો ૩ અંકની પાદટિપ્પણી જુઓ. ૯૯ સૂત્રમાંનો [illegible] થી [illegible] સુધીનો મૂલપાઠ ટિપ્પનકમાં ૯૭મા સૂત્રમાં આવી જાય છે
૯૭	[illegible]	[illegible]
૧૦૧	[illegible]	[illegible]
૧૦૨	[illegible]	[illegible]
૧૧૧	[illegible]	[illegible]
૧૧૮	सीलिएण [illegible]	सीलिएण [illegible]
૨૪૦	|— —| આ ચિહ્ન વચમાંનો પાઠ	૨૪૧ સૂત્રમાં [illegible] પછી છે.

ચૂર્ણીકાર ટિપ્પનકકારે સ્વીકારેલા પાઠભેદો

સૂત્રાંક	મુદ્રિત સૂત્રપાઠ	ચૂર્ણી ટિપ્પનક પાઠભેદ
૧૧૩	पासेण य पडिवुज्झमाणे प र मल्वि–	पासेण अपडिवुज्झमाणे मल्वि–
૧૨૩	सुव्वदग्गी नाम	अग्गिवेसे नाम
૧૨૩	अच्चे लवे मुहुत्ते पाणू	अच्ची लवे मुत्ते पाणु
૧૨૭	अमावसाए	अवामंसाए
૨૨૫	मट्ठाइ सपधूमियाइ	मट्ठाइ सम्मट्ठाइ सपधूमियाइ
૨૪૯	उत्तिणोदए वियडे	सुद्धवियडे
૨૯૧	नगर थी चेव एवमाइक्खइ सुधी	नगरे सदेवमणुयासुराए परिसाए मज्झट्ठिते चेव एवमाइक्खइ

આ ઉપરાંત પ્રત્યંતરોમાં ઓછાંવત્તાં સૂત્રો, ઓછાવત્તા પાઠો, પાઠભેદો અને સૂત્રોના પૂર્વાપરને લગતા જે વિવિધ પાઠાંતરો છે તે અમે તે તે સ્થળે પાદટિપ્પણીમાં આપેલા છે તેનું અવલોકન કરવા વિદ્વાનોને ભલામણ છે.

ટિપ્પનકકાર આચાર્ય શ્રીપૃથ્વીચંદ્રસૂરિ મહારાજ છે. તેમના સમયાદિ વિષે હાલ તુરતમાં કશું કહેવાની મારી તૈયારી નથી. એટલે માત્ર તેમને વિષે એટલુ કહું છું કે તેઓ ચૌદમા સૈકામાં વિદ્યમાન હોવાનો સંભવ છે. ટિપ્પનકકારે ટિપ્પનકની રચના કરવામાં ચૂર્ણીકારનુ અનુગામિપણું સાધ્યુ છે. ચૂર્ણીકાર અને ટિપ્પનકકારે આખા કલ્પસૂત્ર ઉપર શબ્દશ વ્યાખ્યા નથી કરી એટલે તેમના સામે કલ્પસૂત્રની વાચના કેવી હશે એ સ્પષ્ટપણે કહેવું મુશ્કેલ છે. તેમ છતાં તેમની વ્યાખ્યાઓમાં જે કેટલાંક ખીજો છે તે ઉપરથી જે પૃથક્કરણ થઈ શકે તે મેં આ પ્રસ્તાવનામાં જણાવ્યુ છે.

અંતમાં પ્રસ્તુત કલ્પસૂત્રનું જે રૂપ ઘડાવું જોઈએ તેમાં મારી નજરે કેટલીક ઊણપ રહી છે, પણ તેમાં મારી જેસલમેરના જ્ઞાનભંડાર વગેરેની પ્રવૃત્તિ કારણ છે. તે છતાં પ્રસ્તુત કલ્પસૂત્રનું સખ્યાબંધ પ્રાચીન પ્રતિઓને આધારે જે પ્રામાણિક રૂપ ઘડાયું છે તે એકંદર ઠીક જ ઘડાયુ છે. આ કાર્યમાં છદ્મસ્થભાવજનિત અનેકાનેક સ્ખલનાઓ થવાનો સંભવ સહજ છે, તેને વિદ્વાનો ક્ષમાની નજરે જુએ અને યોગ્ય સંશોધન કરે એ અભ્યર્થના છે.

લિ. પ્રવર્ત્તકજી મહારાજ શ્રી ૧૦૦૮ શ્રીકાંતિવિજયજી મ૦
શિષ્ય મુનિવર શ્રીચતુરવિજયજી મહારાજ
અંતેવાસી મુનિ પુણ્યવિજય

પ્રતિઓનો ઉપયોગ

પ્રસ્તુત ગ્રંથમાં મેં તાડપત્રની આઠ અને કાગળની વીસ મળીને, કુલ ૨૮. હસ્ત-પ્રતિઓમાંથી ચિત્રો રજૂ કરેલાં છે. આ પ્રતિઓનો પરિચય નીચે પ્રમાણે છે.

તાડપત્રની પ્રતો

૧ પાટણ, સંઘવીના પાડાના ભંડારની સંવત ૧૩૩૫ની સાલની કલ્પસૂત્ર તથા કાલક કથાની તાડપત્રીય પ્રત. ચિત્ર. ૨, ૩

૨ પાટણ, સંઘના ભંડારની સંવત ૧૩૩૬ ના જેઠ સુદી ૫ ને રવીવારના રોજ લખાએલી "કલ્પસૂત્ર અને કાલકકથા"ની પત્ર ૧૫૨ ની તાડપત્રીય પ્રત. ચિત્ર ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૧.

૩ પાટણ, સંઘના ભંડારની. સંવત ૧૩૪૪ ના માગશર સુદી ૨ ને રવીવારના રોજ લખાએલી "કલ્પસૂત્ર અને કાલકકથા"ની તાડપત્રીય પ્રત. ચિત્ર, ૫, ૬.

૪ અમદાવાદ, ઉજમફોઈની ધર્મશાળાની સંવત ૧૪૨૭ ના અષાઢ સુદી ૧૧ ને બુધવારના રોજ લખાએલી "કલ્પસૂત્ર અને કાલકકથા"ની તાડપત્રીય પ્રત. ચિત્ર ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૪૬, ૪૯.

૫ ઈડર, શેઠ આણંદજી મંગલજીની પેઢીના ભંડારની. લગભગ ચૌદમા સૈકાની "કલ્પસૂત્ર"ની પત્ર ૧૦૯ ની ચિત્ર ૩૩ વાળી તાડપત્રીય પ્રત. ચિત્ર ૧૭, ૧૮, ૨૭ થી ૪૪, ૫૫, ૫૬.

૬ અમદાવાદ. સારાભાઇ મણિલાલ નવાબના સંગ્રહના લગભગ તેરમા સૈકાના બે તાડપત્રીય ચિત્રોવાળાં છૂટાં પાનાં ચિત્ર ૧૯ અને ૨૦.

૭ નવાબ ૧. અમદાવાદ. સારાભાઇ નવાબના સંગ્રહમાંની સિંધમાંથી પ્રાપ્ત થએલ "કલ્પસૂત્ર અને કાલકકથા"ની લગભગ ચૌદમા સૈકાની તાડપત્રીય પ્રતના ૧૦ ચિત્રો-માંથી ચિત્ર ૨૨, ૫૧, ૪૫, ૪૭, ૫૩ અને ૫૪.

૮ નવાબ ૨. અમદાવાદ સારાભાઇ નવાબના સંગ્રહમાંની મારવાડમાંથી પ્રાપ્ત થએલ "કલ્પસૂત્ર અને કાલકકથા"ની લગભગ ચૌદમા સૈકાની તાડપત્રીય પ્રતના ૩ ચિત્રોમાંથી ચિત્ર ૫૦ અને ૫૨.

કાગળની પ્રતો

૯ ભારતીય વિદ્યા ભવન મુંબાઈની. સંવત ૧૪૨૭ની "કલ્પસૂત્ર"ની કાગળની હસ્તપ્રતોમાં સંવતની નોંધવાળી સૌથી પ્રાચીન પ્રતમાંના ૧૦ ચિત્રો પૈકી ચિત્ર ૫૭, ૫૮.

૧૦ પાટણ ૧. શ્રી સંઘનો ભંડાર. પાટણ. શ્રી પાર્શ્વનાથ ચરિત્રની પ્રતના ત્રણે ચિત્રો તથા સંવત ૧૪૫૫ ની પ્રશસ્તિ. ચિત્ર ૫૯, ૬૦ અને ૬૧.

૧૧ પાટણ ૨. શ્રી સંઘનો ભંડાર. પાટણ. શ્રી કલ્પસૂત્રની તારીખ વગરની ચૌદમા સૈકાના અંત ભાગની. કાગળની હસ્તપ્રતમાંથી ચિત્ર ૬૨ થી ૭૧ તથા ૭૮ થી ૮૧.

૧૨ જીરા (પંજાબ) ના શ્રી આત્મારામ જૈન જ્ઞાનમંદિરની સંવત ૧૪૭૩ ની કાગળની "કલ્પસૂત્ર"ની હસ્તપ્રતના ચિત્રો પૈકી ચિત્ર ૭૨ થી ૭૭, ૮૨ થી ૧૦૯, ૧૧૨, ૧૧૩.

૧૩ સ્વર્ગસ્થ શ્રી. જયસિંહસૂરીશ્વરજીની સંવત ૧૪૮૯ ની પ્રતમાંથી બે ચિત્રો. ચિત્ર ૧૧૦, ૧૧૧.

૧૪ પાટણ ૩ શ્રી સંઘના ભંડારની. પાટણ. તારીખ વગરની ચૌદમા સૈકાની અત્યુત્તમ ચિત્રો વાળી પ્રતના ચિત્રો ૩૩ પૈકી ચિત્રો ૨૪. ચિત્ર ૧૧૪ થી ૧૨૫, ૧૫૦ થી ૧૫૯, ૧૮૬, ૧૮૭.

૧૫ હંસવિં૦ ૧ વડોદરાના શ્રી આત્માનંદ જ્ઞાનમંદિરમાં આવેલા શ્રી હંસવિજયજી શાસ્ત્ર સંગ્રહની લગભગ પંદરમા સૈકાના શરૂઆતના સમયની સુવર્ણાક્ષરી પ્રતમાંથી ચિત્ર ૨૩૧, ૨૮૫, ૨૮૬, ૨૯૦, ૩૨૧, ૩૨૨ થી ૩૫૩.

૧૬ હંસવિં૦ ૨ વડોદરાના શ્રી આત્માનંદ જ્ઞાનમંદિરમાં આવેલા શ્રી હંસવિજયજી શાસ્ત્રસંગ્રહની સંવત ૧૫૨૨ ની કલ્પસૂત્રની સુંદર સુશોભનો વાળી પ્રતમાંથી ૭૪ સુશોભનો પ્રસ્તુત સંગ્રહમાં રજુ કરવામાં આવેલાં છે. ચિત્ર ૧૨૬ થી ૧૪૯, ૧૬૦ થી ૧૮૫, ૧૯૪ થી ૨૦૫ અને ૨૦૬ થી ૨૧૭, ૨૫૮, ૨૫૯, ૨૬૧, ૨૬૪, ૨૬૫, ૨૭૪, ૨૭૫, ૨૭૯ થી ૨૮૪.

૧૭ લીંબડીની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ભંડારની સુવર્ણાક્ષરી સંવત ૧૫૧૪ ના મહા સુદી ૨ ને સોમવારના રોજ લખાએલી કલ્પસૂત્રની હસ્તપ્રતમાંથી ચિત્ર ૧૯૨, ૧૯૩.

૧૮ ડહેલા ૧. અમદાવાદના ડહેલાના ઉપાશ્રયની સંવત ૧૫૧૬ ના મહા સુદી ૬ ના રોજ લખાએલી સુવર્ણાક્ષરી પ્રત ઉપરથી ચિત્ર ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૨૧૮, ૨૧૯.

૧૯ અમદાવાદ. શ્રીદયાવિમલજી શાસ્ત્રસંગ્રહની સુંદર ચિત્રાકૃતિઓવાળી કલ્પસૂત્રની સુવર્ણાક્ષરી પ્રત પરથી ચિત્ર ૧. ૨૮૯, ૩૫૮ થી ૩૬૨, ૩૬૩ થી ૩૬૬, ૩૭૧.

૨૦ નવાબ ૨. સારાભાઈ નવાબના અમદાવાદ સંગ્રહમાંના સુંદર ગુશોભનો વાળી લગભગ પંદરમા સૈકાની કાગળની હસ્તપ્રતના સુંદર ગુશોભનો વાળા ૧૨ પાનાઓ પૈકીના સુંદર ગુશોભનો. ચિત્ર ૨૨૦ થી ૨૨૩. ૨૭૮, ૩૫૪ થી ૩૫૭, ૩૬૭ થી ૩૭૦

૨૧ ડહેલા ૨. ડહેલાના ઉપાશ્રયના અમદાવાદ જ્ઞાન ભંડારમાં આવેલી કલ્પસૂત્રની રૌપ્યાક્ષરી તથા સુવર્ણાક્ષરી હસ્તપ્રતનાં ચિત્રો પૈકી ચિત્ર ૨૨૪, ૨૨૫, ૨૨૬. ૨૫૦, ૨૫૧.

૨૨ ઉપાધ્યાયજી શ્રી મોહનવિજયજીના શાસ્ત્ર સંગ્રહમાંની સુંદર ચિત્રોવાળી લગભગ પદરમા સૈકાની હસ્તપ્રતમાંના ચિત્રો પૈકી ચિત્ર ૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૩ થી ૨૪૦. ૨૪૨, ૨૪૩.

૨૩ પુરાતત્ત્વવિદ્ શ્રીજિનવિજયજીના સંગ્રહની સંવત ૧૫૧૧ની શ્રી મહાવીર ચરિત્રની સુવર્ણાક્ષરી હસ્તપ્રતમાંથી ચિત્ર ૨૩૨.

૨૪ કુસુમ સ્વર્ગસ્થ વિજયકુસુમસૂરીશ્વરજીના સંગ્રહમાંની લગભગ પંદરમા સૈકાના અંતભાગની સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની હસ્તપ્રતમાંથી ચિત્ર ૨૪૧, ૨૬૨, ૨૬૩, ૨૬૬, ૨૬૭, ૨૭૦ થી ૨૭૨.

૨૫ કાંતિવિ૦ ૧ વડોદરા. શ્રી આત્માનંદ જ્ઞાનમંદિરમાં આવેલ સ્વર્ગસ્થ પ્રવર્ત્તકજી શ્રી કાંતિવિજયજીના સંગ્રહની લગભગ પંદરમા સૈકાની સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની હસ્તપ્રતમાંથી ચિત્ર ૨૪૪, ૨૪૫, ૨૪૬ થી ૨૪૯, ૨૫૨ થી ૨૫૭, ૨૬૦, ૨૬૮, ૨૭૬, ૨૭૭

૨૬ સોળમા સૈકાની તારીખ વગરની કલ્પસૂત્રની હસ્તપ્રતમાંથી ચિત્ર ૨૬૯.

૨૭ કાંતિવિ૦ ૨. વડોદરાના શ્રીઆત્માનંદ જૈનજ્ઞાન મંદિરમાંના પ્રવર્ત્તકજી શ્રી કાંતિવિજયજી શાસ્ત્ર સંગ્રહની લગભગ પદરમા સૈકાના અંતભાગની સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની બીજી હસ્તપ્રતમાંથી ચિત્ર ૨૭૩, ૨૮૭, ૨૮૮.

૨૮ પ્રવર્ત્તકજી કાંતિવિજયજીના સંગ્રહની રૌપ્યાક્ષરી કલ્પસૂત્રની સુબોધિકા ટીકાની હસ્તપ્રતમાંથી ચિત્ર ૩૭૨ થી ૩૭૪.

સંક્ષેપોની સમજ

દયાવિ૦=શ્રીદયાવિમલજી શાસ્ત્ર સંગ્રહ, દેવસાનો પાડો, અમદાવાદ.

સં૦ પા.=સંઘવીના પાડાનો ભંડાર. પાટણ.

ઉ૦ ફે૦ ધ૦=ઉજમફેઇની ધર્મશાળા, અમદાવાદ.

નવાબ ૧ }
નવાબ ૨ } સારાભાઈ મણિલાલ નવાબનો સંગ્રહ. છીપા માવજીની પોળ; અમદાવાદ.

ઇડરની પ્રત=શેઠ આણંદજી મંગલજીની પેઢી. ઇડર.

ભારતી=ભારતીય વિદ્યા ભવન, મુંબઇ

પાટણ, ૧ }
પાટણ, ૨ }
પાટણ, ૩ } સંઘનો ભંડાર, શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર, પાટણ.

ડહેલા, ૧ }
ડહેલા, ૨ } ડહેલાના જૈન ઉપાશ્રયનો ભંડાર. દોસીવાડાની પોળ. અમદાવાદ

હંસ વિ. ૧ }
હંસ વિ ૨ } શ્રી આત્માનંદ જૈન જ્ઞાનમંદિરમાં આવેલો હંસવિજયજી શાસ્ત્ર સંગ્રહ. વડોદરા

કાંતિ વિ. ૧ }
કાંતિ વિ, ૨ } શ્રી આત્મારામ જૈન જ્ઞાનમંદિરમાં આવેલો પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજીનો સંગ્રહ. વડોદરા

કુસુમ૦ ૧=સ્વર્ગસ્થ શ્રી વિજયકુસુમસૂરીશ્વરજીનો સંગ્રહ. અમદાવાદ

ચિત્રાનુક્રમ

Plate X

ચિત્ર ૪૫ પાર્શ્વનાથનો લોચ
,, ૪૬ મેરુ ઉપર જન્માભિષેક
,, ૪૭ શ્રમણસંઘ
,, ૪૮ જૈન સાધુ અને શ્રાવક

Plate XI

,, ૪૯ મહાવીર–નિર્વાણ
,, ૫૦ પાર્શ્વનાથનો લોચ
,, ૫૧ શ્રી નેમિનાથનો જન્મ
,, ૫૨ ઋષભદેવનુ સમવસરણ
,, ૫૩ ત્રણ સાધુ અને બે શ્રાવિકાઓ
,, ૫૪ ચતુર્વિધ સંઘ

Plate XII

,, ૫૫ શ્રી પાર્શ્વનાથનો પંચમુષ્ટિ લોચ
,, ૫૬ પ્રભુ મહાવીરનો જન્મ

Plate XIII

,, ૫૭ પ્રભુ મહાવીર
,, ૫૮ પ્રશસ્તિનુ પાનું

Plate XIV

,, ૫૯ પ્રશસ્તિનુ પાનુ

Plate XV

,, ૬૦ શ્રી પાર્શ્વનાથ પ્રભુ
,, ૬૧ શ્રી પદ્માવતી દેવી

Plate XVI

,, ૬૨ લક્ષ્મીદેવી
,, ૬૩ ફૂલની માળા
,, ૬૪ પૂર્ણચન્દ્ર
,, ૬૫ ઊગતો સૂર્ય

Plate XVII

,, ૬૬ જલપૂર્ણ કુંભ
ચિત્ર ૬૭ સૌધર્મેન્દ્ર
,, ૬૮ મહાવીરનો પંચમુષ્ટિલોચ
,, ૬૯ પ્રભુ પાર્શ્વનાથનો પંચમુષ્ટિલોચ

Plate XVIII

,, ૭૦ પ્રભુ નેમિનાથનો પંચમુષ્ટિલોચ
,, ૭૧ ઋષભદેવનો પંચમુષ્ટિલોચ
,, ૭૨ પ્રભુ મહાવીર
,, ૭૩ અષ્ટમાંગલિક

Plate XIX

,, ૭૪ ઇન્દ્રસભા
,, ૭૫ શક્રસ્તવ
,, ૭૬ શક્રાજ્ઞા
,, ૭૭ ગર્ભાપહાર

Plate XX

,, ૭૮ લક્ષ્મીદેવી
,, ૭૯ પૂર્ણચંદ્ર
,, ૮૦ જલપૂર્ણકુંભ
,, ૮૧ સૌધર્મેન્દ્ર

Plate XXI

,, ૮૨ ગર્ભસંક્રમણ
,, ૮૩ ત્રિશલાનાં ચૌદ સ્વપ્ન
,, ૮૪ ત્રિશલાનો શોક
,, ૮૫ મહાવીર જન્મ

Plate XXII

,, ૮૬ મેરુ ઉપર જન્માભિષેક
,, ૮૭ પ્રભુ જન્મની વધામણી
,, ૮૮ લોકાંતિક દેવોની પ્રાર્થના અને વર્ષીદાન
,, ૮૯ મહાવીરનો દીક્ષા મહોત્સવ

Plate XXIII

,, ૯૦ પ્રભુ મહાવીરનુ સમવસરણ

ચિત્ર ૯૧ [illegible]

„ ૯૨ [illegible] સ્વામી

„ ૯૩ [illegible] પાર્શ્વનાથનો જન્મ

Plate XXIV

„ ૯૪ શ્રી પાર્શ્વનાથ જન્મ

„ ૯૫ શ્રી પાર્શ્વનાથ નિર્વાણ

„ ૯૬ શ્રી નેમિનાથજીનો જન્મ

„ ૯૭ શ્રી નેમિનાથ નિર્વાણ

Plate XXV

„ ૯૮ દેવાનંદાના ચૌદ સ્વપ્ન

„ ૯૯ દેવી સરસ્વતી

Plate XXVI

„ ૧૦૦ શ્રી ઋષભદેવનો જન્મ

„ ૧૦૧ શ્રી ઋષભદેવનું સમવસરણ

„ ૧૦૨ શ્રી ઋષભદેવનું નિર્વાણ

„ ૧૦૩ બે ગણધરો

Plate XXVII

„ ૧૦૪ નવ ગણધરો

„ ૧૦૫ ભગવાન મહાવીરનું સમવસરણ

„ ૧૦૬ શ્રી ચતુર્વિધસંઘ

„ ૧૦૭ મહાવીરનું સમવસરણ

Plate XXVIII

„ ૧૦૮ સુધર્માસ્વામી

„ ૧૦૯ ચતુર્વિધસંઘ

„ ૧૧૦ શક્રસ્તવ

„ ૧૧૧ વર્ષીદાન

Plate XXIX

„ ૧૧૨ મહાવીરનું સમવસરણ

„ ૧૧૩ ચતુર્વિધ સંઘ

Plate XXX

„ ૧૧૪ શક્રાજ્ઞા

ચિત્ર ૧૧૫ [illegible]

Plate XXXI

„ ૧૧૬ શક્રેન્દ્ર

„ ૧૧૭ શયનમંદિરમાં દેવાનંદા

Plate XXXII

„ ૧૧૮ ગર્ભસંક્રમણ

„ ૧૧૯ શયનગૃહમાં ત્રિશલા

Plate XXXIII

„ ૧૨૦ ત્રિશલાનો શોક અને હર્ષ

„ ૧૨૧ જન્મ મહોત્સવ

Plate XXXIV

„ ૧૨૨ ચૌદ સ્વપ્ન

„ ૧૨૩ સિદ્ધાર્થ અને ત્રિશલા

Plate XXXV

„ ૧૨૪ સિદ્ધાર્થનો દરબાર

„ ૧૨૫ પુત્ર જન્મની વધામણી

Plate XXXVI

„ ૧૨૬ થી ૧૩૭ કલ્પસૂત્રનાં સુંદર સુશોભનો

„ ૧૩૮ થી ૧૪૯ „

Plate XXXVII

„ ૧૫૦ મહાવીર જન્મ

„ ૧૫૧ સંવત્સરી દાન

Plate XXXVIII

„ ૧૫૨ પંચમુષ્ટિ લોચ

„ ૧૫૩ મહાવીર નિર્વાણ

Plate XXXIX

„ ૧૫૪ ચંદ્રલેખા પાલખી

„ ૧૫૫ શ્રી પાર્શ્વનાથનું સમવસરણ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

Plate LX

૨૫૦ [illegible]

૨૫૧ [illegible]

Plate LXI

૨૫૨ કોશાનૃત્ય

.. ૨૫૩ આર્ય સ્થૂલિભદ્ર અને સાત સાધ્વી બહેનો

૨૫૪ શ્રી [illegible] અને [illegible]

Plate LXII

૨૫૫ શ્રી વજ્રસ્વામીની દેશના

.. ૨૫૬ બારવર્ષી દુષ્કાળ સમયે સાધુઓના અનશન

૨૫૭ સાધુ સાધ્વીઓનો એક પ્રસંગ

Plate LXIII

.. ૨૫૮ બ્રાહ્મણી દેવાનંદા અને ચૌદસ્વપ્ન

Plate LXIV

.. ૨૫૯ આર્ય ધર્મ ઉપર દેવે ધરેલુ છત્ર

.. ૨૬૦ પુસ્તકાલેખન

૨૬૧ ચતુર્વિધ સઘ

Plate LXV

., ૨૬૨ નવનિધાન

૨૬૩ શ્રી પાર્શ્વનાથની દીક્ષા

Plate LXVI

,, ૨૬૪ શ્રી ઋષભદેવનો રાજ્યાભિષેક

,, ૨૬૫ ભરત અને બાહુબલિ વચ્ચે દંદયુદ્ધ

[illegible]

Plate LXVIII

૨૬૭ [illegible] નાટક

Plate LXIX

. ૨૬૮ ચૌદસ્વપ્ન

. ૨૬૯ શ્રી મહાવીર પ્રભુને સંગમદેવનો ઉપસર્ગ

Plate LXX

.. ૨૭૦ વીશ તીર્થંકરો

Plate LXXI

૨૭૧ ચક્રરત્નની ઉત્પત્તિ

.. ૨૭૨ જંગલનો દેખાવ

Plate LXXII

.. ૨૭૩ શ્રી નેમિનાથનો વરઘોડો

Plate LXXIII

.. ૨૭૪ શ્રી મહાવીર

,, ૨૭૫ પ્રશસ્તિ

Plate LXXIV

.. ૨૭૬ શ્રી મહાવીર

,, ૨૭૭ પ્રશસ્તિ

Plate LXXV

,, ૨૭૮ ઇન્દ્રસભા

Plate LXXVI

., ૨૭૯ થી ૨૮૪ નૃત્યના જુદા જુદા સ્વરૂપો

Plate LXXVII

,, ૨૮૫–૨૮૬ કલ્પસૂત્રના બે સુંદર આલેખનો

હાથમાં કમલનું ફૂલ છે, તથા નીચેના બંને હાથ વરદમુદ્રાએ છે. દેવીની નીચે પ્રસંગ બીજામાં ને હાંસિયાની મધ્યમાં સૌધર્મેન્દ્ર હસ્તિસ્કંધ પર બેસીને હાથમાં કલશ પકડીને પ્રભુ સન્મુખ જતો હોય એમ દેખાય છે. ત્રીજા પ્રસંગમાં તપાવેલા સુવર્ણ જેવા વર્ણવાળી ચાર હાથવાળી દેવીનું ચિત્ર છે. દેવીના ઉપરના જમણા હાથમાં ચક્ર અને ડાબા હાથમાં વજ્ર છે, તથા નીચેના બંને હાથ વરદ મુદ્રાએ છે.

પાનાની ઉપર અને નીચે તથા બંને બાજુના હાંસિયાના પ્રસંગો ચિત્રપ્રસંગને અનુલક્ષીને રજૂ કરવામાં નથી આવ્યા, પરંતુ આ પ્રતના દરેકે દરેક પાનામાં આવી જ રીતે જુદાજુદાં સુશોભનો ચીતરીને આ સંપૂર્ણ પ્રતને શણગારવામાં આવી છે આવાં સુંદર સુશોભનોવાળી બીજી હસ્તપ્રતો ભારતભરના જૈનભંડારોમાં બહુ જ પરિમિત સંખ્યામાં છે. આ આખી યે પ્રત સોનાની શાહીથી લખેલી છે

Plate II

ચિત્ર ૨. જૈન સાધ્વીઓ. પાટણના સં. પા ભંડારની તાડપત્રની ૨૩૪ પાનાંની કલ્પસૂત્ર અને કાલકકથાની વિ.સં ૧૩૩૫ (ઈ સ. ૧૨૭૮)ની પ્રતમાંથી બે ચિત્રો અત્રે ચિત્ર ૨–૩ તરીકે રજૂ કરવામા આવ્યાં છે હવે પછીના ચિત્રો ૪–૧૧ની માફક આ ચિત્રો પણ પ્રથમ 'કાલકકથા' નામના ઇંગ્લિશ પુસ્તકમાં પ્રસિદ્ધ થએલાં છે.[1]

મિ બ્રાઉન આ ચિત્રને બે સાધુઓના ચિત્ર તરીકે ઓળખાવતા જણાવે છે કે[2] 'ચંદરવાની નીચે બે શ્વેતાંબર સાધુઓ ઉપદેશ આપતા બેઠેલા છે દરેકના ડાબા હાથમાં મુખવસ્ત્રિકા–મુહપત્તિ (થૂંક ન ઊડે તે માટે મુખની આગળ રાખવામાં આવતું વસ્ત્ર) અને જમણા હાથમાં ફૂલ છે. જેમ જમણો ખભો હમેશાં (ચિત્ર ૫ ની માફક) ખુલ્લો-ઉઘાડો રાખવામા આવે છે તેને બદલે સારૂ યે શરીર વસ્ત્રથી આચ્છાદિત થએલુ છે.'

વાસ્તવિકરીતે મિ. બ્રાઉન જણાવે છે તેમ આ ચિત્ર બે સાધુઓનુ નહિ પણ સાધ્વીઓનુ છે અને તેથી જ બંનેનુ આખુ શરીર વસ્ત્રથી આચ્છાદિત થએલુ ચિત્રકારે બતાવ્યુ છે તેઓ જે ચિત્ર ન. ૫ નો પુરાવો આપે છે તે ચિત્ર 'તો' સાધુઓનુ છે. પ્રાચીન ગુજરાતી ચિત્રકારોએ હમેશાં જૈન સાધુઓના ચિત્રોમા એક ખભો ખુલ્લો અને સાધ્વીઓનાં ચિત્રોમાં સારૂં યે શરીર વસ્ત્રથી આચ્છાદિત રાખવાનો નિયમ પરંપરાએ સાચવ્યો છે. બીજું મિ. બ્રાઉન જણાવે છે કે 'બંનેના જમણા હાથમાં ફૂલ છે' તે તેઓની માન્યતા તો જૈન સાધુ-સાધ્વીઓના રીતરિવાજોની અજ્ઞાનતાને આભારી છે, કારણકે ત્યાગી એવાં જૈન સાધુ-સાધ્વીઓને સચિત દ્રવ્યને ભૂલથી–અજાણ્યે પણ અડકી જવાય તો તેને માટે 'નિશીથચૂર્ણિ' 'સાધુસમાચારી' વગેરે પ્રાયશ્ચિત્તગ્રન્થોમા પ્રાયશ્ચિત્ત બનાવેલા છે જ્યારે ભૂલથી પણ સચિત દ્રવ્ય-વસ્તુને અડકી જવાય તો પ્રાયશ્ચિત્ત આવે તો પછી વ્યાખ્યાન–ઉપદેશ દેવાના સમયે હાથમા ફૂલ રાખવાનુ સંભવી જ કેમ શકે? બીજુ ખરી રીતે

---

૧ જુઓ 'The story of Kalak' pp 120 and opp Fig 7,8 on plate no 3

૨ મૂળ— [illegible] canopy [illegible] two Svetambar monks preaching Each has in his left hand the [illegible] together [illegible] flower The robes cover the body fully, instead of leaving [illegible] bare as is usually done (cf fig 5)' —'The story of Kalak' pp 120



2

चित्र २



Fig 3

चि




Fig 7 चित्र ७



Fig 8 चित्र ८



Fig 9 चित्र ९



Fig 10 चित्र १०



Fig 11 चित्र ११

બનેના હાથ તદ્દન ખાલી જ છે, ફક્ત જમણા હાથનો અગૂઠો અને તર્જની-અંગૂઠા પાસેની આંગળી—ભેગી કરીને 'પ્રવચનમુદ્રા'એ બંને હાથ રાખેલા છે[3]

ચિત્ર ૩: જૈન શ્રમણોપાસિકા-શ્રાવિકાઓ. ચિત્ર ૨ વાળી પ્રતમાંના તે જ પાના ઉપર આ બંને શ્રમણોપાસિકાઓ છે. ચિત્ર ૨ વાળી પ્રતમા ચીતરેલી સાધ્વીઓના ઉપદેશથી આ પ્રત લખાવનાર જ હશે તેમ મારુ માનવું છે. આજે પણ શ્રાવિકાઓ સાધ્વીઓના ઉપદેશથી કેટલાંયે ધાર્મિક કાર્યો કરે છે બને શ્રાવિકાઓ કિંમતી-બહુમૂલ્ય વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈને બંને હાથની અજલિ જોડીને ઉપદેશ શ્રવણ કરતી સ્વસ્થ ચિત્તે બેઠેલી છે.

ચિત્ર ૨ના સાધ્વીઓના ચિત્રમાં નવા પ્રકારનુ ચિત્રવિધાન દૃષ્ટિએ પડે છે બે પાત્રોને ગોઠવવાની તદ્દન નવીન રીત દેખાય છે. અઘરુ કામ પણ ઘણી ખૂબીથી પાર પાડ્યું છે. ચિત્ર ૩ નાં સ્ત્રી-પાત્રોની બેસવાની રીત. અલકારો, વસ્ત્રો અને ખાસ કરીને માથાની સુશોભના સંસ્કાર અને ખાનદાની દર્શાવે છે.

ચિત્ર ૪: લક્ષ્મીદેવી. પાટણના સઘના ભડારની 'કલ્પસૂત્ર અને કાલકકથા'ની તાડપત્રની વિ સં ૧૩૩૬ (ઇ. સ. ૧૨૭૯)ના જેઠ સુદી પાચમને રવિવારના રોજ લખાએલી તાડપત્રની હસ્તલિખિત પત્ર ૧૫૨ની પ્રતમાના સાતે ચિત્રો ૪ અને ૭થી ૧૧ અને ૪૮ તરીકે અત્રે રજૂ કરેલાં છે આ પ્રતના પાના ૧૫૨ ઉપરથી ચિત્રનુ કદ ૨×૨ ઇંચ છે. મિ બ્રાઉન આ ચિત્ર અંબિકાનુ છે કે લક્ષ્મીનુ તે બાબત માટે શકાશીલ છે[4] આ ચિત્ર લક્ષ્મીદેવીનુ જ છે અને તે બાબતમાં શકા રાખવાનુ કાંઈ જ કારણ નથી. દેવીના ઉપરના બને હાથમાં વિકસિત કમળ છે.[5] નીચેનો જમણો હાથ વરદ મુદ્રાએ[6] છે અને ડાબા હાથમાં બીજોરાનું ફૂલ છે દેવીના શરીરનો વર્ણ પીળો, કચુકી લીલી, ઉત્તરાસંગનો રંગ સફેદ, વચ્ચે લાલ રંગની ડિઝાઈન, વસ્ત્રના છેડા લાલ રગના, ઉત્તરીય વસ્ત્ર-સાડીનો રંગ સફેદ, વચ્ચે કીરમજી-કથ્થાઈ રગની ડિઝાઇન, અને કમળના આસન ઉપર ભદ્રાસને બેઠક

પાટણના સંઘના ભંડારની તાડપત્રની હસ્તલિખિત સવત ૧૩૪૪ના માગશર સુદી ૨ને રવિવારના રોજ લખાએલી પ્રતના બંને ચિત્રો ૫-૬ તરીકે અત્રે રજૂ કરેલાં છે.

ચિત્ર ૫: બે શ્રાવકો ચિત્રમાં બે ઊભા રહેલા શ્રાવકો પોતાની સામે કોઈ વ્યક્તિની સાથે વાતચિત કરતા હોય તેવી રીતે એકેક હાથ ઊંચો રાખીને ચિત્રકારે અત્રે રજૂ કરેલા છે. ચિત્રનો કેટલોક ભાગ ઘસાઈ ગએલો હોવા છતા પણ બનેની દાઢી તથા બનેના ખભા ઉપરનુ ઉત્તરાસન અને કમ્મર નીચેનુ ઉત્તરીય વસ્ત્ર સ્પષ્ટ દેખાય છે તેરમા સકામાં ગુજરાતના ગૃહસ્થો કઈ જાતના

---

૩ જુઓ ફુટનોટ ૧૬

૪ 'Fig 20 A goddess (Ambika ?) from folio 152 recto of the same MS as Figure 9 A four-armed goddess, dressed in bodice, dhoti and scarf sits on a cushion In her two upper hands she holds lotuses, her lower right possibly holds a rosary, in the lower left an object which I cannot identify ' —'The story of Kalak ' pp 120

૫ 'कमलपउजलतकरगहिसमुद्धनीय ।' —'श्रीकल्पसूत्रम् (बारसासूत्रम्)' पत्र १८

६ दक्षिणहस्तमुत्तान विधायाध करशाखा प्रसारयेदिति वरदमुद्रा ॥ ८ ॥' —'निर्वाणकलिका' पत्र ६२

કપડાં પહેરતા હતા તેનો આબેહૂબ ખ્યાલ આ ચિત્ર આપે છે.

ચિત્ર ૬: બે શ્રાવિકાઓ. આ ચિત્રમાં ચિત્ર ૫ની માફક બંને શ્રાવિકાઓ ઊભેલી છે અને પોતાની સામેની કોઈ વ્યક્તિની સાથે વાતચીત કરતી હોય તેવી રીતે એકેક હાથ ઊંચો રાખીને ચિત્રકારે અત્રે રજૂ કરેલી છે. બંનેના શરીર ઉપરની કચુકી, ખભા ઉપરના વસ્ત્રના ઊડતા છેડા અને કમ્મર નીચેનુ ઉત્તરીય વસ્ત્ર સ્પષ્ટ દેખાય છે. આ ચિત્ર તથા ચિત્ર ૩ તેરમા સૈકાની ગુજરાતની સ્ત્રીઓ કઈ જાતના કપડાં પહેરતી હતી તેનો આબેહૂબ ખ્યાલ આપણને આપે છે.

Plate III

ચિત્ર ૭. ભગવાન પાર્શ્વનાથ ચિત્ર ૪ વાળી પ્રત ઉપરથી ચિત્રમાં પદ્માસનની બેઠકે પ્રભુ પાર્શ્વનાથ બેઠેલા છે મસ્તક ઉપરની ત્રણ ફણા આ ચિત્ર પાર્શ્વનાથજીનુ હોવાની સાબિતી આપે છે.

ચિત્ર ૮: ગૌતમસ્વામી. ચિત્ર ૪ વાળી પ્રત ઉપરથી. આ ચિત્રની મધ્યમા પ્રવચનમુદ્રાએ ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી સિંહાસન ઉપર બેઠેલા છે. ગૌતમસ્વામીની ગરદનની પાછળ જૈન સાધુનો ઓઘો તથા પ્રવચનમુદ્રા રજૂ કરીને આ ચિત્ર તીર્થંકરનુ નહિ પણ સાધુનુ છે, તેમ બતાવવા પ્રયત્ન કરેલો છે સિંહાસનની બને બાજુએ એકેક સિંહ રજૂ કરીને ચિત્રકારે તેરમા સૈકાના સિંહાસનના શિલ્પનો એક પૂરાવો પૂરો પાડ્યો છે. આ ચિત્રના જેવું જ એક બીજુ ચિત્ર દક્ષિણમાં આવેલા દિગબર જૈન તીર્થ મુડબદ્રીના એક દિગંબર મંદિરમા આવેલા તાડપત્રીય હસ્તલિખિત ગ્રંથભંડારમાં આવેલી 'ષટખડાગમ'ની પ્રતમાં છે. અત્યાર સુધીમા મારા અખિલ ભારતવર્ષના પ્રવાસમાં આવાં માત્ર બે જ ચિત્રો જોવામાં આવેલાં છે.

ચિત્ર ૯: જૈનસાધુ અને શ્રાવક. ઉપર્યુક્ત પ્રતમાંથી જ. આ ચિત્રમા તથા ચિત્ર ૧૦મા સિંહાસન ઉપર બેઠેલા જૈન સાધુના ડાબા હાથમાં ચિત્રકારે એકેક ફૂલ રજૂ કરેલુ છે, તે ચિત્રકારની જૈન સાધુના રીતરિવાજોની અજ્ઞાનતાને આભારી છે. હું અગાઉ ચિત્ર ૨માં આ બાબતની ચર્ચા કરી ગયો છું આ ચિત્ર તથા ચિત્ર ૧૦ માંના બંને સાધુનો ડાબો હાથ પ્રવચનમુદ્રાએ રાખેલો છે. આ ચિત્રમાં સાધુની સામે બે હાથ જોડીને બેઠેલો એક ભક્ત-શ્રાવક છે

ચિત્ર ૧૦· જૈન સાધુ. ઉપર્યુક્ત પ્રતમાંથી જ. આ ચિત્ર બરાબર ચિત્ર ૯ના સાધુને બધી બાબતમાં મળતું જ છે.

ચિત્ર ૧૧· બ્રહ્મશાંતિ યક્ષ. પ્રતના પાના ૧૫૧ ઉપરથી મિ બ્રાઉન આ ચિત્રને શક્રેંદ્રના ચિત્ર તરીકે ઓળખાવે છે.[૭]

'મનુષ્યના રાજાની માફક શક્રેંદ્રને દાઢીવાળો અને ગાદી ઉપર બેઠેલો ચીતરેલો છે તેના ઉપરના જમણા હાથમાં અકુશ અને ડાબા હાથમાં એક છત્ર પકડેલા છે, નીચેના બને હાથમા કાંઈપણ નથી તેણે ધોતી અને દુપટ્ટો પહેરેલા છે. તેના જમણા પગ નીચે તેનો હાથી છે. ખાલી જગ્યાને ફૂલોથી ભરી દીધી છે.'

---

૭ 'The god Sakra, bearded like a human king, is seated on a cushion In his upper right hand, he holds the elephant-goad, in the upper left an umbrella, the lower hands are without attributes. He is dressed in dhoti and scarf Below his right leg is his elephant Flowers fill in the empty spaces.
—'The story of Kalak' pp 120















Fig. 12 to 16

चित्र १२ थी १६









મિ. બ્રાઉન જણાવે છે તેમ આ ચિત્ર શક્રેંદ્રનું નહિ પણ બ્રહ્મશાંતિ યક્ષનું છે

આ ચિત્રમાં બ્રહ્મશાંતિ યક્ષને મુકુટ અને જટા સહિત ચીતરેલો છે. વળી તે દેખાવ માત્રથી ભયંકર લાગે છે. તેના ઉપરના જમણા હાથમાં કમંડલુ છે અને તેનો ડાબો હાથ પ્રવચન-મુદ્રાએ રાખેલો છે. તેના શરીરનો વર્ણ પીળો છે; ગળામાં જનોઈ નાખેલી છે અને ખભે ગુલાબી રંગનું લીલા રંગના ઉપર જમણા પગમાં છેડાવાળું ઉત્તરાસંગ નાખેલું છે. જમણા પગ નીચે વાહન તરીકે હાથી મૂકેલ છે અને ભદ્રાસન પર પાદુકા સહિત બેઠેલો છે.[૮] 'નિર્વાણકલિકા'ના વર્ણનમાં અને આ ચિત્રમાં ફેરફાર માત્ર એ છે કે તેના ડાબા હાથમાં કમંડલુ જોઈએ તેના બદલે ડાબો હાથ પ્રવચન મુદ્રાએ છે અને જમણા હાથમાં અક્ષસૂત્ર જોઈએ તેને બદલે કમંડલુ છે. તેનો ડાબો હાથ પ્રવચનમુદ્રાએ રાખવાનું કારણ અત્રે ચિત્રકારે તેની રજૂઆત પ્રવચનના અધિષ્ઠાયક તરીકે કરી હશે એમ લાગે છે વળી વાહન તરીકે હાથીની રજૂઆત તેણે વધારામાં કરી છે, જે ઉપરથી જ મિ બ્રાઉને આ ચિત્રને શક્રેન્દ્રના ચિત્ર તરીકે ઓળખાવવામાં ભૂલ કરી હોય એમ લાગે છે

કલ્પનાને ગમે તેટલી આગળ વધારીએ તો પણ તેના આયુધોની રચના, તેનો દેખાવ-માત્રથી જ જણાતો જટા, મુકુટ તથા દાઢી સહિતનો ભયાનક ચહેરો આપણને આ ચિત્રને શક્રેન્દ્રના ચિત્ર તરીકે માનવા કોઈ રીતે પ્રેરણા કરતો નથી, કારણકે શક્રેન્દ્રને હમેશા દેખાવમાત્રથી સૌમ્ય, આનંદી અને દાઢી, જટા તથા યજ્ઞોપવીત-જનોઇ વગરનો ગુજરાતના પ્રાચીન ચિત્રકારોએ ચીતરેલો છે.

અમદાવાદની ઉજમફોઇની ધર્મશાળાના જ્ઞાનભંડારમાંની તાડપત્રની 'કલ્પસૂત્ર અને કાલક-કથા'ની હસ્તલિખિત પ્રત ઉપરથી ચિત્ર ૧૨ થી ૧૬, ૨૧, ૨૩થી ૨૬ અને ૪૯ લેવામાં આવ્યા છે આ પ્રત વિ.સ. ૯૨૭ના અષાઢ સુદિ ૧૧ને બુધવારના દિવસે લખાએલી પ્રાચીન પ્રત ઉપરથી વિ સ. ૧૪૨૭માં નકલ કરાએલી છે

Plate IV

ચિત્ર ૧૨. ઉપર્યુક્ત પ્રતમાંથી જ. 'પ્રભુ શ્રીમહાવીરનું ચ્યવન'. પુષ્પોત્તર વિમાનમાંથી વીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી ચ્યવ્યા—ચ્યવીને શ્રીમહાવીર ભગવાન બ્રાહ્મણકુંડગ્રામ નામના નગરમાં કોડાલગોત્રી ઋષભદત્ત બ્રાહ્મણની સ્ત્રી દેવાનંદા જે જાલંધરગોત્રી, છે તેની કુક્ષિમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયા. આષાઢ સુદિ ૬ના દિવસની મધ્યરાત્રીના સમયે અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને ચંદ્રનો યોગ પ્રાપ્ત થયો હતો તે વખતે પ્રભુ દિવ્ય આહાર, દિવ્ય ભવ અને દિવ્ય શરીરનો ત્યાગ કરી ગર્ભમાં આવ્યા.

ચિત્રમાં પદ્માસન ઉપર પ્રભુ મહાવીરની મૂર્તિ બિરાજમાન કરેલી છે. આજે જેવી રીતે જિનમંદિરમાં મૂર્તિને આભૂષણોથી શણગારવામાં આવે છે તેવી જ રીતે ચિત્રમાં પણ મૂર્તિના માથે મુકુટ, બે કાનમાં કુંડલ, ગરદનમાં કંઠો, હૃદય ઉપર મોતીનો હાર, બને હાથની કોણીના ઉપરના ભાગમાં બાજુબંધ, બને કાંડાં ઉપર બે કડાં, હાથની હથેલીઓ પલાઠી ઉપર મૂકીને ભેગી

---

૮ तथा ब्रह्मशान्ति पिङ्गवर्णं दंष्ट्राकराल जटामुकुटमण्डित पादुकारूढ भद्रासनस्थितमुपवीतालङ्कृतस्कन्ध चतुर्भुज अक्षसूत्र-दण्डकान्वितदक्षिणपाणिं कुण्डिकाछत्रालंकृतवामपाणिं चेति । —'निर्वाणकलिका' पत्र ३८.

કરેલી છે, તથા તેના ઉપર સોનાનું શ્રીફળ વગેરે ચીતરવામાં આવ્યા છે, મૂર્તિ પદ્માસને બિરાજમાન છે મૂર્તિની આજુબાજુ પરિકર છે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થઇ શકે છે કે જ્યારે તીર્થંકરનું ચ્યવન થાય છે ત્યારે શરીરની કોઇપણ જાતની આકૃતિ તો હોતી નથી અને તીર્થંકર નામ કર્મનો ઉદય તો તેઓને શ્રમણપણું અગીકાર કર્યા પછી કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી સત્તામાં આવે છે. તો તેઓના ચ્યવનનો પ્રસંગ દર્શાવવા તેઓની મૂર્તિ મૂકવાનુ કારણ શુ?

જૈન સંપ્રદાયના અનુયાયીઓ દરેક તીર્થંકરનાં પાચે કલ્યાણકો એક સરખા જ મહત્વના માને છે પછી તે ચ્યવન, જન્મ, દીક્ષા, કૈવલ્ય કે નિર્વાણ હોય. અને તે સઘળાં જ પવિત્ર હોવાથી ગુજરાતના પ્રાચીન ચિત્રકારોએ કલ્યાણકો દર્શાવવા માટે જુદીજુદી કલ્પનાઓ કરી અમુક પ્રકારની આકૃતિઓ નક્કી કરેલી હોય એમ લાગે છે. કારણકે જેવી રીતે આપણને અહીં ચ્યવન-કલ્યાણકના ચિત્રપ્રસંગમા પ્રશ્ન ઉદ્‌ભવે છે તેવી જ રીતે નિર્વાણ-કલ્યાણકના ચિત્રપ્રસંગમા પ્રશ્ન ઉદ્‌ભવવાનો જ. કારણકે પ્રભુ નિર્વાણ પામ્યા પછી તેઓનુ શરીર કે આકૃતિ વગેરે કાંઈ હોતું નથી. હવે આપણે પાચે કલ્યાણકોમા પ્રાચીન ચિત્રકારોએ કઈકઈ કલ્પનાકૃતિઓ નક્કી કરેલી છે તે સંબંધી વિચાર કરી લઇએ એટલે આગળના આ પાંચે પ્રસંગોને લગતા ચિત્રોમા શકા ઉદ્‌ભવવાનુ કારણ ઉપસ્થિત થાય જ નહિ.

૧ ચ્યવન-કલ્યાણક—ચ્યવન કલ્યાણકનો પ્રસંગ દર્શાવવા માટે પ્રાચીન ચિત્રકારો હમેશા જે જે તીર્થંકરના ચ્યવન-કલ્યાણકનો પ્રસગ હોય તેમના લછન સહિત અને કેટલાંક ચિત્રોમા તેઓનાં શરીરના વર્ણ સહિત તે તે તીર્થંકરની મૂર્તિની પરિકર સહિત રજૂઆત કરે છે.

૨ જન્મ-કલ્યાણક—જન્મ કલ્યાણકનો પ્રસગ દર્શાવવા માટે હમેશા જે જે તીર્થંકરના જન્મ કલ્યાણકનો પ્રસગ દર્શાવવાનો હોય તે તે તીર્થંકરની માતા અને એક નાના બાળકની રજૂઆત તેઓ કરે છે

૩ દીક્ષા-કલ્યાણક—જે જે તીર્થંકરના દીક્ષા-કલ્યાણકનો પ્રસંગ દર્શાવવાનો હોય તે તે તીર્થંકરની ઝાડ નીચે પંચમુષ્ટિ લોચ કરતી આકૃતિ એક હાથથી ચોટલીનો લોચ કરતા બેઠેલી અને પાસે બે હાથ પહોળા કરીને કેશને ગ્રહણ કરતા ઈન્દ્રની રજૂઆત ચિત્રમા તેઓ કરે છે.

૪ કૈવલ્ય-કલ્યાણક—જે જે તીર્થંકરના કૈવલ્ય-કલ્યાણકનો પ્રસંગ દર્શાવવાનો તેનો આશય હોય, તે તે તીર્થંકરના સમવસરણની રજૂઆત તેઓ કરે છે

૫ નિર્વાણ કલ્યાણક—જે જે તીર્થંકરના નિર્વાણ કલ્યાણકનો પ્રસગ દર્શાવવાનો હોય તે તે તીર્થંકરના શરીરના વર્ણ તથા લંછન સાથે તેઓની પદ્માસનની બેઠકે વાળેલી પલાંઠી નીચે સિદ્ધશીલાની (બીજના ચંદ્રનાના આકાર જેવી) આકૃતિની તથા બને બાજુમાં એકેક ઝાડની રજૂઆત પ્રાચીન ચિત્રકારો કરતા દેખાય છે.

ચિત્ર ૧૩ મહાવીર-સાધુ અવસ્થામાં ઉક્ત ભંડારની પ્રતમાથી જ આ પ્રતમા ચિત્રકારનો આશય મહાવીરના પાચે કલ્યાણક દર્શાવવાનો છે તેમા બાકીના ચ્યવન, જન્મ, કૈવલ્ય અને નિર્વાણ કલ્યાણકના પ્રસગો તો તેણે પ્રાચીન ચિત્રકારોની રીતિને અનુસરતા જ દોરેલાં છે



Fig 21 चित्र २१



Fig. 22 चित्र



Fig. 23 चित्र २३



Fig. 24 चित्र २४




Fig 25 चित्र २५




Fig. 26 चित्र २६

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ચિત્રમાં સુવર્ણના પલંગ ઉપર બિછાવેલી વિવિધ ભાતિનાં ફૂલોથી [illegible] સુગંધીદાર [illegible] ઉપર ત્રિશલા ક્ષત્રિયાણી સૂતાં છે. જમણો હાથ પ્રભુ મહાવીરને [illegible] પકડીને તેમના [illegible] રહેલાં છે. તેમનો જમણો હાથ નીચે તકીઓ છે. તેમનું [illegible] શરીર વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત છે. તેમના ઉત્તરીય વસ્ત્ર—સાડીમાં હંસપક્ષીની સુંદર ભાત ચીતરેલી છે. તેમનો પોશાક ચૌદમા સૈકાના શ્રીમંત વૈભવશાળી કુટુંબોની સ્ત્રીઓના પહેરવેશનો સુંદરમાં સુંદર ખ્યાલ આપે છે. પલંગની નીચે પાણીની ઝારી તથા પલંગમાંથી ઊતરતી વખતે પગ મૂકવા માટે પાદપીઠ—પગ મૂકવાનો બાજોઠ—પણ ચીતરેલાં છે. ઉપરના ભાગની છતમાં ચંદરવો પણ બાંધેલો છે.

પાછલી રાત્રિએ કાળધર્મ પામ્યા, તેઓ સિદ્ધ થયા, બુદ્ધ થયા.

પ્રભુ મહાવીરની મૂર્તિ જે પ્રમાણે ચિત્ર નં. ૧૨માં વર્ણવી ગયા તે પ્રમાણેનાં આભૂષણો સહિત ચીતરેલી છે. નિર્વાણ-કલ્યાણકનો પ્રસંગ દર્શાવવા ખાતર સિદ્ધશિલાની આકૃતિ અને બંને બાજુએ એકેક ઝાડ વધારામાં ચીતરેલાં છે. આ ચિત્રની પૃષ્ઠભૂમિ ગીંદુરિયા રાતા રંગની છે. સિદ્ધશિલાનો રંગ સફેદ છે. આજુબાજુનાં બંને ઝાડનાં પાંદડાં લીલા રંગનાં છે. આ ઝાડનાં પાંદડાં ચિત્રકારે એટલા બધાં બારીક અને સુકોમળ ચીતરેલાં છે કે જેનો સંપૂર્ણ ખ્યાલ આ હાફટોન ચિત્રથી કોઈપણ રીતે આવી શકે નહિ. અમદાવાદમાં લાલ દરવાજે આવેલી સીદીસૈયદની મસ્જિદની દીવાલોમાં કોતરેલી સુંદર સ્થાપત્ય-જાળીઓની સુરચના મૂળ આવા કોઈ પ્રાચીન ચિત્રના અનુકરણમાંથી સરજાએલી હોય એમ મારૂં માનવું છે. સ્થાપત્યકામની એ દીર્ઘકાય જાળી કરતાં બે અગર અઢી ઇંચની ટૂંકી જગ્યામાંથી ફક્ત અરધા ઇંચ જેટલી જગ્યામાં ઝાડની પાંદડીએ પાંદડી ગણી શકાય એવી બારીક ઝાડની કલાનું સર્જન કરનાર ગુજરાતના પ્રાચીન ચિત્રકારો આજે પણ આપણને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે છે.

ચિત્ર ૧૬: પ્રભુ મહાવીરનુ સમવસરણ ઉપર્યુક્ત પ્રતમાંથી જ.

તીર્થંકરને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી દેવો સમવસરણની રચના કરે છે. આ સમવસરણની બે જાતની રચનાઓ આપણને પ્રાચીન ચિત્રોમા મળી આવે છે. એક જાતની રચના ગોળાકૃતિમાં હોય છે અને બીજી જાતની ચતુષ્કોણ—ચાર ખૂણાવાળી—ચોખંડી હોય છે

આ ચિત્ર ગોળાકૃતિ વાળા સમવસરણનુ છે. સમવસરણની મધ્યમાં મહાવીરની મૂર્તિ તથા આજુબાજુ ફરતા ત્રણ ગઢ છે. મસ્તકની પાછળના ભાગમાં અશોકવૃક્ષને બદલે બે બાજુ લટકતા કમલ જેવી આકૃતિ ચીતરેલી છે. ગઢની ચારે દિશાએ એકેક દરવાજો તથા ગઢની બહાર ચારે ખૂણામાં એકેક વાપિકા—વાવ—ચીતરેલી છે. પ્રસંગોપાત સમવસરણનુ ટૂંક વર્ણન અત્રે આપવું મને યોગ્ય લાગે છે.

પ્રથમ[૯] વાયુકુમાર દેવો યોજન પ્રમાણ પૃથ્વી ઉપરથી કચરો, ઘાસ વગેરે દૂર કરીને તે શુદ્ધ કરે છે પછીથી મેઘકુમાર દેવો સુગંધી જળની વૃષ્ટિ કરી એ પૃથ્વીનુ સિંચન કરે છે. તીર્થંકરના ચરણોને પોતાના મસ્તકે અડાવનાર આ પૃથ્વીની જાણે પૂજા કરતા હોય તેમ વ્યંતરો છએ ઋતુના પચરંગી, સુગંધી, અધોમુખ ડીંટવાળાં પુષ્પોની જાનુ પર્યંત વૃષ્ટિ કરે છે ત્યાર બાદ વાણવ્યંતર દેવો સુવર્ણ, મણિ અને માણેક વડે પૃથ્વીતલ બાંધે છે, અર્થાત્ એક યોજન પર્યંતની આ પૃથ્વી ઉપર પીઠબંધ કરે છે ચારે દિશાઓમા તેઓ મનોહર તોરણો બાંધે છે. વિશેષમાં ભવ્ય જનોને દેશના સાંભળવા માટે બોલાવતો હોય તેમ તોરણોની ઉપર રહેલો ધ્વજાનો સમૂહ રચીને તેઓ સમવસરણને શોભાવે—સુશોભિત કરે છે. તોરણોની નીચે પૃથ્વીની પીઠ ઉપર આલેખાએલાં આઠ મંગળો મંગળનામા ઉમેરો કરે છે.

---

૯ વિસ્તૃત વર્ણન માટે જુઓ— ૧ આવશ્યક નિર્યુક્તિ ૨ ત્રિષષ્ઠી શલાકાપુરુષ ચરિત્ર ૩ સમવસરણ પ્રકરણ અને ૪ લોકપ્રકાશ સર્ગ ૩૦ આદિ ગ્રંથો, ૫ 'Jain Iconography (II Samavasarana)' by D R Bhandarkar, M A—in Indian Antiquary, Vol XL pp 125 to 130 & 153 to 161 1811



Fig 27 चित्र २७



Fig 28 चित्र २८



Fig 29 चित्र २९



Fig 30 चित्र ३०



Fig 31 चित्र ३१



Fig 32 चित्र ३२




Fig. 33 चित्र ३३



Fig. 34 चित्र ३४



Fig. 35 चित्र ३५



Fig. 36 चित्र ३६



Fig. 37 चित्र ३७



Fig. 38 चित्र ३८



Fig 39 चित्र ३९



Fig 40 चित्र ४०



Fig 41 चित्र ४१




Fig 42 चित्र ४२



Fig 43 चित्र ४३



Fig 44 चित्र ४४

Plate X




Fig 15 चित्र १५



Fig 16 चित्र १६




Fig 17 चित्र १७



Fig 18 चित्र १८

વૈમાનિક દેવો અંદરનો, જ્યોતિષ્કો મધ્યેનો અને ભવનપતિ બહારનો ગઢ બનાવે છે. મણિના કાંગરાવાળો અને રત્નનો બનાવેલો અંદરનો ગઢ જાણે સાક્ષાત્ 'રોહણગિરિ' હોય તેમ શોભે છે. રત્નના કાંગરાવાળો અને સોનાનો બનાવેલો મધ્ય ગઢ અનેક દ્વીપોમાંથી આવેલા સૂર્યની શ્રેણિ જેવો ઝળકી રહે છે. સૌથી બહારનો ગઢ સોનાના કાંગરાવાળો અને રૂપાનો બનેલો હોવાથી તીર્થંકરને વન્દન કરવા માટે જાણે સાક્ષાત્ વૈતાઢ્ય પર્વત આવ્યો હોય એમ ભાસે છે.

આ પ્રતમાંના ચિત્રપ્રસંગો જૂદીજૂદી પ્રતોમાં આલેખાએલા હોવા છતાં આ ચિત્રો આલેખનમાં વધુ સુકોમળતાવાળા તેમજ કાંઈક વધારે રસિકતાથી આલેખાએલા હોય એમ લાગે છે.

Plate V

ચિત્ર ૧૭: દેવાનંદા અને ચૌદ સ્વપ્ન ઈડરના સંઘના ભંડારની શેઠ આણંદજી મંગળજીની પેઢીની તાડપત્રની કલ્પસૂત્રની તારીખ વગરની પત્ર ૧૦૯ની કુલ ચિત્ર ૩૩ વાળી પ્રતના પાના ૨ ઉપરથી આ ચિત્ર અત્રે રજૂ કરવામાં આવ્યું છે. પત્રનું કદ ૧૩$\frac{૧}{૮}$×૨$\frac{૧}{૮}$ ઇંચ છે. તાડપત્રની પ્રતોમાં સુવર્ણની શાહીનો ઉપયોગ પહેલવહેલો આ પ્રતના ચિત્રોમાં કર્યો હોય એમ લાગે છે, કારણકે આ પ્રત સિવાય 'ગુજરાતની પ્રાચીન જૈનાશ્રિતકળા'નાં ચિત્રો પૈકીની એક પણ પ્રતમાં સુવર્ણની શાહીથી દોરેલા ચિત્રો હજુ સુધી મળી આવ્યા નથી

આપણે ઉપર ચિત્ર ૧૨ના 'મહાવીર-ચ્યવન'ને લગતા પ્રસંગના વર્ણનમાં જણાવી ગયા છીએ કે શ્રમણ ભગવાન મહાવીર દેવલોકમાંથી ચ્યવીને દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ગર્ભ તરીકે આવ્યા

તે રાત્રીએ દેવાનંદા બ્રાહ્મણી ભર ઊંઘમાં ન હતી, તેમ પૂરી જાગૃત પણ ન હતી. એટલે કે પ્રભુ ગર્ભમાં આવ્યા એટલે તેણીએ અતિઉદાર, કલ્યાણમય, ઉપદ્રવ હરનાર, મંગળમય અને સુંદર ચૌદ મહાસ્વપ્ન જોયા. તે આ પ્રમાણે:

'૧ ગજ, ૨ વૃષભ, ૩ સિંહ, ૪ લક્ષ્મી (અભિષેક), ૫ પુષ્પમાળા, ૬ ચંદ્ર, ૭ સૂર્ય, ૮ ધ્વજ, ૯ પૂર્ણકુંભ-કલશ, ૧૦ પદ્મસરોવર, ૧૧ ક્ષીરસમુદ્ર ૧૨ દેવવિમાન, ૧૩ રત્નનો ઢગલો, અને ૧૪ નિર્ધૂમ અગ્નિ'[૧૦]

ચિત્રમાં દેવાનંદાએ ચોળી, ઉત્તરીય વસ્ત્ર-સાડી, ઉત્તરાસંગ વગેરે વસ્ત્રો પરિધાન કરેલાં છે. શય્યામાં સુગંધીદાર ફૂલો બિછાવેલાં છે તેણી તકીઆને અઢેલીને-ટેકો દઈને અર્ધ જાગૃત અને અર્ધ નિદ્રાવસ્થામાં સૂતેલી દેખાય છે. તેણીએ ડાબો પગ જમણા પગના ઢીંચણ ઉપર રાખેલો છે, તેણીના માથે મુગટ, કાનમાં કુંડલ, માથામાં આભૂષણ તથા તેણીના માથાની વેણી છૂટી છે અને તેનો છેડો ઠેઠ પલંગની નીચે લટકતો દેખાય છે તેણીના પગ આગળ એક સ્ત્રી-નોકર સાદા પહેરવેશમાં તેણીના પગ દબાવતી હોય તેવી રીતે રજૂ કરેલી છે, પલંગની નીચે નજીકમાં પાણીની ઝારી તથા પાદપીઠ મૂકેલાં છે તેણીનો પલંગ સુવર્ણનો છે ચિત્રનું મૂળ કદ ૨$\frac{૧}{૮}$×૨$\frac{૧}{૮}$

---

૧૦ गय[१]-वसह[२]-सीह[३]-अभिसेह[४]-दाम[५]-ससि[६]-दिणयर[७]-झय[८]-कुंभ[९]।
पउमसर[१०]-सागर[११]-विमाणभवण[१२]-रयणुच्चय[१३]-सिहिं[१४] च ॥ —कल्पसूत्र पृष्ठ १

ઇંચ છે તેમાં અરધા અગર પોણા ઇંચની જગ્યામા વેગવાળાં ચૌદ પ્રાણીઓ વગેરેની રજૂઆત કરતાં ચૌદ મહાસ્વપ્નો ચીતરનાર ગુજરાતના પ્રાચીન ચિત્રકારોની કલાગીરી ઉપર જગતના કોઇપણ કલાપ્રેમીને માન ઉપજ્યા વિના રહે તેમ નથી

ચિત્ર ૧૮: પ્રભુ શ્રીમહાવીરનું સમવસરણ ઇડરની પ્રતના પાના ૫૧ ઉપરથી

આ ચિત્ર અગાઉના ચિત્ર ૧૬ને આબેહૂબ મળતું છે. વિશિષ્ટતા ફક્ત ત્રણ ગઢ પૈકીના પ્રથમ ગઢમાં મનુષ્ય આકૃતિઓની રજૂઆત કરી, તે રજૂઆત ચિત્રકાર કરવામાં સંપૂર્ણ સફળતા મેળવી શક્યો છે તે છે. સિવાય ગુજરાતના પ્રાચીન ચિત્રમાં કોઇપણ ઠેકાણે ગઢની અંદર મનુષ્ય આકૃતિઓ દોરેલી મળી આવી નથી. આખુ ચિત્ર મોટે ભાગે સોનાની શાહીથી જ ચીતરેલુ છે. ચિત્રનું મૂળ કદ ૨⅞×૨⅞ ઇંચ છે. મૂળ ચિત્ર પરથી થોડુ મોટું કરાવીને અત્રે રજૂ કરવામાં આવ્યું છે

ચિત્ર ૧૯: પ્રભુ શ્રીપાર્શ્વનાથ. સારાભાઈ નવાબના સંગ્રહમાથી. પાટણ બિરાજતા વિદ્વદ્વર્ય મુનિમહારાજ શ્રીપુણ્યવિજયજી દ્વારા આ ચિત્ર તથા ચિત્ર ૨૦મું મને પ્રાપ્ત થએલા છે તે ચિત્રો મૂળ કરતા સહેજ મોટાં કરાવીને અત્રે આપવામા આવ્યાં છે.

કલ્પસૂત્રની પ્રતમાંનુ આ ચિત્ર લગભગ તેરમી અગર ચૌદમી સદીના ચિત્રોને બરાબર મળતું આવે છે. શ્રીપાર્શ્વનાથ પ્રભુના શરીરનો વર્ણ ઘેરો લીલો છે. મસ્તક ઉપરની ધરણેંદ્રની સાત ફણાઓ કાળા રંગથી ચીતરવામાં આવી છે. આજુબાજુના પદ્માસનમાં બે ચામરધારી પુરુષાકૃતિઓ તથા મસ્તક ઉપરના ભાગમા બંને બાજુ એકેક હાથી અભિષેક કરતા હોય તેવી રીતે સૂંઢો ઊંચી રાખીને ઊભેલા ચીતરેલા છે. ઉપરની છતમા ઉપરાઉપરી ત્રણ છત્રનુ ઝુમખુ લટકતું છે આ ચિત્ર તે સમયમાં જિન મંદિરમા પધરાવવામાં આવતી સ્થાપત્યમૂર્તિઓ અને હાલની ચાલુ સમયમાં પધરાવવામાં આવતી મૂળનાયકની પદ્માસન સહિતની સ્થાપત્યમૂર્તિઓ વચ્ચે કાંઈ પણ ફેરફાર થવા પામ્યો નથી તેની માહિતી આપે છે આ ચિત્રમાં રેખાઓનું જોર બહુ સરસ દેખાય છે.

ચિત્ર ૨૦: પ્રભુ શ્રીમહાવીર. સારાભાઈ નવાબના સંગ્રહમાથી. આ ચિત્ર કોઈ શિખાઉ ચિત્રકારે તાડપત્ર ઉપર દોરેલી આકૃતિ માત્ર જ છે. આ ચિત્રકાર શિખાઉ જેવો હોવા છતાં પણ પ્રાચીન ચિત્રકારોની માફક આખી આકૃતિ એક જ ઝટકે દોરી કાઢેલી છે

Plate VI

ચિત્ર ૨૧ પ્રભુ મહાવીરનું ચ્યવન-કલ્યાણક ચિત્ર ૧૨ વાળું જ ચિત્ર વર્ણન માટે જુઓ ચિત્ર ૧૨નું જ વર્ણન.

ચિત્ર ૨૨: ઇન્દ્રસભા નવાબ ૧ પરથી આ ચિત્ર અત્રે રજૂ કરેલુ છે

સૌધર્મેન્દ્ર ઇન્દ્રસભામા બેઠા છે તે સૌધર્મેન્દ્ર કેવા છે? જે બત્રીસ લાખ વિમાનોના અધિપતિ છે, જે રજરહિત આકાશ જેવા સ્વચ્છ વસ્ત્રો ધારણ કરે છે, જેણે માળા અને મુકુટ યથાસ્થાને પહેરેલા છે, નવીન સુવર્ણનાં મનોહર આશ્ચર્યને કરનારા આજુબાજુ કંપાયમાન થતા કાનના બે કુંડળો જેણે ધારણ કર્યા છે, ઇત્યાદિ રાજચિહ્નો જેની મહાઋદ્ધિને સૂચવી રહ્યા છે, શરીર અને આભૂષણોથી અત્યંત દીપતો, મહાબળવાળો મોટા યશ તથા માહાત્મ્યવાળો, દેદીપ્ય-



Fig 49

चित्र ४९



Fig. 50

चित्र




Fig 51

चित्र ५१





Fig 52

चित्र ५२



चित्र ५३



Fig 54

१४२३-३
१४२४-२

श्रेयः श्रुतस्कज्ञानदानात् ॥७४॥ कदाचिद्दवमाकर्ण्य श्रुतरागोद्भवपं
मात्र साधुर्दृढ मेज्ञक्ला ॥७५॥ विक्रमादित्याततावाप्तजिनावदेङ
दायकं मम लीलिखत ॥७६॥ श्रुतसं



॥ श्रुतिनैर्मलवदेहं
स्यः ॥७७॥ तस्य वृद्धैकिलक्ष्यश्रुतस्कं बावश्या मासान्ध्यश्रः
ध्यायमानं गुणसूरिसूरिलिः ॥ सि होतन्या श्राद्धरक्षल्य
श्रीमताश्रंकरागषा ॥८॥ आवासमानापश्चाच्छ्रिः ॥७॥ ॥८॥ आश्रमाः
मूलत्याश्वादिमहत्तरश्रुतप्रकोडः ॥ ग्रंथः श्रुयः

धी॥७॥ संघाग्रे स्याद्वंद्यस्तु॥ ॥७१॥ इत्याद्युक्तविस्यान्नेषु सप्तमी [illegible]

सप्तजाकं॥ ॥७२॥ अवसरप्रसम्या मिदं श्रा[illegible] निरंतरं। तासां प्र[illegible]

ऊं विश्वाति शायि महिमाधरणा रमांच प्र[illegible] नतासन तता सक्तितपादपा[illegible]

मीदकक्रियाउदयिनी श्रुतललावल्लश्री॥ ॥७४॥ इति श्रीकालिकाचार्य[illegible]

[illegible]चितश्रीपार्श्वनाथचरितमहा काव्यस्वष्टं सार्थसार्थं[illegible]

॥ सप्ती॥ ग्रंथाग्रं ३०॥ कालिकांड प्रवरगयां स्वर्लनकल्या[illegible]

[illegible]क्रादेव्यलिगिहिपसुरवती॥ छ॥ ॥७॥ पंचपंचमत्तसंख्यवत्सरे[illegible]

दिनविधिना श्रीमतिशुक्रितपत्तन श्रावकलिखितं पुस्तकं श्रीमालवंश[illegible]

नावतां स श्री[illegible] विरपाल॥ [illegible]तनक्रिकुक्का रत्या ता[illegible]करा लिया नेमा[illegible]

[illegible] कुमारपाल हो[illegible]मादेवी[illegible] शालिनी॥ [illegible]

[illegible] ग्रामलिगो[illegible]

કરેલો દેખાય છે, તેના મસ્તક ઉપર એક સેવકે પાછળ ઊભા રહીને બે હાથે છત્ર પકડીને ધરેલું છે છત્ર ધરનારની પાછળ બીજી એક પુરુષ વ્યક્તિ બે હાથની અંજલિ જોડીને તથા ચિત્રની ડાબી બાજુએ ઉપરના ભાગમાં બે પુરુષ વ્યક્તિઓ પોતાના બંને ઢીંચણ પૃથ્વીતળને ઇન્દ્રની માફક જ અડાડીને ભક્તિ કરવા માટે તત્પરતા બતાવતી ચિત્રકારે ચીતરેલી છે. આ ચિત્રમાં દરેક આકૃતિના કપડામાં મૂળ ચિત્રમા જુદીજુદી જાતની ડિઝાઇનો ચીતરવા માટે જુદીજુદી જાતના રંગો જેવા કે ગુલાબી, પીરોજી. આસમાની વગેરે રંગોનો તાડપત્રની પ્રતો ઉપર પહેલવહેલી વાર જ ઉપયોગ કરેલો છે. અગાઉનાં ચિત્રોમાં જુદીજુદી જાતના સ્ત્રીઓના પહેરવેશની રજૂઆત આપણે કરી ગયા છીએ. પરતુ પુરુષ વ્યક્તિઓના પહેરવેશમા જુદીજુદી જાતની ડિઝાઈનોની રજૂઆત આ પ્રતના ચિત્રો સિવાય બીજી કોઇપણ પ્રતમા રજૂ કરવામાં આવેલી દેખાતી નથી. આ ચિત્રો ઉપરથી પ્રાચીન સમયના ગુજરાતના પુરુષપાત્રો કેવી વિવિધ જાતના અને રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરતાં હતાં તેનો ખ્યાલ આવે છે.

ચિત્ર ૨૯: શક્રાજ્ઞા. ઈડરની પ્રતના પાના ૧૨ ઉપરથી ચિત્રનુ મૂળ કદ ૨$\frac{3}{8}$×૨$\frac{3}{8}$ ઇંચ છે

શક્રસ્તવ કહીને શ્રમણ ભગવાન મહાવીરને વદન અને નમસ્કાર કરીને, ઇન્દ્ર પોતાના સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મુખ રાખીને બેઠો. ત્યાર પછી દેવોના રાજા શક્રેન્દ્રને વિચાર થયો કે તીર્થંકરો, ચક્રવર્તીઓ, બલદેવો અને વાસુદેવો માત્ર શુદ્ધ અને ઉચ્ચ ક્ષત્રિયકુળમાં જ જન્મ લઇ શકે. તેથી તુચ્છ, ભિક્ષુ અને નીચ એવા બ્રાહ્મણ કુળમાં મહાવીરના જીવનું અવતરવું યોગ્ય નથી, એમ વિચારી શ્રમણ ભગવાન મહાવીરના ગર્ભને ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિને વિષે મૂકવાનો નિશ્ચય કર્યો. તેમજ ત્રિશલા ક્ષત્રિયાણીનો પુત્રીરૂપે જે ગર્ભ હતો તેને દેવાનન્દા બ્રાહ્મણીની કુક્ષિમા મૂકવાનો વિચાર કર્યો. નિશ્ચય કરીને પદાતિ સૈન્યના અધિપતિ હરિણૈગમેષી નામના દેવને બોલાવી પોતાની આખી યોજનાની સમજૂતી આપતાં કહ્યુ કે: 'હે દેવાનુપ્રિય! દેવોના ઇન્દ્ર અને દેવોના રાજા તરીકે મારો એવો આચાર છે કે ભગવાન અરિહંતોને શુદ્ધ કુળોમાથી વિશુદ્ધ કુળોમાં સંક્રમાવવા. માટે હે દેવાનુપ્રિય! તું જા અને શ્રમણ ભગવાન મહાવીરને દેવાનન્દા બ્રાહ્મણીની કુક્ષિમાથી સંહરી, ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિને વિષે ગર્ભપણે સંક્રમાવ અને ત્રિશલા ક્ષત્રિયાણીનો જે ગર્ભ છે તેને દેવાનન્દા બ્રાહ્મણીની કુક્ષિમા ગર્ભપણે સંક્રમાવ. આટલુ કામ પતાવીને જલદી પાછો આવ અને મને નિવેદન કર.'

આ ઘટનાને લગતી જ ઘટના કૃષ્ણના સબંધમાં બન્યાનો ઉલ્લેખ ભાગવત, દશમસ્કન્ધ, અ. ૨, શ્લો. ૧ થી ૧૩, તથા અ ૩, શ્લો. ૪૬ થી ૫૦માં જોવામાં આવે છે, જેનો ટૂક સાર આ પ્રમાણે છે· 'અસુરોનો ઉપદ્રવ મટાડવા દેવોની પ્રાર્થનાથી અવતાર લેવાનુ નક્કી કરી વિષ્ણુએ યોગમાયા નામની પોતાની શક્તિને બોલાવી. પછી તેને સંબોધી વિષ્ણુએ કહ્યું કે તું જા અને દેવકીના ગર્ભમાં મારો શેષ અંશ આવેલો છે તેને ત્યાંથી (સંકર્ષણ) હરણ કરી વસુદેવની જ બીજી સ્ત્રી રોહિણીના ગર્ભમાં દાખલ કર જે પછી બળભદ્ર—રામરૂપે અવતાર લેશે અને તું નદપત્ની યશોદાને ત્યાં પુત્રીરૂપે અવતાર પામીશ. જ્યારે હું દેવકીના આઠમા ગર્ભરૂપે અવતાર લઈ જન્મીશ ત્યારે તારો પણ યશોદાને ત્યા જન્મ થશે. સમકાળે જન્મેલા આપણા બનેનુ એકબીજાને ત્યા પરિવર્તન થશે.'

ચિત્રના મધ્ય ભાગમાં સિંહાસનની જગ્યાએ સિંહાસન ઉપર ઇન્દ્ર બિરાજમાન છે. તેના ચાર હાથ પૈકી ઉપરના જમણા હાથમાં વજ્ર છે, નીચેના જમણા હાથ વડે સામગ્રીની થાળીમાંથી ચપટી ભરીને કાંઇ લેતો દેખાય છે અને તેના બંને ડાબા હાથ ખાલી છે. બાજુએ હરિણૈગમેષી બે હાથની અંજલિ જોડીને ઇન્દ્રની આજ્ઞાનું શ્રવણ કરતો ઊભો છે. ઇન્દ્ર વસ્ત્રાભૂષણોથી સુશોભિત છે. ત્રણે આકૃતિઓનાં વસ્ત્રો જુદીજુદી ડિઝાઈનવાળાં છે. ગુજરાતના પ્રાચીન તાડપત્રના ચિત્રોમાં મોરની રજૂઆત આ ચિત્રમાં પહેલવહેલી જોવામાં આવે છે. આ સમય પહેલાંના પ્રાચીન ચિત્રોમાં મોર કેમ દેખાતો નથી તે શોધી કાઢવું મુશ્કેલ છે. પરંતુ અનુભવી ઇતિહાસકારો અને કલાવિવેચકો આ બાબતમાં વધુ પ્રકાશ પાડી શકે.

ચિત્ર ૩૦ પ્રભુ શ્રીમહાવીરના જન્મ સમયે દેવોનું આગમન. ઈડરની પ્રતના પાના ૩૫ ઉપરથી આ ચિત્ર લેવામાં આવ્યું છે.

પ્રભુનો જન્મ થતાં જ છપ્પન દિક્કુમારીઓના આસન કંપ્યાં અને અવધિજ્ઞાને કરીને શ્રીઅરિહંત પ્રભુનો જન્મ થએલો જાણી, હર્ષપૂર્વક સૂતિકાઘરને વિષે આવી. સૂતિકાકર્મ કરી પોતપોતાને સ્થાનકે ગઇ.

ચિત્રની જમણી બાજુએ ત્રિશલા માતા જમણા હાથમાં મહાવીરને લઇને તેમની સન્મુખ જોતા દેખાય છે. ઉપરના છતના ભાગમાં ચંદરવો બાંધેલો છે. બીજી બે સ્ત્રીઓ ડાબી બાજુએ ઉપરના ભાગમાંથી આવતી દેખાય છે, જેમાંની એક ચામર વીંઝે છે અને બીજીના હાથમાં સુવર્ણ થાળમાં મૂકેલો ત્રિશલાને સ્નાન કરાવવા માટેનો ક્ષીરોદકથી ભરેલો કળશ છે. આ બંને સ્ત્રીઓ દિક્કુમારીઓ પૈકીની છે. પલંગની પાસે સ્ત્રી નોકર ઊભી છે.

ચિત્ર ૩૧ મેરુ પર્વત ઉપર સ્નાત્રમહોત્સવ. ઈડરની પ્રતના પાના ૩૮ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૨૪નું આ પ્રસંગને લગતું વર્ણન.

મહાવીરના મેરુ પર્વત ઉપરના જન્માભિષેક સમયની એક ઘટના ખાસ ઉલ્લેખનીય હોવાથી અહીંઆ તેનો પ્રસંગોપાત ઉલ્લેખ કરી લઇએ:

જ્યારે દેવદેવીઓ શ્રમણ ભગવાન મહાવીરને જન્માભિષેક માટે મેરુ પર્વત ઉપર લઈ ગયા ત્યારે ઇન્દ્રને મનમાં શંકા ઉત્પન્ન થઇ કે લઘુ શરીરવાળા પ્રભુ આટલો બધો જળનો ભાર શી રીતે સહન કરી શકશે? ઈન્દ્રનો આ સંશય દૂર કરવા પ્રભુએ પોતાના ડાબા પગના અંગુઠાના અગ્ર ભાગથી મેરુ પર્વતને સહેજ દબાવ્યો, એટલામાં તો પ્રભુના અતુલ બળથી મેરુ પર્વત કંપી ઊઠયો.

આ વર્ણનની સાથે સરખાવો ભાગવત, દશમસ્કન્ધ, અ. ૪૩, શ્લો. ૨૬-૨૭માં આપેલું કૃષ્ણની લીલાનું વર્ણન:

ઇન્દ્રે કરેલા ઉપદ્રવોથી વ્રજવાસીઓને રક્ષણ આપવા તરુણ કૃષ્ણે યોજનપ્રમાણ ગોવર્ધન પર્વતને સાત દિવસ સુધી ઊંચકી તોળ્યો.

ચિત્ર ૩૨ પ્રભુ મહાવીરના જન્મમહોત્સવની ઊજવણી. ઈડરની પ્રતના પાના ૩૯ ઉપરથી. ચિત્રના મૂળ કદ ૨⅞×૨⅞ ઇંચ ઉપરથી સહેજ નાનું કરીને આ ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે.

શ્રમણ ભગવાન મહાવીરનો જન્મમહોત્સવ મેરુ પર્વત ઉપર દેવોએ કર્યો તે આપણે

Fig. 60

चित्र ६०

Fig 61



Fig 62

चित्र ६२




Fig 63

चित्र ६



चित्र ६४





66

चित्र ६६




Fig. 67

चित्र ६७



चित्र ६८



Fig 69

चित्र ६९

જણાવી ગયા. પછી સિદ્ધાર્થ રાજાએ આ જન્મમહોત્સવના દિવસોમાં કોઈ પોતાની ગાડી ન જોડે, હળ ન ખેડે અને ખાંડવા–દળવાનું બંધ રાખે એવો બંદોબસ્ત કરવા અને કેદીઓને છોડી મૂકવા માટે કૌટુંબિક પુરુષોને આજ્ઞા કરી. અને કૌટુંબિક પુરુષોએ ખૂબ હર્ષ, સંતોષ અને આનંદપૂર્વક નમન કર્યું અને આજ્ઞાના વચન વિનયપૂર્વક અંગીકાર કરી, ક્ષત્રિયકુંડ નગરમાં જઈ કેદીઓને છોડી મૂક્યા, ધોંસરાં અને સાંબેલાં ઊંચાં મુકાવી દીધાં અને દરેક કાર્ય સંપૂર્ણ કરી, સિદ્ધાર્થ ક્ષત્રિય પાસે આવી, નમન કરી, 'આપની આજ્ઞા મુજબ બધાં કાર્યો થઈ ગયાં છે' એ પ્રમાણે નિવેદન કર્યું

ચિત્રના મધ્ય ભાગમાં સિંહાસન ઉપર જમણા હાથમાં ઉઘાડી તલવાર રાખી ડાબા હાથે સિદ્ધાર્થ રાજા કૌટુંબિક પુરુષોને હુકમ ફરમાવતા હોય એમ લાગે છે તેમની સામે ચિત્રની ડાબી બાજુએ બે હાથની અંજલિ જોડીને બે કૌટુંબિક પુરુષો આજ્ઞાનો સ્વીકાર કરતા દેખાય છે. સિદ્ધાર્થ રાજાના મસ્તક ઉપર રાજ્યચિહ્‌ન તરીકે છત્ર ચીતરેલુ છે. સિંહાસનની પાછળના ભાગમાં સ્ત્રી-પરિચારિકા ડાબા હાથથી ચામર વીંઝતી અને જમણા હાથે સિંહાસનને અડેલીને ઊભી છે છતના ઉપરના ભાગમા ચંદરવો બાંધેલો છે

Plate VIII

ચિત્ર ૩૩ સ્વજનો અને રાજા સિદ્ધાર્થ. ઈડરની પ્રતમાના પાના ૪૦ ઉપરથી. ચિત્રનું મૂળ કદ ૩×૨⅞ ઇંચ છે. મહાવીરના જન્મમહોત્સવના બારમા દિવસે અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એમ ચાર પ્રકારના આહારની પુષ્કળ સામગ્રી તૈયાર કરાવી, મિત્રો, જ્ઞાતિજનો, પિતરાઈઓ વગેરે સ્વજનો, દાસ-દાસી, નોકર-ચાકર વગેરે પરિજનો અને સાત કુળના ક્ષત્રિયોને ભોજનને માટે નિમંત્રણો આપ્યાં.

ચિત્રની મધ્યમાં સિદ્ધાર્થ રાજા બેઠા છે તેમની પાછળ ઉપરના ભાગમાં જમણી બાજુએ એક સ્ત્રી–ઘણું કરીને ત્રિશલા ક્ષત્રિયાણી બેઠા છે. ચિત્રની ડાબી બાજુએ બબ્બે પુરુષો ચાર લાઈનમા, કુલ મળીને આઠ પુરુષો સિદ્ધાર્થની સામે બેઠેલા છે તે બધાને સંબોધીને શ્રમણ ભગવાન મહાવીરનું વર્ધમાન એવું ગુણનિષ્પન્ન નામ પાડવા માટેના પોતાના મનોરથો દર્શાવે છે.

ચિત્ર ૩૪. વર્ષીદાન. ઈડરની પ્રતના પત્ર ૪૪ ઉપરથી. ચિત્રનુ મૂળ કદ ૨⅞×૨⅞ ઇંચ છે

શ્રમણ ભગવાન મહાવીરને દીક્ષા લેવામાં એક વર્ષ બાકી હતું ત્યારથી જ તેમણે વાર્ષિક દાન આપવાનુ શરૂ કર્યું. તેઓ હમેશા સૂર્યોદયથી આરંભી પ્રાતઃકાળના ભોજન પહેલા એક કરોડ ને આઠ લાખ સોનૈયાનુ દાન આપવા લાગ્યા. એવી રીતે એક વર્ષમાં પ્રભુએ ત્રણ અબજ, અઠ્ઠાસી કરોડ અને એંશી લાખ સોનૈયા દાનમા ખર્ચી દીધા.

ચિત્રમાં મહાવીર સિંહાસન ઉપર બેઠેલા છે અને જમણા હાથે સોનૈયાનુ દાન આપે છે. હાથમા એક સોનૈયો અંગૂઠા અને તર્જની આંગળીથી પકડેલો દેખાય છે મહાવીરના જમણા પગ સિંહાસન પર છે અને ડાબો પગ પાદપીઠ ઉપર છે, જે બતાવે છે કે દાનની સમાપ્તિનો સમય થવા આવ્યો છે આ ચિત્રમા મહાવીરને દાઢી તથા મૂછો સહિત ચિત્રકારે ચીતરેલા છે મહાવીરની નજીકમા ત્રણ પાયા વાળી ટીપોઈ ઉપર સુવર્ણનો થાળ મૂકેલો સ્પષ્ટ દેખાય છે મહાવીરની પાછળ ચિત્રની જમણી બાજુએ ચામરધારિણી સ્ત્રી મહાવીરને ડાબા હાથથી ચામર વીંઝતી દેખાય

છે. ઉપરની છતના ભાગમાં ચંદરવો બાંધેલો છે. ચિત્રની ડાબી બાજુએ એક જુવાન તથા ચાર ઉમ્મરલાયક માણસો, એમ કુલ મળીને પાંચ વ્યક્તિઓ દાન લેતા આવેલી દેખાય છે.

ચિત્ર ૩૫: દીક્ષામહોત્સવ. ઇડરની પ્રતના પાના ૪૬ ઉપરથી. ચિત્રનું કદ ૩¾×૨¾ ઇંચ છે.

વાર્ષિક દાનની ક્રિયા સમાપ્ત થતા, પોતાના વડિલ બંધુ નંદિવર્ધનની અનુમતિ લઈ દેવોએ આણેલા ક્ષીર સમુદ્રના જળથી, સર્વ તીર્થોની માટીથી અને સકલ ઔષધિઓથી નંદિવર્ધન રાજાએ પ્રભુને પૂર્વ દિશા સન્મુખ બેસાડી તેમનો અભિષેક કર્યો. પ્રભુને એ રીતે સ્નાન કરાવી, ગંધકાષાયી વસ્ત્રવડે શરીરને લૂછી નાખી આખે શરીરે ચંદનનું વિલેપન કર્યું. પ્રભુના આખા શરીર ઉપર સુવર્ણ-જડિત છેડાવાળું, સ્વચ્છ, ઉજ્જ્વળ અને લક્ષમૂલ્યવાળું શ્વેતવસ્ત્ર શોભવા લાગ્યું વક્ષઃસ્થળ ઉપર કિંમતી હાર ઝૂલવા લાગ્યો. બાજુબંધ અને કડાંઓથી તેમની ભુજાઓ અલંકૃત બની અને કુંડલના પ્રકાશથી તેમના મુખમંડળમાં દીપ્તિ આવવા લાગી આવી રીતે આભૂષણો અને વસ્ત્રોથી અલંકૃત થઇ પ્રભુ પાલખીમાં બિરાજમાન થયા આ સમયે આખા ક્ષત્રિયકુંડ નગરને ધ્વજા-પતાકા તથા તોરણોથી શણગારવામાં આવ્યુ હતું.

પચાસ ધનુષ્ય લાંબી, પચ્ચીસ ધનુષ્ય પહોળી, છત્રીસ ધનુષ્ય ઊંચી, સુવર્ણમય સેંકડો સ્તંભોથી શોભી રહેલી અને મણિઓ તથા સુવર્ણથી જડિત એવી 'ચંદ્રપ્રભા' નામની પાલખીમાં પ્રભુ (મહાવીર) દીક્ષા લેવા નિસર્યા.

તે સમયે હેમંત ઋતુનો પહેલો મહિનો–માગશર માસ, પહેલું પખવાડિયુ કૃષ્ણપક્ષ અને દશમની તિથિ હતી તે વેળા તેમણે છઠનો તપ કર્યો હતો અને વિશુદ્ધ લેશ્યાઓ વર્તતી હતી. પ્રભુના જમણે પડખે કુલની મહત્તરા સ્ત્રી હંસલક્ષણ ઉત્તમ સાડી લઈને ભદ્રાસન ઉપર બેઠી હતી સર્વ પ્રકારની તૈયારી થઈ રહ્યા પછી નંદિવર્ધનની આજ્ઞાથી તેના સેવકોએ પાલખી ઉપાડી.

ચિત્રની મધ્યમાં પાલખીમાં પ્રભુ વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઇને બેઠેલા છે બંને બાજુ એકેક સ્ત્રી ચામર વીંઝતી બેઠેલી છે ચાર સેવકોએ પાલખી ઉપાડી છે પાલખીની આગળ બે માણસો ભૂંગળ વગાડતા અને એક માણસ જોરથી નગારૂ વગાડતો તથા પાલખીની પાછળના ભાગમાં બે માણસો નગારૂ વગાડતા દેખાય છે.

ચિત્ર ૩૬: પંચમુષ્ટિલોચ અને અર્ધવસ્ત્રદાન. ઈડરની પ્રતના પાના ૫૦ ઉપરથી. ચિત્રનું મૂળ કદ ૩×૨¾ ઇંચનું છે

ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે તેમાં કથાના પરિચયની શરૂઆત નીચેના પંચમુષ્ટિ લોચના ચિત્રથી થાય છે અશોકવૃક્ષ (આસોપાલવ નહિ)ની હેઠળ આવી પ્રભુ નીચે ઉતર્યા અને પોતાની મેળે જ એક મુષ્ટિ વડે દાઢીમૂછનો અને ચાર મુષ્ટિ વડે મસ્તકના કેશનો એવી રીતે પંચમુષ્ટિ લોચ કર્યો એ વેળા નિર્જળ છઠ્ઠનો તપનો હતો જ. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ થયો ત્યારે ઈન્દ્રે ડાબા ખભા ઉપર સ્થાપન કરેલુ દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ કરીને, એકલા એટલે રાગદ્વેષ-રહિતપણે કેશનો લોચ કરવા રૂપ દ્રવ્યથી અને ક્રોધાદિને દૂર કરવારૂપ ભાવથી મુંડ થઈને, ગૃહવાસથી નીકળીને અનગારપણા–સાધુપણા–ને પામ્યા.

ચિત્રમાં શ્રમણ ભગવાન મહાવીરના ડાબા ખભા ઉપર દેવદૂષ્ય વસ્ત્ર તથા અશોકવૃક્ષની



Fig 70 चित्र ७०




Fig 71 चित्र ७१




Fig 72 चित्र ७२




Fig 73 चित्र ७३




Fig 74 चित्र ७४



Fig 75 चित्र



I चित्र ७६



Fig 77



Fig 78 चित्र ७८



Fig 79 चित्र ७९



Fig 80 चित्र ८०



Fig 81 चित्र ८१

રજૂઆત ચિત્રકારે કરી જણાતી નથી. ચિત્રમાં એક હાથે મસ્તકના વાળનો લોચ કરવાનો ભાવ દર્શાવતા, ઈન્દ્રની સન્મુખ જોતા મહાવીર પ્રભુ, અને બે હાથ પ્રસારીને પ્રભુએ લોચ કરેલા વાળને ગ્રહણ કરવાની ઉત્સુકતા બતાવતો ઈન્દ્ર દેખાય છે. ઈન્દ્રના પાછળના એક હાથમાં વજ્ર છે જે ઈન્દ્રને ઓળખાવે છે. ખરી રીતે તો જ્યારેજ્યારે ઇન્દ્ર પ્રભુની પાસે આવે ત્યારેત્યારે આયુધોનો ત્યાગ કરીને જ આવે એવો રિવાજ છે, પરંતુ ઈન્દ્રની ઓળખાણ આપવા ખાતર ચિત્રકારે વજ્ર કાયમ રાખેલુ હોય એમ લાગે છે.

આ પછી ચિત્રના અનુસંધાને, ઉપરના ચિત્રમાં વર્ણવેલો અર્ધવસ્ત્રદાનનો પ્રસંગ જોવાનો છે જે વખતે શ્રમણ ભગવાન મહાવીર ગૃહસ્થપણામાં વાર્ષિક દાન આપી, જગતનુ દારિદ્રય ફેડી રહ્યા હતા. તે વખતે એક દરિદ્ર સોમ નામા બ્રાહ્મણ ધન કમાવા માટે પરદેશ ગયો હતો. પોતે કમનસીબ હોવાથી પરદેશમાથી પણ ખાલી હાથે જ પાછો ફર્યો. ગરીબીથી અકળાઈ ગએલી બ્રાહ્મણપત્ની તેને લડવા લાગી કે: 'અરે નિર્ભાગ્યશિરોમણિ ! શ્રીવર્ધમાનકુમારે જ્યારે સુવર્ણનો વરસાદ વરસાવ્યો ત્યારે તમે કયાં ઉંઘી ગયા હતા ? પરદેશમાં ભટકીને પણ હતા તેવા ને તેવા જ નિર્ધન પાછા ઘેર આવ્યા ! જાઓ, હજી પણ મારૂં કહ્યુ માની, જંગમ કલ્પવૃક્ષસમાન શ્રીવર્ધમાન પાસે જશો તો તે દયાળુ અને દાનવીર તમારૂં દારિદ્રય દૂર કર્યા વિના નહિ રહે.' પોતાની સ્ત્રીના વચનો સાભળી પેલો બ્રાહ્મણ પ્રભુની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે: 'હે પ્રભુ ! આપ તો જગતના ઉપકારી છો. આપે તો વાર્ષિક દાન આપી જગતનુ દારિદ્રય દૂર કર્યું. હે સ્વામી ! સુવર્ણની ધારાઓથી આપ સર્વત્ર વરસ્યા તો ખરા, પણ હું અભાગ્યરૂપી છત્રથી એવો ઢંકાઈ ગયો હતો કે મારી ઉપર સુવર્ણધારાનાં બે ટીંપાં પણ ન પડયાં ! માટે હે કૃપાનિધિ ! મને કાંઈક આપો. મારા જેવા ગરીબ બ્રાહ્મણને નિરાશ નહિ કરો !' કરુણાળુ પ્રભુએ તે વખતે પોતાની પાસે બીજી કોઇ વસ્તુ ન હોવાથી, દેવદૂષ્ય વસ્ત્રનો અરધો ભાગ આપ્યો, અને બાકીનો પાછો પોતાના ખભા ઉપર મૂક્યો ! (જુઓ ચિત્રની જમણી બાજુ).

હવે પેલો બ્રાહ્મણ, કિંમતી વસ્ત્રનો અરધો ભાગ મળવાથી ખૂબ ખુશી થતોથતો સત્વર પોતાના ગામ આવ્યો. તેણે તે અર્ધ દેવદૂષ્ય વસ્ત્ર, તેના છેડા બંધાવવા એક તૂણનારને બતાવ્યું, અને તે કોની પાસેથી કેવી રીતે મેળવ્યુ તે વૃતાંત અથથી ઇતિ પર્યંત કહી સંભળાવ્યો. તૂણનારે આખરે કહ્યુ કે 'હે સોમ ! જો તું આ વસ્ત્રનો બીજો અરધો ટુકડો લઇ આવે તો બને ટુકડા એવી રીતે મેળવી આપુ કે તેમાં જરાપણ સાંધો ન દેખાય અને તું વેચવા જાય તો તે અખંડ જેવા વસ્ત્રના એક લાખ સોનૈયા તો જરૂર ઉપજે. એમાં આપણા બંનેનો ભાગ' આ સાંભળીને બ્રાહ્મણ ફરીથી પ્રભુ પાસે આવ્યો તો ખરો, પણ શરમને લીધે તેના મુખમાથી વાચા ન નીકળી શકી તે આશામાં ને આશામાં પ્રભુની પાછળ પાછળ ભટકતો રહ્યો

પ્રભુને દીક્ષા લીધા પછી એક વર્ષ અને એક મહિનાથી કંઇક અધિક સમય વીતી ગયો એકદા તેઓ દક્ષિણવાચાલ નામના સન્નિવેશની નજીકમા સુવર્ણવાલુકા નામની નદીને કાંઠે આવ્યા ત્યાં ચાલતા ચાલતા દેવદૂષ્યનો અરધો ભાગ કાંટામા ભરાઇ જવાથી પડી ગયો. પ્રભુ નિર્લોભ હોવાથી, પડી ગએલો વસ્ત્રભાગ તેમણે પાછો ન લીધો પણ પેલો સોમ નામનો બ્રાહ્મણ, જે એક

વર્ષથી તે વસ્ત્ર માટેજ તેમની પાછળ પાછળ ભમતો હતો. તેને તે ઉપાડી લીધું અને ત્યાંથી ચાલ્યો ગયો (જુઓ ચિત્રની ડાબી બાજુ).

ચિત્ર ૩૭: શ્રીમહાવીર નિર્વાણ ઈડરની પ્રતના પાના ૫૭ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૧૫નું આ પ્રસંગને લગતું વર્ણન.

ચિત્ર ૩૮: શ્રીપાર્શ્વનાથનો જન્મ ઈડરની પ્રતના પાના ૫૮ ઉપરથી અત્રે રજૂ કરેલું છે. સારૂં યે ચિત્ર સોનાની શાહીથી ચીતરેલુ છે.

તે કાળે અને તે સમયે હેમંત ઋતુનો બીજો માસ, ત્રીજું પખવાડિયુ–પોષ માસનું કૃષ્ણ પખવાડિયુ વર્તતું હતું. તે પોષ માસના કૃષ્ણ પખવાડિયાની દશમ (ગુજરાતી માગશર વદી દશમ) ની તિથિને વિષે નવ માસ બરાબર પૂર્ણ થતાં અને ઉપર સાડાસાત દિવસ વ્યતીત થતાં, મધ્યરાત્રિને વિષે વિશાખા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં, આરોગ્યવાળી તે વામાદેવીએ રોગરહિત પુત્રને જન્મ આપ્યો.

ચિત્રમાં સુવર્ણના પલંગ ઉપર બિછાવેલી ફૂલની ચાદરવાળી સુગંધીદાર સુકોમળ શય્યા ઉપર વામાદેવી સૂતાં છે. જમણા હાથમાં પાર્શ્વકુમારને બાળકરૂપે પકડેલા છે અને તેમની સન્મુખ જોઈ રહેલા છે. તેમના જમણા હાથ નીચે તકીઓ છે. આખું શરીર વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત છે. દરેક વસ્ત્રોમાં જુદીજુદી જાતની ડિઝાઈનો ચીતરેલી છે. પલંગ ઉપર ચંદરવો બાંધેલો છે. પલંગની નીચે પાણીની ઝારી, ધુપધાણું, સગડી તથા થૂકદાની પણ ચીતરેલાં છે. તેમના પગ આગળ એક સ્ત્રી-નોકર જમણા હાથમાં ચામર ઝાલીને પવન નાખતી ચીતરેલી છે.

Plate IX

ચિત્ર ૩૯: પ્રભુ પાર્શ્વનાથનો પંચમુષ્ટિ લોચ. વર્ણન માટે જુઓ ચિત્ર ૫૫ નું આ ચિત્રને લગતું વર્ણન.

ચિત્ર ૪૦: શ્રીનેમિનાથનો જન્મ અને મેરુ ઉપર સ્નાત્ર મહોત્સવ ઈડરની પ્રતના પાના ૬૪ ઉપરથી ચિત્રનુ મૂળ કદ ૩×૨$\frac{1}{8}$ ઇંચ ઉપરથી સહેજ નાનુ

આ ચિત્રમાં પણ ઉપર અને નીચે એમ બે પ્રસગો છે તેમાં કથાના પરિચયની શરૂઆત નીચેના નેમિનાથના જન્મ પ્રસગને લગતા ચિત્રથી થાય છે. વર્ષાકાળના પહેલા મહિનામાં, બીજા પક્ષમાં, શ્રાવણ શુકલ પંચમીની રાત્રિને વિષે, નવ માસ બરાબર સંપૂર્ણ થતાં, ચિત્રા નક્ષત્રમા ચંદ્રનો યોગ થતાં, આરોગ્ય દેહવાળી શિવાદેવીએ આરોગ્યવાળા પુત્રને જન્મ આપ્યો. જન્મમહોત્સવને લગતા વર્ણન માટે તથા ચિત્રના અનુસંધાને, ઉપરના ચિત્રમાં વર્ણવેલો મેરુપર્વત ઉપર નેમિનાથનો ઇંદ્રે કરેલો સ્નાત્રમહોત્સવ વગેરે સર્વ શ્રીમહાવીરસ્વામીની પેઠે ચિત્ર ૧૪ અને ૨૪ના વર્ણન પ્રમાણે સમજી લેવું.

ચિત્ર ૪૧: શ્રીઋષભદેવનુ નિર્વાણ ઈડરની પ્રતના પાના ૭૮ ઉપરથી. ચિત્રનુ મૂળ કદ ૨$\frac{1}{8}$×૨$\frac{1}{8}$ ઇંચ ઉપરથી મોટું કરીને અત્રે રજૂ કર્યું છે.

શ્રીઋષભદેવ પ્રભુ શિયાળાના ત્રીજા માસમાં પાચમા પખવાડિયામાં, માઘમાસની વદિ તેરશને દિવસે (ગુજરાતી પોષ વદિ ૧૩) અષ્ટાપદ પર્વતના શિખર ઉપર, જળ રહિત ચૌદભક્ત




Fig 82 चित्र ८२



Fig 83 चित्र ८








Fig. 86

चित्र ८६



Fig. 87

चित्र ८७



Fig. 88

चित्र ८८



Fig. 89

चित्र ८९




Fig. 94 चित्र ९४



Fig. 95 चित्र ९५



F... चित्र ९६



Fig. 97 चित्र ९७

છ ઉપવાસનો તપ કરીને અભિજિત્ નામના નક્ષત્રને વિષે ચંદ્રનો યોગ પ્રાપ્ત થતાં, સવારના સમયે પલ્યંકાસને બેસીને નિર્વાણ પામ્યા.

ચિત્રમાં ઋષભદેવ પ્રભુ સર્વ આભૂષણો સહિત સિદ્ધશીલા ઉપર બેઠેલા અને આજુબાજુ બે ઝાડની રજૂઆત કરીને ચિત્રકારે શ્રીઋષભદેવના નિર્વાણ-કલ્યાણકનો પ્રસંગ ચીતરેલો છે.

ઇડરની આ પ્રતમાંના દરેક ચિત્રોની પૃષ્ઠભૂમિ સીંદુરિયા લાલ રંગની છે. આ બધાંયે ચિત્રો અસલ માપે ચીતરાએલાં છે. તેમાં રંગભરણીની સરસ વહેંચણી તથા વાતાવરણ અને પદાર્થોની ઝીણવટમાં પરંપરાગત આકૃતિઓ ચીતરી છે. પણ મૂળ આકારોનો પ્રત્યક્ષ પરિચય નહિ હોવાથી ચિત્રકારોએ નક્કી કરેલાં આકારોનાં કૃત્રિમરૂપો ચિત્રકાર ચીતરે ગયો છે, છતાં સુશોભનોમા જરાએ પાછો પડતો નથી. આ પ્રતમા સોનાની શાહીનો પણ છૂટથી ઉપયોગ કરવામા આવ્યો છે. ચિત્રના પાત્રો ચીતરવામા તાડપત્ર ઉપર સુવર્ણની શાહીનો ઉપયોગ આ એક જ પ્રતમાં કરવામાં આવ્યો છે. ઉપરાંત સીંદુરિયો લાલ. ગુલાબી. કીરમજી, પીળો, વાદળી, રૂપેરી, જાંબુડીઓ, સફેદ, કાળો. આસમાની તથા નારંગી રંગનો પણ ઉપયોગ આ પ્રતના ચિત્રોમાં કરવામાં આવ્યો છે.

ચિત્ર ૪૨: પ્રભુ મહાવીરના અગિયાર ગણધરો. ઈડરની પ્રતના પત્ર ૮૦ ઉપરથી આ ચિત્ર અત્રે રજૂ કરેલું છે. આખુએ ચિત્ર સોનાની શાહીથી ચીતરેલુ છે. તેઓના નામો નીચે પ્રમાણે છે:

૧ ઇંદ્રભૂતિ (ગૌતમસ્વામી) ૨ અગ્નિભૂતિ ૩ વાયુભૂતિ ૪ વ્યક્ત ૫ સુધર્માસ્વામી ૬ મંડિતપુત્ર ૭ મૌર્યપુત્ર ૮ અકમ્પિત ૯ અચલભ્રાતા ૧૦ મેતાર્ય અને ૧૧ પ્રભાસ આ અગિયારે ગણધરો જ્ઞાતિએ બ્રાહ્મણ હતા.

ચિત્ર ૪૩ ગુરુમહારાજ અને ધ્રુવસેનરાજા. ઈડરની પ્રતના પત્ર ૧૦૮ ઉપરનું આ ચિત્ર ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું જ મહત્ત્વનું છે.

શ્રીમહાવીરપ્રભુ નિર્વાણ પામ્યા બાદ ૯૮૦ વર્ષે અને મતાંતરે ૯૯૩ વર્ષે આનંદપુર (હાલનું વડનગર) નગરમા આ કલ્પસૂત્ર સૌ પહેલુવહેલુ સભા સમક્ષ વંચાયુ. એ વિષે એવી દંતકથા પ્રચલિત છે કે આનંદપુરમાં ધ્રુવસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સેનાંગજ નામનો એકનો એક અત્યંત પ્રિય પુત્ર હતો. પુત્રનુ એકાએક મૃત્યુ નીપજવાથી ધ્રુવસેનરાજાને બેહદ સંતાપ ઉત્પન્ન થયો. તે સંતાપને લીધે તેણે બહાર જવા-આવવાનુ માંડી વાળ્યુ, તે એટલે સુધી કે ધર્મશાળામા કોઇ ગુરુ કે મુનિમહારાજ સમિપે જવાનો પણ તેને ઉત્સાહ ન થાય. એટલામાં પર્યુષણ પર્વ આવ્યુ. રાજાને અત્યંત શોક સંતપ્ત થએલો સાંભળી ગુરુમહારાજ રાજા પાસે ગયા અને ત્યાં સંસારની અસારતા તથા શોકની વ્યર્થતા અસરકારક રીતે સમજાવી તે પછી વિશેષમાં ગુરુમહારાજે કહ્યુ કે 'તમે ખેદને પરિહરી આ પર્યુષણા પર્વમાં ધર્મશાળામા-ઉપાશ્રયમાં આવો તો શ્રીભદ્રબાહુસ્વામીએ ઉદ્ધરેલુ કલ્પસૂત્ર તમને સંભળાવુ. તે કલ્પસૂત્ર શ્રવણના પ્રતાપે તમારા આત્મા અને મનની દશામા જરૂર ઘણો સુધારો થશે.' રાજા ગુરુજીની આજ્ઞાને માન [illegible] સહિત ઉપાશ્રયમા આવ્યો અને ગુરુજીએ પણ વિધિપૂર્વક સભા સમક્ષ કલ્પસૂત્ર વાંચી [illegible] તે દિવસથી સભા સમક્ષ કલ્પસૂત્ર વાંચવાની પ્રવૃત્તિ શરૂ થઈ.

ચિત્રમા સિંહાસન ઉપર ગુરુમહારાજ બેઠા છે [illegible]

રાખીને ગુરુની શુશ્રૂષા કરતો ઊભો છે ઉપરના ભાગમાં સ્થાપનાચાર્યજી છે ગુરુની સામે બે હાથની અંજલિ જોડીને હાથમાં ઉત્તરાસંગનો છેડો લઈ ધ્રુવસેન રાજા ઉપદેશ શ્રવણ કરતો બેઠો છે. ગુરુ મહારાજ રાજાને શોક નિવારણ કરવાનો ઉપદેશ આપતા લાગે છે તેઓશ્રીના જમણા હાથમાં મુહપત્તિ છે અને ડાબો હાથ વરદમુદ્રાએ છે.

ચિત્ર ૪૪: ગણધર સુધર્માસ્વામી. ઈડરની પ્રતના છેલ્લા ૧૦૯મા પત્ર ઉપરથી. ચિત્રનું કદ ૨×૧¾ ઈંચ છે આખું એ ચિત્ર સોનાની શાહીથી ચીતરેલું છે ચિત્રની મધ્યમાં ગણધરદેવ શ્રીસુધર્માસ્વામી બેઠેલા છે ગણધરદેવ શ્રીગૌતમસ્વામીનું ચિત્ર પણ આવી જ રીતનું મળી આવે છે તો પછી આ ચિત્રને સુધર્માસ્વામીનું કલ્પવાનું શું કારણ? એ પ્રશ્ન અત્રે ઉપસ્થિત થઈ શકે તેમ છે આ કલ્પના કરવાનું કારણ એ છે કે ભગવાન મહાવીરની પાટે ગણધરદેવ શ્રીગૌતમસ્વામી નહીં પણ શ્રીસુધર્માસ્વામી આવ્યા હતા. વળી દરેક આગમસૂત્રોમાં તેઓના શિષ્ય શ્રી જંબુસ્વામી પ્રશ્ન પૂછતા અને તેનો યોગ્ય ઉત્તર તેઓ આપતા તેવી રીતના વર્ણનો મળી આવે છે તે પ્રસંગને અનુલક્ષીને આ ચિત્રમાં પણ તેઓશ્રીની જમણી બાજુએ બે હાથની અંજલિ જોડીને વિનયપૂર્વક ઊભેલા જંબુસ્વામીને ચિત્રકારે ચીતરેલા છે. તે ઉપરથી આ ચિત્ર શ્રીગૌતમસ્વામીનું નહીં પણ શ્રીસુધર્માસ્વામીનું જ છે એમ મેં કલ્પના કરી છે વળી તેઓની આગળ આઠ પાંખડીવાળું સુવર્ણ કમલ ચીતરીને ચિત્રકારે સ્પષ્ટ કર્યું છે કે આ ચિત્ર તીર્થંકરનું નથી પણ ગણધરદેવનું છે. શ્રીસુધર્માસ્વામીના મસ્તક ઉપર ચંદરવો બાંધેલો ચીતરેલો છે. તીર્થંકરની અને ગણધરદેવોની સ્થાપત્ય મૂર્તિમાં અગર પ્રાચીન ચિત્રમાં તફાવત માત્ર એટલો જ રાખ્યો છે કે તીર્થંકરની મૂર્તિઓ તથા ચિત્રો પદ્માસનસ્થ આભૂષણ સહિત અને બંને હાથ પલાંઠી ઉપર અને ગણધરદેવની મૂર્તિઓ તથા ચિત્રો પદ્માસનસ્થ, આભૂષણ વગર સાધુવેશમાં અને જમણો હાથ હૃદય સન્મુખ કેટલીક વખત માળા સહિત તથા ડાબો હાથ ખોળા ઉપર રાખતા આ પ્રમાણેની આકૃતિઓ બંનેને જુદા પાડવા માટે નક્કી કરેલી હોય તેમ લાગે છે.

આ ચિત્રમાં ડાબી બાજુએ બે હસ્તની અંજલિ જોડીને હાથમાં ઉત્તરાસંગનો છેડો રાખીને વિનયપૂર્વક ઊભેલી પુરુષાકૃતિઓ ચીતરીને સુવર્ણકમલ ઉપર ઇંદ્રની રજૂઆત કરી હોય એમ લાગે છે. ઇંદ્રની તથા જંબુસ્વામીની આકૃતિના ચિત્રોનું રેખાંકન કોઈ અલૌકિક પ્રકારનું વિશિષ્ટ કલામય છે.

ચિત્ર ૪૫: પાર્શ્વનાથનો લોચ. નવાબ ૧. પરથી આ ચિત્ર અત્રે રજૂ કરેલું છે. વર્ણન માટે જુઓ ચિત્ર ૫૫નું વર્ણન. આ ચિત્રમાં પાર્શ્વનાથ પ્રભુના શરીરનો વર્ણ લીલો અને ઇંદ્ર બે હાથવાળો ઊભેલો છે.

ચિત્ર ૪૬: મેરુ ઉપર જન્માભિષેક. વર્ણન માટે જુઓ ચિત્ર ૨૪નું આ ચિત્રનું જ વર્ણન.

ચિત્ર ૪૭: શ્રમણસંઘ. આ ચિત્ર પણ નવાબ ૧. પરથી અત્રે રજૂ કરેલું છે. ચિત્રમાં ઉપર અને નીચે એકેક સાધુ (ગુરુ) પાટ ઉપર બેસીને સામે બેઠેલા બબ્બે શિષ્યોને ઉપદેશ આપતા દેખાય છે.

ચિત્ર ૪૮: જૈન સાધુ અને શ્રાવક. ઉપરોક્ત પ્રતમાંના કલ્પસૂત્રનું છેલ્લું ચિત્ર. આ પત્ર ઉપર સંવત, તિથિ સાથે 'श्रीपत्तने महाराजाधिराजस्य श्रीसारंगदेवस्य विजयिनिराज्ये' લખેલું છે આ



Fig 98

चित्र ९८



Fig [illegible]

चित्र [illegible]




Fig. 100 चित्र १००



Fig. 101 चित्र १०[illegible]








Fig 104 चित्र १०४




Fig 105 चित्र १०५



चित्र १०६




Fig 107 चित्र १०७

પુષ્પિકા ગુજરાતના ઇતિહાસ માટે ઉપયોગી હોવાથી ચિત્ર ૪ માં આખું પાનું રજૂ કરેલુ છે.

Plate XI

ચિત્ર ૪૯: મહાવીર-નિર્વાણ વર્ણન માટે જુઓ ચિત્ર ૧૫નુ આ ચિત્રનુ વર્ણન.

ચિત્ર ૫૦: પાર્શ્વનાથનો લોચ નવાબ ૨ પરથી આ ચિત્ર અત્રે રજૂ કરેલુ છે. વર્ણન માટે જુઓ ચિત્ર ૫૫નુ વર્ણન. આ ચિત્રમાં પ્રભુના શરીરનો વર્ણ લીલો છે અને તે ઘણી ખરી બાબતોમાં ચિત્ર ૪૫ને મળતું જ છે.

ચિત્ર ૫૧: શ્રીનેમિનાથનો જન્મ. નવાબ ૧ પરથી આ ચિત્ર અત્રે રજૂ કરેલુ છે. વર્ણન માટે જુઓ ચિત્ર ૪૦ના નીચેના પ્રસંગનું વર્ણન. આ પ્રતમા પણ ચિત્ર ૨૨ની માફક રૂપાની શાહીનો ઉપયોગ કરેલો છે. ભગવાનની માતા તથા પરિચર્યામા ઊભી રહેલી બે પરિચારિકાઓના અંગોપાંગનું રેખાંકન તથા આટલા નાના કદના ચિત્રની રંગભરણી વગેરે. આ ચિત્ર ચિત્રકારની ચિત્રકળાની સિદ્ધહસ્તતાની સાબિતી આપે છે.

ચિત્ર ૫૨: ઋષભદેવનૂ સમવસરણ. આ ચિત્ર પણ નવાબ ૨ પરથી અત્રે રજૂ કરેલુ છે. વર્ણન માટે જુઓ ચિત્ર ૧૬નુ વર્ણન. આ ચિત્રમાનૂ સમવસરણ પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવનૂં છે અને ચિત્ર ૧૬ ચોવીશમા તીર્થંકર શ્રીમહાવીર સ્વામીના સમવસરણનુ છે, તે ફેરફાર સિવાય પ્રભુના શરીરનો વર્ણ, ત્રણ ગઢ બધું સરખું છે. આ ચિત્રના નીચેના ભાગના બને ખૂણામાં એક શ્રાવક (ગૃહસ્થ) તથા એક શ્રાવિકા (સ્ત્રી) ચિત્રકારે રજૂ કરીને આ પ્રત ચીતરાવનાર ગૃહસ્થ યુગલની ૨ ઐતિહાસિક પ્રતિકૃતિ વધારામાં આપવાનો પ્રયત્ન કરેલો છે, તે આ ચિત્રની ખાસ વિશિષ્ટતા છે.

ચિત્ર ૫૩: ત્રણ સાધુ અને બે શ્રાવિકાઓ. આ ચિત્ર તથા ચિત્ર ૫૪ નવાબ ૧ પ્રત ઉપરથી જ અત્રે રજૂ કરેલાં છે. આ ચિત્રના ઉપરના ભાગમાં ગુરુ, શિષ્યને ઉપદેશ આપતા તથા એની નીચેના ભાગમાં ગુરુ (સાધુ), સામે બેઠેલી બે શ્રાવિકાઓને ઉપદેશ આપતા બતાવીને તે સમયના એટલે કે ચૌદમા સૈકાના જૈન સાધુઓના તથા શ્રાવિકાઓના ધર્મશ્રવણના રીતરિવાજોનૂ ચિત્રકારે આપણને દિગ્દર્શન કરાવેલુ છે.

ચિત્ર ૫૪: ચતુર્વિધ સંઘ. આ ચિત્રના ઉપરના ભાગમાં ગુરુ મહારાજના સિંહાસનની પાછળ ગુરુની સેવામા ઊભા રહેલા સાધુ (શિષ્ય) સહિત ત્રણ સાધુઓ તથા બે ગૃહસ્થ-શ્રાવકો તથા નીચેના ભાગમાં બે સાધ્વીઓ તથા સામે બેઠેલી ચાર શ્રાવિકાઓ બતાવીને ચિત્રકારે ચૌદમા સૈકાના સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકારૂપ જૈન ચતુર્વિધ સંઘના પહેરવેશ તથા રીતરિવાજોનો સુંદર ખ્યાલ આપવા પ્રયત્ન કરેલો છે. બંને ચિત્રોમા રૂપાની શાહીનો ઉપયોગ કરેલો સ્પષ્ટ દેખાય છે

Plate XII

ચિત્ર ૫૫: શ્રીપાર્શ્વનાથનો પંચમુષ્ટિ લોચ. ઈડરની પ્રતના પાના ૬૮ ઉપરથી [illegible] ૨૧ સેન્ટિમીટર [illegible] ઉપરથી મોટું કરીને અત્રે રજૂ કરેલું છે

[illegible]

માસનો કૃષ્ણપક્ષ વર્તતો હતો. તે પખવાડિયાની અગિયારશના દિવસે (ગુજરાતી માગશર વદી અગિયારશ) પહેલા પ્રહરને વિષે, વિશાલા નામની પાલખીમાં બેસીને આમ્રમપદ ઉદ્યાનમાં, અશોક નામના ઉત્તમવૃક્ષની પાસે તે આવ્યા, પાલખીમાંથી નીચે ઊતર્યા, પોતાની મેળેજ પોતાનાં આભૂષણ વગેરે ઊતાર્યાં, અને પોતાની મેળે જ પંચમુષ્ટિ લોચ કર્યો. આખીએ ચિત્રમાલામાં આ ચિત્ર બહુ જ ધ્યાન ખેંચે તેવી રીતે ચિત્રકારે તાદૃશ્ય ચીતર્યું છે. આજુબાજુના ઝાડની ગોઠવણી બહુ જ સુંદર પ્રકારની છે. આખુંએ ચિત્ર મૂળ સોનાની શાહીથી ચીતરેલું છે.

ચિત્ર ૫૬: પ્રભુ મહાવીરનો જન્મ. ઇડરની પ્રતના પાના ૩૫ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૧૪નું આ પ્રસંગને લગતું વર્ણન. તે ચિત્રમાં ત્રિશલા માતા મહાવીરના સન્મુખ જોઇ રહેલાં છે. અને તે એકલાં જ છે, જ્યારે આ ચિત્રમાં માતા ત્રિશલાના હાથમાં મહાવીર પ્રભુ બાળકરૂપે છે પરતુ તેણીની નજર સ્ત્રી-નોકર જે પગ આગળ ઊભી છે તેની સન્મુખ છે. ડાબા હાથે ત્રિશલા તે સ્ત્રી-નોકરને પુત્ર જન્મની ખુશાલીમાં કાંઇક ઇનામ આપતાં હોય એમ લાગે છે. છતનાં ભાગમાં સુંદર સુશોભિત ચંદરવો બાંધેલો છે. પલંગની નીચે ચિત્રની જમણી બાજુથી અનુક્રમે શેક કરવા માટે સગડી, પગ મૂકીને ઉતરવા માટે પાદપીઠ, પાદપીઠ ઉપર કાંઈક વસ્તુ છે જે સ્પષ્ટ સમજી શકાતી નથી અને થૂંકવા માટે પિકદાની છે. આ ચિત્ર પણ ચિત્ર ૫૫ની માફક મૂળ ચિત્ર કરતાં મોટું કરીને અત્ર રજૂ કરેલું છે.

આ રીતે ૧૧ ચિત્રફલકોમાં ૫૬ તાડપત્રીય કલ્પસૂત્રનાં ચિત્રો આ પુસ્તકમાં આપવામાં આવેલાં છે.

Plate XIII

ચિત્ર ૫૭: પ્રભુ મહાવીર. ભારતી. ની કાગળની કલ્પસૂત્રની પ્રતના પાના ૧ ઉપરથી કલ્પ-સૂત્રની કાગળપરની સચિત્ર હસ્તપ્રતોમાં તારીખની નોંધવાળી આજસુધી મળી આવેલી પ્રતોમાં આ પ્રત સૌથી પ્રાચીન હોવાથી પ્રતના ૧૦ ચિત્રમાંથી એક અત્રે રજૂ કરેલું છે. લાલ સિંદૂરિયા રંગની પૃષ્ઠભૂમિપર પીળા રંગની શ્રી મહાવીર પ્રભુની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન છે. વિશેષ વર્ણન માટે જુઓ ચિત્ર ૧૨નું વર્ણન.

ચિત્ર ૫૮: પ્રશસ્તિનું પાનું. ચિત્ર ૫૭ વાળી હસ્તપ્રતનું છેલ્લુ પાનું લખાણની સાત લીટીઓ પકી બીજી લીટીમાં પ્રશસ્તિના ૨૬ મા શ્લોકમાં આ પ્રત ૧૪૨૪માં લખાવ્યાનો ઉલ્લેખ આ પ્રમાણે અક્ષરોમાં કરેલો છે.

२४ ४१
विक्रमादित्यतो वर्षे जिनवेदेंदु संमिते ।
श्रीकल्पपुस्तकं स्वस्तिदायकं समलीलिखत् ॥ २६ ॥

વિક્રમ સંવત ૧૪૨૪માં સ્વસ્તિને આપવાવાળું [આ] કલ્પસૂત્ર લખવામા આવ્યું છે

ત્રીજી લીટીના ૨૭મા શ્લોકમા સંવત ૧૪૨૭મા પોતાના ગુરુને વાચવા માટે આપ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ આ પ્રમાણે છે.

७ २ ४ १
मुनिनयनवेदचंद्र प्रमिते संवत्सरे निजगुरुभ्य ।
उक्त वाचयामास ॥ २७ ॥



Fig. 108 चित्र १०८



Fig. 10 चित्र १०





Plate XIV

ચિત્ર ૫૯: પ્રશસ્તિનું પાનું. પાટણ ૧. શ્રી પાર્શ્વનાથ તથા શ્રી પદ્માવતીદેવીના બે ચિત્રો મૂળ રંગમાં આ પુસ્તકમાં ચિત્ર ૬૦-૬૧ રજૂ કરેલાં છે, તે શ્રી ભાવદેવસૂરિ વિરચિત શ્રી પાર્શ્વનાથ ચરિત્રની સંવત ૧૪૫૫માં અણહિલપુર પાટણમાં લખાએલી પ્રતની પ્રશસ્તિનું છેલ્લુ પાનુ વાંચકોની જાણ સારૂ રજૂ કરેલું છે. લખાણની ૧૧ લીટીઓ પૈકીની સાતમી લીટીના ઉત્તરાર્ધ્ધમાં અને આઠમી લીટીના મોટા ભાગમાં આપેલા પહેલા શ્લોકમાં આ પ્રત પ્રખ્યાત પાટણ (અણહિલપુર પાટણ) શહેરમાં લખાવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ આ પ્રમાણે છેઃ

५ ५ १४
पंचपंचमनुसंख्यवत्सरे १४५५ पौषमुख्यसुतिथौ दिनेविधोः ।
श्रीमतिप्रथितपत्तनेपुरे लेखकेन लिखितं सुपुस्तकम् ॥ १ ॥


(સંવત) ૧૪૫૫ના પોષ [મહિના]મા સારા દિવસે પ્રખ્યાત પાટણ શહેરમાં લેખકે [આ] સારૂં પુસ્તક લખ્યુ છે. પછીના શ્લોકોમાં આ ચરિત્ર લખાવનારની પ્રશસ્તિ છે.

Plate XV

ચિત્ર ૬૦: શ્રી પાર્શ્વનાથ. પાટણ ૧ ના પહેલા પાના ઉપરથી. પુરુષપ્રધાન અર્હંન્ શ્રી પાર્શ્વનાથ ગ્રીષ્મકાળના પહેલા માસમાં, પહેલા પખવાડિયામાં, ચૈત્ર માસના કૃષ્ણ પક્ષમાં (ગુજરાતી ફાગણ વદમાં) ચોથની રાત્રિને વિષે, વીસ સાગરોપમની સ્થિતિવાળા પ્રાણુત નામના દશમા દેવલોકથી ચ્યવીને વારાણસી નગરીના અશ્વસેન નામે રાજાની વામાદેવી પટરાણીની કુક્ષિને વિષે મધ્યરાત્રિએ વિશાખા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં દેવ સંબંધી આહાર, ભવ અને શરીરનો ત્યાગ કરી ગર્ભપણે ઉત્પન્ન થયા. ચિત્રની મધ્યમાં નીલવર્ણની શ્રી પાર્શ્વનાથ ભગવાનની પદ્માસનસ્થ મૂર્તિ તેઓશ્રીનુ ચ્યવન કલ્યાણક દર્શાવવા ચિત્રકારે રજૂ કરી છે. પ્રભુના મસ્તક ઉપર નાગરાજધરણેન્દ્રની સાત ફણા છે. આજે જેવી રીતે જિનમંદિરમાં જિનમૂર્તિઓને આભૂષણોથી શણગારવામા આવે છે, તેવી જ રીતે આ ચિત્રમાં પણ મૂર્તિના મસ્તકે મુકુટ, બંને કાનમાં કુંડલ, ગરદનમાં કંઠો (હંસ કહેવાય છે તે આભૂષણ), હૃદય ઉપર રત્નજડિત હાર, બંને હાથના કાંડા ઉપર કડાં, બંને કોણીના ઉપરના ભાગમાં બાજુબંધ, બંને હાથની હથેળીઓ પલાંઠી ઉપર ભેગી કરી છે તેના ઉપર સોનાનુ શ્રીફળ (બીજોરાના નામથી ઓળખવામાં આવે છે તે), કપાળમાં રત્નજડિત ગોળ તિલક (ટીકાના નામથી ઓળખવામાં આવે છે તે), છાતીની મધ્યમાં શ્રીવત્સ વગેરે આભૂષણો ચિત્રકારે સુસંગત રીતે ગોઠવેલાં છે. મૂર્તિની આજુબાજુ ચારે તરફ ફરતો પરિકર છે મૂર્તિની પલાંઠી નીચેની બેઠકની મધ્યમાં ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનું લાંછન સર્પ પણ રજૂ કરેલું છે.

ચિત્ર ૬૧ દેવી પદ્માવતી પાટણ ૧ ના પાના ૨ ઉપરથી દેવીના શરીરનો વર્ણ કમલનાં ફૂલ જેવો ગુલાબી છે દેવીને ઓળખવા માટે તેણીના ચારે હાથમા જુદાં જુદાં આયુધો આપીને, [illegible] આકાશમા ઉડતા હોય તેવુ દૃશ્ય રજૂ કરવા માટે દેવીના શરીરના પાછળની બંને બાજુએ [illegible] ઉપર પહેરેલા વસ્ત્રના બંને છેડાઓ પવનમા ઉડતાં બતાવીને ચિત્રકારે પોતાનુ ચિત્ર-[illegible] [illegible] કરી આપ્યું છે દેવીના ચાર હાથો પૈકી ઉપરના જમણા










Plate XVII

ચિત્ર ૬૬: જલપૂર્ણકુંભ. પાટણ ૨ના પાના ૨૫ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૮૦નું આ ચિત્રનું જ વર્ણન.

ચિત્ર ૬૭: સૌધર્મેન્દ્ર. પાટણ ૨ના પાના ૭ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૮૧નું આ ચિત્રનું જ વર્ણન

ચિત્ર ૬૮: મહાવીરનો પંચમુષ્ટિ લોચ. પાટણ ૨ના પાના ૫૮ ઉપરથી. અશોકવૃક્ષની હેઠળ આવી પ્રભુ નીચે ઊતર્યા અને પોતાની મેળે જ એક મુષ્ટિ વડે દાઢીમૂછનો અને ચાર મુષ્ટિ વડે મસ્તકના કેશનો એવી રીતે પંચમુષ્ટિ લોચ કર્યો. એ વખતે પ્રભુને નિર્જળ છઠ્ઠનો તપ હતો જ. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ થયો ત્યારે ઇન્દ્રે ડાબા ખભા ઉપર સ્થાપન કરેલું દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ કરીને, એકલા એટલે રાગદ્વેષ રહિતપણે કેશનો લોચ કરવારૂપ દ્રવ્યથી અને ક્રોધાદિકને દૂર કરવારૂપ ભાવથી મુંડ થઈને, ગૃહવાસનો ત્યાગ કરીને સાધુપણાને પામ્યા.

ચિત્રમાં શ્રમણ ભગવાન મહાવીરના ડાબા ખભા ઉપર દેવદૂષ્ય વસ્ત્ર નથી; પરંતુ અશોકવૃક્ષની નીચે પોતાના ડાબા હાથે મસ્તકના વાળનો લોચ કરવાનો ભાવ દર્શાવતા, ઇન્દ્રની સન્મુખ જોતા ભગવાન મહાવીર અને બે હાથ પ્રસારીને પ્રભુએ લોચ કરેલા વાળને ગ્રહણ કરવાની ઉત્સુકતા બતાવતો ઇન્દ્ર દેખાય છે.

ચિત્ર ૬૯: પ્રભુ પાર્શ્વનાથનો પંચમુષ્ટિ લોચ પાટણ ૨ના પાના ૬૨ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૫૫નું આ પ્રસંગને લગતું જ વર્ણન આ ચિત્રનો ભાવ આબેહૂબ ચિત્ર ૬૮ને મળતો છે. માત્ર ચિત્ર ૬૮મા પ્રભુના શરીરનો વર્ણ પીળો છે અને આ ચિત્રમા પ્રભુના શરીરનો વર્ણ લીલો છે.

Plate XVIII

ચિત્ર ૭૦ પ્રભુ નેમિનાથનો પંચમુષ્ટિ લોચ પાટણ ૨ના પાના ૭૬ ઉપરથી આ ચિત્રમાં પણ પ્રભુના શરીરનો વર્ણ શ્યામ છે, તે સિવાયનો બધો ભાવ ચિત્ર ૬૮ને આબેહૂબ મળતો છે.

વર્ષાકાળના પહેલા મહિનામા, બીજા પખવાડિયામાં, શ્રાવણ મહિનાના [illegible] પખવાડિયાની છઠ્ઠની તિથિને વિષે, પૂર્વાહ્નકાલ સમયે, ઉત્તરકુરા નામની પાલખીમાં [illegible] રૈવતક નામના ઉદ્યાનમા, અશોક વૃક્ષની નીચે, શ્રીનેમિનાથ પ્રભુએ પોતાના [illegible] ઉતારી નાખ્યા અને પોતાની મેળે જ પંચમુષ્ટિ લોચ કર્યો.

ચિત્ર ૭૧: ઋષભદેવનો પંચમુષ્ટિ લોચ પાટણ ૨ના પાના ૯૯ ઉપરથી [illegible] ભાવ પણ ચિત્ર ૬૮ને સંપૂર્ણ રીતે મળતો છે

ચૈત્ર માસના અંધારા પખવાડિયામાં [illegible] દિવસે, [illegible] સિદ્ધાર્થ નામના ઉદ્યાનમાં અશોક વૃક્ષની નીચે, શ્રી ઋષભદેવ પ્રભુએ [illegible] ઉતારી નાખ્યા અને ચાર મુષ્ટિ વડે પોતાના [illegible]

બહુ જ આનંદ થયો, તેથી ઇન્દ્રે પ્રભુને વિનંતી કરી કે, 'હે સ્વામિન્! કૃપા કરી હવે એટલા કેશ રહેવા દો તો સારું.' ઇન્દ્રના આગ્રહથી પ્રભુએ બાકીના કેશ રહેવા દીધા. આ રીતે ચાર મુષ્ટિ લોચ કરીને, દ્રવ્ય અને ભાવથી મુંડ થઈને અનગારપણાને પામ્યા. તે વખતે પ્રભુએ નિર્જળ છઠ્ઠનો તપ કરેલો હતો અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થયેલો હતો.

ચિત્ર ૭૨: પ્રભુ મહાવીર. ઈડર(પંનાબો)ની પ્રતના પાના ૧ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૧૨નું આ પ્રસંગને લગતું જ વર્ણન.

ચિત્ર ૭૩: અષ્ટમાંગલિક. ઈડરની પ્રતના પાના ૨ ઉપરથી.

અષ્ટમાંગલિકની માન્યતા જૈનોમાં બહુ પ્રાચીન સમયથી પ્રચલિત છે. જે વાતને મથુરાના કંકાલી ટીલામાંથી નીકળેલા પાષાણના પ્રાચીન આયાગપટો પુષ્ટિ આપે છે[12] પ્રાચીન સમયમાં પ્રભુની સન્મુખ જૈન ગૃહસ્થો અષ્ટમાંગલિકને અક્ષતથી આલેખતા હતા. હાલમાં તે રિવાજ લગભગ નાશ પામ્યો છે, તોપણ પ્રતિષ્ઠા, શાંતિસ્નાત્ર, અષ્ટોત્તરી સ્નાત્ર વગેરે મોટા મહોત્સવ સમયે લાકડામાં કોતરેલા અષ્ટમાંગલિકનો આજે પણ ઉપયોગ કરવામાં આવે છે અને દરેકે દરેક જિનમંદિરમાં અષ્ટમાંગલિકની ધાતુની પાટલીઓ હજારોની સંખ્યામાં વિદ્યમાન છે, જેની પૂજા ચદન-કેસર વગેરેથી કરવામાં આવે છે. તેની માન્યતા આ રીતે આજે પણ પ્રચલિત હોવા છતાં પણ અષ્ટમાંગલિકનાં પૂરેપૂરાં નામ જાણનાર વર્ગ પણ સેંકડે એક ટકો ભાગ્યે જ હશે, તો પછી તે આલેખવાના હેતુઓ-ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને તેનો ઉપયોગ કરનારની તો વાત જ શી? કોઈ વિરલ વ્યક્તિઓ હશે પણ ખરી, છતાં પણ આ અષ્ટમાંગલિકને આલેખવાના ઉદ્દેશોને લગતી કલ્પના 'શ્રી આચાર દિનકર' નામના ગ્રંથમાં શ્રીવર્ધમાનસૂરિએ કરેલી છે, તે અતિ મહત્ત્વની હોઈ તેના ભાવાર્થ સાથે ટૂંકમાં અત્રે આપવી યોગ્ય ધારી છે.[13]

आत्मालोकविधौ जनोऽपि सकलस्तीव्रं तपो दुश्चरं
दानं ब्रह्मपरोपकारकरणं कुर्वन्परिस्फूर्जति ।
सोऽयं यत्र सुखेन राजति स वै तीर्थाधिपस्याग्रतो
निर्मेयः परमार्थवृत्तिविदुरैः सज्ज्ञानिभिर्दर्पणम् ॥ १ ॥

ભાવાર્થ: આત્માનું જ્ઞાન મેળવવાને-ઓળખવાને માટે દરેક મનુષ્ય તીવ્ર અને દુશ્ચર એવું તપ, દાન, બ્રહ્મચર્ય, પરોપકાર એ બધાંને કરતો શોભે છે; તે મનુષ્ય જ્યાં સુખપૂર્વક શોભે-પોતાનું દર્શન કરી શકે-એવું દર્પણ પરમાર્થને સમજનાર સદ્જ્ઞાનીઓએ તીર્થંકર દેવના આગળ આલેખવું.


जिनेन्द्रपादैः परिपूज्यपृष्ठैरतिप्रभावैरपि संनिकृष्टम् ।
भद्रासनं भद्रकरं जिनेन्द्र पुरो लिखेन्मङ्गलसत्प्रयोगम् ॥ २ ॥

ભાવાર્થ: અત્યંત પ્રભાવશાળી, પૂજનીય છે તળિયાં જેમનાં, એવા જિનેશ્વરનાં ચરણો વડે સન્નિકૃષ્ટ-યુક્ત અને કલ્યાણકારી તેમ જ મંગળના શ્રેષ્ઠ પ્રયોગરૂપ એવું ભદ્રાસન જિનેશ્વર ભગવાનના આગળ આલેખવું.

---

૧૨ જુઓ 'The Jain Stupa and other Antiquities of Mathura' Plate No VII & IX by V. A Smith.

૧૩ 'आचारदिनकर' पत्रांक १९७-१९८.





पुण्यं यशः समुदयः प्रभुता महत्त्वं सौभाग्यधीविनयशर्ममनोरथाश्च ।
वर्धन्त एव जिननायक ते प्रसादात् तद्वर्धमानयुगसंपुटमादधातः ॥ ३ ॥

ભાવાર્થ: હે જિનેશ્વર દેવ! આપની કૃપાથી પુણ્ય, યશ, ઉદય, પ્રભુતા અને મહત્ત્વ તથા સૌભાગ્ય, બુદ્ધિ, વિનય અને કલ્યાણની કામનાઓ વધે છે; માટે વર્ધમાન સંપુટકને આલેખુ છુ.

विश्वत्रये च स्वकुले जिनेशो व्याख्यायते श्रीकलशायमान ।
अतोऽत्र पूर्णं कलशं लिखित्वा जिनार्चनाकर्म कृतार्थयाम ॥ ४ ॥

ભાવાર્થ: ત્રણ જગતમા તેમ જ પોતાના વંશમાં ભગવાન કલશસમાન છે. માટે પૂર્ણ-કલશને આલેખીને જિનેશ્વરની પૂજાને સફળ કરીએ છીએ.

अन्तः परमज्ञानं यद्भाति जिनाधिनाथहृदयस्य ।
तच्छ्रीवत्सव्याजात्प्रकटीभूतं वयं वन्दे ॥ ५ ॥

ભાવાર્થ: શ્રીવત્સના બહાનાથી પ્રગટ થએલ જિનેશ્વર દેવના હૃદયમા જે પરમજ્ઞાન શોભે છે તેને વંદન કરું છું

त्वद्वन्ध्यपञ्चशरकेतनभावक्लृप्तं कर्तुं मुधा भुवननाथ निजापराधम् ।
सेवां तनोति पुरतस्तव मीनयुग्मं श्राद्धं पुरो [illegible] ॥ ६ ॥

ભાવાર્થ: હે જગતપ્રભુ! શ્રાવકોએ પોતાના અંગની-આંગુલિની મુદ્રિકાથી [illegible] મીન-યુગલ. આપનાથી નિષ્ફળ થએલ કામદેવના ધ્વજરૂપે કરપાએલ તે [illegible] પોતાના [illegible] કરવા માટે આપની સેવા કરે છે.

स्वस्ति भूगगननागविष्टपेषूदितं जिनवरोदये क्षणात् ।
स्वस्तिकं तदनुमानतो जिनस्याग्रतो [illegible] ॥ ७ ॥

ભાવાર્થ: જિનેશ્વર દેવના જન્મ સમયે એક ક્ષણવારમાં [illegible] સ્વર્ગ [illegible] અને પાતાલલોકમા સ્વસ્તિ શાંતિ-સુખ ઉત્પન્ન થયુ હતું એ માટે તેની [illegible] જિનેશ્વર [illegible] આગળ સ્વસ્તિકને આલેખે છે

त्वत्सेवकानां जिननाथ दिक्षु सर्वासु सर्वे निधयः स्फुरन्ति ।
अतश्चतुर्धा नवकोणनन्द्यावर्तः सतां वर्तताम् [illegible] ॥ ८ ॥

ભાવાર્થ હે જિનેશ્વર! તારા સેવકોને સર્વ દિશાઓમા નિધિઓ [illegible] પ્રાપ્ત થાય છે તેથી કરીને ચારે બાજુ નવ ખૂણ વાળા નન્દ્યાવર્ત [illegible]

ઉપર પ્રમાણેના [illegible]

[illegible]

મંડ્યો હોય એમ લાગે છે. રંગ પણ જાણે એમ આવે છે. આ ચિત્રોનું સંવિધાન નવીન ચિત્ર-માળામાં નવીન ભાત પાડે છે. ચિત્રોના સંયોજનના એ ચિત્રકાર પાનાંઓમાં નવા આલેખનો બહુ ચતુરાઈથી ઉતારી શક્યો છે અને પ્રસંગની જમાવટ કરવામાં બાહોશ છે. પાઘડીઓનો ઉપયોગ વગેરે આધુનિક ચિત્રકાર જેટલું શક્ય માને તે બધું કૌશલ તેમાં લાવી શક્યો છે. સંવિધાનનું રેખામંડળ ઘણું રસમય છે.

આ પ્રતમાં સફેદ, લાલ, પીળો, કાળો, વાદળી, ગુલાબી, લીલો વગેરે રંગોનો ઉપયોગ કરવામાં આવેલો છે.

આ ચિત્રની મધ્યમાં ચિત્રકારે નવગી કમલફૂલની આકૃતિ બનાવની શોભા માટે મૂકેલી છે.

Plate XIX

ચિત્ર ૭૪: ઇન્દ્રસભા. જીરા (પંજાબ)ની પ્રતના પાના ૭ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૨૨નું આ પ્રસંગને લગતું જ વર્ણન.

ચિત્ર ૭૫: શક્રસ્તવ. જીરાની પ્રતના પાના ૯ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૨૮નું આ પ્રસંગને લગતું જ વર્ણન.

આ ચિત્રમાં ઇન્દ્ર પોતાના બંને ઢીંચણ પૃથ્વીતળ ઉપર લગાડી બંને હાથની અંજલિ જોડેલો અને પાછળના જમણા હાથમાં વજ્ર ધારણ કરેલો દેખાય છે. તેના મસ્તક ઉપર ચંદરવો લટકતો દેખાય છે. ઈન્દ્રની પાછળ કાળા રંગમાં સુંદર સફેદ ડિઝાઇનવાળું ખાલી સિંહાસન તથા સિંહાસન ઉપરથી ઊતરવા માટે પાદપીઠ અને સિંહાસન ઉપર ઉઘાડું છત્ર દેખાય છે. ઈડરની તાડપત્રીય પ્રતના રંગોને મોટે ભાગે મળતા વિવિધ જાતના રંગો આ કાગળની પ્રતના ચિત્રોમાં ચિત્રકારે વાપરેલા છે.

ચિત્ર ૭૬: શક્રાજ્ઞા. જીરાની પ્રતના પાના ૧૩ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૨૯નું આ પ્રસંગને લગતું જ વર્ણન.

આ ચિત્રમાં સૌધર્મ સભામાં સિંહાસન ઉપર ચાર હાથવાળો ઇન્દ્ર બિરાજમાન છે. તેના ચાર હાથ પૈકી પાછળના ઉપરના જમણા હાથમાં વજ્ર છે અને ડાબા હાથમાં અંકુશ છે. નીચેનો જમણો હાથ સામે ઊભેલા હરિણૈગમેષિન્ દેવને ગર્ભ બદલવાની આજ્ઞા આપતો અને ડાબો હાથ વરદ મુદ્રાએ છે. સામે ઊભેલો હરિણૈગમેષિન્ દેવ બે હાથની અંજલિ જોડીને ઇન્દ્રની આજ્ઞાનું અક્ષરશઃ શ્રવણ કરતો દેખાય છે. ઈન્દ્ર તથા હરિણૈગમેષિનનાં વસ્ત્રો સુંદર ડિઝાઇનવાળાં છે.

ચિત્ર ૭૭: ગર્ભાપહાર. જીરાની પ્રતના પાના ૧૬ ઉપરથી. શક્રની આજ્ઞા લઈને દેવોને વિષે પ્રતીત એવી, બીજી ગતિઓ કરતાં મનોહર, ચિત્તની ઉત્સુકતાવાળી, કાયાની ચપળતાવાળી, તીવ્ર, બાકીની ગતિઓને જીતનારી, પ્રચંડ પવનથી ઉછળતા ધુમાડાની ગતિ જેવી, શરીરના સમગ્ર અવયવોને કંપાવનારી, ઉતાવળી અને દેવોને યોગ્ય એવી દેવગતિ વડે ઉતાવળથી દોડતો દોડતો તે હરિણૈગમેષિન્ દેવ, તીરછા અસંખ્યાતા દ્વીપસમુદ્રોની મધ્ય ભાગમાં થઈને જંબુદ્વીપના ભરત-ક્ષેત્રને વિષે બ્રાહ્મણકુંડગ્રામ નગરના ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર, જ્યાં દેવાનંદા બ્રાહ્મણી શયનગૃહમાં સુખપૂર્વક સૂઈ રહી છે ત્યાં પહોંચ્યો. પહોંચીને ભગવંતના ગર્ભનાં દર્શન થતાં જ ભગવાન મહા-




Fig 123



Fig 124 चित्र १२४








Fig 125 चित्र १२५


























વીરને નમસ્કાર કર્યા. દેવાનંદાને તથા તેના પરિવારને અવસ્વાપિની નિદ્રા આપી. દેવાનંદાના શરીરમાંથી અશુચિ પુદ્ગલો દૂર કર્યાં અને શુભ પુદ્ગલો સ્થાપન કર્યાં પછી 'હે ભગવન્! આપ મને અનુજ્ઞા આપો.' એમ ઉચ્ચારણ કરી પ્રભુ મહાવીરને બિલકુલ હરકત ન આવે તેમ સુખ-પૂર્વક પોતાની દિવ્યશક્તિ વડે બંને હાથની અંજલિમાં લીધા.

ચિત્રમાં શયનગૃહમાં દેવાનંદા બ્રાહ્મણી સુંદર પલંગ પર સૂતેલાં છે અને પલંગની બાજુમાં જ હરિણૈગમેષિન બંને હાથની અંજલિમાં પ્રભુ મહાવીરના ગર્ભનું અપહરણ કરીને જવાની તૈયારી કરતો હોય તેમ ચીતરેલો છે.

Plate XX

ચિત્ર ૭૮ લક્ષ્મીદેવી પાટણ [illegible] ના પાના ૨૧ ઉપરથી ચિત્ર [illegible] ચિત્ર [illegible] ચંદ્રમા જેવી કાંતિવાળી લક્ષ્મીદેવીના ચોથા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ દર્શન કર્યાં. તે લક્ષ્મી-દેવી ઊંચા હિમવાન પર્વતને વિષે ઉત્પન્ન થએલા કમલરૂપી મનોહર [illegible] હતા.

ચિત્રની મધ્યમાં ચાર હાથવાળાં લક્ષ્મીદેવી બેઠેલાં છે. તેમના [illegible] જમણા તથા ડાબા હાથમાં કમલના ફૂલ ઉપર બેઠેલ હાથી [illegible] વરદ મુદ્રાએ માળા પકડેલી છે અને ડાબા હાથના [illegible] બાજોઠ ઉપર બેઠેલાં છે. માથે મુગટ. કાને કુંડલ, હાથે [illegible] તથા પાછળ અંબોડાના વાળ પણ બંને બાજુ બાંધેલા દેખાય છે. [illegible] વિતાનને ફરતી સુંદર કમલ ફૂલોની ડિઝાઈનવાળી કમાન છે [illegible] બંને બાજુએ એકેક મોર મુખમાં રત્નની માળા લઈને બેઠેલા છે.

ચિત્ર ૭૯ પૂર્ણચંદ્ર. પાટણ [illegible] ના પાના ૨૩ ઉપરથી. [illegible] નિર્મલ કાંતિવાળું ચન્દ્રના દર્શન [illegible] કળાઓ વડે શોભાવનાર સંપૂર્ણ ચન્દ્ર [illegible] કાશનો નાશક છે.

નવમા સ્વપ્નને વિષે ત્રિશલા ક્ષત્રિયાણીએ પાણીથી ભરેલો કુંભ જોયો. તે કુંભ (કલશ) અતિ ઉત્તમ પ્રકારના સુવર્ણમય અતિ નિર્મળ જલથી ભરેલો હતો. સંપૂર્ણ જળ ભરેલું હોવાથી તે કલ્યાણને સૂચવનારો હતો. પૂર્ણકુંભ મંગળનો સૂચક છે.

ચિત્રમાં સુવર્ણકલશને ગળામાં રત્નજડિત મોતીના હાર પહેરાવેલો છે. બંને બાજુના છેડા ઉપર ઉડતું રંગીન રેશમી કપડું પણ ચિત્રની શોભામાં વધારો કરી રહ્યું છે. ઉપરના ભાગમાં જ્ઞાન અને દર્શનની દ્યોતક બે આંખો ચીતરેલી છે અને છેક ઉપરના ભાગમાં કમળના પાંદડાંઓની ડાળીઓ સુંદર રીતે ફૂલ સહિત ગોઠવેલી છે અને તે પાંદડાંઓવાળી ડાળીઓની બંને બાજુ ઉપરના ભાગમાં એકેક પોપટ પણ ચીતરેલો છે. ચિત્રકારની ચિત્રનિરૂપણ શક્તિ કલાત્મક છે.

ચિત્ર ૮૧: સૌધર્મેન્દ્ર. પાટણ રના પાના ૭ ઉપરથી. ચિત્ર ૭૯વાળું જ ચિત્ર. ચિત્રમાં પોતાના રત્નજડિત વિમાનમાં સૌધર્મેન્દ્ર આકાશમાં ઊડતો કોઈ જગાએ જઈ રહ્યો હોય એમ દેખાય છે. ચિત્ર ૭૯ની માફક આ ચિત્રમાં પણ ઇન્દ્રને બે હાથવાળો જ ચીતરેલો છે. ઇન્દ્રના ઊંચા કરેલા જમણા હાથમાં ફૂલ જેવું કાંઈક અને ડાબા હાથમાં સાત પાંખડીવાળું ડાંડી સહિતનું કમલનું ફૂલ છે. સાત પાંખડીવાળું કમલનું ફૂલ કામદેવનું પણ દ્યોતક છે. સૌધર્મેન્દ્રના શરીરનો વર્ણ તપાવેલા સુવર્ણ જેવો પીળો છે. વસ્ત્રાભૂષણ ચિત્ર ૭૯ને આબેહૂબ મળતા છે. વિમાનની ઉપર ઊડતી બે ધજાઓ પણ બાંધેલી છે. વિમાનની બહારના ભાગમાં બંને બાજુએ એકેક ચામર ધરનારી સ્ત્રી પરિચારિકા પણ છે. સૌધર્મેન્દ્રનું વિમાન સહિતનું આ પ્રમાણેના સ્વરૂપવાળું ચિત્ર આ પ્રત સિવાયની બીજી કોઈપણ કલ્પસૂત્રની સચિત્ર પ્રતમાં મારા જોવામાં આવ્યું નથી.

આ ચારે ચિત્રો, તાડપત્ર ઉપરની હસ્તપ્રતોની કાગળની પ્રતો ઉપર નકલો થવી શરૂ થઈ તેની શરૂઆતના સમયના હોય એમ ચિત્રોમાં વપરાએલા તાડપત્રીય પ્રતોના ચિત્રોના રંગો તથા તાડપત્રને મળતી જ સાઈઝના પ્રતના પાના વગેરે જોતાં લાગે છે.

Plate XXI

ચિત્ર ૮૨: ગર્ભસંક્રમણ. જીરાની પ્રતના પાના ૧૭ ઉપરથી. પછી ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં, સિદ્ધાર્થ ક્ષત્રિયને ઘેર જ્યાં ત્રિશલા ક્ષત્રિયાણી સૂતા છે ત્યાં આવી, તેમના આખા પરિવારને અવસ્વાપિની નિદ્રા આપી, ત્રિશલા માતાના શરીરમાંથી અપવિત્ર પુદ્ગલો દૂર કરી, પવિત્ર પુદ્ગલો સ્થાપી, પ્રભુને બિલકુલ હરકત ન આવે તેવી રીતે સુખપૂર્વક, પોતાના દિવ્ય પ્રભાવ વડે ત્રિશલા ક્ષત્રિયાણીના કુક્ષિમાં સંક્રમાવ્યા.

ચિત્રમાં ત્રિશલા ક્ષત્રિયાણી રત્નજડિત પલંગ ઉપર જાગૃત અવસ્થામાં સૂતેલાં છે અને તેમના પગ આગાડી બે હાથમાં ભગવાન મહાવીરના ગર્ભને પકડી રાખીને હરિણૈગમેષિન્ ઊભો છે. આ ચિત્રમાં શયનગૃહની સજાવટ ખાસ જોવા લાયક છે.

ચિત્ર ૮૩: ત્રિશલાનાં ચૌદ સ્વપ્ન. જીરાની પ્રતના પાના ૧૯ ઉપરથી. જે સમયે ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં પ્રભુ મહાવીરના ગર્ભનું સંક્રમણ થયું તે સમયે–મધ્યરાત્રિએ તે પોતાની અવર્ણનીય શય્યામાં અલ્પનિદ્રા કરતી હતી, એટલામાં તે મહાપુરુષનાં અવતરણને સૂચવનારા ચૌદ મહાસ્વપ્નો જોઈ જાગી ઉઠી. એ ચૌદ મહાસ્વપ્નો આ પ્રમાણે છે —(૧) હાથી, (૨) વૃષભ,



Fig 152 चित्र १५२




Fig 153 चित्र

(૩) સિંહ. (૪) લક્ષ્મી, (૫) ફૂલની માળા. (૬) પૂર્ણ ચન્દ્ર, (૭) ઊગતો સૂર્ય, (૮) ધ્વજ. (૯) પૂર્ણ કુંભ, (૧૦) પદ્મસરોવર, (૧૧) ક્ષીરસમુદ્ર. (૧૨) દેવવિમાન, (૧૩) રત્નનો ઢગલો. (૧૪) ધુમાડા વગરનો અગ્નિ.

ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે. ઉપરના ભાગમાં ચૌદ સ્વપ્ન પૈકી [illegible] સ્વપ્નના ચિત્રો છે. પછી ચિત્રના અનુસંધાને. નીચેના ચિત્રમાં બાકી રહેલાં બે સ્વપ્નો [illegible] ત્રિશલા માતા સુખશય્યામાં સૂતેલા છે અને તેમના પગ આગળ સ્ત્રી-પરિચારિકા તેમની આજ્ઞાની રાહ જોતી તેમની શુશ્રૂષા કરતી દેખાય છે

ચિત્ર ૮૪: ગર્ભ નહિ ફરકવાથી ત્રિશલાનો શોક. ગર્ભની પ્રસન્નતા [illegible] ભગવાન મહાવીરે માતા પ્રત્યેની ભક્તિને લીધે વિચાર્યું કે મારા હલનચલનથી માતાને જરૂર કષ્ટ થતું હશે; તેથી તેઓ નિશ્ચલ થયા, જરા પણ ચલાયમાન ન થતા નિઃસ્પંદ અને નિષ્કંપ થયા. પોતાનાં અંગોપાંગને એવી રીતે ગોપવ્યા કે માતાને [illegible]

માતાનું હૃદય—અનહદ ચિંતા

પ્રભુ નિશ્ચલ થયા એટલે એકદમ માતાને ફાળ પડી. માતાને [illegible] ગર્ભ કોઈ દુષ્ટ દેવે હરી લીધો. અથવા તો અકસ્માત મૃત્યુ પામ્યો [illegible] તો ગળી ગયો. એવી એવી અનેક શંકાઓ માતાના હૃદયમાં [illegible] હતો તે હવે બિલકુલ નિષ્કંપ થઈ ગયો. એવા પ્રકારના [illegible] સમુદ્રમાં તણાવા લાગ્યા. હથેળી ઉપર મુખને ટેકવી, આર્ત [illegible]

ચિત્રમાં માતાના મુખ ઉપર શોકની અસર [illegible] બતાવી છે. ડાબા હાથની હથેળી ઉપર મુખને ટેકવી [illegible] આ શું થઈ ગયું, એવી વિસ્મયતા સૂચવતા પોતાના [illegible] પરિચારિકા આશ્વાસનના શબ્દો કહેતી [illegible] દેખાય છે. મસ્તક ઉપરની છતમાં [illegible]

ચિત્ર ૮૭: પ્રભુ-જન્મની વધામણી. છૂટાની પ્રતના પાના ૪૫ ઉપરથી. પ્રભુ મહાવીરનો જન્મ થયાનું જાણતાં જ પ્રિયંવદા નામની દાસી દોડતી દોડતી સિદ્ધાર્થ રાજા પાસે આવી પહોંચી અને પુત્રજન્મ થયાની વધામણી આપી. આ વધામણી સાંભળીને રાજાને આનંદ આનંદ ઉત્પન્ન થાય એમાં તો પૂછવાનું જ શું? હર્ષના અતિરેકથી તેની વાણી ગદ્ગદ શબ્દોવાળી થઈ ગઈ અને તેના શરીરના રોમાંચ વિકસ્વર થઈ ગયાં. આ વધામણી લાવનાર દાસી પર રાજા ઘણો પ્રસન્ન થયો; પોતાના મુગટ સિવાયનાં સઘળાં આભૂષણો તેને બક્ષીસ આપી દીધાં અને દાસીપણાથી તેને મુક્ત કરી દીધી.

સવાર થતાંજ, સિદ્ધાર્થ રાજાએ નગરના કોટવાળોને બોલાવીને કહ્યું કે—'હે દેવાનુપ્રિયો! તમે જલદી ક્ષત્રિયકુંડગ્રામ નગરના કેદખાનામાંથી તમામ કેદીઓને છોડી મૂકો અને આખા નગરને શણગારો.


ઉપરાંત નાચ કરનારા, મલ્લયુદ્ધ કરનારા, હાસ્ય-કુતૂહલ કરનારા વિદૂષકો, ભાંડ-ભવૈયા, હાથી, ઊંટ કે ઊંચા રાખેલા વાંસને કુદી જનારા, રસિક કથાઓ કહેનારા, રાસ રમનારા, વાંસ ઉપર ચઢી તેના અગ્રભાગ ઉપર ખેલ કરનારા, ચામડાની મશકમાં વાયુ ભરી શરણાઈ બજાવનારા, વીણા વગાડનારા, તાળી વગાડી નાચ કરનારા, આવી આવી જાતના કુતૂહલ-ખેલ-રમતગમત કરનારા અનેક લોકોને લોકોના મનોરંજન માટે ક્ષત્રિયકુંડગ્રામ નગરને વિષે બોલાવો.

આ મહોત્સવના દિવસોમાં કોઈ આરંભ-સમારંભ ન કરે અને દળવા-ખાંડવાનું બંધ રાખે, એવો બંદોબસ્ત તમે પોતે કરો અને બીજા પાસે કરાવો, તથા મારી આજ્ઞા મુજબ દરેક કાર્ય કરીને મને નિવેદન કરો.'

ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે; તેમાં કથાના પરિચયની શરૂઆત ઉપરના ચિત્રથી થાય છે. સિંહાસન ઉપર જમણા હાથથી તલવાર પકડીને વસ્ત્રાભૂષણોથી સજ્જ થઈને સિદ્ધાર્થ બેઠેલા છે અને પોતાના ડાબા હાથમાંનો કિંમતી હાર સામે ઊભેલી પુત્રજન્મની વધામણી લાવનાર પ્રિયંવદા દાસીને આપતા દેખાય છે, અને તે હાર ગ્રહણ કરવા માટે બે હાથ ધરીને દાસી ઊભેલી છે. દાસીના માથાના ઉપરના ભાગમાં એક હાથમાં ઢાલ અને બીજા હાથમાં તલવાર પકડીને બેઠેલો ગામનો કોટવાળ સિદ્ધાર્થની આજ્ઞા સાંભળતો હોય તેવી રીતે બેઠેલો છે. સિદ્ધાર્થની પાછળ ચામર ઉડાડતી એક સ્ત્રી-પરિચારિકા ઊભેલી છે.

આ પછી ચિત્રના અનુસંધાને, નીચેના ચિત્રમાં ચીતરેલો મહાવીર પ્રભુનો જન્મ થયાના આનંદમાં જુદીજુદી જાતનાં વાદ્યો લઈને નાચ-ગાન કરતાં સ્ત્રી-પુરુષોનો પ્રસંગ જોવાનો છે. ચિત્રની મધ્યમાં એક સ્ત્રી નાચતી દેખાય છે. નાચતી સ્ત્રીની જમણી બાજુ એક પુરુષ શરણાઈ વગાડે છે અને બીજો પુરુષ નગારૂં વગાડતો ઊભેલો છે. ડાબી બાજુ ઊભેલા બે પુરુષો પૈકી એકના બંને હાથમાં મંજીરા છે અને બીજો પુરુષ બંને હાથથી પકડેલી વાંસળી વગાડે છે. આ પ્રમાણે કુલ પાંચ સ્ત્રી-પુરુષો નાચગાન કરતાં દેખાય છે.

ચિત્ર ૮૮: લોકાંતિક દેવોની પ્રાર્થના અને વર્ષીદાન. છૂટાની પ્રતના પાના ૪૬ ઉપરથી. ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે. તેમાં કથાના પરિચયની શરૂઆત ઉપરના ચિત્રથી










Fig 158 चित्र १५८




Fig 159 चित्र १५९

થાય છે. એક તરફ પ્રભુ પોતે જ દીક્ષા લેવાને તૈયાર હતા અને બીજી તરફ બ્રહ્મદેવલોક નિવાસી લોકાંતિક દેવોએ. દીક્ષા લેવાને એક વરસ બાકી રહ્યું એટલે કે પ્રભુની ઓગણત્રીસ વર્ષની ઉંમર થઈ ત્યારે, પોતાના શાશ્વત આચાર પ્રમાણે દીક્ષાનો અવસર આવ્યાનું સૂચવી દીધું. નવ પ્રકારના લોકાંતિક દેવોએ પોતાની મધુર, પ્રિય અને હૃદયમાં ઊતરી જાય એવી વાણીમાં પ્રથમ તો પ્રભુને વારંવાર અભિનંદી ખૂબ સ્તુતિ કરી પછી તેમણે કહ્યું કે.–'હે સમૃદ્ધિશાળી! આપનો જય [illegible] કલ્યાણવંત! આપનો વિજય થાઓ. હે પ્રભુ! આપનું કલ્યાણ હો. જગતનો ઉદ્ધાર કરનારી ધુરાની ધારણ કરવામાં સમર્થ હોવાથી હે ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ વૃષભ સમાન! આપનો જય હો. [illegible] ભગવન્! આપ બોધ પામો, દીક્ષા સ્વીકારો. હે લોકનાથ! સકલ જગતના જીવોને હિતકર એવું ધર્મતીર્થ પ્રવર્તાવો; કારણ કે આ ધર્મતીર્થ સકલ લોકને વિષે સર્વ જીવોને [illegible] સુખકારક તથા મોક્ષદાયક થશે."

ચિત્રમાં સુવર્ણના સિંહાસન ઉપર જમણા હાથથી તલવાર પકડીને [illegible] અંજલિ જોડીને ઊભેલા લોકાંતિક દેવોને પ્રત્યુત્તર આપવા ઊંચો કરીને [illegible] કુમાર અવસ્થામાં વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત છે અને બે હાથ જોડીને [illegible] દેવો પ્રભુને દીક્ષા લેવાની વિનંતી કરે છે.

આ પછી ચિત્રના અનુસંધાને, નીચેના ચિત્રમાં શ્રીતીર્થંકર [illegible] પ્રસંગ જોવાનો છે. વર્ણન માટે જુઓ ચિત્ર ૩૪નું આ પ્રસંગનું [illegible]

આ ચિત્રમાં સિંહાસનની પાછળ સ્ત્રી-પરિચારિકાને [illegible] લેનાર વ્યક્તિઓની સંખ્યા પાંચને બદલે ત્રણની છે. બાકી [illegible]

ચિત્ર ૮૯: મહાવીરનો દીક્ષામહોત્સવ. જૈનાની પ્રતના [illegible] પાના ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે. તેમાં [illegible] થાય છે. વર્ણન માટે જુઓ ચિત્ર ૬૫નું આ પ્રસંગને [illegible] પ્રભુ વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈને બેઠેલા [illegible]

આ પછી ચિત્રના અનુસંધાને નીચેના ચિત્રમાં શ્રીતીર્થંકર [illegible] પ્રસંગ જોવાનો છે. વર્ણન માટે જુઓ ચિત્ર ૬૮નું આ પ્રસંગ [illegible]

ત્યાંસુધી તેમની પર સ્નેહ ધરાવનાર શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન ન થયું. પરંતુ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા જાણીને, તેમનો રાગ ગુરુભક્તિમાં પરિણમ્યો અને પ્રભુના વિરહમાંથી ઉદ્ભવેલો મોહ, કેવળજ્ઞાન પામવામાં સાધનભૂત બન્યો.

ચિત્રની મધ્યમાં સોનેરી પાંખડીવાળા વિકસિત સુવર્ણ કમળ ઉપર પદ્માસનની બેઠકે ગૌતમસ્વામી બંને હાથ અભય મુદ્રાએ રાખીને અને બાજુએ બંને હાથની અંજલિ જોડીને ધર્મોપદેશ આપતા દેખાય છે. ગૌતમસ્વામીના મસ્તકની પાછળ ભામંડલ છે અને મસ્તકના ઉપરના ભાગમાં સુંદર ચંદરવો બાંધેલો છે. તેઓશ્રીની જમણી બાજુએ ઉપરથી અનુક્રમે બે સાધુ અને એક સાધ્વી, તથા ડાબી બાજુએ ઉપરથી અનુક્રમે બે શ્રાવક અને એક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ ધર્મોપદેશ સાંભળતો બેઠેલો છે.

ચિત્ર ૯૩: પ્રભુ પાર્શ્વનાથનો જન્મ. જીરાની પ્રતના પાના ૫૬ ઉપરથી. ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે. તેમાં કથાના પરિચયની શરૂઆત ઉપરના ચિત્રથી થાય છે. ચિત્રમાં સિંહાસન ઉપર જમણા હાથે તલવાર પકડી રાખીને ઊંચા કરેલા ડાબા હાથમાં રેશમી રૂમાલ પકડી રાખીને અશ્વસેન રાજા સામે બેઠેલી વામાદેવીની સાથે વાતચીત કરતા હોય એમ દેખાય છે. સામે બેઠેલી વામાદેવી પોતાના જમણા હાથમાં કમળનું ફૂલ પકડી રાખીને અશ્વસેન રાજાને પોતાને આવેલા સ્વપ્નનો વૃતાંત કહેતી હોય એમ લાગે છે. વામાદેવીના માથા ઉપર તથા અશ્વસેન તથા તેમની બંનેની વચ્ચે ઉપરની છતમાં ચંદરવા બાંધેલા છે

આ પછી ચિત્રના અનુસંધાને, નીચેના ચિત્રમાં ચીતરેલો પ્રભુ શ્રી પાર્શ્વનાથનો જન્મ-પ્રસંગ જોવાનો છે. વર્ણન માટે જુઓ ચિત્ર ૩૮નું આ પ્રસંગને લગતું જ વર્ણન. આ ચિત્રમાં વામાદેવીના પગ પાસે સ્ત્રી-પરિચારિકા નથી. બાકીનો બધો પ્રસંગ ચિત્ર ૩૮ને મળતો છે.

Plate XXIV

ચિત્ર ૯૪: પાર્શ્વનાથ–દીક્ષા. જીરાની પ્રતના પાના ૬૨ ઉપરથી. ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે. તેમાં કથાના પરિચયની શરૂઆત નીચેના ચિત્રથી થાય છે.

પાર્શ્વનાથ પ્રભુ વિશાલા નામની પાલખીમાં રત્નજડિત સુવર્ણના સિંહાસન પર પૂર્વદિશા સન્મુખ મુખ રાખીને દીક્ષા લેવા નિકળ્યા. ચિત્રમાં પાલખીની મધ્યમાં પ્રભુ બેઠેલા છે. પાલખીની આગળ એક નગારું વગાડનારો અને શરણાઈ વગાડનારો ચાલ્યો જાય છે. તેવી જ રીતે પાછળ પણ બે જણા વાદ્ય વગાડનારા છે અને નીચેથી ચાર જણાઓએ પાલખી ઊંચકેલી છે.

આ પછી ચિત્રના અનુસંધાને, ઉપરના ચિત્રમાં ચીતરેલો પ્રભુ પાર્શ્વનાથનો પંચમુષ્ટિ લોચનો પ્રસંગ જોવાનો છે. વર્ણન માટે જુઓ ચિત્ર ૫૫નું આ પ્રસંગને લગતું જ વર્ણન

ચિત્ર ૯૫: પાર્શ્વનાથ નિર્વાણ. જીરાની પ્રતના પાના ૬૫ ઉપરથી. વર્ષાકાળના પહેલા મહિનાના બીજા પખવાડિયામાં, શ્રાવણ શુકલ અષ્ટમીના દિવસે, સમ્મેતશિખર પર્વત ઉપર, જલરહિત માસક્ષમણ(એક મહિનાના ઉપવાસ)નું તપ કરી પાર્શ્વનાથ પ્રભુ નિર્વાણ પામ્યા–મોક્ષે ગયા. ચિત્રની મધ્યમાં સિદ્ધશિલાની આકૃતિ ઉપર વસ્ત્રાભૂષણો સહિત પદ્માસનની બેઠકે નીલ વર્ણવાળા પ્રભુ પાર્શ્વનાથ બેઠેલા છે. પ્રભુના મસ્તક ઉપર નાગરાજની સાત ફણાઓ છે અને સાત

કમ્મર નીચેનું ઉત્તરીય વસ્ત્ર પહેરેલાં છે. વળી દેવી રાતા ગેરુ રંગના રેશમી તકિયા ઉપર ભદ્રાસનની બેઠકે બેઠેલાં છે. આખા ચિત્રના દરેકે દરેક પગલાની રંગભરણી તથા સુરેખ રેખાંકનો ચિતરનાર આ ચિત્રકાર ખરેખર તેના કૌશલ્ય માટે જગતના કલાપ્રેમીઓને પ્રશંસા કરવા લાયક છે. દેવી સરસ્વતીનાં આટલાં સુંદર ગુજરાતી ચિત્રો જવલ્લે જ મળી આવે છે.

Plate XXVI

ચિત્ર ૧૦૦: શ્રી ઋષભદેવનો જન્મ. જીરાની પ્રતના પાના ૭૫ ઉપરથી. તે કાળ અને તે સમયને વિષે શ્રી ઋષભદેવ પ્રભુ ગ્રીષ્મ કાળના પહેલા માસમાં, પહેલા પખવાડિયામાં–ચૈત્ર માસના અંધારીઆ પખવાડિયામાં–આઠમને દિવસે (ગુજરાતી ફાગણ વદિ આઠમે), મધ્યરાત્રિએ, ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થતાં, આરોગ્યવાળી મરુદેવી માતાએ પુત્રને જન્મ આપ્યો. આ ચિત્રમાં ઋષભદેવ ભગવાનના શરીરનો વર્ણ સુવર્ણ જેવો છે, તે સિવાય ચિત્ર ૯૬ના ચિત્રને બરાબર મળતું છે.

ચિત્ર ૧૦૧: શ્રી ઋષભદેવનું સમવસરણ. જીરાની પ્રતના પાના ૭૭ ઉપરથી. ચિત્રના વર્ણન માટે જુઓ ચિત્ર ૧૬નું શ્રી મહાવીર પ્રભુના સમવસરણનું વર્ણન.

ચિત્ર ૧૦૨: શ્રી ઋષભદેવનું નિર્વાણ. જીરાની પ્રતના પાના ૭૯ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૪૧નું આ પ્રસંગને લગતું જ વર્ણન. આ ચિત્રમાં ભગવાનના શરીરનો વર્ણ પીળો છે, તે નજીવા ફેરફાર સિવાય ચિત્ર ૯૫, ૯૭ને લગભગ મળતું છે.

Plate XXVII

ચિત્ર ૧૦૩-૧૦૪: અગિયાર ગણધરો. જીરાની પ્રતના પાના ૮૦-૮૧ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૪૨નું આ પ્રસંગને લગતું જ વર્ણન. ચિત્ર ૪૨માં એક જ ચિત્રમાં અગિયારે ગણધરો છે, જ્યારે ચિત્ર ૧૦૩માં બે ગણધરો અને ચિત્ર પ્લેટ ૨૭માના ચિત્ર ૧૦૪માં નવ ગણધરો મળીને કુલ ૧૧ ગણધરો થાય છે.

ચિત્ર ૧૦૫: ભગવાન મહાવીરનું સમવસરણ. જીરાની પ્રતના પાના ૯૨ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૧૬નું આ પ્રસંગને લગતું જ વર્ણન.

ચિત્ર ૧૦૬. શ્રી ચતુર્વિધ સંઘ. જીરાની પ્રતના પાના ૯૩ ઉપરથી. ચિત્રમાં ઉપરના ભાગમાં ગુરુ મહારાજ સામે બેઠેલા શિષ્યને વાચના આપતા હોય એમ લાગે છે. સામે બેઠેલા શિષ્યના બને હાથમાં તાડપત્રનું પાનું પકડેલું છે. ગુરુ મહારાજની પાછળ એક શિષ્ય ઊંચા કરેલા ડાબા હાથમાં પકડેલા કપડાથી ગુરુની શુશ્રૂષા-સેવા કરતો દેખાય છે. નીચેના ભાગમાં એક શ્રાવિકા, બે સાધ્વીઓ અને બે શ્રાવકોરૂપી ચતુર્વિધ સંઘ ગુરુ મહારાજનો ઉપદેશ સાંભળતાં બેઠેલાં છે.

ચિત્ર ૧૦૭. મહાવીરનું સમવસરણ. જીરાની પ્રતના પાના ૧૦૯ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૧૬નું આ પ્રસંગને લગતું જ વર્ણન.

Plate XXVIII

ચિત્ર ૧૦૮ સુધર્માસ્વામી. જીરાની પ્રતના પાના ૧૧૦ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૪૪નું આ પ્રસંગને લગતું જ વર્ણન.






Fig 188 चित्र १८८





Fig 189 चित्र १८९





કરતો વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈને હરિણૈગમેષિન્ દેવ, મસ્તક ઉપર સુંદર છત્ર ગ્રહિત ઊભેલો છે. આ ચિત્રનું એકેએક અંગ પ્રમાણોપેત છે અને પંદરમા સૈકાના ગુજરાતી ચિત્રકારોના ચિત્રનો સુંદર નમૂનો છે. ઇન્દ્રના પગની નીચેના ભાગમાં તેના વાહન હાથીની સુંદર હાર ચીતરેલી છે.

ચિત્ર ૧૧૫: સ્વપ્નપાઠકો. પાટણ ૩ની પ્રતના પાના ૨૩ ઉપરથી. સિદ્ધાર્થ રાજાએ સ્વપ્ન-લક્ષણ-પાઠકોને વંદી, સારા શબ્દોમાં ગુણસ્તુતિ કરી, પુષ્પ વડે પૂજી, ફળ અને વસ્ત્રાદિના દાન વડે સત્કાર કરી, વિવેકપૂર્વક ઊભા થઈ તેમનું આદર-સન્માન કર્યું અને પ્રત્યેક સ્વપ્નપાઠકે પ્રથમથી જ સ્થાપેલા સિંહાસન ઉપર પોતપોતાની બેઠક લીધી. તે પછી સિદ્ધાર્થ ક્ષત્રિયે હાથમાં ફળ-ફૂલ લઈ અતિ વિનયપૂર્વક સ્વપ્નપાઠકોને સ્વપ્નનું ફળ પૂછ્યું.

સ્વપ્નપાઠકોને આ વાત સાંભળી ઘણો જ સંતોષ અને આનંદ થયો. તેમણે તે સ્વપ્નના અર્થ વિચાર્યા અને પોતપોતાની અંદર મસલત ચલાવી. પોતાની બુદ્ધિ વડે બરાબર અર્થ અવધારી પરસ્પર એકબીજાના અભિપ્રાય મેળવી, સંશયોના ખુલાસા કરી, એકમત થઈ, સિદ્ધાર્થ ક્ષત્રિય આગળ ચૌદ મહાસ્વપ્નોનુ ફળ કહેવા લાગ્યા.

ચિત્રમાં ચારે સ્વપ્નપાઠકો સુવર્ણના અલગઅલગ સિંહાસનો ઉપર બેઠેલા છે અને દરેકે કિંમતી વસ્ત્રાભૂષણો અંગ ઉપર ધારણ કરેલાં છે. ખાસ કરીને દરેકના શરીર પરનાં રેશમી કપડાંની જુદી જુદી જાતની ડિઝાઇનો આપણને પંદરમા સૈકાના ગુજરાતી કાપડના નમૂનાઓ પૂરા પાડે છે. આ ચિત્ર પણ સર્વાંગ સુંદર છે

Plate XXXI

ચિત્ર ૧૧૬: શક્રેન્દ્ર. પાટણ ૩ના પાના ૪ ઉપરથી. તે કાળ અને તે સમયે સૌધર્મેન્દ્ર પોતાની સુધર્મા સભામાં બેઠેલો છે. તે સૌધર્મેન્દ્ર કેવો છે? શક્ર નામના સિંહાસન ઉપર બેસનારો, દેવોનો સ્વામી, શરીર પરની કાંતિ વગેરેથી દેવોમાં અધિક શોભતો, હાથમાં વજ્રને ધારણ કરનારો, દૈત્યોના નગરોને તોડનારો, શ્રાવકની પાંચમી પડિમા સો વખત વહન કરનારો અને જેણે પોતાના કાર્તિક શેઠના ભવમાં સો વખત શ્રાવકની પડિમા વહન કરી હતી.

ચિત્રમાં સુવર્ણના સાદા સિંહાસન પર ચાર હાથવાળો શક્રેન્દ્ર વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઇને બેઠેલો છે તેના ચાર હાથ પૈકી ઉપરના જમણા હાથમાં અંકુશ તથા ડાબા હાથમા વજ્ર છે અને નીચેના જમણા હાથમાં ફલ છે તથા ડાબા હાથથી કોઇને આજ્ઞા ફરમાવતો હોય તેવી રીતે બેઠેલો છે

ચિત્ર ૧૧૭: શયનમંદિરમાં દેવાનંદા. પાટણ ૩ના પાના ૧૦ ઉપરથી. શ્રી મહાવીર ભગવાન બ્રાહ્મણકુંડગ્રામ નગરમા, કોડાલગોત્રી ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની જાલંધર ગોત્રી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયા. તે સમયે મધ્યરાત્રિ હતી અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ને ચન્દ્રનો યોગ પ્રાપ્ત થયો હતો.

ચિત્રમાં શયનગૃહમાં બિછાવેલા સુંદર ડિઝાઇનવાળા પલંગમાં બિછાવેલી સુંદર શય્યામાં દેવાનંદા બ્રાહ્મણી વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત સૂતેલાં દેખાય છે. આ ચિત્ર પંદરમા સૈકાના ગૃહસ્થોના શયનગૃહો કેવી સુંદર રીતે શણગારેલા રહેતા હતા તેનો સરસ ખ્યાલ આપે છે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]




Fig. 103

Plate XXXII

ચિત્ર ૧૧૮: ત્રિશલાની કુક્ષિમાં ગર્ભનું સંક્રમણ. પાટણ કના પાના ૧૧ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૮૨નું આ પ્રસંગને લગતું જ વર્ણન.

ચિત્ર ૧૧૯ શયનગૃહમાં ત્રિશલા. પાટણ કના પાના ૧૨ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૮૩નું આ પ્રસંગને લગતું જ વર્ણન. ચિત્રમાં શયનમંદિરમાં ત્રિશલા માતા [illegible] અવસ્થામાં સૂતેલાં છે. પગના ઉપરના ભાગમાં સૂર્ય અને ચંદ્ર એ મહાસ્વપ્ન ચીતરેલ [illegible]

Plate XXXIII

ચિત્ર ૧૨૦: ત્રિશલાનો શોક અને હર્ષ. પાટણ કના [illegible] ઉપરથી. [illegible] અને નીચે એમ બે પ્રસંગો છે. તેમાં કથાના [illegible] વર્ણન માટે જુઓ ચિત્ર ૮૪નું આ પ્રસંગને લગતું જ વર્ણન.

ચિત્રમાં માતા હથેલી ઉપર મુખ રાખીને [illegible] મસ્તક પાછળ કરતું આભામંડલ [illegible] છે. માતાની [illegible] બીજની ઊભેલી છે અને સામે બીજી બે [illegible] વીણા હાથમાં પકડી રાખીને ત્રિશલા માતાને [illegible] સખીઓના મસ્તક ઉપર સુંદર ડિઝાઈનવાળો [illegible] રહેલ શોકમગ્ન છે. આ ચિત્રનાં ચારે [illegible] ડિઝાઈનો, આપણને તે સમયના ગુજરાતના [illegible] હતા હશે તેના નમૂનાઓ પૂરા પાડે છે.

આ પછી ચિત્રના અનુસંધાને, ગર્ભના [illegible] કે ભગવાન મહાવીરે ગર્ભમાં રહ્યા છતાં [illegible] લીધી. પછી તેમણે પોતાના [illegible] જણાતા ત્રિશલા માતાના [illegible] [illegible] તેમણે પોતાની સખીઓને [illegible]

Plate XXXII

ચિત્ર ૧૨૨: ચૌદ સ્વપ્ન. [illegible] ચૌદ સ્વપ્નોની [illegible] અને તેનું ટૂંક વિવેચન કરવામાં આવે છે

(૧) હાથી. ચાર મહાન દંતૂશળવાળો, ઊંચો, વરસી રહેલા વિશાળ મેઘ જેવો અને વૈતાઢ્ય પર્વતના જેવો સફેદ, તેના શરીરનું પ્રમાણ શક્રેન્દ્રના ઐરાવત હાથીના જેવડું, સર્વ પ્રકારનાં શુભ લક્ષણવાળો, હાથીઓમાં સર્વોત્તમ અને વિશાળ એવા પ્રકારનો હાથી ત્રિશલા દેવીએ પ્રથમ સ્વપ્નમાં જોયો. હાથી એ પરમ મંગલકારી તથા રાજ્યચિહ્નદ્યોતક છે.

(૨) વૃષભ. શ્વેત કમલનાં પાંદડાંઓની રૂપકાંતિને પરાજિત કરતો, મજબૂત, ભરાવદાર, માંસપેશીવાળો, પુષ્ટ, યથાસ્થિત અવયવવાળો અને સુંદર શરીરવાળો વૃષભ બીજા સ્વપ્નમાં જોયો. તેનાં અતિશય ઉત્તમ અને તીક્ષ્ણ શિંગડાંઓના આગલા ભાગમાં તેલ લગાવેલું હતું. તેના દાંત સુશોભિત અને શ્વેત હતા. વૃષભ (બળદ) એ કૃષિનો દ્યોતક છે.

(૩) સિંહ ત્રીજા સ્વપ્નમાં ત્રિશલાએ સિંહ જોયો. તે પણ મોતીના હાર, ચંદ્રનાં કિરણ ને રૂપાના પર્વત જેવો શ્વેત, રમણીય અને મનોહર હતો. તેના પંજા મજબૂત અને સુંદર હતા. પુષ્ટ અને તીક્ષ્ણ દાઢો વડે તેનું મુખ શોભી રહ્યું હતું તેની મનોહર જીભ લપલપાયમાન થતી હતી, સાથળો વિશાળ અને પુષ્ટ હતી, સ્કંધ પરિપૂર્ણ અને નિર્મળ હતા, બારીક અને ઉત્તમ કેશવાળી વડે તે અનહદ શોભી રહ્યો હતો. તેનું પુચ્છ કુંડલાકાર અને શોભાયમાન હતું, તે વારંવાર જમીન સાથે અફળાતું અને પાછું કુંડલાકાર બની જતું તેની આકૃતિમાં સૌમ્યભાવ દેખાઈ આવતો હતો. આવો લક્ષણવંતો સિંહ આકાશમાંથી ઊતરતો અને પોતાના મુખમાં પ્રવેશ કરતો ત્રિશલા ક્ષત્રિયાણીએ જોયો સિંહ પરાક્રમનો દ્યોતક છે.


(૪) લક્ષ્મીદેવી. અખંડ ચંદ્રમા જેવી કાંતિવાળાં લક્ષ્મીદેવીનાં ચોથા સ્વપ્નમાં દર્શન થયાં. તે લક્ષ્મીદેવી ઊંચા હિમવાન પર્વતને વિષે ઉત્પન્ન થએલા કમલરૂપી મનોહર સ્થાને બેઠેલાં હતાં. ચિત્રની મધ્યમાં મોટી આકૃતિ લક્ષ્મીદેવીની છે. તેના કમલરૂપી સ્થાનના વિશેષ વર્ણન માટે જુઓ કલ્પસૂત્ર સુબોધિકા વ્યાખ્યાન બીજું.


(૫) ફૂલની માળા. પાંચમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ કલ્પવૃક્ષનાં તાજાં ને સરસ ફૂલોવાળી ચોમેર સુગંધ પ્રસરાવતી રમણીય માળા આકાશમાંથી ઊતરતી જોઈ. માળા શૃંગારની દ્યોતક છે.

(૬) પૂર્ણચન્દ્ર. છઠ્ઠા સ્વપ્નને વિષે ત્રિશલાએ ચન્દ્રનાં દર્શન કર્યાં. શુક્લપક્ષના પખવાડિયાની પૂર્ણિમાને પોતાની કળાઓ વડે શોભાવનાર સંપૂર્ણ ચન્દ્ર જોયો. ચન્દ્ર નિર્મળતાનો દ્યોતક છે અને બીજા પક્ષે અંધકારનો નાશક છે.

(૭) ઊગતો સૂર્ય સાતમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ અંધકારના સમૂહનો નાશ કરનાર અને પ્રકાશથી ઝળહળતા સૂર્યનાં દર્શન કર્યાં. સૂર્ય અતુલ પરાક્રમનો દ્યોતક છે.


(૮) સુવર્ણમય ધ્વજદંડ. આઠમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ ઉત્તમ જાતિના સુવર્ણમય દંડ ઉપર ફરકતી ધ્વજા જોઈ. તેના ઉપલા ભાગમાં શ્વેત વર્ણનો એક સિંહ ચીતરેલો હતો. ધ્વજ એ વિજયનુ ચિહ્ન છે
















[illegible]
[illegible] समस्त[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]




Fig 219

(૯) જલપૂર્ણ કુંભ: નવમા સ્વપ્નને વિષે ત્રિશલા ક્ષત્રિયાણીએ [illegible]
તે કુંભ (કલશ) અતિ ઉત્તમ પ્રકારના સુવર્ણ [illegible]
જલ ભરેલું હોવાથી તે કલ્યાણને સૂચવનારો હતો. પૂર્ણ કુંભ [illegible]

(૧૦) પદ્મસરોવર: દશમા સ્વપ્નને વિષે ત્રિશલા ક્ષત્રિયાણીએ [illegible]
સરોવર જુદીજુદી જાતના વિવિધરંગી કમલોથી તથા જલચર [illegible]
આવું રમણીય પદ્મસરોવર દશમા સ્વપ્નમાં [illegible]

(૧૧) ક્ષીરસમુદ્ર: અગિયારમા સ્વપ્નને વિષે ત્રિશલા ક્ષત્રિયાણીએ [illegible]
સમુદ્રના મધ્ય ભાગની ઉજ્જ્વલતા ચન્દ્રના કિરણ [illegible]
અગાધ જલપ્રવાહ વિસ્તર્યો હતો.

(૧૨) દેવવિમાન: બારમા સ્વપ્નમાં ત્રિશલા ક્ષત્રિયાણીએ [illegible]
શોભતા હતા. તેમાં દિવ્ય પુષ્પની માળાઓ [illegible]
મણી, હાથી, અશોકલતા, પદ્મલતા વગેરેના [illegible]
સ્વરે ગવાતાં ગાયનો અને વાજિંત્રોના નાદથી [illegible]
વળી તે વિમાનમાંથી કાલાગુરુ [illegible]
ગ્રીષ્મની હતી. આવું ઉત્તમ વિમાન [illegible]

(૧૩) રત્નરાશિ: તેરમા સ્વપ્નમાં [illegible]
[illegible] ઇન્દ્રનીલરત્ન, [illegible]
[illegible]

(૧૪) નિર્ધૂમ અગ્નિ: ચૌદમા સ્વપ્નમાં [illegible]
[illegible]
[illegible]
[illegible]

આ વૃત્તાંત વિસ્મય સહિત સાંભળતી ઊભેલી છે.

Plate XXXV

ચિત્ર ૧૨૪ સિદ્ધાર્થ અને ત્રિશલા શયનખંડમાં. પાટણ ૩ની પ્રતના પાના ૨૨ ઉપરથી. આ ચિત્ર-પ્રસંગ બરાબર ઉપરોક્ત ચિત્ર ૧૨૩ને મળતો છે.

ચિત્ર ૧૨૫ પુત્રજન્મની વધામણી. પાટણ ૩ની પ્રતના પાના ૨૫ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૩૩નું આ પ્રસંગને લગતું જ વર્ણન. સિંહાસન ઉપર બેઠેલા સિદ્ધાર્થ રાજા, પોતાને ત્યાં પુત્રજન્મની ખુશાલીમાં જમવાનું આમંત્રણ આપીને બોલાવેલા સ્વજનો સાથે પુત્રનું નામ પાડવા વગેરેની વાતો કરતા દેખાય છે. સિદ્ધાર્થની સામે ઉપરના પ્રસંગમાં બે પુરુષો અને નીચેના પ્રસંગમાં બીજા બે પુરુષો, કુલ ચાર પુરુષો ઊભેલા છે.

Plate XXXVI

ચિત્ર ૧૨૬થી ૧૩૭: કલ્પસૂત્રનાં સુંદર સુશોભનો. હંસ વિ. ૨ ની પ્રત ઉપરથી.

ચિત્ર ૧૩૮થી ૧૪૯: કલ્પસૂત્રનાં સુંદર સુશોભનો. ઉપરની જ પ્રતમાંથી.

Plate XXXVII

ચિત્ર ૧૫૦: મહાવીરજન્મ. પાટણ ૩ની પ્રતના પાના ૨૮ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૧૪નુ આ પ્રસંગને લગતું જ વર્ણન. આ ચિત્રના પાનાનુ માપ મોટું હોવાથી ચિત્રકારે શયનમંદિરના સુશોભનોમાં સારી વૃદ્ધિ કરી છે.

ચિત્ર ૧૫૧: સંવત્સરી-દાન. પાટણની પ્રતના પાના ૩૩ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૩૪નું આ પ્રસંગને લગતું જ વર્ણન. આ ચિત્રમાં પણ ચિત્ર માટે મોટી જગ્યા મળવાથી ચિત્રકારે વધારે સુશોભનોનો ઉપયોગ ઠીકઠીક પ્રમાણમાં કરેલો છે.

Plate XXXVIII

ચિત્ર ૧૫૨: પંચમુષ્ટિ લોચ. પાટણ ૩ની પ્રતના પાના ૩૫ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૯૮નુ આ પ્રસગને લગતું જ વર્ણન. આ ચિત્રમાં ઈન્દ્રના મસ્તક ઉપર છત્ર છે, એ અવાસ્તવિક છે, કારણકે ઈન્દ્ર પ્રભુની પાસે આવે ત્યારે છત્ર વગેરેનો ત્યાગ કરીને જ આવે; અને ઇન્દ્રને ચાર હાથ છે. વળી ચિત્ર ૯૮માં મહાવીર ઊભેલા છે, જ્યારે આ ચિત્રમાં બેઠેલા છે. ઉપરના ભાગમાં આકાશમાં વાદળાં દેખાય છે.


ચિત્ર ૧૫૩: મહાવીર-નિર્વાણ. પાટણ ૩ની પ્રતના પાના ૩૮ ઉપરથી વર્ણન માટે જુઓ ચિત્ર ૧૫નું આ પ્રસંગને લગતું જ વર્ણન.



Plate XXXIX

ચિત્ર ૧૫૪: ચંદ્રલેખા પાલખી. પાટણ ૩ની પ્રતના પાના ૩૪ ઉપરથી. વર્ણન માટે જુઓ ચિત્ર ૩૫નુ આ પ્રસંગને લગતું જ વર્ણન. આ ચિત્રમાં ચિત્રકારને વધારે મોટી જગ્યા મળવાથી ઊંચકનારા છ જણા તથા પાલખીનું સુંદર કલાવિધાન અને પાલખી ઉપરના બે મયૂરોની રજૂઆત ચિત્ર ૩૫થી વધારે છે.

ચિત્ર ૧૫૫: પાર્શ્વનાથજીનુ સમવસરણ. પાટણ ૩ની પ્રતના પાના ૪૪ ઉપરથી. અનુપમ જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ અસાધારણ ગુણો વડે પોતાના આત્માને ભાવતા, પાર્શ્વનાથ






પ્રભુને ચ્યાશી દિવસ વીતી ગયા આમાશીમા દિવસે [illegible]
પખવાડિયામાં, ચૈત્ર માસના [illegible]
પહોરે, શાલવૃક્ષની નીચે. [illegible]
થતા, શુક્લ ધ્યાનના ચાર ભેદોમાંથી પ્રથમના [illegible]
એવું પ્રધાન કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉત્પન્ન થયું [illegible]
જાણે આ ચિત્રની મધ્યમાં [illegible]
અર્ધપલ્યંકનવાળા આજાસને [illegible]
ધારણ કરેલા છે. જેની આજુ [illegible]
ચીતરેલી છે. ચિત્રના [illegible]
ચિત્રકારે કરેલી છે. [illegible]

અષાઢ માસની [illegible] ગુરુ [illegible], તેત્રીસ સાગરોપમની સ્થિતિ-
વાળા સર્વાર્થસિદ્ધ નામના મહાવિમાનમાંથી ચ્યવીને, [illegible] જંબૂદ્વીપને વિષે, ભારતક્ષેત્રમાં, ઇક્ષ્વાકુ
ભૂમિમાં, નાભિ નામના કુલકરની મરુદેવા નામની સ્ત્રીની કુક્ષિને વિષે, મધ્ય રાત્રિએ, દિવ્ય આ-
હારનો ત્યાગ કરીને ગર્ભપણે ઉત્પન્ન થયા. વર્ણન માટે જુઓ ચિત્ર ૧૨નું આ પ્રસંગને
લગતું જ વર્ણન.

ચિત્ર ૧૮૭ શ્રી સંઘ પાટણ ૩ની પ્રતના પાના ૭૨ ઉપરથી. આ ચિત્રમાં ત્રણ હાર છે. સૌથી ઉપરની હારમાં ચાર ગુરુઓ—સાધુઓ, બીજી હારમાં ચાર સાધ્વીઓ અને ત્રીજી હારમાં ચાર સ્ત્રીઓ—શ્રાવિકાઓ બંને હાથની અંજલિ જોડીને પ્રભુસ્તુતિ કરતાં દેખાય છે. આ ચિત્રનાં સ્ત્રી–પુરુષના પહેરવેશ આપણને પંદરમા સૈકાની શરૂઆતનાં વસ્ત્રપરિધાનના રિવાજનો આબેહૂબ ખ્યાલ આપે છે.

Plate XLIV


ચિત્ર ૧૮૮ ચાર ગુરુભાઇઓ. ડહેલા ૧ની પ્રતના પાના ૯૩ ઉપરથી. આ ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે. તેમાં ચિત્રના પરિચયની શરૂઆત ઉપરના આર્યસ્થૂલિભદ્ર અને કોશાના પ્રસંગથી થાય છે. ચિત્રમાં આર્યસ્થૂલિભદ્ર, કોશાની ચિત્રશાળામાં ગુરુની આજ્ઞા લઈને ચાતુર્માસાર્થે રહ્યા છે, તે વિષયની રજૂઆત માટે ચિત્રકારે આર્યસ્થૂલિભદ્રને લાકડાના સિંહાસન ઉપર બેસાડીને, સામે બેઠેલી સ્ત્રી–કોશાને પોતાનો ડાબો હાથ ઊંચો કરીને જમણા હાથથી ધાર્મિક ઉપદેશ સમજાવતા બતાવ્યા છે.

ચિત્રના અનુસંધાને, નીચેના ત્રણ ગુરુભાઇઓની તપસ્યાનો પ્રસંગ જોવાનો છે આર્યસ્થૂલિભદ્ર જયારે ચાતુર્માસ કોશાને ત્યાં કરવા ગયા, ત્યારે તેમની સાથે તેઓના ત્રણ ગુરુભાઇઓ પણ અનુક્રમે કુવાના ભારવટ ઉપર, સિંહની ગુફાના દ્વાર ઉપર અને સર્પના રાફડા ઉપર ચાતુર્માસ કરવા ગયા હતા, તે પ્રસંગ ચિત્રકારે અત્રે અનુક્રમે કુવો, સિંહની આકૃતિ તથા સર્પનું મુખ કાયોત્સર્ગ મુદ્રાએ ઊભેલા એકએક સાધુ પાસે ચીતરીને, અત્રે રજૂ કરેલ છે.

ચિત્ર ૧૮૯: આર્યવજ્રસ્વામી. ડહેલા ૧ની પ્રતના પાના ૯૯ ઉપરથી. આર્યધનગિરિ પોતાની પૂર્વાવસ્થામાં–સંસારીપણામાં તેમની સ્ત્રી સુનંદા સાથે તુંબવન નામના ગામમાં રહેતા હતા. સુનંદાને ગર્ભવતી અવસ્થામાં ત્યજી દઇને ધનગિરિએ દીક્ષા લીધી હતી. પછીથી સુનંદાએ એક પુત્રને જન્મ આપ્યો તે પુત્રે જન્મતાંની સાથે જ એવું સાંભળ્યું, કે પોતાના પિતાએ જૈન સાધુની દીક્ષા લીધેલી છે. આ સાંભળતાં જ તેને જાતિસ્મરણ–જ્ઞાન થયુ. માતાને પોતાની ઉપર જરા ય મોહ ન થાય એટલા માટે તે હમેશાં રડીરડીને માતાને કંટાળો આપવા લાગ્યો, તેથી તેની માતાએ તે છ માસનો થયો, ત્યારે જ તેના પિતા -આર્યધનગિરિને વહોરાવી દીધો. તેમણે ગુરુના હાથમાં સોંપ્યો. ગુરુએ બાળકમા બહુ ભાર હોવાને લીધે તેનુ વજ્ર નામ પાડ્યુ. તે પારણામાં રહ્યોરહ્યો અગિયાર અંગ ભણ્યો.

પછી તે બાળક વજ્ર ત્રણ વરસનો થયો, ત્યારે તેનો કબજો લેવા માટે સુનંદાએ રાજાની પાસે ફરિયાદ કરી રાજાએ બાળકને રાજસભામાં બોલાવીને, આર્યધનગિરિ તથા સુનંદાને કહ્યુ, કે તમે બંને જણા બાળકને સમજાવો અને બાળક પોતાની રાજીખુશીથી જેની પાસે જાય તેને








Fig 227

चित्र २२७



Fig 228

चित्र २२८



Fig 229

चित्र २२९




Fig 230

चित्र २३०




Fig. 201






Fig 237 चित्र २३७




Fig 238 चित्र २३८



चित्र २३९



Fig 240 चित्र २४०



[illegible]

[illegible]

[illegible]

[illegible]

બાજુ પડદામાં છે. તે તે આ પ્રત લખાવનાર તથા ચીતરનાર ચિત્રકારનું નામ પાના ૧૨૧ની પાછળની બાજુ ચાર લીટીમાં ગદ્યમાં છે, જે આ પ્રમાણે છે —

"श्री डीसावाल ज्ञातीय सं० सांगा सं० वर्धमान सं० वीरपाल गुणराज प्रमुखै श्री तपागच्छे श्री विजयतिलकसूरीन्द्र शिष्य भ. श्री जगत्सुंदरसूरिगुरूपदेशेन स्वर्णाक्षरैः। श्री कल्पलेखितः॥ प्राग्वाट ज्ञातीय मंत्रि कूंपा सुत सोमाकेनालेख्य चित्र० सारंगेनचित्रिता ॥श्री॥

ડીસાવાળ જ્ઞાતીવાળા સંઘવી સાંગણ, સંઘવી વર્ધમાન, સંઘવી વીરપાલ [તથા] ગુણરાજ વગેરે[શ્રેષ્ઠીઓ]એ તપાગચ્છીય શ્રી વિજયતિલકસૂરીશ્વરજીના શિષ્ય ભટ્ટારક શ્રી જગત્સુંદરસૂરીશ્વરજીના ઉપદેશથી સોનાના અક્ષરોથી [આ] કલ્પસૂત્ર લખાવ્યું. [અને તે] પોરવાડ જ્ઞાતીવાળા મંત્રિ કૂંપાના પુત્ર સોમે લખ્યું [અને]સારંગ નામના ચિત્રકારે ચીતર્યું."

Plate LI

ચિત્ર ૨૨૦ થી ૨૨૩: સુંદર સુશોભનો. નવાબ રની પ્રતના હાંસિયાઓ


Plate LII

ચિત્ર ૨૨૪: નિશાલ ગણુણું ડહેલા રની પ્રતના પાના ૪૩ ઉપરથી. આ ચિત્રમાં પણ ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે. તેમાં કથાના પરિચયની શરૂઆત ઉપરના આમલકી ક્રીડાના ચિત્રથી થાય છે.

(૧) એક વખતે સૌધર્મેન્દ્ર પોતાની સભામાં મહાવીરના ધૈર્યગુણની પ્રશંસા કરી અને કહેવા લાગ્યો કે: 'હે દેવો! અત્યારના આ કાળમાં મનુષ્યલોકમાં શ્રીવર્ધમાનકુમાર એક બાળક હોવા છતાં પણ તેમના જેવો બીજો કોઈ પરાક્રમી વીર નથી ઇન્દ્રાદિ દેવો પણ તેમને બિવરાવવાને અસમર્થ છે.' આ સાભળીને એક દેવ કે જેનુ નામ જણાવવામાં નથી આવ્યુ, તે જ્યાં કુમારો ક્રીડા કરતા હતા ત્યાં આવ્યો અને સાબેલા જેવા જાડા, ચપળ બે જીભવાળા, ચળકતા મણિવાળા, ફૂફાડા મારતા, કાજળ સમાન કાળા વર્ણવાળા, ક્રૂર આકૃતિવાળા અને વિસ્તૃત ફણાવાળા મોટા સર્પનુ રૂપ બનાવીને ક્રીડા કરવાના વૃક્ષને વીંટાળી દીધું. આવો ભયંકર સર્પ જોઈ ભયભીત બનેલા બધા કુમારો રમતગમત પડતી મૂકી નાસી છૂટ્યા; પરંતુ મહાપરાક્રમી ધૈર્યશાળી શ્રી વર્ધમાનકુમારે જરાપણ ભય પામ્યા વિના પોતે ત્યાં તેની પાસે જઈ, સર્પને હાથથી પકડી દૂર ફેંકી દીધો. સર્પ દૂર પડચો એટલે નિર્ભય બનેલા કુમારો પાછા એકઠા થઈ ગયા અને ક્રીડા શરૂ કરી દીધી.

(૨) હવે કુમારોએ વૃક્ષની રમત પડતી મૂકી દડાની રમત શરૂ કરી. રમતમાં એવી શરત હતી કે જે હારી જાય તે જીતેલાને ખભા ઉપર બેસાડે. કુમારવેષધારી દેવ શ્રી વર્ધમાનકુમાર સાથે રમતા હારી ગયો. તેણે કહ્યું: 'ભાઈ, હું હાર્યો અને આ વર્ધમાનકુમાર જીત્યા માટે એમને મારા ખભા ઉપર બેસવા દો' શ્રી વર્ધમાન ખભા ઉપર બેઠા એટલે દેવે તક સાધી તેમને બિવરાવવાનો પ્રપંચ કર્યો. તેણે પોતાની દેવશક્તિથી સાત તાડ જેટલું ઊંચું પોતાનું શરીર બનાવ્યું. પ્રભુ તેનો પ્રપંચ અવધિજ્ઞાનના બળથી જાણી ગયા. તેમણે વજ્ર જેવી કઠોર મુષ્ટિથી તેની પીઠ પર એવો તો પ્રહાર કર્યો કે તે ચીસો પાડવા લાગ્યો અને પીડા પામવાથી મચ્છરની જેમ સંકોચાઇ ગયો. પ્રભુનુ પરાક્રમ તથા ધૈર્ય પ્રત્યક્ષ અનુભવી ઇન્દ્રના સત્ય વચનનો તેણે મનમાં સ્વીકાર







હશે અને [illegible]

[illegible] 'શું' [illegible]

ચિત્રના વર્તમાનકાળમાં [illegible]
[illegible] વર્તમાનકાળમાં [illegible]
[illegible]
[illegible]
[illegible] છે

ના મધુર સૂર નીકળવા લાગ્યા, વિવિધ પ્રકારનાં વાજાં વાગવા લાગ્યાં, યાચકોને મોં માગ્યાં દાન મળવા લાગ્યાં. એવી રીતે ધામધૂમ સાથે, સગાંઓ તથા સ્નેહીઓની સાથે શ્રી વર્ધમાનકુમાર પંડિતને ઘેર ભણવા ગયા

ચિત્રમાં હાથી ઉપર વર્ધમાનકુમાર બેઠેલા છે. હાથીની આગળ એક માણસ શરણાઈ વગાડતો દેખાય છે અને હાથીની પાછળ ઉપર બે અને નીચે એક, કુલ ત્રણ સ્ત્રીઓ મંગળ ગીતો ગાતી ઊભી છે. નીચે ચાર પુરુષો બેઠેલા છે.

ચિત્ર ૨૨૫: મહાવીર-દીક્ષા. ડહેલા રની પ્રતના પાના ૪૭ ઉપરથી. ચિત્રમાં અનુક્રમે ત્રણ પ્રસંગો છે તેમાં કથાપ્રસંગની શરૂઆત ઉપરના સાંવત્સરી દાનના ચિત્રથી થાય છે. વર્ણન માટે જુઓ આ ચિત્રને લગતું જ ચિત્ર ૩૪નું વર્ણન.

આ પછી ચિત્રના અનુસંધાને, અનુક્રમે દીક્ષામહોત્સવના વરઘોડાનો પ્રસંગ જોવાનો છે. વર્ણન માટે જુઓ આ ચિત્રને લગતું જ ચિત્ર ૩૫નું વર્ણન.

આ પછી ચિત્રના અનુસંધાને, અનુક્રમે પંચમુષ્ટિ લોચનો નીચેનો પ્રસંગ જોવાનો છે. વર્ણન માટે જુઓ આ ચિત્રને લગતું જ ચિત્ર ૩૬નું વર્ણન.

ચિત્ર ૨૨૬: શ્રી જંબુકુમાર અને આઠ સ્ત્રીઓ. ડહેલા રની પ્રતના પાના ૭૬ ઉપરથી. આર્યસુધર્માને કાશ્યપગોત્રવાળા આર્યજંબુ નામે સ્થવિર શિષ્ય હતા. તેઓશ્રીનો જન્મ રાજગૃહ નામના નગરમાં થયો હતો. તેમના પિતાનું નામ ઋષભ અને માતાનું નામ ધારિણી હતું. જંબુકુમાર એક વખતે રાજગૃહીના ઉદ્યાનમાં આવેલા આર્યસુધર્મા પાસે ધર્મોપદેશ સાંભળવા ગયા હતા. તેઓશ્રીનો ધર્મોપદેશ સાંભળીને સંસાર ઉપર જંબુકુમારને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો, છતાં પણ માતાપિતાના દૃઢ આગ્રહને વશ થઈને તેઓ આઠ કન્યાઓ પરણ્યા. લગ્નની પ્રથમ રાત્રિએ જ, જંબુકુમાર પોતાની આઠ સ્ત્રીઓને પ્રતિબોધ આપી રહ્યા હતા. તે વખતે ચારસો નવાણુ ચોરના પરિવારવાળો પ્રભવ નામનો ચોર પણ ચોરી કરવા માટે ત્યાં ઘરમાં આવ્યો હતો. જંબુકુમારનો વૈરાગ્યવાસિત ઉપદેશ સાંભળી ચારસો નવાણું ચોરો સહિત પ્રભવ અને આઠે સ્ત્રીઓ પ્રતિબોધ પામ્યાં અને સવાર પડતાં જ પાંચસો ચોર, આઠ સ્ત્રીઓ, તે સ્ત્રીઓનાં માતાપિતા અને પોતાનાં માતાપિતા, એ રીતે કુલ પાંચસો છવ્વીસની સાથે શ્રી આર્યજંબુએ નવાણું ક્રોડ સોનૈયા ત્યજી દઈને દીક્ષા લીધી.

ચિત્રમાં ડાબી બાજુએ ઉપરના ભાગમાં જંબુકુમાર, જમણી બાજુએ બબેની ચાર લાઈનોમાં બેઠેલી આઠ સ્ત્રીઓને અને જંબુકુમારની નીચેના ભાગમા ચોરી કરવા પ્રવૃત્ત થએલા પ્રભવ વગેરે ચોરોને ઉપદેશ આપતા દેખાય છે.

Plate LIII

ચિત્ર ૨૨૭: હરિણૈગમેષિન્. સોહન પાના ૧૧ ઉપરથી. ચિત્રમાં હરિણૈગમેષિન્ બે હાથમાં આકાશમાર્ગે ગર્ભ લઈને જતો દેખાય છે. તેના પગની નીચેના ભાગમાં પહાડની આકૃતિ તથા બંને બાજુ સુંદર ઝાડ ચિત્રકારે ચીતરેલાં છે. તેને આકાશમાર્ગે ચાલતો હોવાનો બતાવવા માટે હંસ પક્ષીની ડિઝાઇનવાળા તેના ઉત્તરાસંગના બંને છેડાઓને ચિત્રમાં ઊડતા બતાવેલા છે





બીજી બે સ્ત્રીઓ બંને હાથથી પકડેલા ગાગરના કળશમાંથી અંગ સિંચન કરવાના ઢંગે ઊભેલી હોય એમ સ્પષ્ટ દેખાય છે. ચિત્રકારે પાંચેની સ્નાનક્રિયા બહુ સુંદર રીતે કરેલી છે.

ચિત્ર ૨૩૦: આમલકી ક્રીડા. સોહન. પાના ૭૪ ઉપરથી. વર્ણન માટે જુઓ આ ચિત્રને લગતું જ ચિત્ર ૨૨૪નું આમલકી ક્રીડાનું વર્ણન.

આ ચિત્રમાં વર્ધમાનકુમારે માથે મુકુટ તથા કાનમાં કુંડળ વગેરે આભૂષણો પહેરેલાં છે અને ડાબા હાથે ઝાડને વીંટાઈ વળેલા સર્પને મોં આગળથી પકડેલો છે. વર્ધમાનકુમારની પાછળ બે તથા ઉપરના ભાગમાં ત્રણ બીજા છોકરાઓ ચીતરેલા છે. ઠેઠ નીચેના ભાગમાં બંને બાજુ એકેક ઝાડ રજૂ કરેલું છે. મધ્યમાં દેવના ઉપર બેઠેલા વર્ધમાન અને તેમના જમણા હાથની મુષ્ટિનો પ્રહાર સહન નહિ થવાથી કદાવરમાંથી નાનો થઈને ઠીંગણા જેવો બની ગએલો દેવ ચીતરેલો છે. વળી નજીકમાં ઊભો રહેલો એક છોકરો જમણો હાથ ઊંચો કરીને બીજા છોકરાઓને બોલાવીને વર્ધમાનકુમારના આ પરાક્રમનો પ્રસંગ બતાવતો હોય એમ લાગે છે.

Plate LIV

ચિત્ર ૨૩૧: પ્રભુ મહાવીરની દીક્ષા. હંસ વિ. ૧ના પાના ૬૦ ઉપરથી. ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે, તેમાં કથાના પરિચયની શરૂઆત નીચેના પાલખીના ચિત્રથી થાય છે. વર્ણન માટે જુઓ આ જ પ્રસંગને લગતું ચિત્ર ૩૫નું વર્ણન. આ પછી ચિત્રના અનુસંધાને, ઉપરના ચિત્રમાં વર્ણવેલા પ્રભુ મહાવીરે કરેલા અનગારપણા(સાધુપણા)ના સ્વીકારનો પ્રસંગ જોવાનો છે. વર્ણનને માટે જુઓ ચિત્ર ૩૬નું આ જ પ્રસંગને લગતું વર્ણન.


ચિત્ર ૨૩૨ પ્રભુ મહાવીરની દીક્ષા. પુરાતત્ત્વવિદ્ શ્રી જિનવિજયજીની સુવર્ણાક્ષરી સંવત ૧૫૧૧ની શ્રી મહાવીર ચરિત્રની હસ્તપ્રત ઉપરથી. ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે; તેમાં કથાના પરિચયની શરૂઆત ઉપરના પ્રભુ મહાવીરે કરેલા સાધુપણાના સ્વીકારથી થાય છે. વર્ણન માટે જુઓ આ જ પ્રસંગને લગતું ચિત્ર ૩૭નું વર્ણન. આ પછી ચિત્રના અનુસંધાને, નીચેના ચિત્રમાં વર્ણવેલો પ્રભુ મહાવીરના સમવસરણનો પ્રસંગ જોવાનો છે. વર્ણન માટે જુઓ આ જ પ્રસંગને લગતું ચિત્ર ૧૬નું વર્ણન.

Plate LV

ચિત્ર ૨૩૩: વર્ષીદાન તથા દીક્ષામહોત્સવ. સોહન. પાના ૩૬ ઉપરથી. ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે. તેમાં કથાના પરિચયની શરૂઆત ઉપરના વર્ષીદાનના ચિત્રથી થાય છે. વર્ણન માટે જુઓ ચિત્ર ૩૪નું વર્ણન. પછી ચિત્રના અનુસંધાને, દીક્ષા-મહોત્સવનો પ્રસંગ જોવાનો છે. વર્ણન માટે જુઓ આ જ પ્રસંગને લગતું ચિત્ર ૩૫નું વર્ણન.

ચિત્ર ૨૩૪: પંચમુષ્ટિ લોચ. સોહન. પાના ૩૬ ઉપરથી. વર્ણન માટે જુઓ આ જ પ્રસંગને લગતું ચિત્ર ૩૬નું વર્ણન.

ચિત્ર ૨૩૫: ગૌતમસ્વામી. સોહન. પાના ૭૮ ઉપરથી. ચિત્રની મધ્યમાં લાકડાની સુંદર નકશીકામવાળી પાટ ઉપર પદ્માસનની બેઠકે ગૌતમસ્વામી બેઠા છે. તેઓશ્રીની પાછળના ભાગમાં બંને બાજુએ અને મસ્તકના ઉપરના ભાગમાં લાકડાની નકશીકામવાળું પૂઠિયું છે



चित्र २५५




Fig. 256 चित्र २५६



Fig. 257 चित्र २५७





જિનમંદિરની વિશાળતાનો [illegible] અને મંદિરની નીચેની પટ્ટીમાં ચારબાજુ હાથીઓ ચીતરેલા છે. પહાડની નીચેના ભાગમાં પહાડની આકૃતિ છે. અને મૂર્તિઓની નીચે ગોખાકૃતિમાં મંદિરની રચના [illegible] ચીતરીને રજૂ કરી છે

ચિત્ર ૨૪૦ મહાતીર્થ શ્રી ગીરનાર [illegible] પાના ૬૬ ઉપરથી. આ ચિત્રમાં શ્વેતાંબર જૈનોના બીજા મુખ્ય તીર્થ ગીરનારજીની રજૂઆત કરવાનો ચિત્રકારનો આશય હોય તેમ લાગે છે. ચિત્રની બરાબર મધ્યમાં શિખરબંધ જિનમંદિરમાં શંખના (લંછન-ચિહ્ન)વાળી આભૂષણ સહિત ગીરનાર તીર્થના મુખ્ય દેરાસરના મૂળનાયક બાવીસમા તીર્થંકર શ્રીનેમિનાથજીની સુંદર મૂર્તિ ચિત્રકારે ચીતરેલી છે. ચિત્ર ૨૩૯ની માફક આ ચિત્રમાં પણ શિખર ઉપર ધ્વજા ફરકી રહી છે. મૂળનાયકની જમણી બાજુએ એક પુરુષ અને એક સ્ત્રી બંને હાથની અંજલિ જોડીને સ્તુતિ કરતાં દેખાય છે. ઘણુંકરીને તેઓ આ પટ ચીતરાવનાર પતિ-પત્ની હશે એમ લાગે છે. ડાબી બાજુએ કાઉસગ્ગધ્યાને ઊભેલી એક સ્ત્રીની આકૃતિ છે, જે ઘણુંકરીને 'રાજિમતી'ની હોવી જોઇએ, કારણ કે ગીરનાર પર્વત પરના મુખ્ય મંદિરથી જરા દૂરની ટેકરી ઉપર 'રાજુલની ગુફા' નામની એક ગુફામાં 'રાજિમતી'ની મૂર્તિ આજે પણ ગીરનાર પર્વત પર વિદ્યમાન છે. રાજિમતીના મસ્તકના ઉપરના ભાગમાં એક ઉપર એક એમ બે પદ્માસનસ્થ જિન મૂર્તિઓ છે, જે ચીતરીને ગીરનાર ઉપરના બીજા જિનમંદિરોની રજૂઆત કરવાનો ચિત્રકારનો આશય હોય એમ લાગે છે. તે મૂર્તિઓના ઉપરના ભાગમાં એક મૃગયુગલ ચીતરેલુ છે. ચિત્રની ડાબી બાજુના શિખર ઉપર પણ એક પક્ષી ચીતરેલુ છે તથા ઉપરના ખૂણામાં પહાડની આકૃતિ રજૂ કરી શ્રીનેમિનાથ ભગવાનના શાસનની અધિષ્ઠાયિકા અંબિકાયક્ષિણી તથા યક્ષરાજની મૂર્તિઓ ચીતરેલી છે. ચિત્રના તળિયાંના ભાગમાં બંને બાજુ એકેક ઝાડ અને એકેક પુરુષ-યાત્રાળુ ડુંગર ઉપર ચડતા દેખાય છે. જમણી બાજુથી ચડતા યાત્રાળુના બંને હાથમાં ફૂલની માળા તથા ડાબી બાજુથી ચડતા યાત્રાળુના જમણા હાથમાં કાંઇક વાજિંત્ર જેવું અને ડાબો હાથ ઊંચો કરેલો છે. મધ્યમાં ધર્મચક્રના દ્યોતક બે હરણીઆં ચીતરેલાં છે, પરંતુ અજાયબીની વાત એ છે કે બીજા ચિત્રો તથા શિલ્પકામોની માફક આ ચિત્રનાં બંને હરણને એકબીજાની સન્મુખ રજૂ નહિ કરતાં અત્રે એકબીજાની પાછળ બેઠેલાં ચીતરેલાં છે.


Plate LVII

ચિત્ર ૨૪૧ સ્થૂલિભદ્ર, કોશા અને સાત બહેનો કુસુમ. પાના ૧૦૧ ઉપરથી. માઢરગોત્રવાળા સ્થવિર આર્ય સંભૂતિવિજયને ગૌતમ ગોત્રવાળા આર્ય સ્થૂલિભદ્ર શિષ્ય હતા. તેઓ પાટલીપુત્રના મહામંત્રી શકટાલના પુત્ર હતા. પૂર્વાવસ્થામાં તેઓ બાર વર્ષ સુધી કોશા નામની ગણિકાને ત્યાં રહ્યા હતા. વરરુચિ નામના વિદ્વાન બ્રાહ્મણના પ્રપંચથી મહામંત્રી શકટાલ મૃત્યુ પામ્યા. નંદરાજાએ સ્થૂલિભદ્રને બોલાવી મંત્રીપદ સ્વીકારવાનુ કહ્યું, પરંતુ પિતાના મૃત્યુને લીધે સંસારપર વૈરાગ્ય આવવાથી આર્ય સંભૂતિવિજયજી પાસે જૈનધર્મની સાધુદીક્ષા અંગિકાર કરી.

દીક્ષા અંગિકાર કરી, ગુરુની આજ્ઞા લઇ પૂર્વ પરિચિત કોશા ગણિકાને ત્યાં ચિત્રશાળામાં



Fig. 262 चित्र २६२







ચિત્રવિવરણ

[illegible]

કેળના પાંદડાં બાંધેલાં છે અને તેની ઉપરના ભાગમાં છત્ર તથા તોરણ બાંધેલું છે. પ્રભુ ગૃહસ્થા-વસ્થામાં એક સ્ત્રી સાથે હસ્તમેળાપ કરતા ચિત્રમાં દેખાય છે. બંનેની મધ્યમાં નીચે એક બ્રાહ્મણ બેઠેલો છે અને તે અગ્નિમાં ઘીની આહુતિ આપતો દેખાય છે. સૌથી નીચે બે પુરુષો તથા બે સ્ત્રીઓ ઊભેલા છે. સૌથી આગળના પ્રથમ પુરુષના જમણા હાથમાં ફૂલ છે અને પાછળના બીજા પુરુષનો જમણો હાથ ઊંચો કરેલો દેખાય છે. પાછળની બંને સ્ત્રીઓ પૈકીની પ્રથમ સ્ત્રીના જમણા હાથમાં સળગતો શગમુદીવો અને બીજી સ્ત્રીના ઊંચા કરેલા જમણા હાથમાં શ્રીફળ દેખાય છે. આ સ્ત્રી-પુરુષો આપણે ઉપર જણાવી ગયા તે પ્રમાણે મનુષ્યો નથી પણ દેવો છે. તે દર્શાવવા ચિત્રકારે દરેકના મસ્તકની આજુબાજુ ફરતું દિવ્ય તેજ બતાવવા માટે ગોળ આભામંડળો સફેદ રંગથી ચીતરેલાં છે. આ ચિત્ર પંદરમા સૈકાની લગ્ન-વ્યવસ્થાનો આબેહૂબ ખ્યાલ આપે છે.

ચિત્ર ૨૪૫ શ્રી ઋષભદેવનો રાજ્યાભિષેક. ઉપરના જ પાનાની ડાબી બાજુનો ચિત્ર-પ્રસંગ. ચિત્રના વર્ણન માટે જુઓ ચિત્ર ૨૬૪ના નીચેના પ્રસંગનું આ જ ચિત્રને લગતું વર્ણન. આ ચિત્રમાં સિંહાસન ઉપર વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈને પ્રભુ રાજગાદી ઉપર જમણા હાથમાં તલવાર પકડીને બેઠેલા છે, અને પ્રભુની સામે ડાબા હાથમાં પકડેલા કુમકુમનાં રત્ન-જડિત સુવર્ણપાત્રમાંથી લીધેલા કુમકુમ વડે જમણા હાથના અંગૂઠાથી પ્રભુના ભાલસ્થલમાં રાજ્યાભિષેકનું તિલક કરતો ઈન્દ્ર ઊભેલો છે. ઇન્દ્રના ચાર હાથ પૈકીનો નીચેનો જમણો હાથ વરદ મુદ્રાએ રાખેલો છે અને ઊંચા કરેલા ચોથા—ડાબા હાથમાં અંકુશ પકડેલો છે. બંનેના મસ્તક ઉપર રાજચિહ્ન તરીકે છત્ર છે અને બંનેના ચહેરાને ફરતાં દિવ્ય તેજનાં દ્યોતક આભામંડળો છે.

Plate LIX

ચિત્ર ૨૪૬: શ્રીમારૂદેવાની મુક્તિ. કાંતિ વિ. ૧ પાના ૭૧ ઉપરથી. ભરત ચક્રવર્તિએ મારૂદેવા માતાને પણ પોતાની સાથે લીધાં અને તેમને હાથી ઉપર બેસાડ્યા. સમવસરણની નજીક આવતાં જ ભરતે માતા મારૂદેવાને કહ્યું કે, 'માતાજી! આપના પુત્રની ઋદ્ધિ સામે એકવાર દૃષ્ટિ તો કરો!' ભરતના આનંદોદ્‌ગાર સાંભળી મારૂદેવા માતાના અંગેઅંગ રોમાંચિત થયાં. પાણીના પ્રવાહથી જેવી રીતે કાદવ ધોવાઈ જાય તેવી રીતે આનંદાશ્રુ વડે તેમનાં પડળ પણ ધોવાઈ ગયાં. પ્રભુની છત્રચામર વગેરે ઋદ્ધિ જોઈ તે મનમાં વિચાર કરવા લાગ્યાં કે, 'ખરેખર! મોહથી વિહ્વળ બનેલા પ્રાણીઓને ધિક્કાર છે! પોતાનો સ્વાર્થ હોય ત્યાં સુધી જ સહુ સ્નેહ બતાવે છે! આ ઋષભના દુઃખની નકામી ચિંતા કરીકરીને અને રડીરડીને આંધળી થઈ ગઈ, છતાં સુરઅસુરથી સેવાતા અને આવી અનુપમ સમૃદ્ધિ ભોગવતા આ ઋષભે મને સુખ સમાચારનો સંદેશો પણ ન મોકલ્યો! આવા સુખમાં માતા શેની યાદ આવે? એવા સ્વાર્થી સ્નેહને હજારો-વાર ધિક્કાર હો!' એવી ભાવના ભાવતાંભાવતાં મારૂદેવા માતાને કેવલજ્ઞાન ઉત્પન્ન થયુ અને તે જ ક્ષણે આયુષ્યનો ક્ષય થવાથી મુક્તિ પામ્યાં.

ચિત્રમા હાથી ઉપર આગળ બેઠેલાં શ્રીમારૂદેવા માતા છે, જેમના ડાબા હાથમાં શ્રીફળ છે, પાછળ બેઠેલા ચક્રવર્તિ ભરત છે; તેમના માથા ઉપર છત્ર છે. હાથીની આગળના ભાગમા જમણા ખભા ઉપર તલવાર તથા ડાબા હાથમાં ઢાલ રાખીને ચાલતો પદાતિ-સૈનિક છે.




Fig 267

ચિત્ર ૨૪૭ શ્રીબાહુબલિની તપશ્ચર્યા [illegible]
પ્રભુના બીજા પુત્ર બાહુબલિ મુનિએ [illegible]
[illegible] તેમને વિચાર થયો કે [illegible]
નાના ભાઈ. પણ દીક્ષાપર્યાયથી મોટા [illegible]
[illegible]માં પણ આવો મોટો હોવા છતાં [illegible]
તેને કેવલજ્ઞાન ઉત્પન્ન થાય નહિ [illegible]
[illegible] એક વર્ષ પર્યંત કાઉસગ્ગધ્યાનમાં [illegible]
બ્રાહ્મી અને સુંદરી નામની તેમની [illegible]
[illegible] હાથીથી નીચે ઉતરો [illegible]
અને અહંકારરૂપી હાથી પરથી નીચે ઉતર્યા [illegible]
ઉત્પન્ન થયું.

ડાબા હાથમાં [illegible] ની માંગણીઓ વગેરેની રજૂઆત ચિત્રકારની [illegible] કરી છે.

ચિત્ર ૨૫૧: કમઠ પંચાગ્નિ તપ [illegible] ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે. [illegible] પંચાગ્નિ તપના પ્રસંગથી થાય છે.

એક વખતે વારાણસી નગરીની બહાર કમઠ નામનો તાપસ પંચાગ્નિ તપ તપવા આવ્યો. તેની પંચાગ્નિ-તપ વગેરે કષ્ટક્રિયાઓ જોઈ નગરના લોકોને હાથમાં પુષ્પ વગેરે પૂજાની સામગ્રી લઈને તે દિશા તરફ જતા શ્રીપાર્શ્વકુમારે પોતાના મહેલના ઝરૂખામાંથી જોયા. પાર્શ્વકુમાર પણ તેને જોવા પરિવાર સહિત નીકળ્યા. તીવ્ર પંચાગ્નિના તાપથી તપતા કમઠને પ્રભુએ જોયો એટલું જ નહિ, પણ પાસેના અગ્નિકુંડમાં નાખેલા એક કાષ્ટની અંદર એક મોટા જીવતા સર્પને પણ બળતો તેઓશ્રીએ પોતાના જ્ઞાનબળથી નિહાળ્યો. કરુણાસમુદ્ર પાર્શ્વકુમાર બોલ્યા, 'હે મૂઢ તપસ્વી! દયા વિના ફોકટનું આ કષ્ટ શા માટે વેઠે છે? હે તપસ્વી! આ ક્લેશકારક, દયારહિત કષ્ટક્રિયા કરવી મૂકી દે.'

પાર્શ્વકુમારના વચન સાંભળી ક્રોધાયમાન થએલો કમઠ તાપસ કહેવા લાગ્યો, 'હું જાણું છું કે તમે એક રાજપુત્ર છો. રાજપુત્રો તો કેવળ હાથી-ઘોડા ખેલી જાણે! ધર્મનું સાચું તત્ત્વ કેવળ અમે તપોધન જ જાણીએ. તમારાં મોજશોખ તમને મુબારક હો, અમારા તપની વચમાં તમે વ્યર્થ માથું ન મારો.'

ક્ષમાસાગર કુમારે આ વખતે વધારે વાદવિવાદ નહિ કરતા પોતાના એક સેવક પાસે પેલું સળગતું કાષ્ટ બહાર કઢાવ્યું અને તેને યતનાપૂર્વક સાવચેતીથી ફડાવ્યું. તેમાંથી તરત જ તાપ વડે આકુળવ્યાકુળ અને મરણ પ્રાયઃ થએલો એક સર્પ નીકળ્યો. કુમારની આજ્ઞાથી એક સેવકે તે સર્પને નવકારમંત્ર તથા પ્રત્યાખ્યાન સંભળાવ્યું; તે સાંભળી સર્પ તરત જ મૃત્યુ પામી નાગાધિપ-ધરણેન્દ્ર થયો. કમઠ તાપસ લોકોનો તિરસ્કાર પામી પાર્શ્વકુમાર પ્રત્યે દ્વેષભાવ રાખતો લોકોમાં અપકીર્તિ પામી બીજે સ્થળે ચાલ્યો ગયો. તે અજ્ઞાનકષ્ટ તપ તપી મરણ પામીને ભવનવાસી મેઘકુમાર દેવોમાં મેઘમાલી નામનો દેવ થયો.

ચિત્રની એક બાજુ, ચારે દિશામાં અગ્નિકુંડો સળગે છે, અને મધ્યમાં કમઠ તાપસ બેઠેલો છે. કમઠના મસ્તકના ઉપરના ભાગમાં સૂર્ય ચીતરીને ચિત્રકારે પંચાગ્નિ તાપની રજુઆત કરી છે. ચિત્રની બીજી બાજુ ઉપરના ભાગમાં નોકરે યતનાપૂર્વક કાષ્ટ ચીરીને, બહાર કાઢેલો મરણતોલ સ્થિતિમાં સર્પ દેખાય છે અને તે સર્પને પોતાનો જમણો હાથ ઊંચો કરીને ઊભો રહેલો નોકર નવકાર મંત્ર અને પ્રત્યાખાન સંભળાવતો દેખાય છે. નીચેના ભાગમાં ઘોડા ઉપર બેઠેલા પાર્શ્વકુમાર સામે પંચાગ્નિ તપ તપતા કમઠ તાપસ સાથે વાદવિવાદ કરતા દેખાય છે.

ચિત્રના અનુસંધાને, કમઠોપસર્ગ નિવારણનો ઉપરનો પ્રસંગ જોવાનો છે. વર્ણન માટે જુઓ આ જ પ્રસંગને લગતું ચિત્ર ૧૯૩નું વર્ણન. ચિત્રની મધ્યમાં પ્રભુશ્રી પાર્શ્વનાથ પદ્માસનની બેઠકે આભૂષણો સહિત બેઠેલા છે. પ્રભુશ્રીના મસ્તક ઉપર નાગરાજની સાત ફણાઓ છે.



ચિત્ર ૨૫૩ શ્રી [illegible] સ્થૂલિભદ્ર અને સાત સાધ્વીઓ. કાંતિવિ. ૧ના પાના ૭૬ ઉપરથી.

[illegible] પોતાની વિદ્યાના જોરથી પોતાનું સિંહનું રૂપ [illegible] સાંભળી ત્યારે તેઓને [illegible]

ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે; તેમાં કથાના પરિચયની શરૂઆત ઉપરના ચિત્રના ચિત્રથી થાય છે. શ્રી સ્થૂલિભદ્ર સિંહનું રૂપ કરી બેઠેલા છે, બે સાધ્વીઓ હસ્તની અંજલિ જોડીને વંદન કરતી તથા સિંહનું રૂપ જોઈ વિસ્મિત થએલી દેખાય છે. આ પછી ચિત્રના અનુસંધાને, નીચે ચિત્રમાં વર્તમાન સ્થૂલિભદ્રની સાથે સાધ્વીઓનો પ્રસંગ જોવાનો છે. જમણા હાથમાં મુહપત્તિ રાખીને, સામે અંજલિ જોડીને ઊભી રહેલી બે સાધ્વીઓ સાથે તેઓ કંઈક વાતચિત કરતા દેખાય છે. જમણી તરફના ડાબી બાજુના ઉપરના ભાગમાં એક સાધુ તથા નીચેના ભાગમાં એક નર્તકીની રજૂઆત કરીને સ્થૂલિભદ્રમુનિ અને કોશાનો પ્રસંગ તાદૃશ કર્યો છે. પ્રાચીન ચિત્રોની માફક આ ચિત્રમાં પણ સાધુનો એક ખભો ખુલ્લો તથા સાધ્વીઓનું આખું શરીર ગરદનની નીચેના ભાગથી આચ્છાદિત થએલું દેખાય છે.

ચિત્ર ૨૫૪ શ્રી જંબુકુમાર અને આઠ સ્ત્રીઓ. કાંતિવિ. ૧ના પાના ૭૮ની જમણી બાજુ ઉપરથી ચિત્રમાં શ્રી જંબુકુમાર લગ્નની પ્રથમ રાત્રિએ જ પોતાની આઠે સ્ત્રીઓને સંસારની અસારતાનો ઉપદેશ આપતા હોય એમ લાગે છે. આઠે સ્ત્રીઓ અને જંબુકુમાર પોતે પણ વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થએલાં દેખાય છે.

Plate LXII

ચિત્ર ૨૫૫ શ્રી વજ્રસ્વામીની દેશના. કાંતિવિ ૧ના પાના ૭૯ની ડાબી બાજુ ઉપરથી. વજ્રસ્વામીને પાટલિપુત્રના એક ધનશ્રેષ્ઠિએ કરોડ ધન સાથે પોતાની પુત્રી પરણાવવા કહ્યું; અને પેલી પુત્રી પણ સાધ્વીઓ પાસેથી વજ્રમુનિના ગુણો સાંભળીને એટલી બધી મુગ્ધ બની હતી કે 'હું વરું તો વજ્રને જ વરું' એવો નિશ્ચય કરી બેઠી હતી, છતાં વજ્રમુનિએ મોહમાં ન ફસાયા અને પેલી રુક્મિણી નામની કન્યાને પ્રતિબોધી દીક્ષા આપી. વળી એક વખત દેશભરમાં ભારે દુષ્કાળ પડવાથી શ્રીસંઘને વિદ્યાના બળથી પોતાના વસ્ત્ર ઉપર બેસાડી એક સુકાળવાળા દેશમાં લઈ ગયા.

ચિત્રમા ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે, તેમાં કથાના પરિચયની શરૂઆત વજ્રસ્વામીની દેશનાના ઉપરના પ્રસંગથી થાય છે. ભદ્રાસન ઉપર બેસીને વજ્રસ્વામી દેશના આપતાં સામે બેઠેલો ધર્મશ્રેષ્ઠિ વગેરે શ્રોતાવર્ગ બે હસ્તની અંજલિ જોડીને દેશનાનું શ્રવણ કરતો દેખાય છે; વચ્ચે સ્થાપનાચાર્ય છે, જેની બાજુમાં સૌથી આગળ બે હાથ જોડીને રુક્મિણી કન્યા કે જેને વજ્રસ્વામીએ પ્રતિબોધીને દીક્ષા આપી હતી તે દેશનાનું શ્રવણ કરતી બેઠેલી છે. આ પછી ચિત્રના અનુસંધાને, વજ્રસ્વામીએ વિદ્યાના બળથી વિશાળ પટ વિકુર્વેલો છે તે પ્રસંગ જોવાનો છે.

ચિત્ર ૨૫૬. બારવર્ષી દુષ્કાળ સમયે સાધુઓનાં અનશન. કાંતિવિ. ૧ના પાના ૮૧ ઉપરથી પોતાનું મૃત્યુ નજીક આવી પહોંચેલું જાણી વજ્રસ્વામીજીએ પોતાના વજ્રસેન નામના



Fig 271

चित्र २७१




Fig 27[illegible]

Plate LXIII

ચિત્ર ૨૫૮: બ્રાહ્મણી દેવાનંદા અને ચૌદસ્વપ્ન હંસ વિ.૨.ના પાના ૩ ઉપરથી. વર્ણન માટે જુઓ આ જ પ્રસંગને લગતું ચિત્ર ૧૭નું વર્ણન.

Plate LXIV

ચિત્ર ૨૫૯: આર્યધર્મ ઉપર દેવે ધરેલુ છત્ર. હંસવિ. ૧ના પાના ૭૩ ઉપરથી. ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે કથાના પરિચયની શરૂઆત ઉપરના ચિત્રથી થાય છે. 'શીલ-લબ્ધિથી સંપન્ન અને જેમના દીક્ષામહોત્સવમાં દેવોએ ઉત્તમ છત્ર ધારણ કર્યું હતું તે સુવ્રત ગોત્રવાળા આર્યધર્મને હુ વંદું છું'[1] આર્યધર્મ બે હાથ જોડીને ગુરુની સન્મુખ બેઠા છે ગુરુ-મહારાજ માથે વાસક્ષેપ નાખતા દેખાય છે ગુરુની પાછળ એક નાના સાધુ હાથમા દંડ, પાત્ર તથા બગલમા ઓઘો રાખીને ઊભા છે આર્યધર્મની પાછળ દેવ પોતાના જમણા હાથથી છત્ર પકડીને તેઓના મસ્તક ઉપર ધરતો ઊભો છે. દેવને ચાર હાથ છે. દેવના પાછળના જમણા હાથમા દંડ છે. ઉપરના ભાગમાં બે પોપટ ચીતરેલા છે. આ પછી ચિત્રના અનુસધાને નીચેનો ચતુર્વિધ સંઘના વંદનનો પ્રસગ જોવાનો છે. ચિત્રમાં બે સાધુઓ, બે શ્રાવકો તથા બે શ્રાવિકાઓ બે હસ્તની અજલિ જોડીને શ્રી આર્યધર્મની સ્તુતિ–બહુમાન કરતાં દેખાય છે.

ચિત્ર ૨૬૦ પુસ્તકાલેખન. કાંતિવિ. ૧.ના પાના ૮૪ ઉપરથી. વીરનિર્વાણ સવત ૯૮૦ વિ.સં. ૫૧૦(ઇ.સ. ૪૫૩)માં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના આધિપત્યપણા નીચે આગમો પુસ્તકારૂઢ થયાં.

ચિત્રમાં ઉપર અને નીચે એમ બે પ્રસંગો છે. કથાના પરિચયની શરૂઆત ઉપરના પુસ્તકાલેખનના ચિત્રથી થાય છે ચતુર્વિધ સંઘ સમક્ષ ભદ્રાસન ઉપર બેસીને શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ ડાબા હાથમાં પુસ્તક તથા જમણા હાથમાં પકડેલી લેખનથી પુસ્તક લખતા હોય એમ લાગે છે સામે બે સાધુઓ તથા બે શ્રાવકો હસ્તની અજલિ જોડીને બેઠેલા છે. આ પછી ચિત્રના અનુસધાને, નીચેનો પુસ્તક સુધારવાની પદ્ધતિનો પ્રસંગ જોવાનો છે. ગુરુમહારાજ ગ્રંથ સુધારતા જણાય છે કારણ કે સામે બેઠેલા શિષ્યના હાથમા મષીભાજન પકડેલુ છે પદરમા સૈકાના સમયની લેખનપદ્ધતિ તથા ગ્રથસુધારણા પદ્ધતિનો સુંદર પુરાવો આ ચિત્ર આપણને પૂરો પાડે છે

ચિત્ર ૨૬૧: ચતુર્વિધ સંઘ. હંસવિ. ૧ના પાના ૮૬ ઉપરથી ચિત્રના ઉપરના ભાગમાંથી અનુક્રમે પહેલી લાઈનમાં છ દેવો, બીજીમાં પાંચ દેવીઓ, ત્રીજીમાં પાંચ સાધુઓ, ચોથીમાં પાંચ સાધ્વીઓ, પાંચમીમા પાચ ગૃહસ્થો તથા છઠ્ઠી–છેલ્લી લાઇનમાં પાંચ શ્રાવિકાઓ વગેરે ચતુર્વિધ સઘ શ્રમણ ભગવાન મહાવીરના ગુણગાન કરતો દેખાય છે પંદરમા સૈકામાં સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકાઓના પહેરવેશોની સુદર રજૂઆત આ ચિત્ર કરે છે.

Plate LXV

ચિત્ર ૨૬૨: નવનિધાન. કુસુમ પાના ૫૭ ઉપરથી. શ્રમણ ભગવાન મહાવીરના ગર્ભનુ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાથી ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં પરાવર્તન કર્યા પછી, તિર્છા લોકમા

---

[1] वदामि अज्जधम्मं च सुव्वय सीललद्धीसपन्न ।
जस निक्खमणे देवो, छत्त वरमुत्तम वहई ॥ ३१ ॥ ७ ॥ —कल्पसूत्र पृष्ठ ६९




Fig 276-277

चित्र [illegible]

નિરૂપણ કરનાર બ્લોક જાતિના હોય છે. પૂર્વે દર્શાવેલા [illegible]
[illegible]ને સિદ્ધાર્થરાજાના ભવનમાં [illegible]

ચિત્રમાં નવ મહાનિધાનના અધિષ્ઠાયક નવ દેવો [illegible]
[illegible] કલ્પસૂત્રની કેટલીક સચિત્ર હસ્તપ્રતોમાં [illegible]
[illegible], ચીતરેલી મળી આવે છે.

ચિત્ર ૬૬: પાર્શ્વનાથની દીક્ષા [illegible]
પ્રસંગને લગતું ચિત્ર પણ [illegible] ચિત્રમાં [illegible]
ચીતરવાને બદલે. આ ચિત્ર ચીતરનાર [illegible]
[illegible] પ્રભુની આજુબાજુ [illegible]
[illegible]
[illegible] કલ્પસૂત્રની બીજી કેટલીક [illegible]

નો છે 'શ્રીઋષભપંચાશિકા'ના ૧૦મા શ્લોકમાં આ પ્રમાણનું વર્ણન નીચે મુજબ આપેલું છે[1] 'જેમણે (શબ્દ-વિદ્યા, લેખન, ગણિત, ગીત ઇત્યાદિ) વિદ્યા-કલાઓ અને (કુંભારાદિ કર્તાં) શિલ્પો દેખાડ્યાં છે તેમજ જેમણે (ખેતી, પશુ-પાલન, વાણિજ્ય, દાસ ઇત્યાદિ) અનેક (પ્રકારનો) લોક-વ્યવહાર (પણ) સારી રીતે સમજાવ્યો છે, એવા આપ જે પ્રજાઓના સ્વામી થયા છો તે કૃતાર્થ છે.'૧૦

તેઓએ બતાવેલી પુરુષની બોતેર તથા સ્ત્રીઓની ચોસઠ કળાઓનું નિવેદન આપણે અગાઉ કરી ગયા છીએ. શિલ્પના મુખ્ય પાંચ ભેદો છે. 'આવશ્યક-નિર્યુક્તિ'ની ગાથા ૨૦૭માં તેનું નીચે પ્રમાણે વર્ણન છે· 'કુંભાર, લુહાર, ચિતારો, વણકર અને નાપિત(હજામ)ના એમ પાંચ શિલ્પો મુખ્ય છે અને વળી તે પ્રત્યેકના વીસવીસ અવાન્તર ભેદો છે.'[2]

જગતને કુંભારની કળા પ્રથમ તીર્થંકરે બતાવી હતી. (હિંદુ શાસ્ત્રમાં બ્રહ્માએ બતાવી હતી એમ કહેવામાં આવે છે.) પ્રસંગ એમ બન્યો હતો કે કલ્પવૃક્ષોનો વિચ્છેદ થવાથી લોકો કંદમૂળ અને ફલાદિક ખાતા હતા અને ઘઉં, ચોખા ઈત્યાદિ અનાજ કાચું ને કાચું ખાતા હતા. તે તેમને પચતું નહોતું. આથી પ્રજાએ પ્રભુને વિજ્ઞપ્તિ કરી, ત્યારે હાથથી ઘસીને પાણીમાં પલાળીને અને પાંદડાના પડીઆમા લઇને ખાવું એમ તેમણે ઉપદેશ આપ્યો. એમ કરવા છતા પણ લોકોનુ દુઃખ દૂર થયુ નહિ, એટલે ફરીથી તેઓએ પ્રભુને વિજ્ઞપ્તિ કરી પ્રભુએ કહ્યું કે મેં સૂચવ્યા મુજબ પૂર્વોક્ત વિધિ કર્યા બાદ ઘઉં વગેરેને મુષ્ટિમાં અથવા બગલમાં થોડો વખત રાખ્યા બાદ ભક્ષણ કરો. આમ કરવાથી પણ તેમનુ દુઃખ દૂર થયુ નહિ. તેવામાં વૃક્ષની શાખાઓ પરસ્પર ઘસાતાં અગ્નિ ઉત્પન્ન થયો. આના વાસ્તવિક સ્વરૂપથી અજાણ્યા એવા તે સમયના મનુષ્યો તેને રત્ન જાણીને પકડવા ગયા, પરતુ તેથી તો તેમના હાથ દાઝવા લાગ્યા. આથી અગ્નિને કોઈ અદ્‌ભુત ભૂત માનતા તથા તેથી ત્રાસ પામતા લોકો પ્રભુ સમક્ષ આવ્યા, ત્યારે પ્રભુએ તેમને કહ્યું કે સ્નિગ્ધ અને રૂક્ષ કાળનો દોષ થવાથી આ તો અગ્નિ ઉત્પન્ન થયો છે; માટે તમારે તેની પાસે જવુ અને તેની સમીપમાં રહેલાં તૃણાદિકને દૂર કરી તેને ગ્રહણ કરવો અને ત્યારબાદ પૂર્વોક્ત વિધિ પ્રમાણે તૈયાર કરેલા ઘઉં વગેરેને તેમાં નાંખી પકવ કરી તેનો આહાર કરવો તે મુગ્ધ લોકોએ તેમ કર્યું, એટલે ઘઉં વગેરેને તો અગ્નિ સ્વાહા કરી જવા લાગ્યો. આ વાત તેઓએ પ્રભુ સમક્ષ રજૂ કરી આ સમયે પ્રભુ હાથી ઉપર બેઠેલા હતા. એમણે ત્યાં જ તેઓની પાસે લીલી માટીનો પિંડ મંગાવી તેને હાથીના કુંભસ્થળ ઉપર મૂકી તેનું એક પાત્ર બનાવ્યુ અને એ પ્રમાણે પાત્ર બનાવી તેમા ઘઉં વગેરે રાખી તેને અગ્નિની મદદથી પકાવી તે ખાવાની તેમને સૂચના કરી. આ પ્રમાણે પ્રભુએ કુંભારના શિલ્પનો વિધિ બતાવ્યો.

ચિત્રમા સફેદ હાથી ઉપર ઋષભદેવ બેઠા છે. તેઓશ્રીના ડાબા હાથમાં માટીનુ એક પાત્ર છે અને તે હાથ ઊંચો કરીને સામે ઊભા રહેલા યુગલિક પુરુષને તે આપવા માટે ઉત્સુકતા

---

૧ दाविअविज्जासिप्पो, वज्जरिआसेसलो अववहारो।
जाओ सि जाण सामिअ, याओ ताओ कयत्थाओ ॥ १० ॥

२ पंचेव य सिप्पाइं, घड १ लोहे २ चित्त ३ णंत ४ -कासवए ५।
इक्किक्कस्स य इत्तो, वीसं वीसं भवे भेया ॥ २०७ ॥

થકી હેઠા ઉતરશે?, ગજે તે કેવલ ન હોય !' આ સ્ત્રીઓના પાછળ પણ બીજાં ત્રણ ઝાડ ઉગેલા ચિત્રકારે બનાવ્યાં છે.

Plate LXVII

૨૬૬: ઈન્દ્રસભા. કુસુમ પાના ૮ ઉપરથી. વર્ણન માટે જુઓ આ જ પ્રસંગને લગતું ચિત્ર ૨૨નુ વર્ણન. ચિત્રની મધ્યમાં સૌધર્મેન્દ્ર સભામાં શક્ર નામના સિંહાસન ઉપર ભદ્રાસનની બેઠકે બિરાજમાન થએલો છે. સૌધર્મેન્દ્રના ચાર હાથ પૈકી ઉપરના જમણા હાથમાં અંકુશ તથા ડાબા હાથમા બંને બાજુ ત્રણ ત્રણ પાંખડાઓવાળુ વજ્ર છે: અને નીચેનો જમણો હાથ કોઈને આજ્ઞા આપતો હોય તેવી રીતે ઉંચો કરેલો છે તથા ડાબા હાથમાં ફલ છે, મસ્તક ઉપર છત્ર છે સિંહાસનની પાછળ ચામર ધરનારી એક સ્ત્રી પરિચારિકા ઊભેલી છે ઇંદ્રની બંને બાજુએ ચાર ચાર મલીને, કુલ આઠ તેની પટરાણીઓ ઈન્દ્રસભામાં બેઠેલી છે આ બા પાનામા આ ચિત્ર સિવાય બીજુ કાઈ લખાણ વગેરે નથી.

वासावासं पज्जोसवियाणं नो से कप्पति निग्गंथाण वा निग्गंथीण वा जाव उवस्सयाओ सत्तघरंतरं संखडिसन्नियट्टचारिस्स एँत्तए। ⊢एँगे पुण एवमाहंसु—नो कप्पइ जाव उवस्सयाओ परेणं संखडिं सन्नियट्टचारिस्स एत्तए⊣। एगे पुण एवमाहंसु—नो कप्पइ जाव उवस्सयाओ परंपरेण संखडिं सन्नियट्टचारिस्स एत्तए॥ २५२॥

वासावासं पज्जोसवि० नो कप्पइ पाणिपडिग्गाहियस्स भिक्खुस्सँ कणगफुसियमित्तमवि वुट्ठिकायंसि निवयमाँणंसि गाहावइकुलं भत्ताए

१ उसिणवियडे पडि° ख–ग। उसिणे वियडे पडि° घ–च। उसिणोदवे पडि° छ॥ २ ससित्थए ग–घ॥ ३ भत्तपाणपडि° च–छ॥ ४ उसिणोदवे पडि° ग॥ ५ ⊢⊣ एतच्चिह्न-मध्यगत. पाठ. छ एव॥ ६ °कुलं पिंडवायपडियाए निक्ख° छ॥ ७ एगच्च, एगे एवमाहंसु। एगे पुण ख–छ॥ ८ ⊢⊣ एतच्चिह्नान्तर्गतः पाठः नास्ति ख–छ॥ ९ [illegible] कणग° च–छ॥ १० °माणंसि पज्जोसवित्तए। नो कप्पइ [illegible] छ।

वा पाणाए वा नि० प०॥ २५३॥ वासावासं पज्जोसवियस्स पाणिपडिग्गहियस्स भिक्खुस्स नो कप्पइ अगिहंसि पिंडवायं पडिग्गाहित्ता पज्जोसवित्तए. ⊢पज्जोसवेमाणस्स सहसा वुट्ठिकाए निवइज्जा⊣ देसं भोच्चा देसमायाय पाणिणा पाणिं परिपिहित्ता उरंसि वा णं निलिज्जिज्जा, कक्खंसि वा णं समाहडिज्जा, अहाछन्नाणि वा लयणाणि उवागच्छिज्जा, रुक्खमूलाणि वा उवागच्छिज्जा, जहा से पाणिंसि दए वा दगरए वा दगफुसिया वा नो परियावज्जइ॥ २५४॥ ⊢वासावासं पज्जोसवि० पाणिपडिग्गहियस्स भिक्खुस्स जं किंचि कणगफुसियमित्तं पि निवडइ नो से कप्पइ भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा॥२५५॥⊣ वासावासं पज्जोसवि० पडिग्गहधारिस्स भिक्खुस्स नो कप्पइ वग्घारियवुट्ठिकायंसि गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा, कप्पइ से अप्पवुट्ठिकायंसि संतरुत्तरंसि गाहावइकुलं भत्ताए पाणाए वा नि० वा प० वा॥ २५६॥ (ग्रं० ११००)

वासावासं पज्जो० निग्गंथस्स निग्गंथीए वा गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठस्स निगिज्झिय २ वुट्ठिकाए निवएज्जा कप्पइ से अहे आरामंसि वा अहे उवस्सयंसि वा अहे वियडगिहंसि वा अहे रुक्खमूलंसि वा उवागच्छित्तए, तत्थ से पुव्वागमणेणं पुव्वाउत्ते चाउलोदणे पच्छाउत्ते भिलिंगसूवे कप्पइ से चाउलोदणे पडिग्गाहित्तए नो से कप्पइ भिलिंगसूवे पडिग्गाहित्तए, तत्थ से पुव्वागमणेणं पुव्वाउत्ते भिलिंगसूवे पच्छाउत्ते चाउलोदणे कप्पइ से भिलिंगसूवे पडिग्गाहित्तए नो से कप्पइ चाउलोदणे पडिग्गाहित्तए, तत्थ से पुव्वागमणेणं दो वि पुव्वाउत्ताइं

---

१ ⊢—⊣ एतच्चिह्नमध्यगतः पाठः छ-एव॥ २ °हरिज्जा क॥ ३ वा लेणाणि क विना॥ ४ °ज्जा, निरो(रा)वरिसं वा रुक्खमूलं उवासेज्जा, जहा च॥ ५ °वज्जेज्जा। छ॥ ६ ⊢—⊣ एतच्चिह्नमध्यवर्त्ति सूत्रं च-छ नास्ति॥

वट्टंति कप्पंति से दो वि पडिगाहित्तए, तत्थ से पुव्वागमणेणं दो वि पच्छाउत्ताइं नो से कप्पंति दो वि पडिग्गाहित्तए, जे से तत्थ पुव्वागमणेणं पुव्वाउत्ते से कप्पइ पडिगाहित्तए, जे से तत्थ पुव्वागमणेणं पच्छाउत्ते से नो कप्पइ पडिग्गाहित्तए ॥ २५७ ॥

वासावासं पज्जोसवि० निग्गंथस्स गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठस्स निगिज्झिय २ वुट्ठिकाए निवएज्जा कप्पइ से अहे आरामंसि वा अहे उवस्सयंसि वा अहे वियडगिहंसि वा अहे रुक्खमूलंसि वा उवागच्छित्तए, नो से कप्पइ पुव्वगहिएणं भत्तपाणेणं वेलं उवाइणावित्तए, कप्पइ से पुव्वामेव वियडगं भोच्चा पिच्चा पडिग्गहगं संलिहिय सं २ पमज्जिय २ एगायगं भंडगं कट्टु[1] जाव सेसे सूरिए जेणेव उवस्सए तेणेव उवागच्छित्तए, नो से कप्पइ तं रयणिं तत्थेव उवायणावित्तए ॥ २५८ ॥

वासावासं पज्जोसवि० निग्गंथस्स गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठस्स निगिज्झिय २ वुट्ठिकाए निवइज्जा कप्पइ से अहे आरामंसि वा अहे उवस्सयंसि वा जाव उवागच्छित्तए, तत्थ नो कप्पइ एगस्स य निग्गंथस्स एगाए य निग्गंथीए एगयओ चिट्ठित्तए, तत्थ नो कप्पइ एगस्स निग्गंथस्स दोण्ह य निग्गंथीणं एगयओ चिट्ठित्तए. तत्थ नो कप्पइ एगस्स निग्गंथस्स दोण्ह य निग्गंथीणं एगयओ चिट्ठित्तए. तत्थ नो कप्पइ दोण्ह य निग्गंथाणं एगाए य निग्गंथीए एगयओ चिट्ठित्तए, तत्थ नो कप्पइ दोण्ह य निग्गंथाणं दोण्ह य निग्गंथीणं एगयओ चिट्ठित्तए, अत्थि या इत्थ केइ पंचमए खुड्डए वा खुड्डिया वा अन्नेसिं वा संलोए सपडिदुवारे एवण्हं कप्पइ एगयओ चिट्ठित्तए ॥ २५९ ॥ वासावासं पज्जोसवि० निग्गंथस्स गाहावइकुलं पिंडवायपडियाए अणुप-

१ कट्टु जेणेव व–विना ॥

विट्ठस्स निगिज्झिय २ वुट्ठिकाए निवएज्जा कप्पइ से अहे आरामं० अहे उवस्सयं० वा उवागच्छित्तए, तत्थ नो कप्पइ एगस्स निग्गंथस्स एगाए य अगारीए एगयओ चिट्ठित्तए, एवं चउभंगो, अत्थि णा इत्थ केइ पंचमए थेरे वा थेरिया वा अन्नेसिं वा संलोते सपडिदुवारे एवं कप्पइ एगयओ चिट्ठित्तए ॥ २६० ॥ ।–एतं चेव निग्गंथीए अगारस्स य भाणियव्वं। ॥ २६१ ॥

वासावासं पज्जोसवि० नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा अपरिन्नएणं अपरिन्नयस्सा अट्ठाए असणं वा ४ जाव पडिग्गाहित्तए, से किमाहु भंते!? इच्छा परो अपडिन्नते भुंजिज्जा, इच्छा परो न भुंजिज्जा ॥ २६२ ॥

वासावासं० नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा उदउल्लेण वा ससणिद्धेण वा काएणं असणं वा ४ आहारित्तए ॥ २६३ ॥ से किमाहु भंते!? सत्त सिणेहायतणा, तं जहा–पाणी पाणीलेहा नहा नहसिहा भमुहा अहरोट्ठा उत्तरोट्ठा। अह पुण एवं जाणेज्जा–विगओदए से काए छिन्नसिणेहे एवं से कप्पइ असणं वा ४ आहारित्तए ॥ २६४ ॥

वासावासं प० इह खलु निग्गंथाण वा निग्गंथीण वा इमाइं अट्ठ सुहुमाइं, जाइं छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा अभिक्खणं २ जाणियव्वाइं पासियव्वाइं पडिलेहियव्वाइं भवंति, तं०–पाणसुहुमं पणगसुहुमं बीयसुहुमं हरियसुहुमं पुप्फसुहुमं अंडसुहुमं लेणसुहुमं सिणेहसुहुमं ॥२६५॥ से किं तं पाणसुहुमे? २ पंचविहे पण्णत्ते, तं जहा किण्हे नीले लोहिए हालिद्दे सुक्किले, अत्थि कुंथू अणुद्धरी नामं जा ठिया अचलमाणा छउमत्थाणं णिग्गंथाण वा णिग्गंथीण वा नो चक्खुफासं हव्व-

१ ।—। एतन्मध्यगतः पाठः छ एव वर्त्तते ॥ २ अपरिन्नत्तेणं अपरिन्नत्तस्स च-छ॥

मागच्छइ, जा अट्ठिया चलमाणा छउमत्थाणं चक्खुफासं हव्वमागच्छइ, जा छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा अभिक्खणं २ जाणियव्वा पासियव्वा पडिलेहियव्वा भवइ, से त्तं पाणसुहुमे १ ॥२६६॥ से किं तं पणगसुहुमे ? २ पंचविहे पण्णत्ते, तं जहा—किण्हे नीले लोहिए हालिद्दे सुक्किले, अत्थि पणगसुहुमे तद्दव्वसमाणवन्नए नामं पण्णत्ते, जे छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा जाव पडिलेहियव्वे भवति से त्तं पणगसुहुमे २ ॥२६७॥ से किं तं वीयसुहुमे ? २ पंचविहे पण्णत्ते, तंजहा—किण्हे जाव सुक्किल्ले, अत्थि वीयसुहुमे कण्णियासमाणवन्नए नामं पण्णत्ते, जे छउमत्थेणं निग्गंथेण वा २ जाव पडिलेहियव्वे भवइ, से त्तं वीयसुहुमे ३ ॥ २६८ ॥ से किं तं हरियसुहुमे ? २ पंचविहे पन्नत्ते, तं जहा—किण्हे जाव सुक्किल्ले, अत्थि हरियसुहुमे पुढवीसमाणवन्नए, जे छउमत्थेणं निग्गंथेण वा २ अभिक्खणं २ जाणियव्वे जाव पडिलेहियव्वे भवइ, से त्तं हरियसुहुमे ४ ॥ २६९ ॥ से किं तं पुप्फसुहुमे ? २ पंचविहे पन्नत्ते, तं जहा—किण्हे जाव सुक्किल्ले, अत्थि पुप्फसुहुमे रुक्खसमाणवन्ने नामं पन्नत्ते, जे छउमत्थेणं निग्गंथेण वा २ अभिक्खणं २ जाणियव्वे जाव पडिलेहियव्वे भवति, से त्तं पुप्फसुहुमे ५ ॥ २७० ॥ से किं तं अंडसुहुमे ? २ पंचविहे पन्नत्ते, तं जहा—उद्दंसंडे उक्कलियंडे पिपीलियंडे हलियंडे हल्लोहलियंडे, जे छउमत्थेणं निग्गंथेण वा नि० २ जाव पडिलेहियव्वे भवइ, से त्तं अंडसुहुमे ६ ॥ २७१ ॥ से किं तं लेणसुहुमे ? २ पंचविहे पन्नत्ते, तं जहा—उत्तिंगलेणे भिंगुलेणे उज्जुए तालमूलए संवोक्कावट्टे नामं पंचमे, जे छउमत्थेणं निग्गंथेण वा निग्गंथीए वा अभिक्खणं २ जाणियव्वे जाव पडिलेहियव्वे भवइ, से त्तं लेणसुहुमे ७ ॥ २७२ ॥ से किं तं सिणेहसुहुमे ? २ पंचविहे पण्णत्ते, तं०—उस्सा हिमए महिया करए,

[illegible] जाव पडिलेहित्तए भवइ, से तं [illegible] ॥ २७३ ॥

[illegible] भिक्खू इच्छिज्जा गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा उवज्झायं वा थेरं वा पवत्तिं वा गणिं वा गणहरं वा गणावच्छेययं वा जं वा पुरओ काउं विहरइ, कप्पइ से आपुच्छिउं आयरियं वा जाव जं वा पुरओ काउं विहरइ—इच्छामि णं भंते! तुब्भेहिं अब्भणुन्नाए समाणे गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा, ते य से वियरेज्जा एवं से कप्पइ गाहावइकुलं भत्ताए वा जाव पविसित्तए वा, ते य से नो वियरेज्जा एवं से नो कप्पइ गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा, से किमाहु भंते!? आयरिया पच्चवायं जाणंति ॥ २७४ ॥ एवं विहारभूमिं वा वियारभूमिं वा अन्नं वा जं किं पि पओयणं, एवं गामाणुगामं दुइज्जित्तए ॥ २७५ ॥

वासावासं पज्जोसविए भिक्खु य इच्छिज्जा अन्नयरिं विगइं आहारित्तए नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा जाव गणावच्छेययं वा जं वा पुरओ कट्टु विहरइ, कप्पइ से आपुच्छित्ता णं तं चेव—इच्छामि णं भंते! तुब्भेहिं अब्भणुन्नाए समाणे अन्नयरिं विगइं आहारित्तए, तं एवइयं वा एवतिक्खुत्तो वा, ते य से वियरेज्जा एवं से कप्पइ अन्नयरिं विगइं आहारित्तए, ते य से नो वियरेज्जा एवं से नो

१ जं च णं पु० छ ॥ २ कट्टु च-छ ॥ ३ आपुच्छेत्ता ख-च ॥ ४ जं च णं पु० छ ॥ ५ कट्टु च-छ ॥ ६ थेरा पच्च० च। थेरा चेव पच्च० छ ॥ ७ वासावासं० भिक्खु य इच्छेज्जा बहिया वियारभूमिं वा विहारभूमिं वा पवि० वा नि० वा, एत्थ वि तहेव, थेरा चेव पच्चवायं जाणंति ॥ २७५ ॥ वासावासं छ ॥

कप्पइ अन्नयरिं विगइं आहरित्तए, से किमाहु भंते!? आयरिया पच्चवायं जाणंति॥ २७६॥ वासावासं प० भिक्खु य इच्छेज्जा अन्नयरिं तेइच्छं आउट्टित्तए[2], तं चेव सव्वं॥ २७७॥ वासावासं प० भिक्खु य इच्छिज्जा अन्नयरं ओरालं तवोकम्मं उवसंपज्जित्ता णं विहरित्तए, तं चेव सव्वं॥ २७८॥ वासावासं पज्जोसविए भिक्खु य इच्छिज्जा अपच्छिममारणंतियसंलेहणाजूसणाझूसिए भत्तपाण-पडियाइक्खिए पाओवगए कालं अणवकंखमाणे विहरत्तए वा निक्खमित्तए वा पविसित्तए वा, असणं वा ४ आहारित्तए वा, उच्चारपासवणं वा परिट्ठावित्तए सज्झायं वा करित्तए धम्मजागरियं वा जागरित्तए, नो से कप्पइ अणापुच्छित्ता तं चेव॥ २७९॥

वासावासं पज्जोसविए भिक्खु य इच्छिज्जा वत्थं वा पडिग्गहं वा कंवलं वा पायपुंछणं वा अन्नयरिं[3] वा उवहिं आयावित्तए वा पयावित्तए वा, नो से कप्पइ एगं वा अणेगं वा अपडिण्णवित्ता गाहावइकुलं भत्ताए वा पाणाए वा निक्खमित्तए वा पविसित्तए वा, असणं वा पाणं वा खाइमं वा साइमं वा आहारित्तए, वहिया विहारभूमिं वा वियारभूमिं वा सज्झायं वा करित्तए, काउस्सग्गं वा ठाणं वा ठाइत्तए, अत्थि या इत्थ केई अहासन्निहिए एगे वा अणेगे वा कप्पइ से एवं वदित्तए—इमं ता अज्जो! तुमं मुहुत्तगं जाणाहि जाव ताव अहं

१ थेरा छ॥ २ °त्तए, णो से कप्पति अणापुच्छित्ता तहेव जाव इच्छामि णं भंते! तुब्भेहिं अब्भणुण्णाए समाणे अण्णतरिं तेइच्छं आउट्टित्तए, ते य से वि० एवं से कप्पति तुब्भेहिं अब्भणुण्णाए समाणे अण्णतरिं०, ते य से णो वियरे० तहेव जाव पच्चवातं जाणंति। वासावासं० भिक्खु य इच्छेज्जा अण्णतरं ओरालं कल्लाणं सिवं धण्णं मंगल्लं सस्सिरीयं [illegible] तवोकम्मं उवसं-पज्जित्ताणं विहरित्तए तहेव अभिलावो॥ वासावासं छ। ३ [illegible] घ॥ ४ वा उच्चारपासवणं परिट्ठावित्तए सज्झायं क-ग। ५ °त्तए, धम्मजागरियं वा जागरि° काउस्सग्गं छ॥ ६ वा। अभिसमन्नागए अहास° ग।

गाहावइकुलं जाव काउस्सग्गं वा ठाणं वा ठाइत्तए, से य से पडिसुणिज्जा एवं से कप्पइ गाहावइ तं चेव, से य से नो पडिसुणिज्जा एवं से नो कप्पइ गाहावइकुलं जाव काउस्सग्गं वा ठाणं वा ठाइत्तए ॥ २८० ॥

वासावासं० नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा अणभिग्गहियसेज्जासणियं होत्तए, आयाणमेतं. अणभिग्गहियसेज्जासणियस्स अणुच्चाकुइयस्स अणट्ठाबंधिस्स अमियासणियस्स अणातावियस्स असमियस्स अभिक्खणं २ अपडिलेहणासीलस्स अपमज्जणासीलस्स तहा २ णं संजमे दुराराहए भवइ; अणायाणमेतं. अभिग्गहियसेज्जासणियस्स उच्चाकुवियस्स अट्ठाबंधिस्स मियासणियस्स आयाविस्स समियस्स अभिक्खणं, २ पडिलेहणासीलस्स पमज्जणासीलस्स तहा २ णं संजमे सुआराहए भवइ ॥ २८१ ॥

वासावासं पज्जोसवि० कप्पइ निग्गंथाण वा २ तओ उच्चारपासवणभूमीओ पडिलेहित्तएँ, न तहा हेमंतगिम्हासु जहा णं वासावासेसु, से किमाहु भंते! ? वासावासएसु णं ओसन्नं पाणा य तणा य बीया य पणगा य हरियायणा य भवंति ॥ २८२ ॥ वासावासं पज्जोसवि० कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा तओ मत्तगाइं गिण्हित्तए, तं०—उच्चारमत्तए पासवणमत्तए खेलमत्तए ॥ २८३ ॥

वासावासं पज्जोसवि० नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा परं पज्जोसवणाओ गोलोमप्पमाणमित्ते वि केसे तं रयणिं उवायणावित्तएँ, पक्खिया आरोवणा, मासिते खुरमुंडे, अद्धमासिए कत्तरिमुंडे, छम्मासिए लोए, संवच्छरिए वा थेरकप्पे ॥ २८४ ॥

---

१ °कुलं भत्ताए वा पाणाए वा पविसामि वा णिक्खमामि वा जाव च॥ २ ठामि, से य च-छ॥ ३ कप्पइ जाव काउस्सग्गं वा ठाणं वा ठाइत्तए, से य से णो पडिसुणेज्जा च॥ ४ °त्तए, णो चेव णं तहा च॥ ५ वासासु क-विना॥ ६ हरियातणा च॥ ७ °त्तए, अज्जेणं खुरमुंडएण वा लुक्कसिरएण वा होयव्वं सिया, पक्खिया छ॥

वासावासं पज्जोसवि० नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा परं पज्जोसवणाओ अहिगरणं वदित्तए, जो णं निग्गंथो वा २ परं पज्जोसवणाओ अहिगरणं वयइ से णं 'अकप्पेणं अज्जो! वयसी'ति वत्तव्वे सिया, जो णं निग्गंथो वा २ परं पज्जोसवणाओ अहिगरणं वयइ से णं निज्जूहियव्वे सिया ॥ २८५ ॥ वासवासं पज्जोसवि० इह खलु निग्गंथाण वा २ अज्जेव कक्खडे कडुए वुग्गहे समुप्पज्जिज्जा सेहे राइणियं खामिज्जा, राइणिए वि सेहं खामिज्जा, [ग्रं० १२००] खमियव्वं खमावेयव्वं, उवसमियव्वं उवसमावेयव्वं, सम्मुइसंपुच्छणाबहुलेणं होयव्वं, जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा, तम्हा अप्पणा चेव उवसमियव्वं, से किमाहु भंते!? उवसमसारं खु सामण्णं ॥ २८६ ॥

वासावासं प० कप्पइ निग्गंथाण वा २ तओ उवस्सया गिन्हित्तए, वेउव्विया पडिलेहा साइज्जिया पमज्जणा ॥ २८७ ॥ वासावासं० कप्पइ निग्गंथाण वा २ अन्नयरिं दिसं वा अणुदिसं वा अवगिज्झिय भत्तपाणं गवेसित्तए, से किमाहु भंते!? ओसन्नं समणा भगवंतो तवसंपउत्ता भवंति, तवस्सी दुव्वले किलंते मुच्छिज्ज वा पवडिज्ज वा तामेव दिसं वा अणुदिसं वा समणा भगवंतो पडिजागरंति ॥ २८८ ॥

वासावासं प० कप्पइ निग्गंथाण वा २ जाव चत्तारि पंच जोयणाइं गंतुं पडियत्तए, अंतरा वि से कप्पइ वत्थए, नो से कप्पइ तं रयणिं तत्थेव उवायणावित्तए ॥ २८९ ॥

इच्चेयं संवच्छरियं थेरकप्पं अहासुत्तं अहाकप्पं अहामग्गं अहातच्चं सम्मं काएणं फासित्ता पालित्ता सोभित्ता तीरित्ता किट्टित्ता आराहित्ता

---

१ वयइ वदंतं वा सातिज्जति च-छ ॥ २ खामेयव्वं च-विना ॥ ३ उवसामियव्वं ग-च-छ । ४ समणा भगवंतो तव० च ॥

શ્રમણ ભગવાન વીરવર્દ્ધમાનસ્વામિને નમસ્કાર થાઓ

ચરમશ્રુતકેવલિશ્રીભદ્રબાહુસ્વામિ વિરચિત

કલ્પસૂત્ર

(દશાશ્રુત સ્કંધનું આઠમું અધ્યયન)



॥ શ્રીસર્વજ્ઞને નમસ્કાર ॥

[અરિહંતોને નમસ્કાર
સિદ્ધોને નમસ્કાર
આચાર્યોને નમસ્કાર
ઉપાધ્યાયોને નમસ્કાર
લોકમાંના સર્વ સાધુઓને નમસ્કાર

આ પાંચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનારા
છે અને સર્વ મગલોમાં પ્રથમ મંગલરૂપ છે. ૧]

૧ તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના પોતાના જીવનના બનાવોમા પાચવાર હસ્તોત્તરા નક્ષત્ર આવેલ હતું (હસ્તોત્તરા એટલે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર) તે જેમકે ૧ હસ્તોત્તરા નક્ષત્રમા ભગવાન ચવ્યા હતા અને ચવીને ગર્ભમા આવ્યા હતા. ૨ હસ્તોત્તરા નક્ષત્રમાં ભગવાનને એક ગર્ભસ્થાનમાંથી ઉપાડીને બીજા ગર્ભસ્થાનમાં લેવવામાં આવ્યા હતા. ૩ હસ્તોત્તરા નક્ષત્રમા ભગવાન જન્મ્યા હતા. ૪ હસ્તોત્તરા નક્ષત્રમા ભગવાને મુંડ થઈને ઘરથી નીકળી અનગારપણુ–મુનિપણુ–સ્વીકાર્યું પ્રવ્રજ્યા લીધી ૫ હસ્તોત્તરા નક્ષત્રમાં ભગવાનને અનંત, ઉત્તમોત્તમ, વ્યાઘાત–પ્રતિબંધ–[illegible] [illegible]–રહિત, સમગ્ર અને પ્રતિપૂર્ણ એવું કેવલ વરજ્ઞાન અને કેવલ વરદર્શન [illegible] [illegible] તિનક્ષત્રમાં ભગવાન પરિનિર્વાણ પામ્યા.

પરમ [illegible] આયુષ્ય ક્ષીણ થયેલ હતું. ભગવાનને [illegible] દેવવિમાનમાં [illegible]ની સ્થિતિ ક્ષીણ થયેલ [illegible] ભગવાન તે દેવવિમાનમાંથી ચવીને અહીં [illegible] ગર્ભરૂપે આવ્યા ત્યારે ભગવાન દેવાનંદાની કૂખમાં ગર્ભરૂપે આવ્યા ત્યારે અહીં જ જંબુદ્વીપ નામના દ્વીપમાં, ભારતવર્ષમાં, દક્ષિણાર્ધ ભરતમાં આ અવસર્પિણીના સુષમસુષમ, સુષમા અને સુષમદુષમા નામના આરાઓનો સમય તદ્દન પૂરો થઈ ગયો હતો. દુષમસુષમા નામનો આરો [illegible] વીતી ગયો હતો એટલે એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ દુષમસુષમા નામનો આરો વીતી ચૂક્યો હતો, હવે માત્ર તે દુઃષમસુષમા આરાના બેતાલીશ હજાર અને પંચોતેર વરસ તથા સાડા આઠ માસ જ બાકી રહ્યા હતા; તે વખતે ભગવાન ગર્ભરૂપે આવ્યા હતા. વળી, ભગવાન ગર્ભરૂપે આવ્યા પહેલાં ઈક્ષ્વાકુકુલમાં જનમ પામેલા અને કાશ્યપગોત્રવાળા એકવીશ તીર્થંકરો ક્રમેક્રમે થઈ ચૂક્યા હતા, હરિવંશકુલમાં જનમ પામેલા ગૌતમગોત્રવાળા બીજા બે તીર્થંકરો થઇ ચૂક્યા હતા અર્થાત્ એ રીતે કુલ તેવીશ તીર્થંકરો થઇ ચૂક્યા હતા તે વખતે ભગવાન ગર્ભરૂપે આવ્યા હતા. વળી, આગળના તીર્થંકરોએ 'હવે પછી શ્રમણ ભગવાન મહાવીર છેલ્લા તીર્થંકર થશે' એ પ્રમાણે ભગવાન મહાવીર વિશે નિર્દેશ કરેલો હતો.

આ રીતે ઉપર કહ્યા પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર આગલી રાતની છેવટમાં અને પાછલી રાતની શરૂઆતમાં એટલે બરાબર મધરાતને સમયે હસ્તોત્તરા–ઉત્તરાફાલ્ગુની –નક્ષત્રનો યોગ થતાં જ દેવાનંદાની કૂખમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયા.

વળી ભગવાન જ્યારે કૂખમાં ગર્ભરૂપે આવ્યા ત્યારે તેમનો આગલા દેવભવને યોગ્ય આહાર, દેવભવની હયાતી અને દેવભવનુ શરીર છૂટી ગયાં હતાં અને વર્તમાન માનવભવને યોગ્ય આહાર, માનવભવની હયાતી અને માનવભવનું શરીર તેમને સાંપડી ગયાં હતાં.

૩ શ્રમણ ભગવાન મહાવીર ત્રણ જ્ઞાનથી યુક્ત પણ હતા–'હવે દેવભવમાંથી હું ચવીશ' એમ તેઓ જાણે છે. 'વર્તમાનમાં દેવભવમાંથી હું ચ્યવમાન છુ' એમ તેઓ જાણતા નથી. 'હવે દેવભવથી હું ચ્યુત થએલો છું' એમ તેઓ જાણે છે.

૪ જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર જાલંધરગોત્રની દેવાનંદા માહણીની કૂખમાં ગર્ભરૂપે આવ્યા તે રાત્રે સૂતી જાગતી તે દેવાનંદા માહણી સેજ–પથારી–માં સૂતાંસૂતાં આ પ્રકારનાં ઉદાર, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય અને મંગલરૂપ તથા શોભાસહિત એવાં ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગી ગઇ.

૫ તે ચૌદ સ્વપ્નોનાં નામ આ પ્રમાણે છેઃ— ૧ ગજ-હાથી, ૨ વૃષભ-બળદ, ૩ સિંહ, ૪ અભિષેક-લક્ષ્મીદેવીનો અભિષેક, ૫ માળા-ફૂલની માળા, ૬ ચંદ્ર, ૭ સૂર્ય-

સૂરજ, ૮ ધ્વજ, ૯ કુંભ-પૂર્ણકલશ, ૧૦ પદ્મસરોવર-કમલોથી ભરેલુ સરોવર, ૧૧ સાગર-સમુદ્ર, ૧૨ દેવવિમાન કે દેવભવન, ૧૩ રત્નરાશિ-રત્નોનો ઢગલો અને ૧૪ અગ્નિ-ધૂમાડા વગરનો અગ્નિ.

૬ તે વખતે તે દેવાનંદા માહણી આ પ્રકારનાં ઉદાર, કલ્યાણરૂપ શિવરૂપ ધન્ય અને મંગલરૂપ તથા શોભાસહિત એવાં ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગી જતાં હરખી, સંતોષ પામી, ચિત્તમાં આનદ પામી અને તેના મનમાં પ્રીતિ નીપજી, તેણીને પરમ સૌમનસ્ય થયુ, હરખને લીધે તેણીનુ હૃદય ધડકવા લાગ્યુ-પ્રફુલ્લિત થયુ. મેઘની ધારાઓ પડતાં જેમ કદંબનુ ફૂલ ખીલી જાય-તેના કાંટા ખડા થઇ જાય-તેમ તેણીનાં રોમેરોમ ખડાં થઈ ગયાં. પછી તેણીએ પોતાને આવેલાં સ્વપ્નોને યાદ કર્યાં, સ્વપ્નોને યાદ કરી તે પોતાની પથારીમાંથી ઊભી થઇને તેણી ધીમેધીમે અચપલપણે વેગરહિતપણે રાજહંસની સરખી ગતિથી જ્યાં રિષભદત્ત માહણ છે ત્યાં તેની પાસે જાય છે, જઇને રિષભદત્ત માહણને 'જય થાઓ વિજય થાઓ' એમ કહીને વધાવે છે, વધાવીને ભદ્રાસનમાં બરાબર બેસીને આશ્વાસ પામેલી, વિશ્વાસ પામેલી તે દશનખસહિત બન્ને હથેળીઓની માથાને અડે એ રીતે આવર્ત કરીને ફેરવી અંજલિ કરીને આ પ્રમાણે બોલી:—એ પ્રમાણે ખરેખરુ છે કે હે દેવાણુપ્રિયા! હું આજે જ્યારે સૂતી જાગતી ઉંઘતી ઉંઘતી પથારીમાં પડી હતી ત્યારે હું આ આ પ્રકારનાં ઉદાર યાવત્ શોભાસહિત એવાં ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગી ગઈ. તે સ્વપ્નોનાં નામ આ પ્રમાણે છે.—હાથી યાવત્ અગ્નિ સુધી. હે દેવાનુપ્રિયા! એ ઉદાર યાવત્ એવાં ચૌદ મહાસ્વપ્નોનું કલ્યાણમય એવું કોઈ વિશેષપ્રકારનું ફલ થશે, એમ હું માનું છું.

૭ ત્યાર પછી તે રિષભદત્ત માહણ દેવાનંદા માહણી પાસેથી સ્વપ્નોને લગતી હકીકત સાંભળીને, બરાબર સમજીને રાજી થયો, સંતોષ પામ્યો યાવત હરખને લીધે તેનુ હૃદય પ્રફુલ્લ બન્યુ અને મેઘની ધારાથી છંટકારાએલું કદંબનું ફૂલ જેમ ખીલી ઉઠે તેમ તેનાં રોમેરોમ ઊભા થઈ ગયાં. પછી તેણે એ સ્વપ્નોની યાદી કરી, યાદી કરીને ને, તેના ફલ વિશે વિચારવા લાગ્યો, વિચાર કરીને તેણે પોતાના સ્વાભાવિક-[illegible]-મતિયુક્ત બુદ્ધિના વિજ્ઞાનદ્વારા તે સ્વપ્નોના અર્થોનો ઉકેલ કર્યો. પોતાના મનમાં એ સ્વપ્નોના અર્થોનો ઉકેલ કરી તે માહણ ત્યા પોતાની સામે બેઠેલી દેવાનંદા [illegible] પ્રમાણે કહેવા લાગ્યો.

૮ હે દેવાનુપ્રિયે! તમે ઉદાર સ્વપ્નો જોયાં છે, કલ્યાણરૂપ [illegible] મંગલમય અને શોભાયુક્ત સ્વપ્નો તમે જોયા છે, તમે [illegible] એવાં, દીર્ઘ આયુષ્ય કરે એવાં, કલ્યાણ કરનારાં અને મંગલ કરનારાં [illegible] સ્વપ્નોનુ વિશેષ પ્રકારનુ ફલ આ પ્રમાણે છે હે દેવાનુપ્રિયે! [illegible] હે દેવાનુપ્રિયે! ભોગોનો, પુત્રનો અને સુખનો લાભ [illegible]

બાનને [illegible] વિગ
વીતાવી [illegible]

[illegible] પુત્ર [illegible] શરીરે [illegible] નહીં પણ બરાબર [illegible] થશે, [illegible] ગુણો-વાળો થશે, માનમાં, [illegible] પ્રમાણે [illegible] ઉંચાઈમાં બરાબર [illegible] હશે, ઘાટીલા [illegible] સૌમ્ય હશે તથા મનોહર—ગમતો, [illegible] રૂપવાળો અને દેવકુમારની સાથે સરખાવી શકાય તેવો હશે.

૯ વળી, તે પુત્ર, જ્યારે બાળપણ વટાવી સમજણો થતા મેળવેલી સમજણને પચાવનારો થઈ જુવાન વયમાં પહોંચશે ત્યારે તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદને-એ ચારે વેદોને અને તે ઉપરાંત પાંચમા ઇતિહાસને-મહાભારતને-છઠ્ઠા નિઘંટુ નામના શબ્દકોશને જાણનારો થશે.

તે, એ બધાં પૂર્વોક્ત શાસ્ત્રોને સાંગોપાંગ જાણનારો થશે, રહસ્યસહિત સમજનારો થશે, ચારે પ્રકારના વેદોનો પારગામી થશે, જેઓ વેદ વગેરેને ભૂલી ગયા હશે તેમને એ તમારો પુત્ર યાદ કરાવનાર થશે, વેદનાં છએ અંગોનો વેત્તા-જાણકાર થશે, ષષ્ટિતંત્ર નામના શાસ્ત્રનો વિશારદ થશે, તથા સાંખ્ય શાસ્ત્રમાં કે ગણિત શાસ્ત્રમા, આચારના ગ્રંથોમાં, શિક્ષાના-ઉચ્ચારણના શાસ્ત્રમાં, વ્યાકરણ શાસ્ત્રમા, છંદશાસ્ત્રમા, વ્યુત્પત્તિશાસ્ત્રમાં, જ્યોતિષશાસ્ત્રમાં અને એવા બીજાં પણ ઘણા બ્રાહ્મણશાસ્ત્રોમાં અને પરિવ્રાજકશાસ્ત્રોમાં એ તમારો પુત્ર ઘણો જ પંડિત થશે.

૧૦ તો હે દેવાનુપ્રિયે! તમે ઉદાર સ્વપ્નો જોયાં છે યાવત્ આરોગ્ય કરનારાં, સંતોષ પમાડનારાં, દીર્ઘઆયુષ્ય કરનારાં, મંગલ અને કલ્યાણ કરનારાં સ્વપ્નો તમે જોયાં છે.

૧૧ પછી તે દેવાનંદા માહણી રિષભદત્ત માહણ પાસેથી સ્વપ્નોના ફલને લગતી આ વાત સાંભળીને, સમજીને હરખાઇ, તુઠી યાવત્ દશ નખ ભેગા થાય એ રીતે આવર્ત કરીને, અંજલિ કરીને રિષભદત્ત માહણને આ પ્રમાણે કહેવા લાગીઃ

૧૨ હે દેવાનુપ્રિય! જે તમે ભવિષ્ય કહો છો એ એ પ્રમાણે છે, હે દેવાનુપ્રિય! તમારું કહેલુ એ ભવિષ્ય તે પ્રમાણે છે, હે દેવાનુપ્રિય! તમારૂ ભાખેલુ એ ભવિષ્ય સાચું છે, હે દેવાનુપ્રિય! એ સંદેહ વગરનું છે, હે દેવાનુપ્રિય! મેં એવું ઇચ્છેલુ છે, હે દેવાનુપ્રિય! મેં તમારા એ વચનને સાભળતાં જ સ્વીકારેલું છે-પ્રમાણભૂત માનેલ છે, હે દેવાનુપ્રિય! એ તમારૂ વચન મેં ઇચ્છેલ છે અને મને માન્ય પણ છે, હે દેવાનુપ્રિય! જે એ હકીકત તમે કહો છો તે એ સાચી જ હકીકત છે, એમ કહીને તે સ્વપ્નોનાં ફલોને

એ દેવાનંદા માહણી બરાબર સ્વીકારે છે, તે સ્વપ્નોનાં ફલોને બરાબર સ્વીકારીને એટલે એ સ્વપ્નોનાં ફલોને બરાબર જાણી-સમજી રિષભદત્ત માહણની સાથે ઉદાર-વિશાલ એવા માનવોચિત અને ભોગવવા યોગ્ય ભોગોને ભોગવતી તે દેવાનંદા માહણી રહે છે.

૧૩ હવે તે કાલે તે સમયે શક્ર, દેવોનો ઇંદ્ર દેવોનો રાજા, વજ્રપાણિ-હાથમાં વજ્રને રાખનારો, અસુરોના પુરોનો-નગરોનો-નાશ કરનાર-પુરંદર, સો ક્રતુ-પ્રતિમા-કરનાર-શતક્રતુ, હજાર આંખવાળો સહસ્રાક્ષ, મોટા મોટા મેઘોને તાબે રાખનાર-મઘવા, પાક નામના અસુરને સજા કરનાર-પાકશાસન, દક્ષિણ બાજુના અડધા લોકનો માલિક-દક્ષિણાર્ધલોકાધિપતિ બત્રીશ લાખ વિમાનોનો સ્વામી, અને ઐરાવણ હાથીના વાહન ઉપર બેસનાર એવો સુરેન્દ્ર પોતાના સ્થાનમા બેઠેલો હતો.

એ સુરેન્દ્રે રજ વગરના અંબર-ગગન-જેવાં ચોકખાં વસ્ત્રો પહેરેલાં. યથોચિત રીતે માળા અને મુકુટ પહેરેલાં, એણે પહેરેલા સોનાનાં નવા, સુંદર, અચંબો પમાડે એવા અથવા ચિત્રામણવાળી કારીગરીવાળા, અને વારેવારે હાલતાં બે કુંડલોને લીધે એનાં બન્ને ગાલ ઝગારા મારતા હતા, એનુ શરીર ચમકતું હતું, પગ સુધી લટકતી એવી લાબી વનનાં ફૂલોથી ગુંથેલી માળા એણે પહેરેલી; એવો એ ઇંદ્ર સૌધર્મ નામના કલ્પમાં-સ્વર્ગમા-આવેલા સૌધર્માવતંસક નામના વિમાનમાં બેઠેલી સૌધર્મ નામની સભામા શક્રનામના સિંહાસનમા બેઠેલો હતો.

૧૪ ત્યા તે બત્રીશ લાખ વિમાનાવાસો, ચોરાશી હજાર સામાનિક દેવો, તેત્રીશ-ત્રાયસ્ત્રિંશ દેવો, ચાર લોકપાલો, પોતપોતાના પરિવાર સાથેની આઠ મોટી પટ્ટરાણીઓ, ત્રણ સભાઓ, સાત સૈન્યો, સાત સેનાધિપતિઓ, ચાર ચોરાશી હજાર [illegible] છત્રીશ હજાર અંગરક્ષક દેવો અને સૌધર્મસભામા વસનારા બીજા પણ [illegible] દેવો અને દેવીઓ એ બધા ઉપર અધિપતિપણુ ભોગવતો રહે છે. [illegible] પ્રજાનુ પાલન કરવાનું સામર્થ્ય તે ધરાવે છે તથા એ બધાનો તે [illegible] નાયક-છે, ભર્તા-પોષક-છે, અને એ બધાનો તે મહત્તર-મહામાન્ય-[illegible] બધા ઊપર પોતાના નિમેલા માણસો દ્વારા ફરમાવીને પોતાનું [illegible] બતાવતો રહે છે-એ બધા ઊપર ઈશ્વર તરીકે પ્રધાનપણે તેની [illegible] છે. એ રીતે રહેતો અને પોતાની પ્રજાને પાળતો તથા [illegible] વાગતાં વીણા હાથતાળીઓ, બીજાં વાજાંઓ અને મેઘની [illegible] મૃદંગ તથા સરસ અવાજ કરતો ઢોલ એ બધાના મોટા [illegible] દિવ્ય ભોગોને ભોગવતો તે ઇંદ્ર ત્યા રહે છે.

૧૫ તથા તે ઇંદ્ર પોતાના વિપુલ [illegible] જોતો બેઠેલ છે ત્યા તે જંબૂદ્વીપ નામના દ્વીપના [illegible]

દેવરાજ [illegible] આ [illegible] ના [illegible] આનંદ
આનંદની [illegible] અવધિજ્ઞાનથી [illegible] ભગવાનને જોઈને
તે હૃષ્ટ-તુષ્ટ થયો, [illegible] ચિત્તમાં આનંદ પામ્યો, [illegible] થયો,
પરમ આનંદ [illegible], મનમાં [illegible] થયો, પરમ સૌમનસ્ય [illegible] અને
હરખને લીધે તેનું [illegible] મેઘની ધારાથી [illegible] કદંબના સુગંધી
ફૂલની પેઠે તેના [illegible] ગયા. [illegible] ઉત્તમ [illegible] જેવા નેત્રો અને મુખ
વિકસિત થયાં-[illegible]. તેણે [illegible] ઉત્તમ [illegible], [illegible], બાજુબંધ, મુગટ, કુંડલ
અને હારથી સુશોભિત [illegible]. [illegible] અને [illegible] હરખને લીધે [illegible] થઈ રહ્યું,
લાંબુ લટકતું અને વારંવાર [illegible] બીજાં પણ એવાં જ આભૂષણ તેણે પહે-
રેલાં હતાં એવો તે શક્ર ઈન્દ્ર ભગવંતને જોતાં જ આદર વિનય સાથે એકદમ ઉતાવળથી
પોતાના સિંહાસન ઉપરથી ઊભો થાય છે, તે સિંહાસન ઉપરથી ઊભો થઈ પોતાના પાદ-
પીઠ ઉપર નીચે ઊતરે છે, પાદપીઠ ઉપર નીચે ઊતરી તે, ચમકતા અને ઉત્તમ રિષ્ટ
તથા અંજન નામના રત્નોએ જડેલી અને ચળકતાં મણિરત્નોથી સુશોભિત એવી પોતાની
મોજડીઓ ત્યાં જ પાદપીઠ પાસે ઊતારી નાખે છે, મોજડીઓને ઊતારી નાખી તે
પોતાના ખભા ઉપર ખેસને જનોઈની પેઠે ગોઠવીને એટલે એકવડું ઉત્તરાસંગ કરે છે, એ
રીતે એકવડું ઉત્તરાસંગ કરીને તેણે અંજલિ કરવા સાથે પોતાના બે હાથ જોડ્યા અને
એ રીતે તે તીર્થંકર ભગવંતની બાજુ લક્ષ્ય રાખી સાત આઠ પગલાં તેમની સામે જાય
છે, સામે જઈને તે ડાબો ઢીંચણ ઊંચો કરે છે, ડાબો ઢીંચણ ઊંચો કરીને તે જમણા
ઢીંચણને ભોંતળ ઉપર વાળી દે છે, પછી માથાને ત્રણવાર ભોંયતળ ઉપર લગાડી પછી
તે થોડો ટટ્ટાર બેસે છે. એ રીતે ટટ્ટાર બેસીને કડા અને બહેરખાને લીધે ચપોચપ
થઈ ગએલી પોતાની બન્ને ભુજાઓને ભેગી કરે છે. એ રીતે પોતાની બન્ને ભુજાઓને
ભેગી કરીને તથા દશ નખ એકબીજાને અડે એ રીતે બન્ને હથેળીઓને જોડી માથું
નમાવી માથામાં-મસ્તકે અંજલિ કરીને તે આ પ્રમાણે બોલ્યો.

૧૬ અરહંત ભગવંતને નમસ્કાર થાઓ, ૧ તીર્થનો પ્રારંભ કરનારા એવા તીર્થંક-
રોને, પોતાની જ મેળે બોધ પામનારા સ્વયંસંબુદ્ધોને, ૨ પુરુષોમા ઉત્તમ અને પુરુષોમા
સિંહસમાન, પુરુષોમાં ઉત્તમ કમળસમાન અને પુરુષોમાં ઉત્તમ ગંધહસ્તી જેવા, ૩ સર્વ-
લોકમાં ઉત્તમ, સર્વલોકના નાથ, સર્વલોકનું હિત કરનારા, સર્વલોકમાં દીવા સમાન અને
સર્વલોકમાં પ્રકાશ પહોંચાડનારા, ૪ અજ્ઞાનથી અંધ બનેલા લોકોને આંખ સમાન શાસ્ત્રની
રચના કરનારા, એવા જ લોકોને માર્ગ બતાવનારા, શરણ આપનારા અને જીવનને આપ-
નારા એટલે કદી મરવું ન પડે એવા જીવનને-મુક્તિને-દેનારા તથા બોધિબીજને-સમકિતને
આપનારા, ૫ ધર્મને દેનારા, ધર્મનો ઉપદેશ કરનારા, ધર્મના નાયક, ધર્મરૂપ રથને ચલવ-
નારા સારથી સમાન, અને ચાર છેડાવાળા ધર્મરૂપ જગતના ઉત્તમ ચક્રવર્તી, ૬ અજ્ઞાનથી
ડુબતા લોકોને દ્વીપ-બેટ-સમાન, રક્ષણ આપનારા, શરણ દેનારા, આધાર સમાન અને

અવલંબન આપનારા તથા ક્યાંય પણ સ્ખલના ન પામે એવાં ઉત્તમ જ્ઞાન અને દર્શનને ધરનારા, ઘાતીકર્મ વદ્દન ખસી ગએલ છે સેવા, ૧૭ જિન-રાગદ્વેષ વગેરે આંતરશત્રુઓને જિતી ગયેલા, જેઓ એ આંતરશત્રુઓને જિતવા મથે છે તેમને જિતાડનાર, સંસાર સમુદ્રને તરી ચુકેલા, જેઓ તરવા મથે છે તેમને તારનારા, પોતે જાતે બોધને પામેલા બીજાઓને બોધ આપનારા, મુક્તિને પામેલા અને બીજાઓને મુક્તિ સુધી પહોંચાડનારા. ૮

સર્વજ્ઞ-બધું જાણનારા, બધું જોનારા, જે પદ શિવરૂપ છે, અચલ છે, રોગ વગરનું છે, અંત વગરનું છે, ક્ષય વિનાનુ છે, કોઈપણ પ્રકારની પીડા વગરનું છે અને જ્યાં પહોંચ્યા પછી કદી પાછું ફરવું પડતું નથી એવા સિદ્ધિગતિ નામના પદને પહોંચેલા તથા ભયને જિતી ગએલા એવા જિનોને નમસ્કાર થાઓ. ૯

તીર્થની શરૂઆત કરનારા, છેલ્લા તીર્થંકર, આગલા તીર્થંકરોએ જેમના થવાની સૂચના આપેલી હતી એવા અને પૂર્વે વર્ણવેલા તમામ ગુણોવાળા યાવત્ જ્યાં પહોંચ્યા પછી કદી પાછું ફરવું પડતું નથી એવા સિદ્ધિગતિ નામના પદને પામવાની અભિલાષાવાળા એવા શ્રમણ ભગવંત મહાવીરને નમસ્કાર થાઓ.

અહીં સ્વર્ગમાં રહેલો હું ત્યાં એટલે દેવાનંદાની કુક્ષિમાં રહેલા ભગવંતને વંદન કરું છું, ત્યાં રહેલા ભગવંત અહીં રહેલા મને જુઓ એમ કરીને તે દેવરાજ ઇંદ્ર શ્રમણ ભગવંત મહાવીરને વંદન કરે છે, નમન કરે છે અને પોતાના ઉત્તમ સિંઘાસણમાં પૂર્વદિશા તરફ મુખ રાખીને બેસે છે.

૧૭ ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્રને આ એ પ્રકારનો એના અંતરમાં ચિંતનરૂપ. અભિલાષરૂપ મનોગત સંકલ્પ પેદા થયો કે-એ થયુ નથી. એ થવા જોગ નથી અને એવુ થનારું ય નથી કે અરહંત ભગવંતો, ચક્રવર્તી રાજાઓ, બલદેવ રાજાઓ, વાસુદેવ રાજાઓ અંત્યકુલોમા-હલકાં કુલોમા કે અધમ કુલોમા કે તુચ્છ કુલોમાં કે [illegible] કુલોમા કે કંજુસી કુલોમા કે ભિખારી કુલોમા કે માહણ કુલોમા એટલે બ્રાહ્મણના કુલોમા આજસુધી કોઈવાર આવેલા નથી કે આવતા નથી કે હવે પછી કોઈવાર આવનાર નથી, એ પ્રમાણે ખરેખર છે કે અરહંત ભગવંતો કે ચક્રવર્તી રાજાઓ કે બલદેવ રાજાઓ કે વાસુદેવ રાજાઓ ઉગ્રવંશના કુલોમાં કે ભોગવંશના કુલોમાં કે [illegible] કે ઇક્ષ્વાકુવંશનાં કુલોમા કે ક્ષત્રિયવંશના કુલોમા કે હરિવંશનાં કુલોમાં કે [illegible] પ્રકારનાં વિશુદ્ધ જાતિ, કુલ અને વંશવાળા કુલોમા આજ પહેલા [illegible] આવે છે અને ભવિષ્યમા પણ તેઓ બધા તેવા ઉત્તમ કુલોમાં [illegible]

[illegible] કુલોમાં કે ભિખારીનાં કુલોમાં
વાસુદેવ રાજાઓ, [illegible] કુલોમાં કે [illegible] કુલોમાં
કે ભિખારીનાં [illegible] આવે છે કે આવશે
તેટલે [illegible] ગર્ભપણે ઉપજેલા છે કે ઉપજે છે કે
ઉપજશે [illegible] તે કુલોમાં [illegible] નથી કે જન્મતા નથી કે હવે પછી જન
મવાના પણ નથી

૧૯ [illegible] શ્રમણ ભગવંત મહાવીર જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં માહણકુંડગ્રામ નામના નગરમાં [illegible] માહણની ભારજા-પત્ની જાલંધર-ગોત્રની દેવાનંદા માહણી [illegible] કૂખમાં ગર્ભપણે [illegible] છે.

૨૦ તો થઈ ગયેલા, વર્તમાન સમયના અને હવે પછી થનારા તમામ દેવેંદ્ર દેવરાજ શક્રોનો એ આચાર છે કે અરહંત ભગવંતોને તેવા પ્રકારનાં અંતકુલોમાંથી કે અધમકુલોમાંથી કે તુચ્છકુલોમાંથી કે દળદરિયા કુલોમાંથી કે ભિખારીનાં કુલોમાંથી કે કંજૂસનાં કુલોમાંથી ખસેડીને ઉગ્રવંશનાં કુલોમાં કે ભોગવંશના કુલોમાં કે રાજન્યવંશના કુલોમાં કે જ્ઞાતવંશનાં કુલોમા કે ક્ષત્રિયવંશનાં કુલોમા કે હરિવંશનાં કુલોમાં કે વિશુદ્ધ જાતિ કુલ અને વંશનાં તેવા પ્રકારના કોઈ બીજા ઉત્તમ કુલોમાં ફેરવી નાખવા ઘટે.

તો મારે મારુ ખરેખર શ્રેયસ્કર પ્રવૃત્તિ છે કે, આગળના તીર્થંકરોએ જેમના થવાની સૂચના આપેલી છે એવા છેલ્લા તીર્થંકર શ્રમણ ભગવંત મહાવીરને માહણકુંડગ્રામ નામના નગરમાંથી કોડાલગોત્રના માહણ રિષભદત્તની ભારજા-પત્ની જાલંધરગોત્રની માહણી દેવાનંદાની કૂખમાંથી 'ખસેડીને ક્ષત્રિયકુંડગ્રામ નામના નગરમાં રહેતા જ્ઞાત નામના ક્ષત્રિયોના વંશમા થએલા કાશ્યપગોત્રવાળા સિદ્ધાર્થ ક્ષત્રિયની ભારજા વાસિષ્ઠગોત્રની ક્ષત્રિયાણી ત્રિશલાની કૂખમાં ગર્ભપણે સ્થાપિત કરવા ઘટે, અને વળી જે તે ત્રિશલા ક્ષત્રિયાણીનો ગર્ભ છે તેને પણ જાલંધરગોત્રની દેવાનંદા માહણીની કૂખમાં ગર્ભપણે સ્થાપિત કરવો ઘટે એમ કરીને એમ વિચારે છે, એમ વિચારીને પાયદળસેનાના સેનાપતિ હરિણેગમેસિ નામના દેવને સાદ દે છે, હરિણેગમેસિ નામના દેવને સાદ દઈ તેને એ ઇન્દ્રે આ પ્રમાણે કહ્યું:

૨૧ હે દેવાનુપ્રિય! એમ ખરેખર છે કે આજ લગી એ થયુ નથી, એ થવા યોગ્ય નથી અને હવે પછી એ થવાનું નથી કે અરહંત ભગવતો, ચક્રવર્તી રાજાઓ, બલદેવ રાજાઓ, વાસુદેવ રાજાઓ અંત્યકુલોમાં, અધમકુલોમાં, કંજુસનાં કુલોમાં, દળદરિયા કુલોમાં, તુચ્છ કુલોમા કે ભિખારીનાં કુલોમાં આજલગી કોઈવાર આવેલા નથી, વર્તમાનમાં આવતા નથી અને હવે પછી કોઈવાર આવનારા નથી, ખરેખર એમ છે કે, અરહંત ભગવંતો, ચક્રવર્તી રાજાઓ, બલદેવ રાજાઓ કે વાસુદેવ રાજાઓ ઉગ્રવંશના કુલોમા, ભોગવશનાં કુલોમાં, રાજન્યવશના કુલોમા, જ્ઞાતવશનાં કુલોમાં, ક્ષત્રિયવંશનાં કુલોમાં,

ઇક્ષ્વાકુવંશનાં કે હરિવંશનાં કુલોમાં કે બીજાં કોઇ તેવા પ્રકારનાં વિશુદ્ધ જાતિ વિશુદ્ધ કુલ અને વિશુદ્ધવંશમાં આજલગી આવેલા છે, વર્તમાનમાં આવે છે અને હવે પછી પણ તેઓ ઉત્તમકુલમાં આવવાના છે.

૨૨ વળી, એવો પણ લોકોને અચરજમાં નાખી દે એવો બનાવ, અનંત અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓ વીતી ગયા પછી બની આવે છે કે જ્યારે નામગોત્ર કર્મનો ક્ષય નહીં થયો હોય, એ કર્મ પૂરેપૂરું ભોગવાઈ ગયેલું ન હોય અને ભોગવાયુ ન હોવાથી જ એ કર્મ આત્મા ઉપરથી ખરી પડેલું ન હોય એટલે કે અરહંત ભગવંતો વગેરેને એ કર્મનો ઉદય આવેલો હોય ત્યારે અરહત ભગવતો કે ચક્રવર્તી રાજાઓ કે બલદેવ રાજાઓ કે વાસુદેવ રાજાઓ અંત્યકુલોમાં કે હલકાં કુલોમાં કે તુચ્છકુલોમાં કે કંજુસનાં કુલોમા કે દળદરિયાં કુલોમાં કે ભિખારીનાં કુલોમાં આવેલા છે કે આવે છે કે આવવાના છે છતાં તે કુલોમાં તેઓ કદી જનમેલા નથી, જનમતા નથી કે હવે પછી જનમવાના પણ નથી.

૨૩ અને આ શ્રમણ ભગવંત મહાવીર જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભારતવર્ષમાં માહણકુંડગ્રામ નામના નગરમાં કોડાલગોત્રના રિષભદત્ત માહણની ભારજા જાલંધરગોત્રની દેવાનંદા માહણીની કૂખમાં ગર્ભપણે ઉપજેલા છે.

૨૪ તો થઈ ગયેલા, વર્તમાન સમયના અને હવે પછી થનારા તમામ દેવેંદ્ર દેવરાજ શક્રોનો એ આચાર છે કે અરહત ભગવંતોને તેવા પ્રકારનાં અંતકુલોમાંથી કે અધમકુલોમાંથી કે તુચ્છકુલોમાંથી કે કંજુસના કુલોમાંથી કે દળદરિયાં કુલોમાંથી કે ભીખમંગાના કુલોમાથી યાવત્ માહણનાં કુલોમાંથી ખસેડીને તેવાં પ્રકારના ઉગ્રવંશના કુલોમાં કે ભોગવંશનાં કુલોમાં કે રાજન્યવંશનાં કુલોમાં કે જ્ઞાતવંશનાં કુલોમાં કે ક્ષત્રિયવંશનાં કુલોમાં કે ઇક્ષ્વાકુવંશનાં કુલોમાં કે હરિવંશનાં કુલોમાં કે કોઇ બીજાં તેવા પ્રકારનાં વિશુદ્ધજાતિના, વિશુદ્ધવંશનાં અને વિશુદ્ધ કુલવાળા કુલોમાં ફેરવી નાખવા ઘટે.

૨૫ તો હે દેવાનુપ્રિય! તું જા, શ્રમણ ભગવંત મહાવીરને માહણકુંડગ્રામ નામના નગરમાંથી કોડાલગોત્રના રિષભદત્ત માહણની ભારજા જાલંધરગોત્રની દેવાનંદા માહણીની કૂખમાંથી ખસેડીને ક્ષત્રિયકુંડગ્રામ નામના નગરમાં જ્ઞાતવંશનાં ક્ષત્રિયોનો કાશ્યપગોત્રનો સિદ્ધાર્થ ક્ષત્રિય છે તેની ભારજા વાસિષ્ઠગોત્રની ત્રિશલા ક્ષત્રિયાણી છે તેની કૂખમા ગર્ભપણે સ્થાપિત કર અને ગર્ભપણે સ્થાપિત કરીને મને આ મારી આજ્ઞા જલદી જ પાછી આપી દે.

૧૮ એમ [illegible] અરહંત ભગવંતો [illegible] ચક્રવર્તી રાજાઓ [illegible] બલદેવ રાજાઓ કે વાસુદેવ રાજાઓ [illegible] કુલોમાં કે [illegible] કુલોમાં કે દળદરિયાં કુલોમાં કે ભિખારીનાં કુલોમાં [illegible] આવ્યા નથી [illegible] આવતા નથી કે આવશે [illegible] ગર્ભપણે ઉપજ્યા છે કે ઉપજે છે કે ઉપજશે [illegible] તે કુલોમાં [illegible] જન્મ્યા નથી કે જન્મતા નથી કે હવે પછી જન્મવાના પણ નથી

૧૯ અને આ [illegible] મહાવીર જંબુદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં માહણકુંડગ્રામ નામના નગરમાં કોડાલગોત્રવાળા ઋષભદત્ત માહણની ભારજા પત્ની જાલંધર-ગોત્રની દેવાનંદા માહણી-બ્રાહ્મણીની [illegible] ગર્ભપણે ઉપજેલા છે.

૨૦ તો થઈ ગયેલા, વર્તમાન [illegible] અને હવે પછી થનાર તમામ દેવેંદ્ર દેવરાજ શક્રોનો એ આચાર છે કે અરહંત ભગવંતોને તેવા પ્રકારનાં અંતકુલોમાંથી કે અધમકુલોમાંથી કે તુચ્છકુલોમાંથી કે દળદરિયાં કુલોમાંથી કે ભિખારીનાં કુલોમાંથી કે કંજૂસનાં કુલોમાંથી ખસેડીને ઉગ્રવંશનાં કુલોમાં કે ભોગવંશના કુલોમાં કે રાજન્યવંશનાં કુલોમાં કે જ્ઞાતવંશનાં કુલોમાં કે ક્ષત્રિયવંશનાં કુલોમાં કે હરિવંશના કુલોમાં કે વિશુદ્ધ જાતિ કુલ અને વંશનાં તેવા પ્રકારના કોઈ બીજા ઉત્તમ કુલોમાં ફેરવી નાખવા ઘટે.

તો મારે સારુ ખરેખર શ્રેયસ્કર પ્રવૃત્તિ છે કે, આગળના તીર્થંકરોએ જેમના થવાની સૂચના આપેલી છે એવા છેલ્લા તીર્થંકર શ્રમણ ભગવંત મહાવીરને માહણકુંડગ્રામ નામના નગરમાંથી કોડાલગોત્રના માહણ ઋષભદત્તની ભારજા-પત્ની જાલંધરગોત્રની માહણી દેવાનંદાની કૂખમાંથી ખસેડીને ક્ષત્રિયકુંડગ્રામ નામના નગરમાં રહેતા જ્ઞાત નામના ક્ષત્રિયોના વંશમા થએલા કાસ્યપગોત્રવાળા સિદ્ધાર્થ ક્ષત્રિયની ભારજા વાસિષ્ઠગોત્રની ક્ષત્રિયાણી ત્રિશલાની કૂખમાં ગર્ભપણે સ્થાપિત કરવા ઘટે, અને વળી જે તે ત્રિશલા ક્ષત્રિયાણીનો ગર્ભ છે તેને પણ જાલંધરગોત્રની દેવાનંદા માહણીની કૂખમાં ગર્ભપણે સ્થાપિત કરવો ઘટે એમ કરીને એમ વિચારે છે, એમ વિચારીને પાયદળસેનાના સેનાપતિ હરિણેગમેસિ નામના દેવને સાદ દે છે, હરિણેગમેસિ નામના દેવને સાદ દઈ તેને એ ઇન્દ્રે આ પ્રમાણે કહ્યું:

૨૧ હે દેવાનુપ્રિય! એમ ખરેખર છે કે આજ લગી એ થયુ નથી, એ થવા યોગ્ય નથી અને હવે પછી એ થવાનું નથી કે અરહંત ભગવંતો, ચક્રવર્તી રાજાઓ, બલદેવ રાજાઓ, વાસુદેવ રાજાઓ અંત્યકુલોમાં, અધમકુલોમાં, કંજુસનાં કુલોમાં, દળદરિયા કુલોમાં, તુચ્છ કુલોમાં કે ભિખારીનાં કુલોમાં આજલગી કોઈવાર આવેલા નથી, વર્તમાનમાં આવતા નથી અને હવે પછી કોઈવાર આવનારા નથી, ખરેખર એમ છે કે, અરહંત ભગવંતો, ચક્રવર્તી રાજાઓ, બલદેવ રાજાઓ કે વાસુદેવ રાજાઓ ઉગ્રવશનાં કુલોમાં, ભોગવંશનાં કુલોમાં, રાજન્યવશના કુલોમાં, જ્ઞાતવશનાં કુલોમાં, ક્ષત્રિયવંશનાં કુલોમાં,

અસ્વચ્છ પરમાણુ પુદ્‌ગલોને દૂર કરે છે, અસ્વચ્છ પરમાણુ પુદ્‌ગલોને દૂર કરીને સ્વચ્છ પરમાણુ પુદ્‌ગલોને ફેંકે છે વેરે છે, તેમ કરીને તે શ્રમણ ભગવત મહાવીરને લેશ પણ પીડા ન થાય એ રીતે ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખમાં ગર્ભપણે ગોઠવે છે અને વળી જે તે ત્રિશલા ક્ષત્રિયાણીનો ગર્ભ છે તેને પણ જાલંધર ગોત્રવાળી દેવાનંદા બ્રાહ્મણીની કૂખમાં ગર્ભપણે ગોઠવે છે, આ રીતે બધું બરાબર ગોઠવીને તે દેવ, જે દિશામાથી આવ્યો હતો તે જ દિશા તરફ પાછો ચાલ્યો ગયો.

૨૮ હવે જે ગતિથી આવ્યો હતો, તે ઉત્તમ પ્રકારની, ત્વરાવાળી, ચપળ વેગને લીધે પ્રચંડ, બીજી બધી ગતિઓ કરતાં વિશેષ વેગવાળી, ધમધમાટ કરતી, શીઘ્ર દિવ્ય દેવગતિ વડે પાછો તીરછે અસંખ્ય દ્વીપો અને સમુદ્રોની વચ્ચોવચ્ચ થતો અને હજાર હજાર જોજનની મોટી ફાળો ભરતો–એ રીતે ઊંચે ઊપડતો તે દેવ જે તરફ સૌધર્મ નામના કલ્પમા સૌધર્માવતંસક નામના વિમાનમા શક્ર નામના સિંધાસણમા દેવેંદ્ર દેવરાજ શક્ર બેઠેલો છે તે જ બાજુ તેની પાસે આવે છે, પાસે આવીને દેવેંદ્ર દેવરાજ શક્રની એ આજ્ઞાને તરત જ પાછી સોપી દે છે અર્થાત્ આપે જે આજ્ઞા કરેલી તેનો મેં અમલ કરી દીધો છે એમ જણાવે છે.

૨૯ તે કાલે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર ત્રણ જ્ઞાનથી યુક્ત પણ હતા. [illegible] લઇ જવામા આવશે એમ તેઓ જા[illegible] છે.

૧ મને ફેરવીને બીજે લઇ જવામા આવશે એમ તેઓ જાણે છે.

૨ પોતે પોતાને ફેરવાતા જાણતા નથી.

૩ પોતે ફેરવાઇ ચૂક્યા છે એ પ્રમાણે જાણે છે.

૩૦ તે કાલે તે સમયે જ્યારે વર્ષાઋતુ ચાલતી હતી અને વર્ષાઋતુનો [illegible] મહિનાનો વ૦ દિ૦ પક્ષ ચાલતો હતો એટલે આસો મહિનાનો વ૦ દિ૦ [illegible] એવો ત્રીજો મહિનો અને પાંચમો પખવાડો ચાલતો હતો એટલે તેરશની તિથિ [illegible] તે વ૦ દિ૦ પક્ષની તેરની તિથિ એટલે [illegible] ચાલતો હતો તથા તે સમયે તે વ૦ દિ૦ પક્ષની તેરની તિથિ એટલે [illegible] હતી ભગવાનને સ્વર્ગમાંથી ચ્યવ્યાને અને દેવાનંદા માહણીના ગર્ભમાં [illegible] કુલ બાશી રાત દિવસો વીતી ગયા હતાં અને તેરશને દિવસે ત્યાશીનો [illegible] હતો. તે ત્યાશીમા દિવસની બરાબર મધરાતે એટલે આગલી રાતનો છેડો [illegible] રાતની શરૂઆત થતી હતી એવે સમયે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ [illegible] એવા હરિણેગમેસી દેવે શક્રની આજ્ઞાથી માહણકુંડગ્રામ નગરમાથી કોડાલ [illegible] દત્ત બ્રાહ્મણની ભારજા જાલંધર ગોત્રની દેવાનંદા બ્રાહ્મણીની કૂખમાંથી [illegible] ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં જ્ઞાતવંશના ક્ષત્રિયોમાંના કાશ્યપગોત્રના સિદ્ધાર્થ [illegible] વાસિષ્ઠ ગોત્રની ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખમા લેશ પણ પીડા ન [illegible] ગોઠવી દીધા.

૩૧ શ્રમણ ભગવંત મહાવીર ત્રણ જ્ઞાનથી યુક્ત પણ હતા [illegible]

[illegible] જેવી [illegible] આકૃતિ કરીને એમ [illegible] વિભાગ કરે [illegible] છે, [illegible] [illegible] શરૂની [illegible] નીકળે [illegible] છે, ત્યાં જઈને [illegible] એમ કરીને તે પોતાના [illegible] યોજનના [illegible] તેમ કર્યા તે દેવ, ભગવંતને એક ગર્ભ-[illegible] પોતાના શરીરને નિર્મળ–ઘણું સારું બનાવવા [illegible] પરમાણુઓને બહાર કાઢે છે અર્થાત [illegible] રત્નનાં, વજ્રનાં, વૈડૂર્યનાં, લોહિતાક્ષનાં, મસારગલ્લનાં, હંસ-ગર્ભનાં, પુલકનાં, સૌગંધિકનાં, જ્યોતિરસનાં, અંજનનાં, અંજનપુલકનાં, રજતનાં, જાત-રૂપનાં, સુભગનાં, અંકનાં, સ્ફટિકનાં અને રિષ્ટનાં એ તમામ જાતનાં રત્નોની જેવાં સ્થૂલ છે તેવાં પોતાના શરીરમાં જે સ્થૂલ પુદ્ગલ પરમાણુઓ છે તેને ખેરવી નાખે છે અને તેની જગ્યાએ સૂક્ષ્મ પુદ્ગલોને એટલે સારરૂપ એવાં સારાં પુદ્ગલોને ગ્રહણ કરે છે.

૨૭ એ રીતે ભગવંતની પાસે જવા માટે પોતાના શરીરને સરસ બનાવવા સારુ સારાં સારાં સૂક્ષ્મ પુદ્ગલોનું ગ્રહણ કરીને ફરીવાર પણ વૈક્રિયસમુદ્ઘાત કરે છે, એમ કરીને પોતાના મૂળ શરીર કરતાં જુદું એવું બીજું ઉત્તર વૈક્રિય શરીર–પોતાનું બીજું રૂપ બનાવે છે, એવું બીજું રૂપ બનાવીને ઉત્તમ પ્રકારની, ત્વરાવાળી, ચપળ, વેગને લીધે પ્રચંડ, બીજી બધી ગતિઓ કરતાં વિશેષ વેગવાળી, ધમધમાટ કરતી, શીઘ્ર દિવ્ય દેવગતિ વડે ચાલતો ચાલતો એટલે નીચે આવતો નીચે આવતો તે, તીરછે અસંખ્ય દ્વીપો અને સમુદ્રોની વચ્ચોવચ્ચ જે બાજુએ જંબૂદ્વીપ આવેલો છે, તેમા જ્યાં ભારતવર્ષ આવેલું છે અને તેમાં જ્યાં માહણકુંડગ્રામ નગર આવેલુ છે, તેમાં જ્યાં રિષભદત્ત બ્રાહ્મણનું ઘર આવેલું છે અને એ ઘરમાં જ્યાં દેવાનંદા બ્રાહ્મણી છે તે બાજુએ આવે છે, તે બાજુએ આવતાં ભગવંતને જોતાં જ શ્રમણ ભગવંત મહાવીરને પ્રણામ કરે છે, તેમને પ્રણામ કરીને તે દેવ, પરિવારસહિત દેવાનંદા માહણીને અવસ્વાપિની નિદ્રામાં મૂકે છે એટલે પરિવાર સહિત દેવાનંદા માહણી ઉપર ઘેનનુ ધારણ મૂકે છે, એ બધાંને ગાઢનિદ્રામાં મૂકીને ત્યાં રહેલાં અસ્વચ્છ પરમાણુ–પુદ્ગલોને દૂર કરે છે, દૂર કરીને ત્યાં સ્વચ્છ પરમાણુ-પુદ્ગલોને ફેંકે છે–વેરે છે–ફેલાવે છે, એમ કર્યા પછી 'ભગવન્ ! મને અનુજ્ઞા આપો' એમ કહી પોતાની હથેળીના સંપુટ દ્વારા શ્રમણ ભગવંત મહાવીરને કોઈ જાતની લેશ પણ પીડા ન થાય એ રીતે ગ્રહણ કરે છે, એ રીતે એ દેવ, શ્રમણ ભગવત મહાવીરને ગ્રહણ કરીને જે બાજુ ક્ષત્રિયકુંડગ્રામ નગર છે, તે નગરમાં જે બાજુ સિદ્ધાર્થ ક્ષત્રિયનું ઘર છે, તે ઘરમાં જ્યાં ત્રિશલા ક્ષત્રિયાણી રહે છે તે બાજુએ આવે છે, તે બાજુએ આવીને પરિવારસહિત ત્રિશલા ક્ષત્રિયાણીને ગાઢ ઉંઘના ધારણમા મૂકે છે, તેમ કરીને ત્યાં રહેલાં

અસ્વચ્છ પરમાણુ પુદ્ગલોને દૂર કરે છે, અસ્વચ્છ પરમાણુ પુદ્ગલોને દૂર કરીને સ્વચ્છ પરમાણુ પુદ્ગલોને ફેંકે છે વેરે છે, તેમ કરીને તે શ્રમણ ભગવંત મહાવીરને લેશ પણ પીડા ન થાય એ રીતે ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખમાં ગર્ભપણે ગોઠવે છે અને વળી જે તે ત્રિશલા ક્ષત્રિયાણીનો ગર્ભ છે તેને પણ જાલંધર ગોત્રવાળી દેવાનંદા બ્રાહ્મણીની કૂખમાં ગર્ભપણે ગોઠવે છે, આ રીતે બધું બરાબર ગોઠવીને તે દેવ, જે દિશામાથી આવ્યો હતો તે જ દિશા તરફ પાછો ચાલ્યો ગયો.

૨૮ હવે જે ગતિથી આવ્યો હતો, તે ઉત્તમ પ્રકારની, ત્વરાવાળી. ચપળ વેગને લીધે પ્રચંડ, બીજી બધી ગતિઓ કરતા વિશેષ વેગવાળી, ધમધમાટ કરતી, શીઘ્ર દિવ્ય દેવગતિ વડે પાછો તીરછે અસંખ્ય દ્વીપો અને સમુદ્રોની વચ્ચોવચ્ચ થતો અને હજાર હજાર જોજનની મોટી ફાળો ભરતો–એ રીતે ઊંચે ઊપડતો તે દેવ જે તરફ સૌધર્મ નામના કલ્પમાં સૌધર્માવતંસક નામના વિમાનમા શક્ર નામના સિંહાસનમા દેવેંદ્ર દેવરાજ શક્ર બેઠેલો છે તે જ બાજુ તેની પાસે આવે છે, પાસે આવીને દેવેંદ્ર દેવરાજ શક્રની એ આજ્ઞાને તરત જ પાછી સોંપી દે છે અર્થાત્ આપે જે આજ્ઞા કરેલી તેનો મેં અમલ કરી દીધો છે એમ જણાવે છે.

૨૯ તે કાલે તે સમયે શ્રમણ ભગવત મહાવીર [illegible]

૧ મને ફેરવીને બીજે લઈ જવામા આવશે [illegible]

૨ પોતે પોતાને ફેરવાતા જાણતા નથી

૩ પોતે ફેરવાઈ ચૂક્યા છે એ પ્રમાણે [illegible]

૩૦ તે કાલે તે સમયે જ્યારે વર્ષાઋતુ [illegible] એવો ત્રીજો મહિનો અને પાચમો પખવાડા [illegible] ચાલતો હતો તથા તે સમયે તે [illegible] હતી. ભગવાનને સ્વર્ગમાથી સ્વવ્યાને [illegible]

[illegible] અશુભ નાશી [illegible] થઈ જવાઈ [illegible]

[illegible] દેવાનંદા માહણીની કૂખમાંથી [illegible] ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખમાં ગર્ભપણે ગોઠવી દીધા [illegible] પથારીમાં [illegible] ઊંઘતી ઊંઘતી પડી હતી [illegible] ઉદાર કલ્યાણરૂપ શિવરૂપ [illegible] ત્રિશલા ક્ષત્રિયાણી [illegible] ગઈ એવું [illegible] પ્રમાણે: ૧. હાથી, વૃષભ વગેરે [illegible]

૩૩ જે રાતે શ્રમણ ભગવંત મહાવીરને કોડાલ ગોત્રવાળી દેવાનંદા માહણીની કૂખમાંથી ઉપાડીને વાશિષ્ઠ ગોત્રવાળી ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખમાં ગર્ભપણે ગોઠવવામાં આવ્યા તે રાતે તે ત્રિશલા ક્ષત્રિયાણી પોતાના તે તેવા પ્રકારના વાસઘરમાં રહેલી હતી, જે વાસઘર-સૂવાનો ઓરડો-અંદરથી ચિત્રામણવાળું હતું, બહારથી ધોળેલું, ઘસીને ચકચકિત કરેલું અને સૂંવાળું બનાવેલું હતું તથા એમાં ઊંચે ઉપરના ભાગની છતમાં ભાતભાતનાં ચિત્રો દોરેલાં હતાં, ત્યાં મણિ અને રત્નના દીવાને લીધે અંધારું નાસી ગએલું હતું, એ વાસઘરની નીચેની ફરસબંધી તદ્દન સરખી હતી અને તે ઉપર વિવિધ પ્રકારના સાથિયા વગેરે કોરીને તેને વધુ સુંદર બનાવવામાં આવેલી હતી, ત્યાં પાંચે રંગનાં સુંદર સુગંધી ફૂલો જ્યાં ત્યાં વેરીને તે ઓરડાને સુગંધિત બનાવેલો હતો, કાળો અગર, ઉત્તમ કુંદરુ, તુરકીધૂપ વગેરે વિવિધ પ્રકારના ધૂપો ત્યાં સળગતા રહેતા હોવાથી એ ઓરડો મઘમઘી રહ્યો હતો અને તે ધૂપોમાંથી પ્રગટ થતી સુગંધીને લીધે તે ઓરડો સુંદર બનેલો હતો, બીજા પણ સુગંધી પદાર્થો ત્યાં રાખેલા હોવાથી તે, સુગંધ સુગંધ થઈ રહ્યો હતો અને જાણે કે કોઈ ગંધની વાટની પેઠે અતિશય મહેકી રહ્યો હતો.

તે ત્રિશલા ક્ષત્રિયાણી તેવા ઉત્તમ સુશોભિત ઓરડામાં તે તેવા પ્રકારની પથારીમાં પડી હતી. જે પથારી ઉપર સૂનારના આખા શરીરના માપનું ઓશીકું મૂકી રાખેલ હતું, બન્ને બાજુએ-માથા તરફ અને પગ તરફ-પણ ઓશીકાં ગોઠવેલાં હતાં, એ પથારી બન્ને બાજુથી ઉંચી હતી અને વચ્ચે નમેલી તથા ઊંડી હતી; વળી, ગંગા નદીના કાંઠાની રેતી પગ મૂકતાં જેમ સૂંવાળી લાગે એવી એ પથારી સૂંવાળી હતી, એ પથારી ઉપર ધોએલો એવો અળસીના કપડાનો ઓછાડ બીછાવેલો હતો, એમાં રજ ન પડે માટે આખી પથારી ઉપર એક મોટું કપડું ઢાંકેલું હતું, મચ્છરો ન આવે માટે તેની ઉપર રાતા કપડાની મચ્છરદાની બાંધેલી હતી, એવી એ સુંદર, કમાવેલું ચામડું, રૂનાં પુંભડાં, બૂરની વનસ્પતિ, માખણ અને આકડાનું રૂ એ તમામ સૂંવાળી વસ્તુઓની જેવી સૂંવાળી તથા સેજ-પથારી સજવાની કળાના નિયમ પ્રમાણે પથારીની આસપાસ અને ઉપર

પણ સુગંધી ફૂલો, સુગંધી ચૂર્ણો વેરેલાં હોવાથી સુગંધિત બનેલી તે પથારીમાં પડેલી સૂતીજાગતી અને ઉંઘતી ઉંઘતી ત્રિશલા ક્ષત્રિયાણી આગલી રાતનો અંત આવતાં અને પાછલી રાતની શરૂઆત થતા બરાબર મધરાતે, આ એ પ્રકારના ઉદાર ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગી ગઈ. તે ચૌદ મહાસ્વપ્નો આ પ્રમાણે છે ૧ હાથી, ૨ વૃષભ. ૩ સિંહ. ૪ અભિષેક, ૫ માળા, ૬ ચંદ્ર, ૭ સૂર્ય, ૮ ધ્વજ, ૯ કુંભ, ૧૦ પદ્મોથી ભરેલુ સરોવર, ૧૧ સમુદ્ર, ૧૨ વિમાન કે ભવન, ૧૩ રતનોનો ઢગલો અને ૧૪ અગ્નિ.

૩૪ હવે તે ત્રિશલા ક્ષત્રિયાણીએ સૌથી પહેલા સ્વપ્નામાં હાથીને જોયો. તે હાથી ભારે ઓજવાળો, ચાર દાતવાળો, ઊંચો, ગળી ગયેલા ભારે મેઘની સમાન ધોળો તથા ભેગો કરેલો મોતીનો હાર, દૂધનો દરિયો, ચંદ્રના કિરણો, પાણીનાં બિંદુઓ, રૂપાનો મોટો પહાડ એ બધા પદાર્થો જેવો ધોળો હતો. એ હાથીના ગંડસ્થળમાથી સુગંધી મદ ઝર્યા કરે છે અને સુગંધથી ખેંચાયેલા ભમરાઓ ત્યા ટોળે મળ્યા છે જેનુ તેના કપોળનુ મૂળ છે, વળી, એ હાથી દેવોના રાજાનાં હાથી જેવો છે–ઐરાવણ હાથી જેવો છે. તથા પાણીથી પરિપૂર્ણ રીતે ભરેલા વિપુલ મેઘની ગર્જના જેવો ગંભીર અને મનોહર છે તો તે હાથીનો ગુલગુલાટ છે તથા એ હાથી શુભ છે, તમામ જાતના શુભ લક્ષણો તેનામાં છે તથા એ હાથીના સાથળ ઉત્તમ છે એવા હાથીને ત્રિશલાદેવી સ્વપ્નામાં જુએ છે. ૧

પૂછડાંને પાણી સાથે અફળાવ્યા કરે છે એથી એનાં ચારે બાજુ કપૂરની જેવાં ઊજળાં ફીણ વળે છે અને એ દરિયામાં મોટી મોટી ગંગા જેવી મહાનદીઓના પ્રવાહો ભારે ધસારાબંધ પડે છે, એ વેગથી પડતા પ્રવાહોને લીધે એમાં ગંગાવર્ત નામની ભમરીઓ પેદા થાય છે, એ ભમરીઓને લીધે ભારે વ્યાકુળ થતાં દરિયાનાં પાણી ઊછળે છે, ઊછળીને પાછાં ત્યાં જ પડે છે, ભમ્યા કરે છે–ઘુમરી લે છે, એવાં ઘુમરીમાં ચક્કર ચક્કર ફરતાં એ પાણી ભારે ચંચળ જણાય છે એવા એ ક્ષીરસાગરને શરદઋતુના ચંદ્રસમાન સૌમ્યમુખવાળી તે ત્રિશલા માતા અગિયારમે સ્વપ્ને જુએ છે. ૧૧

૪૫ ત્યાર પછી વળી, માતા બારમે સ્વપ્ને ઉત્તમ દેવવિમાનને જુએ છે, એ દેવવિમાન ઊગતા સૂર્યમંડલની જેવી ચમકતી કાંતિવાળું છે, ઝળહળતી શોભાવાળું છે, એ વિમાનમાં ઉત્તમ સોનાના અને મહામણિઓના સમૂહમાંથી ઘડેલા ઉત્તમ એક હજાર અને આઠ ટેકા–થાંભલા–મૂકેલા છે તેથી એ ચમકતું દેખાતું વિમાન આકાશને વિશેષ ચમકતું બનાવે છે, એવું એ વિમાન સોનાના પતરામાં જડેલા લટકતા મોતીઓના ગુચ્છાઓથી વિશેષ ચમકિલુ દેખાય છે, તથા એ વિમાનમાં ચળકતી દિવ્યમાળાઓ લટકાવેલી છે, વળી એમાં વૃક, વૃષભ, ઘોડા, પુરુષ, મગર, પક્ષી, સાપ, કિન્નરો, રુરુમૃગો, શરભ, ચમરી ગાય, વિશેષ પ્રકારનાં જંગલી જનાવરો, હાથી, વનની વેલડી, કમળવેલ વગેરેનાં વિવિધ ભાતવાળાં ચિત્રો દોરેલાં છે તથા એમાં ગંધર્વો ગાઇ રહ્યા છે અને વાર્ત્ત વગાડી રહ્યા છે તેથી એમના અવાજોથી એ પૂરેપૂરું ગાજતું દેખાય છે, વળી, પાણીથી ભરેલા વિપુલ મેઘની ગર્જનાના જેવા અવાજવાળા નિત્ય ગાજતા દેવદુંદુભિના મોટા અવાજવડે જાણે આખાય જીવલોકને એ વિમાન ન ભરી દેતું હોય એવું એ ગાજે છે, કાળો અગર, ઉત્તમ કુંદરુ–કિન્નરુ, તુરકી ધૂપ વગેરે બળતા ધૂપોને લીધે મઘમઘી રહેલું એ વિમાન ગંધના ફેલાવાને લીધે મનોહર લાગે છે અને એ નિત્ય પ્રકાશવાળું, ધોળું, ઊજળી પ્રભાવાળું, દેવોથી શોભાયમાન, સુખોપભોગરૂપ એવું ઉત્તમોત્તમ વિમાન તે ત્રિશલાદેવી સ્વપ્નામાં જુએ છે. ૧૨

૪૬ ત્યાર પછી, માતા ત્રિશલા તેરમે સ્વપ્ને તમામ પ્રકારના રત્નોના ઢગલાને જુએ છે. એ ઢગલો ભોંતળ ઊપર રહેલો છે છતાં ગગનમંડળના છેડાને પોતાના તેજથી ચકચકિત કરે છે, એમાં પુલક, વજ્ર, ઇંદ્રનીલ, સાસગ, કર્કેતન, લોહિતાક્ષ, મરકત, મસારગલ્લ, પ્રવાલ, સ્ફટિક, સૌગંધિક, હંસગર્ભ, અંજન, ચંદનપ્રભ વગેરે ઉત્તમ રત્નોનો રાશિ સરસ રીતે ગોઠવાયેલો છે, રત્નોનો એ ઢગલો ઊંચો મેરુપર્વત જેવો લાગે છે, એવાં રત્નોના રાશિ–ઢગલાને તે ત્રિશલા દેવી તેરમે સ્વપ્ને જુએ છે. ૧૩

૪૭ પછી વળી, ચૌદમે સ્વપ્ને માતા ત્રિશલા અગ્નિને જુએ છે. એ અગ્નિની જ્વાલાઓ ખુબખુબ ફેલાયેલ છે તથા એમાં ધોળું ઘી અને પીળાશ પડતું મધ વારંવાર છંટાતું હોવાથી એમાંથી મુદ્દલ ધૂમાડો નીકળતો નથી એવો એ અગ્નિ ધખધખી રહ્યો

છે, એની ધખધખતી જલતી જ્વાલાઓને લીધે તે સુંદર લાગે છે, વળી, એની નાની મોટી ઝાળો–જ્વાલાઓ–નો સમૂહ એક બીજીમાં મળી ગયા જેવો જણાય છે તથા જાણે કે ઊંચે ઊંચે સળગતી ઝાળોવડે એ અગ્નિ કોઈ પણ ભાગમાં આકાશને પકવતો ન હોય એવો દેખાતો એ અતિશય વેગને લીધે ચંચળ દેખાય છે. તે ત્રિશલા માતા ચૌદમે સ્વપ્ને એવા અગ્નિને જુએ છે. ૧૪

૪૮ એ પ્રમાણે ઊપર વર્ણવ્યાં એવાં એ શુભ, સૌમ્ય, જોતાં પ્રેમ ઊપજે એવાં, સુંદર રૂપવાળાં–રૂપાળાં સ્વપ્નોને જોઈને. કમળની પાંખડી જેવાં નેત્રવાળાં અને હરખને લીધે અંગ ઊપરનું જેમનું રૂંવેરૂંવું ખડું થયેલ છે તેવાં દેવી ત્રિશલા માતા પોતાની પથારીમાં જાગી ગયાં.

જે રાતે મોટા જશવાળા અરિહંત—તીર્થંકર. માતાની કૂખમાં ગર્ભરૂપે આવે છે તે રાતે તીર્થંકરની બધી માતાઓ એ ચૌદે સ્વપ્નોને જુએ છે.

૪૯ ત્યાર પછી, આ એ પ્રકારના ઉદાર ચૌદ મોટા સ્વપ્નો [illegible]
તે ત્રિશલા ક્ષત્રિયાણી ભારે હરખ પામી, યાવત [illegible]
તથા મેહની ધારાઓથી છંટાયેલ કદંબનું ફૂલ જેમ [illegible]
આખા શરીરમાં ખિલી ઉઠયા એવી એ ત્રિશલા [illegible]
સાધારણ રીતે યાદ કરે છે, એ [illegible]
છે, ઉભાં થઈને પગ મૂકવાના પાદપીઠ—[illegible]
અચપલપણે વેગ વગરની અને વિલંબ ન થાય [illegible]
જ્યાં ક્ષત્રિય સિદ્ધાર્થનું શયન છે અને [illegible]
તે પ્રકારની કાનને મીઠી લાગે તેવી પ્રીતિ [illegible]
પડે તેવી, ઉદાર. કલ્યાણરૂપ, શિવ–શાંતિ–[illegible]
રૂડી રૂડી તથા હૃદયંગમ હૃદયને [illegible]
વાતચિતો કરતાં કરતા તેઓ ક્ષત્રિય સિદ્ધાર્થને [illegible]

૫૨ ત્યાર પછી, તે સિદ્ધાર્થ રાજા ત્રિશલા ક્ષત્રિયાણી પાસેથી એ વાત સાંભળીને સમજીને હર્ષવાળો અને સંતુષ્ટ ચિત્તવાળો થયો, આનંદ પામ્યો, તેના મનમાં પ્રીતિ થઈ, મન ઘણું પ્રસન્ન થઇ ગયુ, હર્ષને લીધે તેનૂ હૃદય ધડકવા લાગ્યું અને મેઘની ધારાથી છંટાયેલ કદંબના સુગંધી ફૂલની પેઠે તેના રોમ રોમ ઊભા થઈ ગયાં. આ રીતે ખુબ રાજી થયેલો સિદ્ધાર્થ તે સ્વપ્નો વિશે એક સામટો સામાન્ય વિચાર કરે છે, તે સ્વપ્નો વિશે એક સામટો સામાન્ય વિચાર કરી પછી તે સ્વપ્નોનો નોખો નોખો વીગતથી વિચાર કરે છે, એ રીતે તે સ્વપ્નોનો નોખો નોખો વીગતથી વિચાર કરીને પછી તે પોતાની સ્વાભાવિક મતિસહિતના બુદ્ધિ વિજ્ઞાન વડે તે સ્વપ્નોના વિશેષ ફળનો નોખો નોખો નિશ્ચય કરે છે, તેમના વિશેષ ફળનો નોખો નોખો નિશ્ચય કરીને તેણે પોતાની ઈષ્ટ યાવત્ મંગળરૂપ, પરિમિત મધુર અને સોહામણી ભાષાવડે વાત કરતા કરતાં ત્રિશલા ક્ષત્રિયાણીને આ પ્રમાણે કહ્યું:

૫૩ હે દેવાનુપ્રિયે! તમે ઉદાર સ્વપ્નો દીઠાં છે, હે દેવાનુપ્રિયે! તમે કલ્યાણરૂપ સ્વપ્નો દીઠાં છે, એ જ પ્રમાણે તમે જોયેલાં સ્વપ્નો શિવરૂપ છે, ધન્યરૂપ છે, મંગળરૂપ છે, ભારે સોહામણાં છે, એ તમે જોયેલાં સ્વપ્નો આરોગ્ય કરનારાં, તુષ્ટિ કરનારાં, દીર્ઘાયુષ્યનાં સૂચક અને કલ્યાણકારક છે. હે દેવાનુપ્રિયે! તમે મંગલ કરનારાં સ્વપ્નો દીઠાં છે. તે જેમકે; તમે જોયેલાં સ્વપ્નોથી આપણને હે દેવાનુપ્રિયે! અર્થનો લાભ થવો જોઈએ. હે દેવાનુપ્રિયે! ભોગનો લાભ થવો જોઈએ, પુત્રનો લાભ થવો જોઈએ એ જ રીતે સુખનો લાભ અને રાજ્યનો લાભ થવો જોઈએ. ખરેખર એમ છે કે હે દેવાનુપ્રિયે! તમે નવ મહિના બરાબર પૂરા થયા પછી અને તે ઉપર સાડાસાત રાતદિવસ વીત્યા પછી અમારા કુલમાં ધ્વજ સમાન, અમારા કુલમાં દીવા સમાન એ જ પ્રમાણે કુલમાં પર્વત સમાન અચળ, કુલમાં મુગટ સમાન, કુલમાં તિલક સમાન, કુલની કીર્તિ કરનાર, કુલનો બરાબર નિર્વાહ કરનાર, કુલમાં સૂરજ સમાન, કુલના આધારરૂપ, કુલની વૃદ્ધિ કરનાર, કુલનો જશ વધારનાર, કુલને છાંયો આપનાર વૃક્ષસમાન અને કુલની વિશેષ વૃદ્ધિ કરનાર, એવા પુત્રને જન્મ આપશો. વળી, તે જનમનાર પુત્ર હાથેપગે સુકુમાળ, શરીરે અને પાંચે ઇંદ્રિયોથી પૂરો તથા જરાપણ ખોડ વગરનો હશે. તથા એ, શરીરનાં તમામ ઉત્તમ લક્ષણોથી એટલે હાથપગની રેખાઓ વગેરેથી અને વ્યંજનોથી એટલે તલ, મસ વગેરેથી યુક્ત હશે એના શરીરનુ માન, વજન અને ઉંચાઈ એ પણ બધું બરાબર હશે તથા એ પુત્ર સર્વાંગે સુજાત, સુંદર, ચંદ્રસમાન સૌમ્યકાંતિવાળો, કાંત, પ્રિય લાગે એવો અને દર્શન કરવું ગમે એવો હશે અર્થાત્ હે દેવાનુપ્રિયે! તમે ઉપર વર્ણવ્યા તેવા ઉત્તમ પુત્રને જનમ આપશો.

૫૪ વળી, તે પુત્ર જ્યારે પોતાનું બાળપણ પૂરુ કરી ભણીગણી બરાબર ઘડાઈ-તૈયાર થઈ યૌવન અવસ્થાએ પહોંચશે ત્યારે શૂર થશે, વીર થશે, પરાક્રમી થશે, એની પાસે વિશાળ સેના તથા વાહનો વિપુલ થશે, અને તમારો એ પુત્ર રાજ્યનો ધણી એવો રાજા થશે.

માટે હે દેવાનુપ્રિયે ! તમે જે મહાસ્વપ્નો દીઠાં છે તે બધા ભારે ઉત્તમ છે એમ કહીને યાવત્ બે વાર પણ અને ત્રણ વાર પણ એમ કહીને તે સિદ્ધાર્થ રાજા, ત્રિશલા ક્ષત્રિયાણીની ભારે પ્રશંસા કરે છે.

૫૫ ત્યાર પછી તે ત્રિશલા ક્ષત્રિયાણી સિદ્ધાર્થ રાજા પાસેથી એ વાત સાંભળી—સમજી ભારે હરખાણી, સંતોષ પામી યાવત તેનુ હૃદય પ્રફુલ્લ થઈ ગયુ અને તે હાથની બન્ને હથેળીની દશે નખ ભેગા થાય એ રીતે મસ્તકમા શિરસાવર્ત કરતા સાથે અંજલિ કરીને આ પ્રમાણે બોલી :

૫૬ હે સામી ! એ એ પ્રમાણે છે, હે સામી ! જે તમે કહ્યું તે પ્રમાણે [illegible]. હે સામી ! તમારુ કહેણ સાચું છે, હે સામી ! તમારું વચન સંદેહ વિનાનુ છે, હે સામી ! હુ એ તમારા કથનને વાંછું છું, હે સામી ! મેં તમારા એ કથનને તમારા [illegible] જ સ્વીકારી લીધું છે, હે સામી ! તમારું મને ગમતું એ કથન [illegible]. જેમ તમે સ્વપ્નોના એ અર્થને બતાવો છો તેમ એ સાચા છે. [illegible] યાણી સ્વપ્નોના અર્થને સારી રીતે સ્વીકારે છે. [illegible] સ્વીકારીને સિદ્ધાર્થ રાજાની રજા લઈ તે વિવિધ પ્રકારના [illegible] વાળા અદ્ભુત ભદ્રાસન ઉપરથી ઊભી થાય છે. [illegible] વગરની, વિલંબ કર્યા વગરની રાજહંસની જેવી [illegible] જ્યાં પોતાનુ બિછાનું છે ત્યા આવી પહોંચે છે. [illegible]

૫૭ મને આવેલા તે ઉત્તમ પ્રધાન મંગલરૂપ [illegible] જવાને લીધે નિષ્ફળ ન બને માટે મારે [illegible] ગુરુજનને લગતી પ્રશંસાપાત્ર મંગલરૂપ [illegible] સ્વપ્નોની સાચવણ માટે જાગતી જાગતી [illegible]

૫૯ ત્યાર પછી, સિદ્ધાર્થ રાજાએ એ પ્રમાણે હુકમ કર્યા બાદ તે કૌટુંબિક પુરુષો રાજી રાજી થતા યાવત્ હૃદયમાં ફૂલતા ફાલતા બે હાથ જોડીને માથા ઉપર અંજલિ કરીને ‘સ્વામી! જેવી આપની આજ્ઞા’ એમ કહીને રાજાની આજ્ઞાને વિનયપૂર્વકના વચનથી સ્વીકારે છે, એ પ્રમાણે રાજાની આજ્ઞાને વિનયપૂર્વકના વચનથી સ્વીકારીને તેઓ સિદ્ધાર્થ ક્ષત્રિયની પાસેથી બહાર નીકળે છે. બહાર નીકળીને જ્યાં બહારની બેઠક છે ત્યાં આવે છે, ત્યાં આવીને તરત જ એ બેઠકને સવિશેષપણે સજાવવા મંડી પડે છે એટલે કે તે બેઠકમાં સુગંધી પાણીને છાંટવાથી માંડીને મોટું સિંહાસન મંડાવવા સુધીની તમામ સજાવટ કરી નાખે છે અને એ બધી સજાવટ પૂરી કરીને તે કૌટુંબિક પુરુષો જ્યાં સિદ્ધાર્થ ક્ષત્રિય છે ત્યાં આવે છે, ત્યાં આવીને દશે નખ ભેગા થાય એ રીતે બન્ને હથેળીઓને ભેળી કરી માથા ઉપર શિરસાવર્ત સાથેની અંજલિ કરી સિદ્ધાર્થ ક્ષત્રિયની તે આજ્ઞા પાછી આપે છે એટલે હે સામી! અમે જેમ તમે ફરમાવેલું તેમ બધું કરી આવ્યા છિયે એમ કહે છે.

૬૦ પછી, વળતે દિવસે સવારના પહોરમાં જ્યારે પોયણાં કોમળપણે પાંદડીએ પાંદડીએ ખીલવા માંડ્યાં છે, હરણાંની આંખો કોમળપણે ધીરે ધીરે ઉઘડવા લાગી છે, ઊજળું પ્રભાત થવા આવ્યું છે, વળી, રાતા અશોકની પ્રભાના પુંજ સમાન, કેસુડાંના રંગ જેવો, પોપટની ચાંચ જેવો અને ચણોઠીના અડધા લાલરંગ જેવો લાલચોળ તથા મોટાં મોટાં જળાશયોમાં ઉગેલાં કમળોને ખિલવનાર હજાર કિરણોવાળો તેજથી ઝળહળતો દિનકર સૂર્ય ઊગી ગયો છે ત્યારે સિદ્ધાર્થ ક્ષત્રિય બિછાનામાંથી ઊભા થાય છે.

૬૧ બિછાનામાંથી ઊભા થઇને પાવઠા ઉપર ઉતરે છે, પાવઠા ઉપરથી ઊતરીને જ્યાં વ્યાયામશાળા છે ત્યાં આવે છે, ત્યાં આવીને વ્યાયામશાળામાં પ્રવેશ કરે છે, વ્યાયામશાળામાં પ્રવેશ કરીને અનેક પ્રકારના વ્યાયામો કરવા માટે શ્રમ કરે છે, શરીરને ચોળે છે, પરસ્પર એક બીજાનાં હાથ પગ વગેરે અંગોને મરડે છે, મલ્લયુદ્ધ કરે છે અને વિવિધ પ્રકારનાં આસનો કરે છે, એ રીતે શ્રમ કરીને આખે શરીરે અને હાથ પગ ડોક છાતી વગેરે અંગે અંગે થાકી ગયેલા તે સિદ્ધાર્થ ક્ષત્રિયને આખે શરીરે અને શરીરના અવયવે અવયવે પ્રીતિ ઉપજાવનારા, સુઘવા જેવાં સુગંધથી મઘમઘતાં, જઠરને તેજ કરનારાં, બળ વધારનારાં, માદક, માંસ વધારનારાં અને તમામ ઇંદ્રિયોને તથા તમામ ગાત્રોને સુખમાં તરબોળ કરે તેવાં, સોવાર અને હજારવાર પકવેલાં એવાં શતપાક સહસ્રપાક વગેરે અનેક જાતનાં ઉત્તમ સુગંધવાળાં તેલો ચોપડવામાં આવ્યાં, પછી તળાઇ ઉપર ચામડું પાથરીને તે ઉપર બેઠેલા સિદ્ધાર્થ ક્ષત્રિયને આખે શરીરે અને અવયવે અવયવે માલિશ કરવામાં નિપુણ, હાથે પગે સંપૂર્ણપણે કોમળ તળિયાંવાળા સુંવાળા, તેલ ચોપડવામાં, તેલની માલિશ કરવામાં, માલિશ કરેલુ તેલ પરસેવા વાટે બહાર કાઢી નાખવામાં જે કાંઈ શરીરને ફાયદા છે તે તમામ ફાયદાના બરાબર જાણનારા, સમયના જાણકાર, કોઈપણ કાર્યને વિના વિલંબે કરનારા, શરીરે પટ્ઠા, કુશલ, બુદ્ધિવાળા અને થાકને જિતી ગયેલા એવા પુરુષોએ હાડકાંનાં સુખ માટે, માંસનાં સુખ માટે, ચામડીનાં સુખ

માટે તથા રોમેરોમમાં સુખ થાય એ માટે એ ચારે પ્રકારની સુખકર અંગસેવા થાય તે નિમિત્તે તેલ વગેરેની માલિશ કરી અને સિદ્ધાર્થ ક્ષત્રિયનો તમામ થાક દૂર કરી નાખ્યો એટલે તે વ્યાયામશાળામાંથી બહાર નીકળે છે.

૬૨ વ્યાયામશાળામાંથી બહાર નીકળીને તે જ્યાં સ્નાનઘર છે ત્યાં આવે છે ત્યાં આવીને સ્નાનઘરમાં પેસે છે, સ્નાનઘરમાં પેસીને મોતીથી ભરેલા અનેક જાળિયાને લીધે મનોહર અને ભોંતળમાં વિવિધ મણિ અને રત્નો જડેલાં છે એવા રમણીય સ્નાનમંડપની નીચે ગોઠવવામાં આવેલા વિવિધ મણિ અને રત્નોના જડતરને લીધે [illegible] બનેલા અદ્ભુત સ્નાનપીઠ ઉપર સુખે બેઠેલા સિદ્ધાર્થ ક્ષત્રિયને ફૂલોના રસથી ભરેલાં એટલે અત્તર નાખેલાં પાણી વડે, ચંદન વગેરે નાખીને સુગંધવાળાં બનાવેલાં પાણી વડે, ઊનાં પાણી વડે, પવિત્ર તીર્થોમાંથી આણેલાં પાણી વડે અને ચોકખા પાણી વડે કલ્યાણકારી ઉત્તમ રીતે સ્નાનવિધિ પ્રમાણે સ્નાન કરાવવામાં કુશળ પુરુષોએ નવરાવ્યો તથા ત્યાં નાતી વખતે બહુપ્રકારનાં રક્ષા વગેરેનાં સેંકડો કૌતુક તેના શરીર ઉપર કરવામાં આવ્યાં એ રીતે કલ્યાણકારી ઉત્તમ પ્રકારનો સ્નાનવિધિ પૂરો થતાં [illegible]
શતા અંગોછા વડે તેના શરીરને લુઇ નાખવામાં આવ્યું. પછી તે [illegible]
ફાટયા તુટયા વિનાનુ ઘણું કિંમતી ઉત્તમ વસ્ત્ર એટલે [illegible]
સુગંધિત ગોશીર્ષ ચંદનનો લેપ કર્યો, પવિત્ર માળા પહેરી [illegible]
સુગંધિત ચૂર્ણ છાંટયુ, મણિથી જડેલાં સોનાનાં [illegible]
હાર, નવ સરો અર્ધહાર, ત્રણ સરવાળું [illegible]
પહેરીને એ સુશોભિત બન્યો, વળી, તેણે [illegible]
આંગળીમાં સુંદર વીંટીઓ પહેરી, [illegible]
અને બાજુબંધ પહેરવાથી તેની બન્ને [illegible]
લીધે શોભાવાળો બન્યો, કુંડળો પહેરવાથી [illegible]
દીપતું થયુ, હૃદય હારથી ઢંકાયેલુ [illegible]
પીળી લાગતી આંગળીઓ ચમકવા લાગી [illegible]
કપડાનો ખેસ પોતાના અંગ ઉપર સરસ [illegible]
નિપુણ કારીગરે બનાવેલા વિવિધ મણિ [illegible]
ચકચકતાં બનાવેલાં, મજબૂત સાંધાવાળાં [illegible]
[illegible] વર્ણન શું કરવું [illegible]
[illegible] અને વિભૂષિત બન્યો [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

મંત્રીઓ, મહામંત્રીઓ, ગણકો, [illegible], અમાત્યો, ચેટો, પીઠમર્દો [illegible], કર ભરનારા નગરના લોકો, [illegible] શેઠો [illegible] સોનાનો પટ્ટો માથા ઉપર પહેરનારા શેઠ લોકો, [illegible] દૂતો અને [illegible] પાળોથી વીંટાયેલો [illegible] નીકળ્યો [illegible] ગ્રહો, દીપતાં નક્ષત્રો અને તારાઓ વચ્ચે જેમ ચંદ્ર દીપતો લાગે તેમ તે તમામ લોકોની વચ્ચે દીપતો લાગતો, ચંદ્રની જેમ [illegible] દેખાવડો તે રાજા સ્નાનઘરમાંથી બહાર નીકળ્યો.

૬૩ સ્નાનઘરમાંથી બહાર નીકળીને જ્યાં બહારની બેઠક છે ત્યાં તે આવ્યો, ત્યાં આવીને સિંહાસન ઉપર પૂર્વદિશામાં મોઢું રહે એ રીતે બેઠો, બેસીને પોતાથી ઉત્તરપૂર્વના દિશાભાગમાં એટલે ઈશાન ખૂણામાં તેણે ધોળાં કપડાંથી ઢંકાયેલાં તથા જેમની ઉપર સરસવ વેરીને માંગલિક ઉપચાર કરવામાં આવેલ છે એવાં આઠ ભદ્રાસનો મંડાવ્યાં, એમ આઠ ભદ્રાસનો મંડાવીને પછી વળી, પોતાથી બહુ દૂર તેમ બહુ નજિક નહીં એમ વિવિધ મણિ અને રત્નોથી ભરેલો ભારે દેખાવડો મહામૂલો, ઉત્તમનગરમાં બનેલો અથવા ઉત્તમ વીંટણામાંથી બહાર નીકળેલો, પારદર્શક–આરપાર દેખાય એવા આછા કપડામાંથી નીપજાવેલો, સેંકડો ભાતવાળો, વિવિધ ચિત્રોવાળો એટલે વૃક બળદ ઘોડો પુરુષ મગર પક્ષી સાપ કિંનર વિશેષ પ્રકારનો મૃગ અષ્ટાપદ ચમરી ગાય હાથી વનલતા અને કમળવેલ વગેરેની ભાતવાળાં ચિત્રોવાળો એવો બેઠકની અંદર એક પડદો તણાવે છે, એવો પડદો તણાવીને પડદાની અંદર વિવિધ મણિ અને રત્નોથી જડેલુ ભાતવાળુ અદ્દભુત, તકિયો અને સુવાળી કોમળ ગાદીવાળું, ધોળાં કપડાંથી ઢાંકેલું, ઘણું કોમળ, શરીરને સુખકારી સ્પર્શવાળું ઉત્તમ પ્રકારનું એક ભદ્રાસન ત્રિશલા ક્ષત્રિયાણીને બેસવા માટે મંડાવે છે.

૬૪ એવું ભદ્રાસન મંડાવીને તે સિદ્ધાર્થ ક્ષત્રિય કૌટુંબિક પુરુષોને બોલાવે છે, કૌટુંબિક પુરુષોને બોલાવીને તે આ પ્રમાણે બોલ્યો: હે દેવાનુપ્રિયો! તમે તરત જ જાઓ અને જેઓ અષ્ટાંગમહાનિમિત્તનાં શાસ્ત્રોના અર્થના પારગામી છે, વિવિધ શાસ્ત્રોમાં કુશળ છે તેવા સ્વપ્નલક્ષણપાઠકોને એટલે સ્વપ્નોનુ ફળ કહી શકે તેવા પંડિતોને બોલાવી લાવો.

૬૫ ત્યારપછી સિદ્ધાર્થ રાજાએ જેમને ઉપર કહ્યો એ પ્રમાણેનો હુકમ ફરમાવેલ છે એવા તે કૌટુંબિક પુરુષો રાજી થયા અને તેમનું હૃદય પ્રફુલ્લિત થયુ તથા તેઓ બે હાથ જોડીને રાજાની આજ્ઞાને વિનયનુ વચન બોલીને સ્વીકારે છે, એ પ્રમાણે રાજાની આજ્ઞાને સ્વીકારીને તેઓ સિદ્ધાર્થ ક્ષત્રિયની પાસેથી નીકળ્યા, નીકળીને તેઓ કુંડગ્રામ નગરની વચ્ચોવચ્ચ થતા જ્યાં સ્વપ્નલક્ષણપાઠકોનાં ઘરો છે ત્યાં આવે છે, ત્યાં આવીને તેઓ સ્વપ્નલક્ષણપાઠકોને બોલાવે છે.

૬૬ ત્યારપછી સિદ્ધાર્થ ક્ષત્રિયના કૌટુંબિક પુરુષોએ બોલાવેલા તે સ્વપ્નલક્ષણ–પાઠકો હર્ષવાળા થયા, તોષવાળા થયા અને યાવત્ રાજી રાજી થવાથી તેમનું હૃદય વેગવાળું

બન્યું. તે સ્વપ્નલક્ષણપાઠકો ન્હાયા, બલિકર્મ કર્યું, તેમણે અનેક કૌતુકો એટલે ટીલાંટપકાં અને મંગલકર્મો–પ્રાયશ્ચિત્તો કર્યાં.

પછી તેમણે ચોકખાં અને બહાર જવાનાં એટલે રાજસભા વગેરેમાં જવા સારુ પહેરવા જેવાં મંગલરૂપ ઉત્તમ વસ્ત્રો પહેર્યાં, વજનમાં ભારે નહીં પણ કિંમતમાં ભારે–મોંઘાં ઘરેણાં પહેરીને તેઓએ શરીરને શણગાર્યું અને માથા ઉપર ધોળા સરસવ તથા ધરોને શુકન માટે મૂકીને તે સ્વપ્નલક્ષણપાઠકો પોતપોતાના ઘરોમાંથી બહાર નીકળે છે.

૬૭ બહાર નીકળીને તેઓ ક્ષત્રિયકુંડગ્રામ નામના નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં સિદ્ધાર્થ રાજાના ઉત્તમ ભવનનું પ્રવેશદ્વાર છે ત્યાં આવે છે. ત્યાં આવીને તેઓ [illegible] ભેગા થાય છે, તેઓ બધા ભેગા થઇ ગયા પછી જ્યાં બહારની બેઠક [illegible] જ્યાં સિદ્ધાર્થ ક્ષત્રિય છે ત્યાં તેઓ આવે છે, તેઓ ત્યાં આવીને પોતપોતાના [illegible] અંજલિ કરીને સિદ્ધાર્થ ક્ષત્રિયને 'જય થાઓ વિજય થાઓ' [illegible]

૬૮ ત્યારપછી સિદ્ધાર્થ રાજાએ તે સ્વપ્નલક્ષણપાઠકોને [illegible] સત્કાર અને સંમાન કર્યા પછી તેઓ તેમને માટે [illegible] ભદ્રાસનમાં બેસી જાય છે.

૬૯ પછી સિદ્ધાર્થ ક્ષત્રિય [illegible] હાથમાં ફૂલફળ લઈને વિશેષ વિનય [illegible] પ્રમાણે કહ્યું:

એક મત થઈ પાકા નિશ્ચય ઉપર આવી ગયા. પછી તેઓ સિદ્ધાર્થ રાજાની આગળ સ્વપ્નશાસ્ત્રોનાં પ્રમાણભૂત વચનો બોલતા બોલતા સિદ્ધાર્થ ક્ષત્રિયને આ પ્રમાણે કહેવા લાગ્યા:

૭૧ હે દેવાનુપ્રિય! ખરેખર એમ છે કે અમારાં સ્વપ્નશાસ્ત્રમાં બેંતાળીશ સ્વપ્નો કહેલાં છે. તથા ત્રીશ મોટાં સ્વપ્નો જણાવેલાં છે. એમ બધાં મળીને બહોંતેર સ્વપ્નો જણાવેલાં છે. તેમાંથી હે દેવાનુપ્રિય! અરહંતની માતાઓ અને ચક્રવર્તીની માતાઓ જ્યારે અર્હંત ગર્ભમાં આવેલા હોય છે અને ચક્રવર્તી ગર્ભમાં આવેલા હોય છે ત્યારે એ ત્રીશ મોટાં સ્વપ્નોમાંથી આ ચૌદ મોટાં સ્વપ્નોને જોઈને જાગી જાય છે. તે જેમકે, પહેલો હાથી અને બીજો વૃષભ વગેરે.

૭૨ વાસુદેવની માતાઓ વળી જ્યારે વાસુદેવ ગર્ભમાં આવેલા હોય છે ત્યારે એ ચૌદ મોટાં સ્વપ્નોમાંથી ગમે તે સાત મોટાં સ્વપ્નોને જોઈને જાગી જાય છે.

૭૩ વળી, બળદેવની માતાઓ જ્યારે બળદેવ ગર્ભમાં આવેલા હોય છે ત્યારે એ ચૌદ મોટાં સ્વપ્નોમાંથી ગમે તે ચાર મોટાં સ્વપ્નોને જોઈને જાગી જાય છે.

૭૪ માંડલિક રાજાની માતાઓ વળી, જ્યારે માંડલિક રાજા ગર્ભમાં આવેલ હોય છે ત્યારે એ ચૌદ મોટાં સ્વપ્નોમાંથી ગમે તે એક મહાસ્વપ્નને જોઈને જાગી જાય છે.

૭૫ હે દેવાનુપ્રિય! ત્રિશલા ક્ષત્રિયાણીએ આ એ ચૌદ મહાસ્વપ્નો જોયેલાં છે તો હે દેવાનુપ્રિય! ત્રિશલા ક્ષત્રિયાણીએ એ ઉદાર સ્વપ્નો જોયાં છે, હે દેવાનુપ્રિય! ત્રિશલા ક્ષત્રિયાણીએ યાવત્ મંગલકારક સ્વપ્નો જોયાં છે. તો જેમકે; હે દેવાનુપ્રિય! અર્થનો લાભ થવાનો, હે દેવાનુપ્રિય! ભોગનો લાભ થવાનો, હે દેવાનુપ્રિય! પુત્રનો લાભ થવાનો, હે દેવાનુપ્રિય! સુખનો લાભ થવાનો, હે દેવાનુપ્રિય! રાજ્યનો લાભ થવાનો, હે દેવાનુપ્રિય! એમ ખરેખર છે કે ત્રિશલા ક્ષત્રિયાણી નવ માસ બરાબર પૂરા થયા પછી અને તે ઉપર સાડાસાત દિવસ વીતી ગયા પછી તમારા કુલમાં ધ્વજ સમાન, કુલમાં દીવા સમાન, કુલમાં પર્વત સમાન, કુલમાં મુગટ સમાન, કુલમાં તિલક સમાન તથા કુલની કીર્તિ વધારનાર, કુલમાં સમૃદ્ધિ લાવનાર, કુલનો જશ ફેલાવનાર, કુલના આધાર સમાન, કુલમાં વૃક્ષ સમાન અને કુલની વિશેષ વૃદ્ધિ કરનાર એવા તથા હાથે પગે સુકુમાળ, પૂરેપૂરી પાંચ ઇંદ્રિયોવાળા શરીરથી યુક્ત–જરા પણ ખોડખાંપણ વિનાના, લક્ષણ વ્યંજન અને ગુણોથી યુક્ત, માન વજન અને ઊંચાઈમાં પૂરેપૂરા, સર્વાંગસુંદર, ચંદ્ર સમાન સૌમ્ય આકારવાળા, મનોહર, જોતાં જ ગમી જાય તેવા સુંદર રૂપવાળા પુત્રને જનમ આપશે.

૭૬ વળી, તે પુત્ર પણ બાળપણ વીતાવ્યા પછી જ્યારે ભણીગણીને પરિપક્વ જ્ઞાનવાળો થશે અને યૌવનને પામેલો હશે ત્યારે એ શૂરો વીર અને ભારે પરાક્રમી થશે,

એની પાસે વિશાળ વિસ્તારવાળાં સેના અને વાહનો હશે અને તે, ચારે સમુદ્રના છેડાથી સુશોભિત એવા આ ભૂમંડળનો ચક્રવર્તી રાજ્યપતિ રાજા થશે અથવા ત્રણલોકનો નેતા, ધર્મનો ચક્રવર્તી–ધર્મચક્ર પ્રવર્તાવનાર એવો જિન થશે. તો હે દેવાનુપ્રિય! ત્રિશલા ક્ષત્રિ-યાણીએ ઉદાર સ્વપ્નો જોયેલાં છે યાવત્ હે દેવાનુપ્રિય! એ સ્વપ્નો આરોગ્ય કરનારાં, તુષ્ટિ કરાવે એવાં, દીર્ઘ આયુષ્યનાં સૂચક, કલ્યાણ અને મંગળ કરનારાં એવાં ત્રિશલા ક્ષત્રિયાણીએ જોયેલાં છે.

૭૭ ત્યાર પછી તે સિદ્ધાર્થ રાજા તે સ્વપ્નલક્ષણપાઠકો પાસેથી સ્વપ્નોને લગતી એ વાતને સાંભળીને સમજીને રાજી રાજી થઇ ગયો, ખુબ તુષ્ટિ પામ્યો અને હર્ષને લીધે એનું હૃદય ધડકવા લાગ્યું. તેણે પોતાના બન્ને હાથ જોડીને તે સ્વપ્નલક્ષણપાઠકોને આ પ્રમાણે કહ્યું:

૭૮ હે દેવાનુપ્રિયો! જે તમે કહેલ છે એ એમ જ છે. તે [illegible] એમાં કશી વિતથા નથી જ. હે દેવાનુપ્રિયો! તમારું એ કથન અમે [illegible] સ્વીકારેલુ જ હતું, તમારું એ કથન અમને ગમે એવું જ છે [illegible] બરાબર એ રીતે કબુલ કરેલ છે, હે દેવાનુપ્રિયો! એ વાત [illegible] છે, એમ કરીને તે, એ સ્વપ્નોને લગતી કહેલી બાબી [illegible] સ્વીકારે છે, એમ સ્વીકારીને તે સ્વપ્નલક્ષણપાઠકોનો [illegible] એટલે તેમને વિપુલ ભોજન આપ્યુ.

અવતીવનાર એવા જિન થનાર પુત્રને જન્મ આપશે' ત્યાં સુધીની તમામ હકીકત ત્રિશલા ક્ષત્રિયાણીને કહી બતાવે છે.

૮૨ ત્યાર પછી તે ત્રિશલા ક્ષત્રિયાણી સિદ્ધાર્થ રાજા પાસેથી એ વાતને સાંભળીને સમજીને ખુશખુશાલ થઈ ગઈ, ભારે સંતોષ પામી અને ગજરાજી થવાથી તેનું હૃદય ધડકવા લાગ્યું. પછી તે, પોતાના બન્ને હાથ જોડીને યાવત તે સ્વપ્નોના અર્થને સારી રીતે સ્વીકારે છે.

૮૩ સ્વપ્નોના અર્થને સારી રીતે સ્વીકારીને પછી સિદ્ધાર્થ રાજાની રજા મેળવી તેણી વિવિધ મણિ અને રત્નના જડતરને લીધે ભાતિગળ બનેલા અદ્‌ભુત ભદ્રાસન ઉપરથી ઉભી થાય છે, ઉભી થઈને ઉતાવળ વિના, ચપળતારહિતપણે, વેગ વગર, વિલંબ ન થાય એ રીતે રાજહંસ જેવી ગતિએ તેણી જ્યાં પોતાનું ભવન છે ત્યાં આવે છે, ત્યાં આવીને તેણીએ પોતાના ભવનમાં પ્રવેશ કર્યો.

૮૪ જ્યારથી માંડીને શ્રમણ ભગવાન મહાવીરને તે જ્ઞાતકુળમાં લાવવામાં આવ્યા છે, ત્યારથી વૈશ્રમણને–કુબેરને–તાબે રહેનારા તિર્યગ્‌લોકમાં વસનારા ઘણા જૃંભક દેવો ઇંદ્રની આજ્ઞાને લીધે જે આ જુનાં પુરાણાં મહાનિધાનો મળી આવે છે તે તમામને લાવી લાવીને સિદ્ધાર્થ રાજાના ભવનમાં ઠલવવા લાગ્યા. મળી આવતાં જુનાં પુરાણાં મહાનિધાનોની–મોટા મોટા ધનભંડારોની–હકીકત આ પ્રમાણે છે: એ ધનભંડારોનો હાલ કોઈ ધણીધોરી રહ્યો નથી, એ ધનભંડારોમાં હવે કોઈ વધારો કરનાર રહ્યું નથી, એ ધનભંડારો જેમનાં છે તેમનાં ગોત્રોનો પણ કોઈ હવે હયાત રહ્યો જણાતો નથી તેમ તેમનાં ઘરો પણ પડી, ખંડેર પાદર થઈ ગયા જેવાં છે, એ ધનભંડારોના સ્વામીઓનો ઉચ્છેદ જ થઈ ગયેલ છે, એ ધનભંડારોમાં હવે કોઈ વધારો કરનારાનો પણ ઉચ્છેદ જ થઈ ગયેલ છે અને એ ધનભંડારોના માલિકોનાં ગોત્રોનો પણ ઉચ્છેદ થઇ ગયો છે તથા તેમના ઘરોનું પણ નામનિશાન સુદ્ધાં રહ્યું જણાતું નથી એવા ધનભંડારો ક્યાંય ગામડાઓમાં, ક્યાંય અગરોમાં–ખાણોમાં, ક્યાંય નગરોમાં, ક્યાંય ખેડાઓમાં–ધૂળિયા ગઢવાળાં ગામોમાં, ક્યાંય નગરની હારમાં ન શોભે એવાં ગામોમાં, ક્યાંય જેમની આસપાસ ચારે બાજુ બબે ગાઉમાં જ કોઇ ગામ હોય છે એવા ગામડાઓમાં–મડબોમાં, ક્યાંય જ્યાં જળમાર્ગ છે અને સ્થળમાર્ગ પણ છે એવા બંદરોમાં–દ્રોણમુખોમાં, કયાંય એકલો જળમાર્ગ કે સ્થળમાર્ગ છે એવાં પાટણોમાં, કયાંય આશ્રમોમાં એટલે તીર્થસ્થાનોમાં કે તાપસના મઠોમાં, કયાંય ખળાઓમાં અને કયાંય સંનિવેશોમાં–મોટા મોટા પડાવોનાં સ્થાનોમાં દટાયેલાં હોય છે. વળી, એ ધનભંડારો કયાંય સિંગોડાના ઘાટના રસ્તાઓમાં દટાએલા જડે છે, કયાંય તરભેટાઓમાં, કયાય ચાર રસ્તા ભેગા થાય એવા ચોકોમાં, કયાંય ચારે બાજુ ખુલ્લી હોય એવાં ચતુર્મુખ સ્થળોમાં એટલે દેવળોનાં કે છત્રીઓનાં સ્થાનોમાં, મોટા મોટા ધોરી રસ્તાઓમાં, ઉજ્જડ ગામડાઓની જગ્યાઓમાં, ઉજ્જડ નગરોની જગ્યાઓમાં,

ગામની અને નગરની ખાળોવાળી જગ્યામાં, હાટો–દુકાનો–જ્યાં હોય તે જગ્યાએ. દેવળો, ચોરાઓ, પાણી પીવાની પરબો અને બાગબગીચાઓની જગ્યાઓમાં. તથા ઉજાણી કરવાની જગ્યાઓમાં, વનોમાં, વનખંડોમાં, મસાણોમાં, સૂનાં ઘરોમાં. પર્વતની ગુફાઓમાં, શાંતિઘરોમાં એટલે કે જ્યાં બેસીને શાંતિકર્મ કરવામાં આવે છે તેવાં સ્થળોમાં. પર્વતમાં કોરી કાઢેલાં લેણોમાં, સભા ભરવાની જગ્યાઓમાં અને જ્યાં ખેડુતો રહે છે એવાં ઘરો-વાળી જગ્યાએ દટાયેલાં હોય છે. તે તમામ ધનભંડારોને જૃંભક દેવો તે તે જગ્યાએથી ખોળી કાઢી લાવીને સિદ્ધાર્થ રાજાના ભવનમાં ઠલવે છે—મૂકે છે.

૮૫ વળી, જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર જ્ઞાતકુળમાં લાવવામાં આવ્યા તે રાતથી આખું જ્ઞાતકુળ રૂપાથી વધવા માંડયુ, સોનાથી વધવા માંડયું. ધનથી, ધાન્યથી, રાજ્યથી, રાષ્ટ્રથી, સેનાથી, વાહનથી, ભંડારોથી, કોઠારોથી. નગરથી, અંતઃપુરથી. જન-પદથી અને જશકીર્તિથી વધવા લાગ્યું તેમ જ વિપુલ–બહોળાં ધન–ગોકુળ વગેરે. કનક, રતન, મણિ. મોતી, દક્ષિણાવર્તશંખ, રાજપટ્ટો–શિલા, પરવાળાં, રાતાં રતન–માણેક એવાં ખરેખરાં સાચુકલાં ધન વગેરે એ જ્ઞાતકુળમાં વધવા લાગ્યાં અને જ્ઞાતકુળમાં પરસ્પર પ્રીતિ આદર સત્કાર પણ ઘણો ઘણો ખુબ વધવા માંડ્યો.

૮૬ ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરના માતાપિતાના મનમાં [illegible] વિચાર ચિંતવન અભિલાષરૂપ મનોગત સંકલ્પ આવ્યો કે, જ્યારથી [illegible] કુળમાં ગર્ભપણે આવેલ છે ત્યારથી અમે હિરણ્ય–ચાંદી–થી વધિયે [illegible] છિયે, એ જ રીતે ધનથી, ધાન્યથી, રાજ્યથી, રાષ્ટ્રથી. સેનાથી, વ[illegible] પુરથી, અંતઃપુરથી, જનપદથી તથા જશકીર્તિથી વધિયે છિ[illegible] રતન, મણિ, મોતી, શંખો, શિલા, પરવાળાં અને માણેક વગેરે [illegible] ત્યાં વધવા માંડ્યુ છે તથા આમાન આપણા જ્ઞાતકુળમાં પરસ્પર [illegible] ખુબ વધી ગઈ છે અને [illegible] [illegible]

છે, અને મારો એ ગર્ભ ગળી ગયો છે કારણ કે મારો એ ગર્ભ પહેલાં હાલતો હતો અને હવે હાલતો નથી એમ વિચારીને તે ત્રિશલા ક્ષત્રિયાણી ચિંતા અને શોકના દરિયામાં ડૂબી ગઈ. હથેળી ઉપર મોઢું રાખીને આર્ત ધ્યાનને પામેલી તે ભૂમિ તરફ નીચી નજર કરીને ચિંતા કરવા લાગી છે. અને એ સિદ્ધાર્થ રાજાનું આખું ઘર પણ શોકમગ્ન થઈ ગયું છે. એટલે કે જ્યાં પહેલાં મૃદંગો. વીણાઓ વગેરે વાજાઓ વાગતાં હતાં. લોકો રાસ લેતા હતા. નાટકીયાઓ નાટક કરતા હતા. ઘણી વાહ વાહ થઈ રહી હતી. ત્યાં હવે બધું સમસામ થઈ ગયું છે, અને એ આખું ઘર ઉદાસ થઈ ગયેલું રહે છે.

૮૯ ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર માતાના મનમાં ઊગેલો આ આ પ્રકારનો વિચાર-ચિંતવન-અભિલાષારૂપ-મનોગત-સંકલ્પ-જાણીને પોતે પોતાના શરીરના એક ભાગથી કંપે છે.

૯૦ ત્યાર પછી તે ત્રિશલા ક્ષત્રિયાણી રાજી રાજી થઇ ગઇ, તુષ્ટ થઇ ગઇ અને રાજી થવાને લીધે એનું હૃદય ધડકવા લાગ્યું, એવી રાજી થયેલી તે આ પ્રમાણે બોલી ખરેખર મારો ગર્ભ હરાયો નથી, યાવત્ મારો ગર્ભ ગળ્યો પણ નથી, મારો ગર્ભ પહેલાં હલતો નહોતો તે હવે હલવા લાગ્યો છે. એમ કરીને તે ખુશ થયેલી અને સંતોષ પામેલી ત્રિશલા ક્ષત્રિયાણી એમ રહેવા લાગે છે.

૯૧ ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર ગર્ભમાં રહેતાં રહેતાં જ આ જાતનો અભિગ્રહ-નિયમ સ્વીકારે છે, કે જ્યાં સુધી માતા-પિતા જીવતાં હોય ત્યાં સુધી મારે મુંડ થઈને ઘરવાસ તજીને અનગારીપણાની દીક્ષા લેવાનું ખપે નહિ.

૯૨ પછી તે ત્રિશલા ક્ષત્રિયાણી નહાઈ, બલિકર્મ કર્યું, કૌતુક અને મંગલ પ્રાયશ્ચિત્તો કર્યાં. તમામ અલંકારોથી ભૂષિત થઇને તે ગર્ભને સાચવવા લાગી એટલે કે તેણીએ અતિશય ઠંડાં, અતિશય ઊનાં, અતિશય તીખાં, અતિશય કડવાં, અતિશય તુરાં, અતિશય ખાટાં, અતિશય ગળ્યાં, અતિશય ચીકણાં, અતિશય લૂખાં, અતિશય ભીનાં, અતિશય સૂકાં ભોજન, વસ્ત્ર, ગંધ અને માળાઓ તજી દીધાં અને ઋતુને યોગ્ય સુખ આપે એવાં ભોજન, વસ્ત્ર, ગંધ અને માળાઓ ધારણ કરતી તે રોગ વગરની, શોક વગરની, મોહ વગરની, ભય વગરની અને ત્રાસ વગરની બનીને રહેવા લાગી તથા તે ગર્ભ માટે જે કાંઈ હિતકર હોય તેનો પણ પરિમિત રીતે પથ્યપૂર્વક ગર્ભનું પોષણ થાય એ રીતે ઉપયોગ કરવા લાગી તથા ઉચિત સ્થળે બેસીને અને ઉચિત સમય જાણીને ગર્ભને પોષે એવો આહાર લેતી તે દોષ વગરના કોમળ એવાં બિછાનાં ને આસનો વડે એકાંતમાં સુખરૂપે મનને અનુકૂળ આવે એવી વિહારભૂમિમાં રહેવા લાગી. એને પ્રશસ્ત દોહદો થયા. તે દોહદો સંપૂર્ણ રીતે પૂરવામાં આવ્યા. એ દોહદોનું પૂરું સન્માન જાળવવામાં આવ્યું, એ દોહદોનુ જરાપણ અપમાન થવા દેવામાં ન આવ્યું. એ રીતે તેનું પૂર્ણ

વાંછિત સિદ્ધ થવાથી દોહદો શમી ગયા છે. અને હવે દોહદ થતા અટકી ગયા [illegible]
તે સુખે સુખે ટેકો લઈને બેસે છે, સૂવે છે, ઉભી રહે છે, આસન ઉપર બેસે [illegible]
રીમા આળોટે છે, એ રીતે તે, તે ગર્ભને સુખે સુખે ધારણ કરે છે.

૯૩ તે કાલે તે સમયે ગ્રીષ્મઋતુ ચાલતી હતી તેનો જે તે પ્રથમ મા [illegible]
ચૈત્ર માસ અને તે ચૈત્ર માસનો બીજો પક્ષ એટલે ચૈત્ર માસનો શુદ્ધ પ [illegible]
તે ચૈત્ર માસના શુદ્ધ પક્ષનો તેરમો દિવસ એટલે ચૈત્ર શુ૦ [illegible] તેરસને દિવસે [illegible]
નવ મહિના તદ્દન પૂરા થયા હતા અને તે ઉપર સાડાસાત દિવસ [illegible]
બધા ઉચ્ચ સ્થાનમા આવેલા હતા. ચન્દ્રનો પ્રથમ યોગ ચાલતો [illegible]
સૌમ્ય. અંધકાર વિનાની અને વિશુદ્ધ હતી, શુકનો બધા [illegible]
જમણી તરફનો અનુકૂળ અને ભોને અડીને ધીરે ધીરે વાતો [illegible]
પાકી જવા ઉપર આવવાને લીધે નીપજેલી હતી. [illegible]
રમતગમતમા ગુલતાન હતા તેવે સમયે લગભગ [illegible]
એટલે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ આવતા [illegible]
પૂર્વક પુત્રને જનમ આપ્યો.

વીને પોતાનાં મિત્રો, જ્ઞાતિજનો, પોતાનાં સ્વજનો અને પોતાની સાથે સંબંધ ધરાવનાર પરિવારોને તથા જ્ઞાતવંશના ક્ષત્રિયોને આમંત્રણો આપે છે કે ભોજન-મંડપમાં આવવાનાં નોતરાં મોકલે છે. એમ આમંત્રણો આપીને એ બધા આવી ગયા પછી એ સૌ ન્હાયા, એ બધાએ બલિકર્મ કર્યાં, કૌતુકો અને દોષને નિવારનારાં મંગળરૂપ પ્રાયશ્ચિત્તો કર્યાં. ભોજનમાં અને ઉત્સવમાં જવા યોગ્ય મંગળમય વસ્ત્રોને ઉત્તમ રીતે પહેર્યાં અને ભોજનનો સમય થતાં ભોજનમંડપમાં તેઓ બધા આવી પહોંચ્યા. ભોજન-મંડપમાં આવ્યા પછી તેઓ બધા ઉત્તમ સુખાસનમાં બેઠા અને પછી તે પોતાનાં મિત્રો જ્ઞાતિજનો પોતાનાં સ્વજનો અને પોતાની સાથે સંબંધ ધરાવનારા પરિવારો સાથે તથા જ્ઞાતવંશના ક્ષત્રિયો સાથે તે બહોળાં ભોજન, પીણાં, વિવિધ ખાવાની અને વિવિધ સ્વાદ કરવાની વાનીઓનો આસ્વાદ લેતાં, વધારે સ્વાદ લેતાં, જમતાં અને એક બીજાને આપતાં રહે છે અર્થાત્ ભગવાનનાં માતાપિતા પોતાનાં પુત્રજન્મનો ઉત્સવ કરતાં આ પ્રકારનો ભોજનસમારંભ કરતાં રહે છે.

૧૦૨ જમી ભોજન કરી પરવાર્યાં પછી ભગવાનનાં માતાપિતા તેઓ બધા સાથે બેઠકની જગ્યામાં આવે છે, ત્યાં આવીને તેઓ ચોકખા પાણી વડે કોગળા કરીને દાંત અને મુખને ચોકખાં કરે છે, એ પ્રમાણે પરમશુચિ થયેલા માતાપિતા ત્યાં આવેલા પોતાના મિત્રો જ્ઞાતિજનો પોતાનાં સ્વજનો તથા પોતાની સાથે સંબંધ ધરાવનારા પરિવારોને અને જ્ઞાતવંશના ક્ષત્રિયોને બહોળાં ફૂલો વસ્રો, ગંધો—સુગંધી અત્તરો, માળાઓ અને આભૂષણો આપીને તે બધાંનો સત્કાર કરે છે, તે બધાંનુ સન્માન કરે છે. તે બધાંનાં સત્કાર અને સન્માન કરીને તે જ મિત્રો જ્ઞાતિજનો પોતાનાં સ્વજનો અને પોતાની સાથે સંબંધ ધરાવનારા પરિવારોની તથા જ્ઞાતવંશના ક્ષત્રિયોની આગળ ભગવાનનાં માતાપિતા આ પ્રમાણે બોલ્યા:

૧૦૩ પહેલાં પણ હે દેવાનુપ્રિયો! અમારો આ દીકરો જ્યારે ગર્ભમાં આવ્યો ત્યારે અમને આ આ પ્રકારનો વિચાર ચિંતન યાવત્ મનોગત પેદા થયો હતો કે જ્યારથી માંડીને અમારો આ દીકરો કૂખમાં ગર્ભપણે આવેલ છે ત્યારથી માંડીને અમે હિરણ્યવડે વધીએ છીએ, સુવર્ણવડે ધનવડે યાવત્ સાવટાવડે તથા પ્રીતિ અને સત્કારવડે ઘણાઘણા વધવા માંડયા છીએ અને સામંતરાજાઓ અમારે વશ થયેલા છે. તેથી કરીને જ્યારે અમારો આ દીકરો જનમ લેશે ત્યારે અમે એ દીકરાનું એને અનુસરતું એના ગુણને શોભે એવું ગુણનિષ્પન્ન યથાર્થ નામ 'વર્ધમાન' એવું પાડશુ તો હવે આ કુમાર 'વર્ધમાન' નામે થાઓ એટલે આ કુમારનુ નામ અમે 'વર્ધમાન' એવું પ્રસિદ્ધ કરીએ છીએ.

૧૦૪ શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપ ગોત્રના હતા. તેમનાં ત્રણ નામો આ પ્રમાણે કહેવામાં આવે છે· તે જેમકે—તેમનું માતાપિતાએ પાડેલું પહેલુ નામ વર્ધમાન, સ્વાભાવિક સ્મરણ શક્તિને લીધે તેમનુ બીજુ નામ શ્રમણ એટલે સહજ સ્પુરણ શક્તિને

લીધે તેઓએ તપ વગેરે કરીને સાધનાનો પરિશ્રમ કરેલ છે એથી તેમનુ બીજું નામ શ્રમણ અને કોઇ આકસ્મિક ભય ઊભો થતાં કે ભયાનક ક્રૂર સિંહ વગેરે જંગલી જનાવરોનો ભય આવતાં એઓ તદ્દન અચલ રહેનારા છે—જરાપણ પોતાના સંકલ્પથી ડગતા નથી એવા અકંપ છે, ગમે તેવા પરીષહો એટલે ભૂખ તરસ વગેરેના સંકટો [illegible] ઉપસર્ગો એટલે બીજાઓ તરફથી ગમે તેવાં શારીરિક સંકટો આવતા લેશ પણ ચલિત થતા નથી, એ પરીષહોને અને ઉપસર્ગોને ક્ષમાવડે શાતચિત્તે બરાબર સહન કરવામાં સમર્થ છે, ભિક્ષુઓની પ્રતિમાઓના પાળનારા છે, ધીમાન છે શોક અને હર્ષ [illegible] ને બન્નેને સમભાવે સહન કરનારા છે તે તે સદ્‌ગુણોના ભાજન છે અને [illegible] ધરાવનારા છે માટે દેવોએ તેમનુ ત્રીજું નામ શ્રમણ ભગવાન મહાવીર કર્યું છે

મનને સુખ કરનારી, [illegible], મધુર અને શોભાવાળી તથા હૃદયગમ, હૃદયને [illegible] ગમનારી, ગંભીર અને પુનરુક્તિ વગરની વાણીવડે ભગવાનને નિરંતર અભિનંદન આપતા અને તેમની ભગવાનની ખૂબ સ્તુતિ કરી, એ રીતે અભિનંદન આપતા તથા તેમની ખૂબ સ્તુતિ કરતા તે દેવો આ પ્રમાણે બોલ્યા: હે નંદ! તારો જય થાઓ જય થાઓ હે ભદ્ર! તારો જય થાઓ જય થાઓ, તારું ભદ્ર થાઓ, હે ઉત્તમોત્તમ ક્ષત્રિય–હે ક્ષત્રિયનરપુંગવ! તારો જય થાઓ જય થાઓ, હે ભગવંત લોકનાથ! તું બોધ પામ, આખા જગતમાં તમામ જીવોને હિત સુખ અને નિઃશ્રેયસ કરનારું તું ધર્મતીર્થ–ધર્મચક્ર પ્રવર્તાવ, એ ધર્મચક્ર આખા જગતમાં તમામ જીવોને હિત સુખ અને નિઃશ્રેયસ કરનારું થશે એમ કહીને તે દેવો 'જય જય' એવો નાદ કરે છે.

૧૧૧ શ્રમણ ભગવાન મહાવીરને પહેલાં પણ એટલે માનવી ગૃહસ્થધર્મમાં આવતાં –વિવાહિત જીવનથી–પહેલાં પણ ઉત્તમ, આભોગિક, નાશ ન પામે એવું જ્ઞાનદર્શન હતું, તેથી શ્રમણ ભગવાન મહાવીર તે પોતાનાં ઉત્તમ આભોગિક જ્ઞાનદર્શન દ્વારા પોતાનો નિષ્ક્રમણકાળ એટલે પ્રવ્રજ્યાસમય આવી પહોંચ્યો છે એમ જુએ છે, એ રીતે જોયા જાણ્યા પછી હિરણ્યને તજી દઈને, સુવર્ણને તજી દઈને, ધનને તજી દઈને, રાજ્યને તજી દઈને, રાષ્ટ્રને તજી દઈને; એ જ પ્રમાણે સેનાને, વાહનોને, ધનભંડારને, કોઠારને તજી દઈને, પુરને તજી દઈને, અન્તઃપુરને તજી દઈને, જનપદને તજી દઈને, બહોળાં ધન કનક રતન મણિ મોતી શંખ રાજપટ્ટ કે રાજાવર્ત પરવાળાં માણેક વગેરે સત્ત્વવાળું સારવાળું એ તમામ દ્રવ્ય વિશેષ પ્રકારે તજી દઈને, પોતે નિમેલા દેનારાઓ દ્વારા એ તમામ ધનને ખુલ્લુ કરીને તે તમામને દાનરૂપે દેવાનો વિચાર કરીને અને પોતાના ગોત્રના લોકોમાં એ તમામ ધન ધાન્ય હિરણ્ય રતન વગેરેને વહેંચી આપીને હેમંત ઋતુનો જે તે પહેલો માસ અને પહેલો પક્ષ એટલે માગશરનો વ૦ દિ૦ પક્ષ આવતાં તથા તે માગશર મહિનાની વ૦ દિ૦ દશમનો દિવસ આવતાં જ્યારે છાયા પૂર્વદિશા તરફ ઢળતી હતી અને બરાબર પ્રમાણ પ્રમાણે ન ઓછી કે ન વધુ એવી પૌરુષી થવા આવી હતી તેવે સમયે સુવ્રતનામને દિવસે વિજય નામના મુહૂર્તે ભગવાન ચંદ્રપ્રભા નામની પાલખીમાં બેઠા અને તેમની પાછળ પાછળ દેવો માનવો અને અસુરોનાં મોટાં ટોળાં' મારગમાં ચાલતાં હતાં તથા આગળ કેટલાક શંખ વગાડનારા હતા, કેટલાક ચક્રધારી હતા, કેટલાક હળધારી હતા એટલે ગળામાં સોનાનુ હળ લટકતું રાખનારા ખાસ પ્રકારના ભાટલોકો હતા, કેટલાક મુખમંગળિયા–મુખે મીઠું બોલનારા–હતા, વર્ધમાનકો એટલે પોતાના ખભા ઉપર બીજાઓને બેસાડેલા છે એવા પણ કેટલાક હતા, કેટલાક ચારણો હતા, અને કેટલાક ઘંટ વગાડનારા ઘાંટિકો હતા. એ બધા લોકોથી વીંટળાયેલા ભગવાનને પાલખીમાં બેઠેલા જોઈને ભગવાનના કુલમહત્તરો તે તે ઇષ્ટ પ્રકારની મનોહર સાંભળવી ગમે તેવી મનગમતી મનને પ્રસાદ પમાડે તેવી ઉદાર કલ્યાણરૂપ શિવરૂપ ધન્ય મંગળમય

પરિમિત મધુર અને સોહામણી વાણીદ્વારા ભગવાનનું અભિનંદન કરતા. [illegible] સ્તુતિ કરતા આ પ્રમાણે કહેવા લાગ્યાઃ

૧૧૨ હે નંદ! તારો જય જય થાઓ. હે ભદ્ર! તારો [illegible] ભદ્ર થાઓ. નિર્દોષ એવા જ્ઞાન દર્શન અને ચારિત્ર દ્વારા તું નહીં [illegible] જિતી લેજે. જિતાયેલા શ્રમણ ધર્મને પાળજે, વિઘ્નોને જિતી લઈને [illegible] સાધ્યની સિદ્ધિમા સદા રહેજે, તપદ્વારા તું રાગ અને દ્વેષ નામના [illegible] ધૈર્યના મજબુત કચ્છ બાંધીને ઉત્તમ શુક્લધ્યાન વડે [illegible] અપ્રમત્ત બનીને હે વીર! તું ત્રણલોકના રંગમંડપમાં [illegible] તિમિર વગરનું ઉત્તમ કેવલ વરજ્ઞાન પામજે. જિનવરે [illegible] તું પરમપદરૂપ મોક્ષને મેળવજે, પરીષહોની સેનાને [illegible] પુંગવ! તું જય જય-જે જેકાર મેળવ બહુ દિવસો સુધી [illegible] મહિનાઓ સુધી, બહુ ઋતુઓ સુધી. બહુ [illegible] અને ઉપસર્ગોથી નિર્ભય બનીને ભયંકર અને [illegible] તું વિચર અને તારા ધર્મમા એટલે તારી [illegible] ભગવાન મહાવીરનો જય જય નાદ ગાજે છે

કારની તમામ પ્રકારની શોભા [illegible] તમામ [illegible] [illegible] [illegible] [illegible] મોટી ઋદ્ધિ મોટી દ્યુતિ, મોટી [illegible] મોટા [illegible], મોટા [illegible] અને એક સાથે વાગતાં વાજતંત્રોના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ખરમુખી હુડુક્ક દુંદુભિ વગેરે વાજિંત્રોના [illegible] [illegible] ભગવાન કુંડપુર નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે. નીકળીને જ્યાં જ્ઞાતખંડ વન નામનું ઉદ્યાન છે, તેમાં જ્યાં આસોપાલવનું ઉત્તમ વૃક્ષ છે ત્યાં આવે છે.

૧૧૪ ત્યાં આવીને આસોપાલવના ઉત્તમ ઝાડની નીચે પોતાની પાલખીને ઉભી રાખે છે, એ ઝાડ નીચે પાલખીને ઉભી રાખીને પાલખી ઉપરથી પોતે નીચે ઉતરે છે, પાલખી ઉપરથી નીચે ઉતરીને પોતાની મેળે જ હાર વગેરે આભરણો ફુલની માળાઓ અને વીંટીવેઢ વગેરે અલંકારોને ઉતારી નાખે છે, એ બધાં આભરણો માળાઓ અને અલંકારોને ઉતારી નાખીને પોતાને હાથે જ પાંચ મુષ્ટિ લોચ કરે છે એટલે ચાર મૂઠિવડે માથાના અને એક મૂઠિવડે દાઢીના વાળને ખેંચી કાઢે છે એ રીતે વાળનો લોચ કરીને પાણી વિનાના છટ્ઠ ભક્ત—બે ઉપવાસ—સાથે એટલે છ ટંક સુધી ખાનપાન તજી દઈને અર્થાત્ એ રીતે બે ઉપવાસ કરેલા ભગવાન હસ્તોત્તરા નક્ષત્રનો અર્થાત ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ આવતાં એક દેવદૂષ્ય લઈને પોતે એકલા જ કોઈ બીજું સાથે નહીં એ રીતે મુંડ થઈને અગારવાસ તજી દઈને અનગારિક પ્રવ્રજ્યાને સ્વીકારે છે.

૧૧૫ શ્રમણ ભગવાન મહાવીર એક વરસ ઉપરાંત એક મહિના સુધી યાવત્ ચીવરધારી એટલે કપડું ધારણ કરનારા હતા અને ત્યાર પછી અચેલ એટલે કપડા વગરના થયા તથા કરપાત્રી થયા.

૧૧૬ શ્રમણ ભગવાન્ મહાવીર દીક્ષા સ્વીકાર્યા પછી બાર વરસ કરતાં વધારે સમય સુધીના સાધનાના ગાળામાં શરીર તરફ તદ્દન ઉદાસીન રહ્યા એટલે એ ગાળામાં તેમણે શરીરની માવજત તરફ લેશ પણ લક્ષ્ય ન કર્યું અને શરીરને તજી દીધુ હોય એ રીતે શરીર તરફ વર્ત્યા—સાધનાના ગાળામાં જે જે ઉપસર્ગો આવતા રહે છે જેવાકે; દિવ્ય ઉપસર્ગો માનવીકૃત ઉપસર્ગો અને તિર્યંચ યોનિકો તરફથી એટલે ક્રૂર ભયાનક પશુપક્ષીઓ તરફથી આવતા ઉપસર્ગો, અનુકૂળ ઉપસર્ગો વા પ્રતિકૂળ ઉપસર્ગો જે એવા કોઈ ઉપસર્ગો ઉત્પન્ન થયા તે બધાને સારી રીતે નિર્ભયપણે સહન કરે છે, લેશ પણ રોષ આણ્યા વિના ખમી રહે છે, અદીન ભાવે—કોઈની પણ ઓશિયાળની લેશ પણ અપેક્ષા રાખ્યા વિના તેજસ્વિપણે સહન કરે છે અને અડગપણે મનને નિશ્ચય રાખીને સહન કરે છે.

૧૧૭ ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર અનગાર થયા, ઈર્યાસમિતિ ભાષાસમિતિ એષણાસમિતિ આદાનભાંડમાત્રનિક્ષેપણાસમિતિ અને પારિષ્ઠાપનિકાસમિતિ એટલે પોતાના મલ મૂત્ર થૂક બડખા લીંટ અને બીજો દેહમલ એ બધાંને નિર્જીવ શુદ્ધ સ્થળે પરઠવવા

માટે રાખવામાં આવતી કાળજી. એ રીતે પાંચ સમિતિને ધારણ કરનારા ભગવાન મનને [illegible]
સારી રીતે પ્રવર્તાવનારા, વચનને બરાબર સારી રીતે પ્રવર્તાવનારા [illegible]
સારી રીતે પ્રવર્તાવનારા થયા, મનગુપ્તિ વચનગુપ્તિ તથા કાયગુપ્તિને [illegible]
રીતે ગુપ્તિવાળા અને જિતેંદ્રિય ભગવાન સર્વથા નિર્દોષપણે બ્રહ્મચર્યવિહારે [illegible]
થયા, ક્રોધ વિનાના, અભિમાન વિનાના, છળકપટ વગરના અને [illegible]
શાંત બન્યા, ઉપશાંત થયા, તેમના સર્વ સંતાપો દૂર થયા. [illegible]
રહિત, પાસે કશો પણ પરિગ્રહ નહીં રાખનારા અકિંચન થયા. [illegible]
ગાંઠવાળીને સાચવવા જેવી એક પણ ચીજ રહી નથી [illegible]
નિર્ગ્રંથ થયા, જેમ કાંસાના વાસણમાં પાણી ચોટતું નથી [illegible]
ચોટતો નથી એવા એ નિરુપલેપ થયા. જેમ શંખની [illegible]
એમની ઉપર રાગદ્વેષની [illegible]

નગરીમાં એક વાર, શ્રાવસ્તી નગરીમાં એક વાર, પણીતભૂમિમાં એટલે વજ્રભૂમિ નામના અનાર્ય દેશમાં એક વાર ભગવાન ચોમાસું રહેવા આવ્યા હતા અને તદ્દન છેલ્લું ચોમાસું રહેવા ભગવાન મધ્યમા પાવા નગરીમાં હસ્તિપાલ રાજાની મોજણી કામદારોની કચેરીવાળી જગ્યામાં આવ્યા હતા.

૧૨૩ ભગવાન જ્યારે છેલ્લું ચોમાસું રહેવા ત્યાં મધ્યમા પાવા નગરીમાં હસ્તિપાલ રાજાની મોજણી કામદારોની કચેરીવાળી જગ્યામાં આવેલા ત્યારે તે ચોમાસાની વર્ષાઋતુનો ચોથો મહિનો અને સાતમો પક્ષ ચાલતો હતો. સાતમો પક્ષ એટલે કાર્તિક માસનો વ૦ દિ૦ પક્ષ, તે કાર્તિક માસના વ૦ દિ૦ પખવાડિયાની પંદરમી તિથિ એટલે અમાસ આવી અને ભગવાનની તે છેલ્લી રાત હતી. તે રાતે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પામ્યા–દુનિયા છોડીને ચાલ્યા ગયા, ફરીવાર જનમ ન લેવો પડે એ રીતે ચાલ્યા ગયા, તેમનાં જનમ જરા મરણનાં તમામ બંધનો છેદાઇ ગયાં અર્થાત્ ભગવાન સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા, દુઃખોના અતકૃત–નાશ કરનારા–થયા, પરિનિર્વાણ પામ્યા અને તેમનાં તમામ દુઃખો હીણાં થઈ ગયાં–ચાલ્યાં ગયાં.

ભગવાન જ્યારે કાળધર્મને પામ્યા ત્યારે ચદ્ર નામનો બીજો સંવત્સર ચાલતો હતો, પ્રીતિવર્ધન નામે માસ હતો, નંદિવર્ધન નામે પખવાડિયુ હતું, અગ્ગિવેસ–અગ્નિવેશ્મ–નામે તે દિવસ હતો જેનું બીજું નામ 'ઉવસમ' એમ કહેવાય છે અને દેવાણંદા નામે તે રાત્રિ હતી જેનુ બીજું નામ 'નિરઇ' કહેવાય છે, એ રાતે અર્ચ નામનો લવ હતો, મુહૂર્ત નામનો પ્રાણ હતો, સિદ્ધ નામનો સ્તોક હતો, નાગ નામે કરણ હતું, સર્વાર્થસિદ્ધ નામે મુહૂર્ત હતું અને બરાબર સ્વાતિ નક્ષત્રનો યોગ આવેલો હતો. એવે સમયે ભગવાન કાળધર્મને પામ્યા, દુનિયા છોડીને ચાલ્યા ગયા અને યાવત્ તેમનાં તમામ દુઃખો તદ્દન હીણાં થઈ ગયાં–તદ્દન છેદાઈ ગયાં.

૧૨૪ જે રાતે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પામ્યા યાવત્ તેમનાં તમામ દુખો તદ્દન છેદાઈ ગયાં તે રાતે ઘણા દેવો અને દેવીઓ નીચે આવતાં હોવાથી અને ઉપર જતાં હોવાથી ખુબ ઉદ્દ્યોત ઉદ્દ્યોત પ્રકાશ પ્રકાશ થઇ રહ્યો હતો.

૧૨૫ જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પામ્યા યાવત્ તેમનાં તમામ દુઃખો તદ્દન છેદાઇ ગયાં તે રાતે ઘણા દેવો ને દેવીઓ નીચે આવતા હોવાથી અને ઉપર જતા હોવાથી ભારે કોલાહલ અને ભારે ઘોંઘાટ થયો હતો.

૧૨૬ જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પામ્યા યાવત્ તેમનાં તમામ દુ·ખો તદ્દન છેદાઈ ગયાં તે રાત્રે તેમના પટ્ટશિષ્ય ગૌતમગોત્રના ઈન્દ્રભૂતિ અનગારનુ ભગવાન મહાવીરને લગતું પ્રેમબંધન વિછિન્ન થઈ ગયુ. અને તે ઇન્દ્રભૂતિ અનગારને અંત વગરનું, ઉત્તમોત્તમ એવું યાવત કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયુ

૧૨૭ જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પામ્યા [illegible]
દુઃખો તદ્દન છેદાઇ ગયાં તે રાત્રે કાશી દેશના મલ્લકીવંશના [illegible]
દેશના લિચ્છવી વંશના બીજા નવ ગણ રાજાઓ એ રીતે [illegible]
સ્યાને દિવસે આઠ પહોરનો પૌષધ ઉપવાસ કરીને [illegible]
કે તે ભાવોદ્દ્યોત એટલે જ્ઞાનરૂપ પ્રકાશ ચાલ્યો ગયો [illegible]
દીવાનો પ્રકાશ કરીશું.

૧૨૮ જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીર [illegible]
દુઃખો છેદાઇ ગયાં. તે રાત્રે ભગવાન મહાવીરના [illegible]
વર્ષ સુધી રહેનારો એવો ભસ્મરાશિ નામનો [illegible]

૧૨૯ જ્યારથી તે [illegible]
નામનો મહાગ્રહ ભગવાન મહાવીરના [illegible]
અને નિર્ગ્રંથીઓના પૂજા સત્કાર [illegible]

૧૩૬ શ્રમણ ભગવાન મહાવીરને સુલસા રેવતી વગેરે ત્રણ લાખ અઢાર હજાર શ્રમણોપાસિકાઓની-શ્રાવિકાઓની ઉત્કૃષ્ટી શ્રાવિકાસંપદા હતી.

૧૩૭ શ્રમણ ભગવાન મહાવીરને જિન નહિ છતાં જિનની જેમ સર્વાક્ષરસંનિપાતી અને જિનની પેઠે સાચું સ્પષ્ટીકરણ કરનારા એવા ત્રણસો ચતુર્દશપૂર્વધરોની ચૌદપૂર્વીઓની -ઉત્કૃષ્ટી સંપદા હતી.

૧૩૮ શ્રમણ ભગવાન મહાવીરને વિશેષ પ્રકારની લબ્ધિવાળા એવા તેરસો અવધિજ્ઞાનીઓની ઉત્કૃષ્ટી સંપદા હતી.

૧૩૯ શ્રમણ ભગવાન મહાવીરને સંપૂર્ણ ઉત્તમ જ્ઞાન ને દર્શનને પામેલા એવા સાતસો કેવળજ્ઞાનીઓની ઉત્કૃષ્ટી સંપદા હતી.

૧૪૦ શ્રમણ ભગવાન મહાવીરને દેવ નહિ છતાં દેવની સમૃદ્ધિને પામેલા એવા સાતસો વૈક્રિયલબ્ધિવાળા શ્રમણોની ઉત્કૃષ્ટી સંપદા હતી.

૧૪૧ શ્રમણ ભગવાન મહાવીરને અઢીદ્વીપમાં અને બે સમુદ્રમાં રહેનારા, મનવાળા, પૂરી પર્યાપ્તિવાળા એવા પંચેન્દ્રિયપ્રાણીઓનાં મનના ભાવોને જાણે એવા પાંચસો વિપુલમતિ જ્ઞાની શ્રમણોની ઉત્કૃષ્ટી સંપદા હતી.

૧૪૨ શ્રમણ ભગવાન મહાવીરને દેવ, મનુષ્ય ને અસુરોવાળી સભાઓમાં વાદ કરતાં પરાજય ન પામે એવા ચારસો વાદીઓની એટલે શાસ્ત્રાર્થ કરનારાઓની ઉત્કૃષ્ટી સંપદા હતી.

૧૪૩ શ્રમણ ભગવાન મહાવીરના સાતસો શિષ્યો સિદ્ધ થયા યાવત તેમનાં સર્વદુઃખો છેદાઇ ગયાં-નિર્વાણને પામ્યા અને શ્રમણ ભગવાન મહાવીરની ચૌદસો શિષ્યાઓ સિદ્ધ થઈ-નિર્વાણ પામી.

૧૪૪ શ્રમણ ભગવાન મહાવીરને ભવિષ્યની ગતિમાં કલ્યાણ પામનારા, વર્તમાન સ્થિતિમા કલ્યાણ અનુભવનારા અને ભવિષ્યમાં ભદ્ર પામનારા એવા આઠસો અનુત્તરોપપાતિક મુનિઓની ઉત્કૃષ્ટી સંપદા હતી. એટલે કે એમના એવા સાતસો મુનિઓ હતા કે જે અનુત્તર વિમાનમાં જનારા હતા.

૧૪૫ શ્રમણ ભગવાન મહાવીરના સમયમાં મોક્ષે જનારા લોકોની બે પ્રકારની ભૂમિકા હતી. જેમકે યુગાન્તકૃતભૂમિકા અને પર્યાયાતકૃતભૂમિકા. યુગાન્તકૃતભૂમિકા એટલે જે લોકો અનુક્રમે મુક્તિ પામે એટલે કે ગુરુ મુક્તિ પામે એ પછી એનો શિષ્ય મુક્તિ પામે પછી એનો પ્રશિષ્ય મુક્તિ પામે, એ રીતે જેઓ અનુક્રમે મુક્તિ પામ્યા કરે તેમની મોક્ષ પરત્વે યુગાન્તકૃતભૂમિકા કહેવાય. અને પર્યાયાંતકૃત ભૂમિકા એટલે ભગવાન કેવળી થયા પછી જે લોકો મુક્તિ પામે તેમની મોક્ષ પરત્વે પર્યાયાતકૃતભૂમિકા કહેવાય ભગવાનથી ત્રીજા પુરૂષ સુધી યુગાન્તકૃતભૂમિકા હતી એટલે કે પહેલાં ભગવાન મોક્ષે ગયા

પછી એમના કોઈ શિષ્ય મોક્ષે ગયા અને પછી એમના પ્રશિષ્ય [illegible] ગયા. આ યુગાન્તકૃતભૂમિકા જંબુસ્વામી સુધી જ ચાલી [illegible] ભગવાનને કેવળી થયે ચાર વરસ વીત્યા પછી કોઈક મોક્ષે [illegible] કેવળી થયા પછી ચાર વરસે મુક્તિનો માર્ગ વહેતો થયો [illegible] વહેતો રહ્યો.

૧૪૯ તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર [illegible] રહીને બાર કરતા વધારે વરસ સુધી છદ્મસ્થ જેવા મુનિ [illegible] કરતા કંઈક ઓછાં વરસ સુધી કેવળી પર્યાયને પામીને [illegible] સાધુપણાનો પર્યાય પામીને એ રીતે કુલ બોતેર વરસનું [illegible] વેદનીય આયુષ્ય નામ અને ગોત્રકર્મ ક્ષીણ થયા [illegible] દુષમ નામનો ચોથો આરો બહુ વીત્યા પછી [illegible] [illegible]

પ્રતિપૂર્ણ [illegible]
નિર્વાણ પામ્યા.

[illegible] માસ, [illegible] તરત જ ચ્યવીને [illegible] હતો તે સમયે-મધરાતે-વિશાખા નક્ષત્રનો યોગ થતાં ગર્ભપણે [illegible] થયા.

૧૫૦ પુરુષાદાનીય અરિહંત પાર્શ્વ ત્રણ જ્ઞાનથી યુક્ત હતા, તે જેમકે, 'હું ચ્યવીશ' એમ તે જાણે છે, [illegible] શ્રી ભગવાન મહાવીરના પ્રકરણમાં આવેલા સ્વપ્નદર્શનના વર્ણનને લગતા તે જ પાઠ [illegible] યાવત્ 'માતાએ પોતાના ઘરમાં પ્રવેશ કર્યો' યાવત્ 'માતા સુખે સુખે તે ગર્ભને ધારણ કરે છે'

૧૫૧ તે કાળે તે સમયે જે તે હેમંત ઋતુનો બીજો માસ, ત્રીજો પક્ષ અને પોષ મહિનાનો વ૦ દિ૦ નો સમય આવ્યો ત્યારે તે પોષ વ૦ દિ૦ દશમના પક્ષે નવ માસ બરાબર પૂરા થયા પછી અને તેમની ઉપર સાડાસાત રાતદિવસ વીતી ગયા પછી રાતનો પૂર્વભાગ તથા પાછલો ભાગ જેટલો હતો તે સમયે-મધરાતે-વિશાખા નક્ષત્રનો યોગ થતાં આરોગ્યવાળી માતાએ આરોગ્યપૂર્વક પુરુષાદાનીય અરિહંત પાર્શ્વ નામના પુત્રને જનમ આપ્યો.

અને જે રાતે પુરુષાદાનીય અરહંત પાર્શ્વ જનમ પામ્યા તે રાત ઘણા દેવો અને દેવીઓ વડે યાવત્ ઊપર ઝગઝગાટવાળી અથવા ઝગારા મારતી હોય તેવી થઈ હતી અને દેવો તથા દેવીઓની આવજાને લીધે કોલાહલવાળી પણ થઈ હતી.

બાકી બધું શ્રીભગવાન મહાવીરના પ્રકરણમાં આવ્યા પ્રમાણે જ કહેવું. વિશેષમાં આ સ્થળે બધે 'પાર્શ્વ' ભગવાનનુ નામ લઈને તે પાઠ વડે બધી હકીકત કહેવી યાવત્ 'તેથી કરીને કુમારનું નામ 'પાર્શ્વ' હો'

૧૫૨ પુરૂષાદાનીય અરહંત પાર્શ્વ દક્ષ હતા, દક્ષ પ્રતિજ્ઞાવાળા, ઉત્તમ રૂપવાળા, સર્વ ગુણોથી યુક્ત, ભદ્ર અને વિનયવાળા હતા. તેઓ એ રીતે ત્રીશ વરસ સુધી ઘરવાસ વચ્ચે વસ્યા, ત્યાર પછી વળી જેમનો કહેવાનો આચાર છે એવા લોકાંતિક દેવોએ આવીને તે પ્રકારની ઇષ્ટ વાણી દ્વારા યાવત્ તેમને આ પ્રમાણે કહ્યુંઃ

'હે નંદ! તારો જય થાઓ, જય થાઓ. હે ભદ્ર! તારો જય થાઓ જય થાઓ યાવત્ 'તે દેવો એ રીતે 'જયજય' શબ્દનો પ્રયોગ કરે છે.'

१५३ पुरुषादानीय अरहंत पार्श्वने मानवीना गृहस्थधर्मथी पहेला [illegible]
भगवान पार्श्वे मानवदेहे गृहस्थधर्म स्वीकार्यो ते पहेला [illegible]
[illegible] इत्यादि ते बधुं श्रीभगवान महावीरनी हकीकत प्रमाणे [illegible]
भागना हकदारोमां–दानने बराबर वहेंचीने जे ते हेमन्त ऋतुनो [illegible]
एटले पोष मासनो १० दि० पक्ष आव्यो अने ते पोष मासना [illegible]
ना दिवस आव्यो त्यारे दिवसना पूर्व भागने समये एटले [illegible]
शिबिकामा बेसीने देवो, मानवो, अने असुरोनी मोटी [illegible]
यावत् श्रीभगवान महावीरनी हकीकत प्रमाणे ज कहेवु. [illegible]
भगवान वाणारसी नगरीनी वच्चोवच्च थईने नीकळे छे. नीकळीने [illegible]

૧૫૭ પુરુષાદાનીય [illegible] હજાર સાધુઓની ઉત્કૃષ્ટ શ્રમણસંપદા હતી.

પુરુષાદાનીય અરહંત પાસના [illegible] હજાર આર્યિકાઓની ઉત્કૃષ્ટ આર્યિકાસંપદા હતી.

પુરુષાદાનીય અરહંત પાસના [illegible] હજાર શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસકસંપદા હતી.

પુરુષાદાનીય અરહંત પાસના સમુદાયમાં [illegible] અને સત્તાવીશ હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રમણોપાસિકાસંપદા હતી.

પુરુષાદાનીય અરહંત પાસના સમુદાયમાં સાડાત્રણસેં જિન નહીં પણ જિનની જેવા તથા સર્વાક્ષરના સંયોગોને જાણનારા ચૌદપૂર્વીઓની સંપત હતી.

પુરુષાદાનીય અરહંત પાસના સમુદાયમાં ચૌદસેં અવધિજ્ઞાનીઓની સંપત હતી.

પુરુષાદાનીય અરહંત પાસના સમુદાયમાં એક હજાર કેવળજ્ઞાનીઓની સંપત હતી. અગીયારસેં વૈક્રિયલબ્ધિવાળાઓની તથા છસેં ઋજુમતિજ્ઞાનવાળાઓની સંપત હતી.

તેમના એક હજાર શ્રમણો સિદ્ધ થયા, તથા તેમની બે હજાર આર્યિકાઓ સિદ્ધ થઇ એટલે એમની એટલી સિદ્ધ થનારાઓની સંપત હતી.

તેમના સમુદાયમાં સાડાસાતસેં વિપુલમતિઓની–વિપુલમતિજ્ઞાનવાળાઓની, છસેં વાદીઓની અને બારસેં અનુત્તરૌપપાતિકોની એટલે અનુત્તરવિમાનમાં જનારાઓની સંપત હતી.

૧૫૮ પુરુષાદાનીય અરહંત પાસના સમયમાં અંતકૃતોની ભૂમિ એટલે સર્વદુઃખોનો અંત કરનારાઓનુ સ્થળ બે પ્રકારે હતું, તે જેમકે–એક તો યુગઅંતકૃતભૂમિ હતી અને બીજી પર્યાયઅંતકૃતભૂમિ હતી. યાવત્ અરહંત પાસથી ચોથા યુગપુરુષ સુધી જુગઅંતકૃતભૂમિ હતી એટલે ચોથા પુરુષ સુધી મુક્તિમાર્ગ વહેતો–ચાલુ હતો. અરહંત પાસનો કેવળી પર્યાય ત્રણ વરસનો થયો એટલે તેમને કેવળજ્ઞાન થયાં ત્રણ વરસ વીત્યાં પછી ગમે તે કોઇએ દુઃખોનો અંત કર્યો અર્થાત્ મુક્તિમાર્ગ વહેતો થયો, એ તેમની વેળાની પર્યાયાંતકૃતભૂમિ હતી.

૧૫૯ તે કાળે તે સમયે ત્રીશ વરસ સુધી ઘરવાસમાં રહીને, ત્र્યાશી રાતદિવસ છદ્મસ્થ પર્યાયને પામીને, પૂરેપૂરાં નહીં પણ થોડાં ઓછાં શિત્તેર વરસ સુધી કેવળીપર્યાયને પામીને, પૂરેપૂરાં શિત્તેર વરસ સુધી શ્રામણ્યપર્યાયને પામીને એમ એકંદર સો વરસનું પોતાનુ બધું આયુષ્ય પાળીને વેદનીયકર્મ આયુષ્યકર્મ નામકર્મ અને ગોત્રકર્મનો ક્ષય થયે આ દુષમ-

દુષમા નામની અવસર્પિણી ઘણી વીતી ગયા પછી જે તે વર્ષાઋતુનો [illegible]
પક્ષ એટલે શ્રાવણમાસનો શુક્લપક્ષ આવ્યો ત્યારે તે શ્રાવણ સુદની [illegible]
સમેતશિખરના શિખર ઊપર પોતાના સહિત ચોત્રીસમા એવા [illegible]
[illegible] ચોત્રીસમા એવા પુરુષાદાનીય અરહંત પાર્શ્વ [illegible]
માસિકભક્તનું તપ તપ્યા. એ સમયે દિવસને પૂર્વ પહોરે [illegible]
બન્ને હાથ લાંબા રહે એ રીતે ધ્યાનમા વર્તતા તેઓ [illegible]
પામ્યા. વ્યતિક્રાંત થઈ ગયા યાવત્ સર્વદુઃખોથી તદ્દન છૂટા [illegible]

૧૬૦ કાલધર્મને પામેલા યાવત્ સર્વદુઃખોથી તદ્દન છૂટા [illegible]
અરહંત પાર્શ્વને થયા બારસેં વરસ વીતી ગયા અને [illegible]
સમય જાય છે.

લોકાંતિક દેવોએ [illegible]
યાવત્ [illegible]

જે તે વર્ષાઋતુનો [illegible] અને તે શ્રાવણ શુદ્ધની [illegible] દેવો માનવો અને [illegible] શિબિકામાં બેસીને યાવત્ [illegible] નીકળે છે, નીકળીને જે તરફ રૈવતક નામનું ઉદ્યાન છે ત્યાં [illegible] આવીને અશોકના ઉત્તમ ઝાડની નીચે શિબિકાને ઊભી રખાવે છે, [illegible] શિબિકા પાલખીમાંથી ઊતરે છે, ઊતરીને પોતાની મેળે જ આભરણ માળા [illegible] અને [illegible] નીચે મૂકે છે, નીચે મૂકીને પોતાની જ મેળે પંચમુષ્ટિક લોચ કરે છે, લોચ કરીને પાણી વગરના છઠ્ઠભક્ત કરવા સાથે તેમણે ચિત્રા [illegible] એક [illegible] બીજા હજાર પુરુષોની સાથે મુંડ થઈને ઘરવાસમાંથી નીકળીને અનગાર દશાને સ્વીકારી.

૧૬૫ અરહત અરિષ્ટનેમિએ ચોપન રાતદિવસ ધ્યાનમાં રહેતાં તેમણે હમેશાં શરીર તરફના લક્ષ્યને તજી દીધેલ હતું અને શારીરિક વાસનાઓને છોડી દીધેલ હતી ઇત્યાદિ બધુ જેમ આગળ આવ્યુ છે તેમ અહીં સમજવાનું છે યાવત્ અરહત અરિષ્ટનેમિને એ રીતે ધ્યાનમા રહેતાં પચાવનમો રાતદિવસ આવી પહોંચ્યો. જ્યારે તેઓ એ રીતે પંચાવનમા રાતદિવસની મધ્યમા વર્તતા હતા ત્યારે જે તે વર્ષાઋતુનો ત્રીજો માસ, પાંચમો પક્ષ એટલે આસો માસનો વ૦ દિ૦ પક્ષ અને તે આસો વ૦ દિ૦ પન્નરમીના- અમાવાસ્યાના પક્ષે દિવસના પાછલા ભાગમા ઉજ્જિતંતલ શિખર ઉપર નેતરના ઝાડની નીચે પાણી વગરના અટ્ઠમભક્તનું તેમણે તપ તપેલુ હતું, બરાબર એ સમયે ચિત્રા નક્ષત્રનો યોગ આવતાં ધ્યાનમા વર્તતા તેમને અનંત એવુ યાવત્ ઉત્તમ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયુ. હવે તેઓ સમસ્ત દ્રવ્યો અને તેમના તમામ પર્યાયોને જાણતા દેખતા વિહરે છે.

૧૬૬ અરહત અરિષ્ટનેમિને અઢાર ગણો અને અઢાર ગણધરો હતા.

અરહત અરિષ્ટનેમિના સમુદાયમાં વરદત્ત વગેરે અઢાર હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણસંપત હતી.

અરહત અરિષ્ટનેમિના સમુદાયમાં આર્યયક્ષિણી વગેરે ચાળીશ હજાર આર્યિકાઓની ઉત્કૃષ્ટ આર્યિકાસંપત હતી.

અરહત અરિષ્ટનેમિના સમુદાયમાં નંદ વગેરે એકલાખ અને ઓગણોશિત્તેર હજાર શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસકસંપત હતી.

અરહત અરિષ્ટનેમિના સમુદાયમાં મહાસુવ્રતા વગેરે ત્રણલાખ અને છત્રીશ હજાર શ્રમણોપાસિકાઓઓની ઉત્કૃષ્ટ શ્રમણોપાસિકાસંપત હતી.

અરહંત અરિષ્ટનેમિના સમુદાયમાં જિન નહીં પણ જિનની [illegible]
અક્ષરના સંયોગોને બરાબર જાણનારા એવા [illegible]

એ જ રીતે પંદરસો અવધિજ્ઞાનવાળાઓની, [illegible]
વૈક્રિયલબ્ધિવાળાઓની, એક હજાર વિપુલમતિજ્ઞાન[illegible]
આગમે અનુત્તરોપપાતિકોનીસંપત હતી.

તેમના શ્રમણ સમુદાયમાં પંદરસો [illegible]
સિદ્ધ થઈ અર્થાત સિદ્ધોની તેમની એટલી [illegible]

૧૬૭ અરહંત અરિષ્ટનેમિના સમય[illegible]
ભૂમિ બે પ્રકારની હતી. તે જેમકે, યુગાન્ત[illegible]
અરિષ્ટનેમિ પછી આઠમા યુગપુરુષ સુધી [illegible]
કૃતભૂમિ હતી. અરહંત અરિષ્ટનેમિને [illegible]
કોઈએ દુ:ખનો અંત કર્યો અર્થાત તેમને [illegible]
સાત થયો.

૧૭૦ અરહત નમિને કાલગત થયાને યાવત સર્વદુઃખોથી તદ્દન છૂટા થયાને પાંચલાખ ચોરાશી હજાર નવસેં વરસ વીતી ગયાં. હવે તે ઊપર દસમા સૈકાનો આ એંશીમા વરસનો સમય ચાલે છે.

૧૭૧ અરહત મુનિસુવ્રતને યાવત્ સર્વદુઃખોથી તદ્દન છૂટા થયાંને અગીઆરલાખ ચોરાશી હજાર અને નવસે વરસ વીતી ગયાં, હવે તે ઊપર દસમા સૈકાનો આ એંશીમા વરસનો સમય ચાલે છે.

૧૭૨ અરહત મલ્લિને યાવત સર્વદુઃખોથી તદ્દન છૂટા થયાને પાંસઠ લાખ ચોરાશી હજાર અને નવસેં વરસ વીતી ગયાં, હવે તે ઊપર દસમા સૈકાનો આ એંશીમા વરસનો સમય ચાલે છે.

૧૭૩ અરહત અરને યાવત્ સર્વદુઃખોથી તદ્દન છૂટા થયાંને એક હજાર કોડ વરસ વીતી ગયાં, બાકી બધું શ્રીમલ્લિ વિશે જેમ કહ્યું છે તેમ જાણવું અને તે આ પ્રમાણે કહ્યુ છેઃ અરહત અરના નિર્વાણગમન પછી એક હજાર કોડ વરસે શ્રીમલ્લિનાથ અરહતનુ નિર્વાણ અને અરહત મલ્લિના નિર્વાણ પછી પાસઠ લાખ અને ચોરાશી હજાર વરસ વીતી ગયાં પછી તે સમયે મહાવીર નિર્વાણ પામ્યા અને ત્યાર પછી નવસેં વરસ વીતી ગયાં બાદ હવે તે ઊપર આ દસમા સૈકાનો એંશીમા વરસનો સમય ચાલે છે.

એ જ પ્રમાણે આગળ ઊપર શ્રેયાંસનાથની હકીકત આવે ત્યાં સુધી દેખવું એટલે ત્યાં સુધી સમજવું.

૧૭૪ અરહત કુંથુને યાવત્ સર્વદુઃખોથી તદ્દન છૂટા થયાંને એક પલ્યોપમના ચોથા ભાગ જેટલો સમય વીતી ગયો ત્યારબાદ પાંસઠ લાખ વરસ વીત્યે ઈત્યાદિ બધુ જેમ શ્રીમલ્લિ વિશે કહેલુ છે તેમ જાણવું.

૧૭૫ અરહત શાંતિને યાવત્ સર્વદુઃખોથી તદ્દન છૂટા થયાને ચાર ભાગ કમ એક પલ્યોપમ એટલે અડધું પલ્યોપમ જેટલો સમય વીતી ગયો ત્યાર બાદ પાસઠ લાખ વરસ વીત્યે ઈત્યાદિ બધું જેમ શ્રીમલ્લિ વિશે કહેલુ છે તેમ જાણવું.

૧૭૬ અરહત ધર્મને યાવત્ સર્વદુઃખોથી તદ્દન છૂટા થયાંને ત્રણ સાગરોપમ જેટલો સમય વીતી ગયો ત્યાર બાદ પાંસઠ લાખ વરસ વીત્યે ઇત્યાદિ બધું જેમ મલ્લિ વિશે કહેલુ છે તેમ જાણવું.

૧૭૭ અરહત અનંતને યાવત્ સર્વદુ ખોથી તદ્દન છૂટા થયાને સાત સાગરોપમ જેટલો સમય વીતી ગયો ત્યાર બાદ પાંસઠ લાખ વરસ વીત્યે ઈત્યાદિ બધું જેમ મલ્લિ વિશે કહેલુ છે તેમ જાણવું.

૧૭૮ અરહુત વિમલને યાવત્ સર્વદુઃખોથી રહિત થયા [illegible]
[illegible]તી ગયાં અને ત્યાર બાદ પાસક દાણ [illegible]
કહ્યું છે તેમ જાણવું.

૧૭૯ અરહુત વાસુપૂજ્યને યાવત્ સર્વદુઃખોથી રહિત [illegible]
સાગરોપમ જેટલો સમય વીતી ગયો અને ત્યાર [illegible]
બધું જેમ મલ્લિ વિશે કહ્યું છે તેમ જાણવું.

૧૮૦ અરહુત શ્રેયાંસને યાવત્ સર્વદુઃખો[illegible]
જેટલો સમય વીતી ગયો ત્યાર બાદ પાસક દાણ [illegible]
વિશે કહ્યું છે તેમ જાણવું.

૧૮૧ અરહુત શીતળને યાવત્ સર્વદુ[illegible]
ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ઓછા [illegible]
ગયા પછી એ સમયે મહાવીર નિર્વાણ પામ્યા [illegible]
વીતી ગયા અને હવે તે ઉપરાંત દસમા [illegible]

એટલે રાજ ચલાવ્યું અને તેસઠ લાખ પૂર્વ સુધી [illegible] રાજ્યાવસ્થામાં [illegible] તેમણે, જેમાં ગણિત મુખ્ય છે અને જેમાં શકુનરુતની [illegible] પછી સ્ત્રીઓના [illegible] શુભાશુભ [illegible] કળા [illegible] સ્ત્રીઓના ચોસઠ ગુણો અને સો શિલ્પો એ ત્રણે વાનાં પ્રજાના હિત માટે ઉપદેશ્યાં-શીખવ્યાં. એ બધું શીખવી લીધા પછી સો રાજ્યોમાં સો પુત્રોનો અભિષેક કરી દીધો. ત્યાર પછી વળી, જેમનો કહેવાનો આચાર છે એવા લોકાંતિક દેવોએ તેમની પાસે આવીને પ્રિય લાગે એવી યાવત્ વાણીવડે તેમને કહ્યું ઇત્યાદિ બધું જેમ આગળ આવેલું છે તે જ પ્રમાણે કહેવાનું છે–યાવત્ 'ભાગદારોને દાન વહેંચી આપીને' ત્યાંસુધી. પછી જે તે ગ્રીષ્મ ઋતુનો પ્રથમ માસ પ્રથમ પક્ષ એટલે ચૈત્ર માસનો વ૦ દિ૦ પક્ષ જ્યારે આવ્યો ત્યારે તે ચૈત્ર વ૦ દિ૦ આઠમના પક્ષમાં દિવસના પાછલા પહોરે જેમની વાટની પાછળ દેવો મનુષ્યો અને અસુરોની મોટી મંડળી ચાલી રહી છે એવા કૌશલિક અરહત ઋષભ સુદર્શના નામની શિબિકામાં બેસીને યાવત્ વિનીતા રાજધાની વચ્ચોવચ્ચ નીકળે છે, નીકળીને જે તરફ સિદ્ધાર્થવન નામનું ઉદ્યાન છે, જે તરફ અશોકનુ ઉત્તમ ઝાડ છે તે તરફ જ આવે છે, આવીને અશોકના ઉત્તમ ઝાડની નીચે શિબિકાને ઊભી રખાવે છે ઇત્યાદિ બધું આગળ આવ્યું છે તે પ્રમાણે કહેવું યાવત્ 'પોતે જ ચાર મુષ્ટિ લોચ કરે છે' ત્યાંસુધી. તે સમયે તેમણે પાણી વગરના છટ્ઠ ભક્તનુ તપ કરેલ હતું, હવે એ સમયે આષાઢા નક્ષત્રનો જોગ થતાં ઉગ્રવંશના, ભોગવંશના, રાજન્યવંશના અને ક્ષત્રિયવંશના ચાર હજાર પુરુષો સાથે તેમણે એક દેવદૂષ્ય લઈને મુંડ થઈને ઘરવાસમાંથી નીકળી અને અનગાર દશાને–ભિક્ષુદશાને સ્વીકારી.

૧૯૬ કૌશલિક અરહત ઋષભે એક હજાર વરસ સુધી હમેશાં પોતાના શરીર તરફના લક્ષ્યને તજી દીધેલ હતું, શારીરિક વાસનાઓને છોડી દીધેલ હતી એ રીતે પોતાના આત્માને ભાવિત કરતાં કરતાં તેમનાં એક હજાર વરસ વીતી ગયાં. પછી જ્યારે જે તે હેમંત ઋતુનો ચોથો માસ, સાતમો પક્ષ એટલે ફાગણ માસનો વ૦ દિ૦ પક્ષ આવ્યો ત્યારે તે ફાગણ વ૦ દિ૦ અગીયારશના પક્ષે દિવસના આગળના ભાગમાં પુરિમતાલ નગરની બહાર શકટમુખ નામના ઉદ્યાનમાં વડના ઉત્તમ ઝાડની નીચે રહીને ધ્યાન ધરતાં તેમણે પાણી વગરના અટ્ઠમનુ તપ કરેલુ હતું એ સમયે આષાઢા નક્ષત્રનો જોગ થતાં એ રીતે ધ્યાનમાં વર્તતા તેમને અનંત એવું ઉત્તમ કેવળજ્ઞાનદર્શન ઉત્પન્ન થયુ યાવત્ હવે તેઓ બધુ જાણતા વિહરે છે

૧૯૭ કૌશલિક અરહત ઋષભને ચોરાશી ગણો અને ચોરાશી ગણધરો હતા.

કૌશલિક અરહત ઋષભના સમુદાયમાં ઋષભસેન પ્રમુખ ચોરાશી હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણસંપત હતી.

કૌશલિક અરહત ઋષભના સમુદાયમાં બ્રાહ્મી વગેરે ત્રણ લાખ આર્યિકાઓની ઉત્કૃષ્ટ આર્યિકાસંપત હતી.

કૌશલિક અરહન્ત ઋષભના સમુદાયમાં [illegible]
[illegible] શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસકસંપત હતી.

કૌશલિક અરહન્ત ઋષભના સમુદાયમાં [illegible]
[illegible] શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ સંપત હતી.

કૌશલિક અરહન્ત ઋષભના સમુદાયમાં [illegible]
[illegible] પ્રધાન ચૌદપૂર્વધરોની ઉત્કૃષ્ટ સંપત હતી.

કૌશલિક અરહન્ત ઋષભના [illegible]
[illegible] સંપત હતી.

કૌશલિક અરહન્ત ઋષભના [illegible]
કેવલજ્ઞાનિસંપત હતી.

કૌશલિક અરહન્ત ઋષભના [illegible]
[illegible] સંપત હતી.

કૌશલિક અરહન્ત ઋષભના [illegible]
[illegible] સંજ્ઞી પંચેન્દ્રિયોના [illegible]
[illegible]

કૌશલિક અરહન્ત ઋષભના [illegible]
[illegible] વાદિસંપત હતી.

વ્યાસી લાખ પૂર્વ વરસ સુધી ઘરવાસે વસ્યા, એક હજાર વરસ સુધી છદ્મસ્થ પર્યાયને પામ્યા, એક લાખ પૂર્વ વરસમાં એક હજાર પૂર્વ ઓછાં—એટલા સમય સુધી કેવલિપર્યાયને પામ્યા અને એ રીતે પૂરેપૂરાં એક લાખ પૂર્વ વરસ સુધી શ્રામણ્યપર્યાયને પામ્યા. એ રીતે એકંદર પોતાનું ચોરાશી લાખ પૂર્વનું પૂરેપૂરું બધું આયુષ્ય પાળીને, વેદનીયકર્મ, આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ હીણ થતાં આ સુષમદુઃષમા નામની અવસર્પિણીનો ઘણો સમય વીતી જતા અને હવે તે અવસર્પિણીના માત્ર ત્રણ વરસ અને સાડા આઠ માસ બાકી રહેતાં બરાબર એ સમયે જે તે હેમંત ઋતુનો ત્રીજો માસ, પાંચમો પક્ષ એટલે માઘ માસનો વ૦ દિ૦ પક્ષ આવ્યો ત્યારે તે માઘ વ૦ દિ૦ તેરશના પક્ષમાં અષ્ટાપદ પર્વતના શિખર ઊપર શ્રીઋષભ અરહત બીજા દશ હજાર અનગારો સાથે પાણી વગરના ચઉદસમ ભક્તનું તપ તપતાં અને એ વેળાએ અભિજિત નક્ષત્રનો જોગ થતાં દિવસના ચડતે પહોરે પલ્યંકાસનમાં રહેલા કાલગત થયા યાવત્ સર્વદુઃખોથી તદ્દન હીણા થયા—નિર્વાણ પામ્યા.

૨૦૦ કૌશલિક અરહત ઋષભનું નિર્વાણ થયે યાવત્ તેમને સર્વદુઃખોથી તદ્દન હીણા થયાંને ત્રણ વરસ અને સાડા આઠ માસ વીતી ગયા, ત્યાર પછી પણ બેંતાળીશ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ કમ એવી એક કોટાકોટી સાગરોપમ જેટલો સમય વીતી ગયો, એ સમયે શ્રમણ ભગવાન મહાવીર પરિનિર્વાણ પામ્યા, ત્યાર પછી પણ નવસેં વરસ પસાર થઈ ગયાં અને હવે એ દસમા સૈકાના એશીમા વરસનો આ સમય જાય છે.

સ્થવિરોની પરંપરા

૨૦૧ તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણો અને અગીયાર ગણધરો હતા

૨૦૨ પ્ર૦—તે કયા હેતુથી હે ભગવંત ! એમ કહેવાય છે કે 'શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણો અને અગીયાર ગણધરો હતા ?'

ઉ૦—શ્રમણ ભગવાન મહાવીરના ૧ મોટા (શિષ્ય) ઈન્દ્રભૂતિ નામે ગૌતમ ગોત્રના અનગારે પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૨ વચલા (શિષ્ય) અગ્નિભૂતિ નામે ગૌતમ ગોત્રના અનગારે પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૩ નાના ગૌતમ-ગોત્રી અનગાર વાયુભૂતિએ પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૪ ભારદ્વાજગોત્રી સ્થવિર આર્યવ્યક્તે પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૫ અગ્નિવૈશાયનગોત્રી

સ્થવિર આર્ય સુધર્માએ પાંચસેં શ્રમણોને વાચના [illegible]
મંડિતપુત્ર આદિ ત્રણસેં શ્રમણોને વાચના આપેલી [illegible]
સાડા ત્રણસેં શ્રમણોને વાચના કરેલી છે. ૮ [illegible]
હારિયાયનગોત્રી સ્થવિર અચલભ્રાતા— [illegible]
વાચના આપેલી છે. ૯ કૌડિન્યગોત્રી સ્થવિર [illegible]
બંને સ્થવિરોએ ત્રણસેં ત્રણસેં શ્રમણોને વાચના [illegible]
એમ કહેવાય છે કે, શ્રમણ ભગવાન મહાવીર [illegible]

૨૦૩ શ્રમણ ભગવાન મહાવીરના [illegible]
[illegible] હતા. ચૌદે પૂર્વના [illegible]
રાજગૃહ નગરમાં એક મહિનાનું [illegible]
[illegible] રહિત થયા.

વ્યાશી લાખ પૂર્વ વરસ સુધી ઘરવાસે વસ્યા. એક હજાર વરસ સુધી છદ્મસ્થ પર્યાયને પામ્યા. એક લાખ પૂર્વ વરસમાં એક હજાર વર્ષ ઓછાં—ઓછા સમય સુધી કેવલિપર્યાયને પામ્યા અને એ રીતે પરિપૂર્ણ એક લાખ પૂર્વ વરસ સુધી શ્રામણ્યપર્યાયને પામ્યા. એ રીતે એકંદર પોતાનું ચોરાશી લાખ પૂર્વનું પરિપૂર્ણ બધું આયુષ્ય પાળીને, વેદનીયકર્મ, આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ ક્ષીણ થતા આ સુષમદુઃષમા નામની અવસર્પિણીનો ઘણો સમય વીતી જતાં અને હવે તે અવસર્પિણીના માત્ર ત્રણ વરસ અને સાડા આઠ માસ બાકી રહેતાં બરાબર એ સમયે જે તે હેમંત ઋતુનો ત્રીજો માસ, પાંચમો પક્ષ એટલે માઘ માસનો વ૦ દિ૦ પક્ષ આવ્યો ત્યારે તે માઘ વ૦ દિ૦ તેરશના પક્ષમાં અષ્ટાપદ પર્વતના શિખર ઊપર શ્રીઋષભ અરહંત બીજા ચૌદ હજાર અનગારો સાથે પાણી વગરના ચઉદ્દસમ ભક્તનું તપ તપતાં અને એ વેળાએ અભિજિત નક્ષત્રનો જોગ થતાં દિવસના ચડતે પહોરે પલ્યંકાસનમાં રહેલા કાલગત થયા યાવત્ સર્વદુઃખોથી તદ્દન હીણા થયા—નિર્વાણ પામ્યા.

૨૦૦ કૌશલિક અરહંત ઋષભનું નિર્વાણ થયે યાવત્ તેમને સર્વદુઃખોથી તદ્દન હીણા થયાંને ત્રણ વરસ અને સાડા આઠ માસ વીતી ગયા, ત્યાર પછી પણ બેંતાળીશ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ કમ એવી એક કોટાકોટી સાગરોપમ જેટલો સમય વીતી ગયો, એ સમયે શ્રમણ ભગવાન મહાવીર પરિનિર્વાણ પામ્યા, ત્યાર પછી પણ નવસેં વરસ પસાર થઈ ગયાં અને હવે એ દસમા સૈકાના એંશીમા વરસનો આ સમય જાય છે.

સ્થવિરોની પરંપરા

૨૦૧ તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણો અને અગીયાર ગણધરો હતા.

૨૦૨ પ્ર૦—તે કયા હેતુથી હે ભગવંત! એમ કહેવાય છે કે 'શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણો અને અગીયાર ગણધરો હતા'?'

ઉ૦—શ્રમણ ભગવાન મહાવીરના ૧ મોટા (શિષ્ય) ઇન્દ્રભૂતિ નામે ગૌતમ ગોત્રના અનગારે પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૨ વચલા (શિષ્ય) અગ્નિભૂતિ નામે ગૌતમ ગોત્રના અનગારે પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૩ નાના ગૌતમ-ગોત્રી અનગાર વાયુભૂતિએ પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૪ ભારદ્વાજગોત્રી સ્થવિર આર્યવ્યક્તે પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૫ અગ્નિવૈશાયનગોત્રી

સ્થવિર આર્ય સુહસ્તીએ પાંચસેં શ્રમણોને વાચના [illegible]
ચારિત્રપાત્ર આઠ વર્ષે શ્રમણોને વાચના [illegible]
આઠ વર્ષે શ્રમણોને વાચના [illegible]
આલોચનાઓથી સ્થવિર આર્ય[illegible], [illegible]
વાચના આપેલી છે. ૯ [illegible] સ્થવિર [illegible]
આ સ્થવિરોએ ત્રણે વર્ષે શ્રમણોને વાચના [illegible]
એમ જોવાય છે કે, શ્રમણ ભગવાન [illegible]

ત્યાશી લાખ પૂર્વ વરસ સુધી ઘરવાસે વસ્યા, એક હજાર વરસ સુધી છદ્મસ્થ પર્યાયને પામ્યા, એક લાખ પૂર્વ વરસમાં એક હજાર વરસ ઓછાં એટલા સમય સુધી કેવલિપર્યાયને પામ્યા અને એ રીતે પૂરેપૂરાં એક લાખ પૂર્વ વરસ સુધી શ્રામણ્યપર્યાયને પામ્યા. એ રીતે એકંદર પોતાનું ચોરાશી લાખ પૂર્વનું પૂરેપૂરું આખું આયુષ્ય પાળીને, વેદનીયકર્મ, આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ ક્ષીણ થતાં આ સુષમદુઃષમા નામની અવસર્પિણીનો ઘણો સમય વીતી જતા અને હવે તે અવસર્પિણીના માત્ર ત્રણ વરસ અને સાડા આઠ માસ બાકી રહેતા બરાબર એ સમયે જે તે હેમંત ઋતુનો ત્રીજો માસ, પાંચમો પક્ષ એટલે માઘ માસનો વ૦ દિ૦ પક્ષ આવ્યો ત્યારે તે માઘ વ૦ દિ૦ તેરશના પક્ષમાં અષ્ટાપદ પર્વતના શિખર ઉપર શ્રીઋષભ અરહત બીજા ચૌદ હજાર અનગારો સાથે પાણી વગરના ચઉદસમ ભક્તનું તપ તપતાં અને એ વેળાએ અભિજિત નક્ષત્રનો જોગ થતાં દિવસના ચડતે પહોરે પલ્યંકાસનમાં રહેલા કાલગત થયા યાવત્ સર્વદુઃખોથી તદ્દન હીણા થયા–નિર્વાણ પામ્યા.

૨૦૦ કૌશલિક અરહત ઋષભનું નિર્વાણ થયે યાવત્ તેમને સર્વદુઃખોથી તદ્દન હીણા થયાંને ત્રણ વરસ અને સાડા આઠ માસ વીતી ગયા, ત્યાર પછી પણ બેંતાળીશ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ કમ એવી એક કોટાકોટી સાગરોપમ જેટલો સમય વીતી ગયો, એ સમયે શ્રમણ ભગવાન મહાવીર પરિનિર્વાણ પામ્યા, ત્યાર પછી પણ નવસેં વરસ પસાર થઈ ગયાં અને હવે એ દસમા સૈકાના એંશીમા વરસનો આ સમય જાય છે.

સ્થવિરોની પરંપરા

૨૦૧ તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણો અને અગીયાર ગણધરો હતા

૨૦૨ પ્ર૦–તે કયા હેતુથી હે ભગવંત! એમ કહેવાય છે કે 'શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણો અને અગીયાર ગણધરો હતા?'

ઉ૦–શ્રમણ ભગવાન મહાવીરના ૧ મોટા (શિષ્ય) ઈન્દ્રભૂતિ નામે ગૌતમ ગોત્રના અનગારે પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૨ વચલા (શિષ્ય) અગ્નિભૂતિ નામે ગૌતમ ગોત્રના અનગારે પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૩ નાના ગૌતમ-ગોત્રી અનગાર વાયુભૂતિએ પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૪ ભારદ્વાજગોત્રી સ્થવિર આર્યવ્યક્તે પાંચસેં શ્રમણોને વાચના આપેલી છે, ૫ અગ્નિવૈશાયનગોત્રી

સ્થવિર આર્ય સુધર્માએ પાંચસો શ્રમણોને વાચના [illegible]
મંડિતપુત્ર આદિ ત્રણે શ્રમણોને વાચના આપેલી છે [illegible]
રાધા ચારસો શ્રમણોને વાચના આપેલી છે. ૮ [illegible]
૯ નિગાયનગોત્રી સ્થવિર અચલભ્રાતાએ [illegible]
વાચના આપેલી છે, ૯ કૌડિન્યગોત્રી સ્થવિર [illegible]
બંને સ્થવિરોએ ત્રણસો ત્રણસો શ્રમણોને વાચના [illegible]
એમ કહેવાય છે કે. શ્રમણ ભગવાન મહાવીર [illegible]

માઢરગોત્રી સ્થવિર આર્યસંભૂતિવિજયને ગૌતમગોત્રી આર્યસ્થૂલભદ્ર નામે અંતેવાસી હતા.

ગૌતમગોત્રી સ્થવિર આર્યસ્થૂલભદ્રને બે સ્થવિરો અંતેવાસી હતા: એક એલાવચ્ચગોત્રી સ્થવિર આર્ય મહાગિરિ અને બીજા વાસિષ્ઠગોત્રી સ્થવિર આર્યસુહસ્તી

વાસિષ્ઠગોત્રી સ્થવિર આર્યસુહસ્તિને બે સ્થવિરો અંતેવાસી હતા: એક સુસ્થિત સ્થવિર અને બીજા સુપ્પડિબુદ્ધ સ્થવિર. એ બન્ને કોડિયકાકંદક કહેવાતા અને એ બન્ને વગ્ઘાવચ્ચ ગોત્રના હતા

કોડિયકાકંદક તરીકે પ્રખ્યાત થએલા અને વગ્ઘાવચ્ચગોત્રી સુસ્થિત અને સુપ્પડિબુદ્ધ સ્થવિરને કૌશિકગોત્રી આર્યઇંદ્રદિન્ન નામે સ્થવિર અંતેવાસી હતા.

કૌશિકગોત્રી આર્યઇંદ્રદિન્ન સ્થવિરને ગૌતમગોત્રી સ્થવિર આર્યદિન્ન નામે અંતેવાસી હતા.

ગૌતમગોત્રી સ્થવિર આર્યદિન્નને કૌશિકગોત્રી આર્યસિંહગિરિ નામે સ્થવિર અંતેવાસી હતા, આર્યસિંહગિરિને જાતિસ્મરણજ્ઞાન થયું હતું.

જાતિસ્મરણજ્ઞાનને પામેલા અને કૌશિકગોત્રી આર્યસિંહગિરિ સ્થવિરને ગૌતમ-ગોત્રી આર્યવજ્ર નામે સ્થવિર અંતેવાસી હતા.

ગૌતમગોત્રી સ્થવિર આર્યવજ્રને ઉક્કોસિયગોત્રી આર્યવજ્રસેન નામે સ્થવિર અંતેવાસી હતા.

ઉક્કોસિયગોત્રી આર્યવજ્રસેન સ્થવિરને ચાર સ્થવિરો અંતેવાસી હતા: ૧ સ્થવિર આર્ય નાઇલ, ૨ સ્થવિર આર્ય પોમિલ, ૩ સ્થવિર આર્ય જયંત અને ૪ સ્થવિર આર્ય તાપસ.

સ્થવિર આર્ય નાઇલથી આર્યનાઇલા શાખા નીકળી. સ્થવિર આર્ય પોમિલથી આર્યપોમિલા શાખા નીકળી. સ્થવિર આર્ય જયંતથી આર્યજયંતી શાખા નીકળી. સ્થવિર આર્ય તાપસથી આર્યતાપસી શાખા નીકળી.

૨૦૭ હવે વળી આર્ય જસભદ્દથી આગળની સ્થવિરાવલિ વિસ્તૃત વાચના દ્વારા આ પ્રમાણે દેખાય છેઃ તે જેમકે,

તુંગિયાયનગોત્રી સ્થવિર આર્ય જસભદ્દને પુત્રસમાન, આ બે પ્રખ્યાત સ્થવિરો અંતેવાસી હતા: તે જેમકે,

૧ પ્રાચીનગોત્રી આર્ય ભદ્રબાહુ સ્થવિર અને ૨ માઢરગોત્રી આર્યસંભૂત-સ્થવિર.

૨૧૦ [illegible]
સ્થવિરો [illegible].

૧ સ્થવિર [illegible] અને [illegible], [illegible]
૬ સુપ્પડિબુદ્ધ [illegible], [illegible] અને ૧૧ [illegible]
ગણી તેમ ૧૨ [illegible] આ પ્રમાણે [illegible], એઓ
સુહસ્તિના શિષ્ય હતા.

૨૧૧ કાશ્યપગોત્રી સ્થવિર આર્ય રોહગુપ્તથી [illegible] ગણ નામે ગણ નીકળ્યો
તેની આ ચાર શાખાઓ નીકળી અને [illegible] નીકળ્યા એમ કહેવાય છે

પ્ર૦–હવે તે કઈ કઈ શાખાઓ કહેવાય છે?

ઉ૦–શાખાઓ આ પ્રમાણે કહેવાય છે તે જેમકે, ૧ ઉદુંબરિજ્જીઆ,
૨ માસપૂરિઆ, ૩ મઈપત્તિયા, ૪ પુણ્ણપત્તિયા. તે ચાર શાખાઓ કહેવાઈ.

પ્ર૦–હવે તે કયા કયા કુલો કહેવાય છે?

ઉ૦–કુલો આ પ્રમાણે કહેવાય છે તે જેમકે, પહેલું નાગભૂય, અને બીજું
વળી સોમભૂતિક છે, ઉલ્લગચ્છ નામનું વળી ત્રીજું, હત્થલિજ્જ નામનું તો ચોથું,
પાંચમુ નંદિજ્જ, છઠ્ઠું વળી પારિહાસય છે, અને [illegible] ગણનાં એ છ કુલો જાણવાના છે.

૨૧૨ હારિયગોત્રી સ્થવિર શ્રિગુપ્તથી અહીં ચારણગણ નામે ગણ નીકળ્યો.
તેની આ ચાર શાખાઓ નીકળી અને સાત કુલો નીકળ્યાં એમ કહેવાય છે.

પ્ર૦–હવે તે કઈ કઈ શાખાઓ?

ઉ૦–શાખાઓ આ પ્રમાણે કહેવાય છે તે જેમકે, ૧ હારિયમાલાગારી,
૨ સંકાશીઆ, ૩ ગવેધુયા, ૪ વજ્જનાગરી તે ચાર શાખાઓ કહેવાઈ.

પ્ર૦–હવે તે કયાં કયા કુલો કહેવાય છે?

ઉ૦–કુલો આ પ્રમાણે કહેવાય છે. તે જેમકે; પ્રથમ અહીં વત્થલિજ્જ, બીજું
વળી પીઈધમ્મિઅ છે, ત્રીજુ વળી હાલિજ્જ, ચોથું પૂસમિત્તિજ્જ, પાંચમું માલિજ્જ,
છઠ્ઠું વળી અજ્જવેડય છે. સાતમું કણ્હસહ, ચારણગણના આ સાત કુલો છે.

૨૧૩ ભારદ્વાજગોત્રી સ્થવિર ભદ્દજસથી અહીં ઉડુવાડિયગણ નામે ગણ નીકળ્યો.
તેની આ ચાર શાખાઓ નીકળી અને ત્રણ કુલો નીકળ્યાં એમ કહેવાય છે.

પ્ર૦–હવે તે કઇ કઇ શાખાઓ?

પ્ર૦–હવે તે ક્યાં ક્યા કુલો છે?

ઉ૦–કુલો આ પ્રમાણે કહેવાય છે તે જેમકે, પહેલું નામ કુલ બંભલિજ્જ, બીજુ વચ્છલિજ્જ નામે કુલ, ત્રીજુ વળી વાણિજ્જ અને ચોથું પણ્હવાહણકુલ.

૨૧૭ કોટિક કાકંદક કહેવાતા અને વગ્ઘાવચ્ચગોત્રી સ્થવિર સુસ્થિત તથા સુપતિબુદ્ધને આ પાંચ સ્થવિરો પુત્રસમાન પ્રખ્યાત અંતેવાસી હતા. તે જેમકે; ૧ સ્થવિર આર્યઇંદ્રદત્ત ૨ સ્થવિર પિયગંથ. ૩ સ્થવિર વિદ્યાધરગોપાલ કાશ્યપગોત્રી, ૪ સ્થવિર ઈસિદત્ત અને ૫ સ્થવિર અરહદત્ત.

સ્થવિર પિયગંથથી અહીં મધ્યમ શાખા નીકળી. કાશ્યપગોત્રી સ્થવિર વિદ્યાધર ગોપાલથી અહીં વિદ્યાધરી શાખા નીકળી.

૨૧૮ કાશ્યપગોત્રી સ્થવિર આર્યઇંદ્રદત્તને ગૌતમગોત્રી સ્થવિર અજ્જદિન્ન અંતેવાસી હતા.

ગૌતમગોત્રી સ્થવિર અજ્જદિન્નને આ બે સ્થવિરો પુત્રસમાન પ્રખ્યાત અંતેવાસી હતા. તે જેમકે; આર્યશાંતિસેણિઅ સ્થવિર માઢરગોત્રી અને જાતિસ્મરણ જ્ઞાનવાળા કૌશિકગોત્રી સ્થવિર આર્યસિંહગિરિ.

માઢરગોત્રી સ્થવિર આર્યશાંતિસેણિઅથી અહીં ઉચ્ચાનાગરી શાખા નીકળી.

૨૧૯ માઢરગોત્રી સ્થવિર આર્યશાંતિસેણિઅને આ ચાર સ્થવિરો પુત્રસમાન પ્રખ્યાત અંતેવાસી હતા. તે જેમકે; ૧ સ્થવિર આર્યસેણિઅ, ૨ સ્થવિર આર્યતાપસ, ૩ સ્થવિર આર્યકુબેર અને ૪ સ્થવિર આર્યઇસિપાલિત.

સ્થવિર અજ્જસેણિઅથી અહીં અજ્જસેણિયા શાખા નીકળી. સ્થવિર આર્યતાપસથી અહીં આર્યતાપસી શાખા નીકળી. સ્થવિર આર્યકુબેરથી અહીં આર્યકુબેરી શાખા નીકળી. સ્થવિર આર્યઇસિપાલિતથી અહીં અજ્જઇસિપાલિયા શાખા નીકળી.

૨૨૦ જાતિસ્મરણજ્ઞાનવાળા કૌશિકગોત્રી આર્યસિંહગિરિ સ્થવિરને આ ચાર સ્થવિરો પુત્રસમાન પ્રખ્યાત અંતેવાસી હતા. તે જેમકે; ૧ સ્થવિર ધનગિરિ, ૨ સ્થવિર આર્યવજ્ર, ૩ સ્થવિર આર્યસમિઅ અને સ્થવિર અરહદત્ત.

સ્થવિર આર્યસમિઅથી અહીં બંભદેવીયા શાખા નીકળી.

ગૌતમગોત્રી સ્થવિર આર્યવજ્રથી અહીં આર્યવજ્રી શાખા નીકળી.

૨૨૧ ગૌતમગોત્રી સ્થવિર આર્યવજ્રને આ ત્રણ સ્થવિરો પુત્રસમાન પ્રખ્યાત અંતેવાસી હતા. તે જેમકે; ૧ સ્થવિર આર્યવજ્રસેણ, ૨ સ્થવિર આર્યપદ્મ, ૩ સ્થવિર આર્યરથ.

સ્થવિર આર્યવજ્રસેણથી અહીં આર્યનાઇલી શાખા નીકળી. સ્થવિર આર્યપદ્મથી

મહાવીર વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહેલા છે?

ઉ૦–કારણ કે ઘણું કરીને તે સમયે ગૃહસ્થોનાં ઘરો તેમની ભીંતો બાજુએ સાદડીથી કે ટટ્ટીથી ઢંકાયેલાં હોય છે, ધોળાયેલાં હોય છે, છાજેલાં ગારોના કે છાણ-વાળાં હોય છે. લીંપેલાં હોય છે, ચારેબાજુ ભરીથી કે વાડથી સુરક્ષિત હોય છે, વગેરે-ખાડાખડિયા પૂરીને–સરખાં કરેલા હોય છે. ઘોકયાં સુંવાળાં કરેલાં હોય છે. સુગંધિત ધૂપોથી સુગંધી કરેલાં હોય છે, પાણી નીકળી જવા માટે નીકોવાળાં બનાવેલાં હોય છે અને બહાર ખાળોવાળાં તૈયાર થએલાં હોય છે તથા તે ઘરો ગૃહસ્થોએ પોતાને માટે સારાં કરેલાં હોય છે, ગૃહસ્થોએ વાપરેલાં હોય છે અને પોતાને રહેવા સારુ જીવજંતુ વગરનાં બનાવેલાં હોય છે માટે તે કારણથી એમ કહેવાય છે કે 'શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહેલા છે.'

૨૨૬ જેવી રીતે શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહેલા છે તેવી રીતે ગણધરો પણ વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહેલા છે.

૨૨૭ જેવી રીતે ગણધરો વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહેલા છે તેવી રીતે ગણધરોના શિષ્યો પણ વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહેલા છે.

૨૨૮ જેવી રીતે ગણધરોના શિષ્યો વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહેલા છે તેમ સ્થવિરો પણ વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહેલા છે.

૨૨૯ જેમ સ્થવિરો વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહેલા છે તેમ જેઓ આ આજકાલ શ્રમણ નિર્ગ્રંથો વિહરે છે–વિદ્યમાન છે તેઓ પણ વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહે છે.

૨૩૦ જેમ જેઓ આ આજકાલ શ્રમણ નિર્ગ્રંથો વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહે છે તેમ અમારા પણ આચાર્યો, ઉપાધ્યાયો વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહે છે.

૨૩૧ જેમ અમારા આચાર્યો, ઉપાધ્યાયો યાવત્ વર્ષાવાસ રહે છે તેમ અમે પણ વર્ષાઋતુનો વીશ રાત સહિત એક માસ વીતી ગયા પછી વર્ષાવાસ રહિયે છિયે.

એ સમય કરતાં વહેલુ પણ વર્ષાવાસ રહેવું ખપે, તે રાતને ઊલંઘવી નો ખપે અર્થાત્ વર્ષાઋતુના વીશ રાત સહિત એક માસની છેલ્લી રાતને ઊલંઘવી નો ખપે એટલે એ છેલ્લી રાત પહેલાં જ વર્ષાવાસ કરી દેવો જોઇએ.

જાય ત્યારે 'પડિગ્ગહ. [illegible]' એમ તેણે કહેવું [illegible] તેને કહે કે હે ભગવંત! '[illegible]' એમ કેમ કહો છો? [illegible] માટે આટલાનું પ્રયોજન છે એમ કહેતા ભિક્ષુને [illegible] કે હે આર્ય! તું [illegible] પછી તું ખાજે અથવા પીજે. એ રીતે વાતચીત થઈ હોય તો તેને વધારે લેવું ખપે તે રોગી જનોને માંદાની નિશ્રાએ [illegible] માંદાને બાને વધારે લેવું નો ખપે.

૨૩૯ વર્ષાવાસ રહેલા સ્થવિરોએ તથા પ્રકારનાં કુલો કરેલાં હોય છે; જે કુલો પ્રીતિપાત્ર હોય છે, સ્થિરતાવાળાં હોય છે, વિશ્વાસપાત્ર હોય છે, સમ્મત હોય છે, બહુમત હોય છે અને અનુમતિવાળાં હોય છે, તે કુલોમાં જઈને જોઈતી વસ્તુ નહીં જોઈને તેમને એમ બોલવું નો ખપે: હે આયુષ્મંત! આ અથવા આ તારે ત્યાં છે?

પ્ર૦–હે ભગવંત! 'તેમને એમ બોલવું નો ખપે' એમ શા માટે કહો છો?

ઉ૦–એમ કહેવાથી શ્રદ્ધાવાળો ગૃહસ્થ તે વસ્તુને નવી પ્રાપ્ત કરે-ખરીદે અથવા એ વસ્તુને ચોરી પણ લાવે.

૨૪૦ વર્ષાવાસ રહેલા નિત્યભોજી ભિક્ષુને ગોચરીના સમયે આહાર સારુ અથવા પાણી સારુ ગૃહસ્થનાં કુલ તરફ એકવાર નીકળવું ખપે અથવા તે તરફ એકવાર પેસવું ખપે; પણ સરત એ કે, જો આચાર્યની સેવાનુ કારણ ન હોય, ઉપાધ્યાયની સેવાનુ કારણ ન હોય, તપસ્વીની કે માંદાની સેવાનુ કારણ ન હોય અને જેમને દાઢીમૂછ કે બગલના વાળ નથી આવ્યા એવો નાનો ભિક્ષુ કે ભિક્ષુણી ન હોય અર્થાત્ આચાર્ય વગેરેની સેવાનું કારણ હોય તો એકથી પણ વધારે વાર ભિક્ષા માટે જવું ખપે અને ઉપર કહ્યો તેવો ભિક્ષુ નાનો હોય કે ભિક્ષુણી નાની હોય તો પણ એકથી વધારે વાર ભિક્ષા માટે નીકળવું ખપે.

૨૪૧ વર્ષાવાસ રહેલા ચતુર્થભક્ત કરનાર ભિક્ષુને સારુ આ આટલી વિશેષતા છે કે તે ઉપવાસ પછીની સવારે ગોચરી સારુ નીકળીને પ્રથમ જ વિકટક એટલે નિર્દોષ ભોજન જમીને અને નિર્દોષ પાનક પીને પછી પાત્રને ચોકખુ કરીને ધોઈ કરીને ચલવી શકે તો તેણે તેટલા જ ભોજનપાન વડે તે દિવસે ચલાવી લેવુ ઘટે અને તે, તે રીતે ન ચલવી શકે તો તેને ગૃહપતિના કુલ તરફ આહાર માટે કે પાણી માટે બીજી વાર પણ નીકળવું ખપે અથવા તે તરફ બીજી વાર પણ પેસવું ખપે.

૨૪૨ વર્ષાવાસ રહેલા છટ્ઠભક્ત કરનાર ભિક્ષુને ગોચરીના સમયે આહાર સારુ અથવા પાણી સારુ ગૃહસ્થના કુલ તરફ બે વાર નીકળવુ ખપે અથવા તે તરફ બે વાર પેસવું ખપે

છે કે ઉપાશ્રયથી માંડીને [illegible] ત્યાગ કરનારા નિર્ગ્રંથો કે નિર્ગ્રંથીઓને [illegible] ન ખપે [illegible] ઉપાશ્રયથી માંડીને પરંપરાએ [illegible] ત્યાગ કરનારા નિર્ગ્રંથોને કે નિર્ગ્રંથીઓને [illegible] ન ખપે

૨૫૩ વર્ષાવાસ રહેલા કરપાત્રી ભિક્ષુને [illegible] વૃષ્ટિકાય પડતો હોય અર્થાત્ ઝીણી ફોરમાં [illegible] ફરફર પડતી હોય ત્યારે ગૃહપતિના કુલ તરફ ભોજન માટે અથવા પાણી માટે નીકળવું નો ખપે તેમ તે તરફ પેસવું નો ખપે.

૨૫૪ વર્ષાવાસ રહેલા કરપાત્રી ભિક્ષુને પિંડપાત-ભિક્ષા લઈને અગાસમાં-જ્યાં ઘર ન હોય ત્યાં-અગાસામાં રહેવું એટલે અગાસામાં રહીને ભોજન કરવું નો ખપે. અગાસામાં રહેતા-ખાતાં કદાચ એકદમ વૃષ્ટિકાય પડે તો ખાધેલું થોડુંક ખાઈને અને બાકીનું થોડુંક લઈને-તેને હાથ વડે હાથને ઢાંકીને અને એ હાથને છાતીમાં રાખી [illegible] અથવા કાખમાં સંતાડી રાખે. આમ કર્યા પછી ગૃહસ્થોએ પોતાને માટે [illegible] ઢાંકેલાં ઘરો તરફ જાય, અથવા ઝાડના મૂળો તરફ-ઝાડની ઓથે જાય; જે હાથમાં ભોજન છે તે હાથને જે રીતે પાણી કે પાણીનો છાંટો અથવા ઓછામાં ઓછી ઝીણી ફરફર ઝાકળ [illegible] વિરાધના ન પામે તે રીતે વર્તે-રહે.

૨૫૫ વર્ષાવાસ રહેલા કરપાત્રી ભિક્ષુને જ્યારે જે કાંઈ કણમાત્ર પણ સ્પર્શ થાય એ રીતે ઓછામાં ઓછી ઝીણી ફરફર પડતી હોય ત્યારે ભોજન માટે અથવા પાણી માટે ગૃહપતિના કુલ તરફ નીકળવું નો ખપે તેમ તે તરફ પેસવું નો ખપે.

૨૫૬ વર્ષાવાસ રહેલા પાત્રધારી ભિક્ષુને અખંડધારાએ વરસાદ વરસતો હોય ત્યારે ભોજન માટે અથવા પાણી માટે ગૃહપતિના કુલ તરફ નીકળવું નો ખપે. તેમ તે તરફ પેસવું નો ખપે. ઓછો વરસાદ વરસતો હોય ત્યારે અંદર સૂતરનું કપડું અને ઊપર ઊનનુ કપડુ ઓઢીને ભોજન સારુ અથવા પાણી સારુ ગૃહપતિના કુલ તરફ તે ભિક્ષુને નીકળવું ખપે તેમ તે તરફ પેસવું ખપે.

૨૫૭ વર્ષાવાસ રહેલા અને ભિક્ષા લેવાની વૃત્તિથી ગૃહસ્થના કુલમાં પેઠેલા નિર્ગ્રંથને કે નિર્ગ્રંથીને રહી રહીને-આંતરે આંતરે વરસાદ પડે ત્યારે બાગમાં (ઝાડની) નીચે જવું ખપે અથવા ઉપાશ્રયની નીચે જવું ખપે અથવા વિકટગૃહની એટલે ચોરા વગેરેની નીચે જવું ખપે અથવા ઝાડના મૂલની ઓથે જવું ખપે.

ઊપર જણાવેલી જગ્યાએ ગયા પછી ત્યાં જો તે નિર્ગ્રંથ કે નિર્ગ્રંથી પહોંચ્યા પહેલાં જ અગાઉથી તૈયાર કરેલા ચાવલઓદન મલતા હોય અને તેમના પહોંચ્યા પછી પાછળથી તૈયાર કરેલો ભિલિંગસૂપ એટલે મસૂરની દાળ કે અડદની દાળ વા તેલવાળો સૂપ મળતો હોય તો તેમને ચાવલઓદન લેવો ખપે અને ભિલિંગસૂપ લેવો નો ખપે.

૨૬૦ [illegible] રહેલા અને [illegible] નિર્ગ્રંથને જ્યારે [illegible] ત્યારે [illegible] એકલી [illegible] કાં તો [illegible] ઘરધણિયાણીની સાથે ભેગા રહેવું નો ખપે [illegible] નહીં [illegible] ભેગા નહીં [illegible] પ્રમાણે ચાર ભાગા સમજવા.

ત્યાં કોઈ પાગમો પણ સ્થવિર કે સ્થવિર હોય [illegible] તેઓ બીજા-ઓની નજરમાં દેખી શકાય તેમ રહેવાં જોઈએ [illegible] ઘરનાં ચારે બાજુનાં બાર ઉઘાડાં હોવા જોઈએ, એ રીતે તેઓને એકલા રહેવું ખપે.

૨૬૧ અને એ જ પ્રમાણે એકલી નિર્ગ્રંથી અને એકલા ગૃહસ્થના ભેગા નહીં રહેવા સંબંધે પણ ચાર ભાંગા સમજવા.

૨૬૨ વર્ષાવાસ રહેલાં નિર્ગ્રંથોને કે નિર્ગ્રંથીઓને બીજા કોઈએ જણાવ્યા સિવાય, બીજા કોઈને જણાવ્યા સિવાય તેને માટે અશન પાન ખાદિમ કે સ્વાદિમ લેવું નો ખપે.

પ્ર૦–હે ભગવન્! તે એમ કેમ કહો છો ?

ઉ૦–બીજા કોઈએ જણાવ્યા સિવાય, બીજા કોઈને જણાવ્યા સિવાય આણેલું અશન વગેરે ઈચ્છા હોય તો બીજો ખાય, ઈચ્છા ન હોય તો બીજો ન ખાય.

૨૬૩ વર્ષાવાસ રહેલાં નિર્ગ્રંથોને કે નિર્ગ્રંથીઓને તેમના શરીર ઉપરથી પાણી ટપકતું હોય વા તેમનુ શરીર ભીનું હોય તો અશન પાન ખાદિમ કે સ્વાદિમને ખાવું નો ખપે.

૨૬૪ પ્ર૦–હે ભગવન્! તે એમ કેમ કહો છો ?

ઉ૦–શરીરના સાત ભાગ સ્નેહાયતન જણાવેલા છે એટલે શરીરના સાત ભાગ એવા છે કે જેમાં પાણી ટકી શકે છે, તે જેમકે; ૧ બન્ને હાથ, ૨ બન્ને હાથની રેખાઓ, ૩ આખા નખ, ૪ નખનાં ટેરવાં, ૫ બન્ને ભવાં, ૬ નીચેનો હોઠ એટલે દાઢી. ૭ ઊપરનો હોઠ એટલે મૂછ.

હવે તે નિર્ગ્રંથોને કે નિર્ગ્રંથીઓને એમ જણાય કે મારુ શરીર પાણી વગરનુ થઈ ગયુ છે, મારા શરીરમાં પાણીની ભીનાશ મુદ્દલ નથી તો એ રીતે તેમને અશન-પાન ખાદિમ સ્વાદિમનો આહાર કરવો ખપે.

૨૬૫ અહીં જ-વર્ષાવાસ રહેલાં નિર્ગ્રંથોએ અથવા નિર્ગ્રંથીઓએ આ આઠ સૂક્ષ્મો જાણવાં જેવાં છે, હરકોઈ છદ્મસ્થ નિર્ગ્રંથે કે નિર્ગ્રંથીએ વારંવાર વારંવાર એ આઠ સૂક્ષ્મો જાણવા જેવા છે, જોવાં જેવા છે અને સાવધાનતા રાખી એમની પડિલેહણા–કાળજી–કરવાની છે

હરિતસૂક્ષ્મ, ૨ નીલું હરિતસૂક્ષ્મ, ૩ રાતું હરિતસૂક્ષ્મ, ૪ પીળું હરિતસૂક્ષ્મ, ૫ ધોળું હરિતસૂક્ષ્મ. એ હરિતસૂક્ષ્મ જે જમીન ઉપર [illegible] તેવા તદ્દન સરખા રંગવાળું જણાવેલું છે. છદ્મસ્થ નિર્ગ્રંથે કે નિર્ગ્રંથીએ જેને વારંવાર જાણવાનું છે, જોવાનું છે અને પડિલેહવાનું છે. એ હરિતસૂક્ષ્મની સમજુતી થઈ ગઈ.

૨૭૦ પ્ર૦–હવે તે પુષ્પસૂક્ષ્મ શું કહેવાય?

ઉ૦–પુષ્પ એટલે ફૂલ. ઝીણામાં ઝીણું નરી આંખે ન દેખી શકાય તેવું ફૂલ, એ પુષ્પસૂક્ષ્મ. એ પુષ્પસૂક્ષ્મ પાંચ પ્રકારનું જણાવેલું છે. તે જેમકે; ૧ કાળું પુષ્પસૂક્ષ્મ, ૨ નીલું પુષ્પસૂક્ષ્મ, ૩ રાતું પુષ્પસૂક્ષ્મ. ૪ પીળું પુષ્પસૂક્ષ્મ. ૫ ધોળું પુષ્પસૂક્ષ્મ. એ પુષ્પસૂક્ષ્મ જે ઝાડ ઊપર ઉગે છે તે ઝાડનો જેવો રંગ હોય છે તેવા તદ્દન સરખા રંગવાળું જણાવેલું છે. છદ્મસ્થ નિર્ગ્રંથે કે નિર્ગ્રંથીએ જેને વારંવાર જાણવાનું છે, જોવાનું છે અને પડિલેહવાનુ છે. એ પુષ્પસૂક્ષ્મની સમજુતી થઈ ગઈ.

૨૭૧ પ્ર૦–હવે તે અંડસૂક્ષ્મ શું કહેવાય?

ઉ૦–અંડ એટલે ઇંડું. ઝીણામાં ઝીણું નરી આંખે ન દેખી શકાય તેવું ઇંડું, એ અંડસૂક્ષ્મ. અંડસૂક્ષ્મ પાંચ પ્રકારનુ જણાવેલું છે, તે જેમકે, ૧ મધમાખ વગેરે ડંખ દેનાર પ્રાણીઓનાં ઈંડાં, ૨ કરોળિયાનાં ઇંડાં, ૩ કીડિઓનાં ઈંડાં, ૪ ઘરોળીનાં ઈંડાં, ૫ કાકીડાનાં ઈંડાં. છદ્મસ્થ નિર્ગ્રંથે કે નિર્ગ્રંથીએ એ ઇંડાં વારવાર વારંવાર જાણવાનાં છે, જોવાનાં છે અને પડિલેહવાનાં છે. એ અંડસૂક્ષ્મની સમજુતી થઈ ગઈ.

૨૭૨ પ્ર૦–હવે તે લેણસૂક્ષ્મ શું કહેવાય?

ઉ૦–લેણુ એટલે દર, ઝીણામાં ઝીણું નરી આંખે ન દેખી શકાય તેવું દર, એ લેણસૂક્ષ્મ. લેણસૂક્ષ્મ પાચ પ્રકારનુ જણાવેલું છે, તે જેમકે, ૧ ગદ્ધૈયા વગેરે જીવોએ પોતાને રહેવા માટે જમીનમાં કોરી કાઢેલુ દર–ઉત્તિંગલેણ, ૨ પાણી સૂકાઇ ગયા પછી જ્યાં મોટી મોટી તરાડો પડી ગઈ હોય ત્યાં જે દર થયાં હોય તે ભિંગુલેણ, ૩ ભિલ–ભોણ, ૪ તાલમૂલક–તાડના મૂલ જેવા ઘાટવાળુ દર–નીચેથી પહોળું અને ઊપર સાંકડું એવું દર–ભોણ. પાંચમું શંબૂકાવર્ત–શંખના અંદરના આંટા જેવું ભમરાનુ દર. છદ્મસ્થ નિર્ગ્રંથે કે નિર્ગ્રંથીએ એ દરો વારવાર વારંવાર જાણવાનાં છે, જોવાના છે અને પડિલેહવાનાં છે. એ લેણસૂક્ષ્મની સમજુતી થઈ ગઈ.

૨૭૩ પ્ર૦–હવે તે સ્નેહસૂક્ષ્મ શું કહેવાય?

ઉ૦–સ્નેહ એટલે ભીનાશ, જે ભીનાશ જલદી નજરે ન ચડે એવી હોય તે સ્નેહસૂક્ષ્મ. સ્નેહસૂક્ષ્મ પાંચ પ્રકારનુ જણાવેલુ છે, તે જેમકે; ૧ ઓસ, ૨ હિમ—જાગી

પ્ર૦—હે ભગવન્! તે એમ કેમ કહો છો?

ઉ૦—એમ કરવામાં આચાર્યો પ્રત્યવાયને કે અપાયવાયને જાણે હાનિને કે લાભને જાણતા હોય છે.

૨૭૭ વર્ષાવાસ રહેલો ભિક્ષુ કોઈપણ જાતની એક ચિકિત્સા કરાવવા ઇચ્છે તો એ સંબંધે પણ બધું તે જ પૂર્વ પ્રમાણે કહેવાનું.

૨૭૮ વર્ષાવાસ રહેલો ભિક્ષુ, કોઈ એક પ્રકારના પ્રશંસાપાત્ર, કલ્યાણકારી, ઉપદ્રવોને દૂર કરનારા, જાતને ધન્ય કરનારા, મંગલના કારણ, સુશોભન અને મોટા પ્રભાવશાળી તપકર્મને સ્વીકારીને વિહરવા ઇચ્છે તો એ સંબંધે પણ બધું (પૂછવાનું) તે જ પૂર્વ પ્રમાણે કહેવાનું.

૨૭૯ વર્ષાવાસ રહેલો ભિક્ષુ, સૌથી છેલ્લી મારણાંતિક સંલેખનાનો આશ્રય લઈ તે દ્વારા શરીરને ખપાવી નાખવાની વૃત્તિથી આહારપાણીનો ત્યાગ કરી પાદપોપગત થઈ મૃત્યુનો અભિલાષ નહીં રાખતો વિહરવા ઇચ્છે અને એ સંલેખનાના હેતુથી ગૃહસ્થના કુલ ભણી નીકળવા ઇચ્છે અથવા તે તરફ પેસવા ઇચ્છે અથવા અશન પાન ખાદિમ કે સ્વાદિમનો આહાર કરવા ઇચ્છે અથવા શૌચને કે પેશાબને પરઠવવા ઇચ્છે અથવા સ્વાધ્યાય કરવા ઇચ્છે અથવા ધર્મજાગરણ સાથે જાગવા ઇચ્છે, તો એ બધી પ્રવૃત્તિ પણ આચાર્ય વગેરેને પૂછ્યા વિના તેને કરવી નો ખપે, એ તમામ પ્રવૃત્તિઓ સંબધે પણ બધુ તે જ પૂર્વપ્રમાણે કહેવું.

૨૮૦ વર્ષાવાસ રહેલો ભિક્ષુ, કપડાને અથવા પાત્રને અથવા કંબલને અથવા પગપૂંછણાને અથવા બીજી કોઈ ઉપધિને તડકામાં તપાવવા ઇચ્છે, અથવા તડકામાં વારંવાર તપાવવા ઇચ્છે તો એક જણને અથવા અનેક જણને ચોક્કસ જણાવ્યા સિવાય તેને ગૃહપતિના કુલ ભણી આહાર માટે અથવા પાણી માટે નીકળવું અથવા પેસવું નો ખપે, તથા અશન પાન ખાદિમ કે સ્વાદિમનો આહાર કરવો નો ખપે, બહાર વિહારભૂમિ તરફ અથવા વિચારભૂમિ તરફ જવું નો ખપે, અથવા સજ્ઝાય કરવાનું નો ખપે અથવા કાઉસગ્ગ કરવાનુ અથવા ધ્યાન માટે બીજા કોઈ આસનમાં ઊભા રહેવાનુ નો ખપે.

અહીં કોઇ એક અથવા અનેક સાધુ પાસે રહેતા હોય અને તેઓ હાજર હોય તો તે ભિક્ષુએ તેમને—આ રીતે કહેવું ખપેઃ 'હે આર્યો! તમે માત્ર આ તરફ ઘડીકવાર ધ્યાન રાખજો જેટલામાં હું ગૃહપતિના કુલ ભણી જઈ આવું યાવત્ કાઉસગ્ગ કરી આવું, અથવા ધ્યાન માટે બીજા કોઇ આસનમાં ઊભો રહી આવું.' જો તે સાધુ કે સાધુઓ ભિક્ષુની વાતનો સ્વીકાર કરી ધ્યાન રાખવાની હા પાડે તો એ રીતે એ ભિક્ષુને ગૃહપતિના કુલ ભણી આહાર માટે અથવા પાણી માટે નીકળવું કે પેસવું ખપે યાવત્ કાઉસગ્ગ કરવાનું અથવા ધ્યાન સારુ બીજા કોઇ આસનમાં ઊભા રહેવાનુ ખપે, અને જો તે સાધુ કે સાધુઓ ભિક્ષુની વાતનો સ્વીકાર નો કરે એટલે ધ્યાન રાખવાની ના પાડે તો એ રીતે એ ભિક્ષુને ગૃહપતિના કુલ ભણી આહાર માટે અથવા પાણી માટે નીકળવું કે પેસવું

પછે પછી અવશ્ય લોચ કરવો જોઈએ. અસ્તરાથી મુંડ થનારે માસે માસે મુંડ થવું જોઈએ, કાતરથી મુંડ થનારે અડધે માસે મુંડ થવું જોઈએ, લોચથી મુંડ થનારે છ માસે મુંડ થવું જોઈએ અને સ્થવિરોને વાર્ષિક લોચ કરવો ઘટે.

૨૮૫ વર્ષાવાસ રહેલાં નિર્ગ્રંથોને કે નિર્ગ્રંથીઓને પર્યુષણા પછી અધિકરણવાળી વાણી એટલે હિંસા અસત્ય વગેરે દોષથી દૂષિત વાણી વદવી ન કલ્પે. જે નિર્ગ્રંથ કે નિર્ગ્રંથી પર્યુષણા પછી એવી અધિકરણવાળી વાણી બોલે તેને એમ કહેવું જોઈએ કે 'હે આર્ય! આ જાતની વાણી બોલવાનો આચાર નથી'—'તું જે બોલે છે તે અકલ્પ છે—આપણો તેવો આચાર નથી.' જે નિર્ગ્રંથ કે નિર્ગ્રંથી પર્યુષણા પછી અધિકરણવાળી વાણી બોલે તેને જૂથમાંથી બહાર કાઢી મૂકવો જોઈએ.

૨૮૬ ખરેખર અહીં વર્ષાવાસ રહેલાં નિર્ગ્રંથોને કે નિર્ગ્રંથીઓને આજે જ—પર્યુ-પણાને દિવસે જ—કર્કશ અને કડવો કલેશ ઉત્પન્ન થાય તો શૈક્ષ—નાના—સાધુએ રાત્નિક—વડિલ—સાધુને ખમાવવો ઘટે અને રાત્નિકે પણ શૈક્ષને ખમાવવો ઘટે.

ખમવું, ખમાવવું, ઉપશમવું અને ઉપશમાવવું. (કલહ વખતે સાધુએ) સન્મતિ રાખીને સમીચીન રીતે પરસ્પર પૂછા કરવાની વિશેષતા રાખવી જોઈએ.

જે ઉપશમ રાખે છે તેને આરાધના છે, જે ઉપશમ રાખતો નથી તેને આરાધના નથી માટે પોતે જાતે જ ઉપશમ રાખવો જોઈએ.

પ્ર૦–હે ભગવન્! તે એમ કેમ કહેલું છે?

ઉ૦–શ્રમણપણાનો સાર ઉપશમ જ છે માટે તે એમ કહેલું છે.

૨૮૭ વર્ષાવાસ રહેલાં નિર્ગ્રંથોએ કે નિર્ગ્રંથીઓએ ત્રણ ઉપાશ્રયને ગ્રહણ કરવાનું ખપે. તે જેમકે; ત્રણમાંના બે ઉપાશ્રયોનું વારંવાર પડિલેહણ કરવું ઘટે અને જે વપરાશમાં છે તેની પ્રમાર્જના કરવી જોઈએ.

૨૮૮ વર્ષાવાસ રહેલાં નિર્ગ્રંથોએ કે નિર્ગ્રંથીઓએ કોઈએક ચોક્કસ દિશાનો કે ચોક્કસ વિદિશાનો—ખૂણાનો–જ ઉદ્દેશ કરીને ભાતપાણીની ગવેષણા કરવા જવાનું ખપે.

પ્ર૦–હે ભગવન્! તે એમ કેમ કહેલ છે?

ઉ૦–શ્રમણ ભગવંતો વર્ષાઋતુમાં ઘણે ભાગે વિશેષે કરીને તપમાં સારી રીતે જોડાયેલા હોય છે. તપસ્વી દૂબળો હોય છે, થાકેલો હોય છે, કદાચ તે રસ્તામાં મૂર્છા પામે અથવા પડી જાય તો જે ચોક્કસ દિશા તરફ કે ચોક્કસ વિદિશા તરફ તેઓ ગયા હોય તે તરફ શ્રમણ ભગવંતો તપસ્વીની તપાસ કરી શકે છે.

અનુવાદમાં વપરાયેલા પારિભાષિક શબ્દોનો

કોશ

અટ્ઠમભત્ત–[illegible] પછી [illegible] ભોજનનો અને પાણીનો ત્યાગ [illegible] માત્ર ભોજનનો ત્યાગ.

અનગારીપણાની–મુનિપણાની. અનગારી એટલે મુનિ.

અનુત્તરૌપપાતિક-અનુત્તર વિમાનમાં જનમ પામનારો દેવ.

અભિગ્રહ–નિયમ–નિશ્ચય.

અવગ્રહ–એક સ્થાને ચોમાસું રહ્યા પછી આજુબાજુ જવા આવવાની મર્યાદિત જગ્યાનો નિશ્ચય કરવો.

અવધિજ્ઞાન–અવધિજ્ઞાની–પરોક્ષ–ઇંદ્રિયો સામે ન હોય–એવા માત્ર રૂપી પદાર્થોનું જ્ઞાન, આવું જ્ઞાન જેને હોય તે અવધિજ્ઞાની.

અવસર્પિણી–જમીન, વૃક્ષ વગેરેનો અને મનુષ્યના પુરુષાર્થ વગેરે ગુણોનો રસકસ ઓછો થતો જાય એવો સમય–કળિયુગ.

અવસ્વાપિની–જે વિદ્યા વડે માણસ વગેરેને ગાઢ ઉંઘમાં રાખી શકાય.

અશન–ભોજન.

અષ્ટાંગમહાનિમિત્તનાં–૧ અંગના ફરકવાથી થતા લાભાલાભનુ જ્ઞાન, ૨ સ્વપ્નથી થતા લાભાલાભનુ જ્ઞાન, [illegible] ના લાભાલાભનું જ્ઞાન, ૬ શરીરની રેખાઓથી થતા લાભાલાભનું જ્ઞાન સામુદ્રિક, ૭ ઉલ્કાપાત વગેરેના અકસ્માતોથી થતા લાભાલાભનુ જ્ઞાન અને ૮ ગ્રહોના ઉદય, અસ્ત વગેરેથી થતા લાભાલાભનું જ્ઞાન આ આઠ પ્રકારની નિમિત્ત વિદ્યાઓનુ જ્ઞાન જેમાં હોય છે તે શાસ્ત્રો.

આઠ કર્મશત્રુઓ / ઘાતી કર્મ–૧ જ્ઞાનાવરણુ–જેના વડે જ્ઞાન–વિશેષ બોધ–અવરાય. ૨ દર્શનાવરણુ–જેના વડે દર્શન–સામાન્ય બોધ–અવરાય. ૩ મોહનીય–જેથી આત્મસ્વરૂપનુ ભાન થતું અટકે–આત્મા મોહ પામે. ૪ અંતરાય–જેથી પ્રાપ્ત થયેલુ પૌરુષ–પુરુષાર્થ ફોરવવામાં કે લાભ, દાન, ભોગ વગેરેમાં વિઘ્ન આવે. ૫ વેદનીય–જેથી સુખ કે દુઃખ અનુભવાય. ૬ આયુષ્ય–જેના વડે મનુષ્ય વગેરે ભવનું ધારણ થાય. ૭ નામ કર્મ–જેના વડે વિશેષ

એટલે પીડામાંથી પેદા થયેલું, ધ્યાન એટલે વિચાર.

આસ્વાદન–સ્વાદ ચાખી જોવું-એક ચાખીને પણ ચાખી જોવી.

ઈર્યાસમિતિ–ઈર્યા એટલે ચાલવું સમિતિ એટલે સાવધાની. અર્થાત ચાલવામાં કે એવી બીજી કોઈ ગતિવાળી પ્રવૃત્તિ કરતાં એવી જાતની સાવધાની રાખવી જોઈએ કે જેથી કોઈ પણ આજુબાજુના ચેતન પ્રાણીને પીડા ન પહોંચે, સંયમની મર્યાદાનો ભંગ ન થાય અને પોતાની પ્રવૃત્તિ પણ બરાબર સધાય.

ઉપપાત–નરકનાં પ્રાણીઓનો નારકીમાં જનમ અને દેવગતિના પ્રાણીઓનો દેવગતિમાં જનમ.

ઉષ્ણવિકટ–ઉકાળો આવી જાય એ રીતે ગરમ કરેલું પાણી–જેમાં દાણા વગેરેની એક પણ કણી ન હોય.

ઉત્સર્પિણી–(જુઓ 'આરા').

ઉત્સ્વેદિમ–પીસેલા અનાજવાળું પાણી અથવા કોઈપણ પીસેલા અનાજવાળા હાથ વગેરે જે પાણીમાં બોળેલા હોય કે ધોયેલા હોય તે પાણી.

ઋજુમતિ–જે જ્ઞાનવડે મનવાળાં પ્રાણીઓના મનના ભાવો જાણી શકાય તેવું ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન. આ જ્ઞાન થયા પછી ચાલ્યુ પણ જાય છે અને આમાં જોઈએ તેવી વિશુદ્ધિ નથી હોતી.

એષણાસમિતિ–એષણા–તપાસ કરવી. સમિતિ એટલે સાવધાની અર્થાત્ ખાવાપીવાની કે પહેરવા ઓઢવાની વા બીજી વાપરવામાં ઉપયોગમા આવે તેવી તમામ વસ્તુઓ વિશે તપાસ કરવી એટલે એવી વસ્તુઓ બનતાં કેવા કેવા પ્રકારની હિંસા, અનીતિ, જડ વગેરે દૂષિત પ્રવૃત્તિઓ થાય છે વા એવી વસ્તુઓ મેળવવામા કયા કયા ચેતન પાણીઓને બાધક આઘાત થાય છે, એની તપાસ કર્યા પછી જે વસ્તુઓની બનાવટ પાછળ ઓછામા ઓછાં કે મુદ્દલ હિંસા વગેરે થતા ન જણાય વા જે વસ્તુઓ મેળવતાં ઓછામાં ઓછાં હિંસા વગેરે થતાં જણાય તે વસ્તુઓનો ઉપયોગ કરવો.

કાઉસગ્ગ–ઊભા ઊભા ધ્યાન કરવાનુ એક પ્રકારનુ આસન.

કાયગુપ્તિ-શરીરને સ્થિર રાખવું–તેના અવયવોને હલાવ્યા ન કરવા તથા પાસે રહેલા કોઈપણ ચેતન પ્રાણીને લેશ પણ પીડા ન પહોંચે એ રીતે શરીરને રાખવું કે તેના બીજા હાથ પગ વગેરે અવયવોને રાખવા અને સંયમને જરાપણ બાધા ન થાય એવું શરીરનુ આસન ગોઠવવું.

કુલકર–કુલોને કરનારા–જે વખતે માનવ પ્રજામાં કુલોની–જત્થામાં રહેવાની પ્રથા ન હતી તે વખતે શરૂશરૂમા જેઓએ કુલોમાં રહેવાની પ્રથા પાડી તેઓ કુલકર.

ક્રતુ–આ શબ્દનો વૈદિક પરિભાષામાં 'યજ્ઞ' અર્થ છે પણ જૈન પરિભાષામા

જ્ઞાન-જ્ઞાન એટલે કોઈપણ વસ્તુ અંગેનો વિશેષ પ્રકારનો બોધ.

જવોદક-જવનું પાણી અર્થાત્ જેમાં જવ ધોયા હોય તે ધોણ

જાતિસ્મરણ જ્ઞાન-પોતાના આગલા જનમનું સ્મરણ થવું અર્થાત તે જનમ કે જનમોનું જ્ઞાન.

જ્યોતિષિક-સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા વગેરે. જૈન પરિભાષામાં એ બધા 'દેવો' કહેવાય છે.

તિલોદક-તલનું પાણી-જેમાં ખોકળા તલ ધોયા હોય તે ધોણ.

તીર્થંકર-તીર્થનો કરનાર-ધર્મચક્રને પ્રવર્તાવનાર-જુની પરંપરાઓમાં પેસી ગયેલા દોષોને નિવારવા માટે ધર્મચક્રને ચલાવનાર.

તુષોદક-ફોફાંનું પાણી-જેમાં ફોફાંવાળી શાળ કે ફુસાવાળો બાજરો વગેરે ધોયાં હોય તે ધોણ.

દર્શન-કોઇપણ વસ્તુને અંગેનું તદ્દન સામાન્ય જ્ઞાન એટલે શબ્દમાં ન કહી શકાય તેવો બોધ.

દંડનાયક-પ્રજામાં વ્યવસ્થા જાળવવા માટે દંડના નિયમોને પ્રવર્તાવનારા વા દંડને ફરમાવનારા.

દત્તિ-કણ જેટલા પણ આહારને કે ટીપા જેટલા પણ પાણીને એક વાર દેવું તે.

દ્વાદશાંગી-જૈન પરંપરાનાં મૂળ બાર અંગ શાસ્ત્રો-આચારાંગ વગેરે બાર ગ્રંથો.

નગરગુપ્તિકો-નગરને સાચવનારા કોટ-વાળો વગેરે.

નામકર્મ }
નામગોત્ર } (આ બધાં-આઠ કર્મ ગણાય)

પડિલેહણા-વાપરવાનાં વસ્ત્રો-પાત્રાં વગેરેને વારંવાર જોતાં-તપાસવાં.

પર્યાપ્તિ-શરીર, ઇંદ્રિયો વગેરેની પૂરેપૂરી રચના.

પલ્યોપમ-વિશેષ પ્રકારનું સમયનું માપ -જ્યારે જણાવવાની સંખ્યા આંકડાથી જણાવી શકાય તેમ ન હોય ત્યારે તેને ઉપમા દ્વારા જણાવવી પડે છે. પલ્ય-પાલો. ઉપમ-ઉપમા.

પાલામાં જેટલું માય તે બધું ખાલી કરતા જેટલો વખત લાગે તેટલો વખત. અહીં 'પાલો' તે સંકેતિત શબ્દ છે. ચાર ગાઉ ઊંડો, ચાર ગાઉ પહોળો અને ચાર ગાઉ લાંબો ખાડો હોય તેને અહીં 'પાલો' સમજવાનો છે. તેમાં નવા જનમેલા બાળકના બારીકમાં બારીક વાળ ભરવા અને તે એવી રીતે ભરવા કે તેમાં જરાય ખાડો કે ખાલી પોલાણ ન રહે અને એ ખાડા ઉપર મોટી સેના જેમ સડક ઉપર ચાલે છે તેમ ચાલી શકે. પછી એ ખાડામાંથી એકએક વાળ રોજ કાઢવો. એ રીતે કરતાં જેટલા વખતમાં તે ખાડો ખાલી થાય તેટલો વખત એ 'પલ્યોપમ.'

પાદપોપગત-અનશન લઇને મરણ આવતાં સુધી ગભરાયા વિના પાદપ-ઝાડ-ની પેઠે સ્થિર રહેવું.

પાન-પીવાનું-દારૂ પીણું કે મધુર પીણું

'[illegible]' [illegible]

લક્ષણવાળો [illegible]

લોકાંતિક–[illegible] પ્રકારના [illegible] લોકમાં [illegible]

વચનગુપ્તિ–[illegible] પ્રવૃત્તિ [illegible] અંકુશ–[illegible]–મૌન [illegible] પ્રવૃત્તિ.

વાદીઓની–વાદવિવાદ કરવામાં નિપુણોની

વાનવ્યંતર–એક પ્રકારના દેવો. જેઓ ભૂતપિશાચને નામે ઓળખાય છે

વિકટ–નિર્દોષ આહારપાણી.

વિકટગૃહ–ગામનો ચોરો–જ્યાં ભેગા થઈને ગામલોકો બેસે તે સ્થળ

[illegible]

[illegible]

[illegible]

ષષ્ટિતંત્ર [illegible] તત્ત્વજ્ઞાનનો ગ્રંથ [illegible] તત્ત્વનિરૂપણ કરેલું [illegible]

સાગરોપમ [illegible] (જુઓ 'પલ્યોપમ')

મડંબ—જેની આસપાસ ચારે બાજુ બબે ગાઉ પછી જ ગામ આવે એવાં સ્થળ.

મનોગુપ્તિ—મનનો પૂર્ણ સંયમ—મન ઉપર સંપૂર્ણ અંકુશ—મનોનિગ્રહ.

મારણાંતિક સંલેખના—મરણ આવતાં સુધી અનશન સ્વીકારીને શરીર, ઇદ્રિયો અને કષાયોને પાતળા કરવા.

મુણ્ડ—માથેથી વાળ કાઢી નાખેલા હોય તેવો.

મુષ્ટિલોચ—મુઠીએ મુઠીએ માથાના વાળને ખેંચી કાઢવા—લોચ કરવો.

વિગય—રસવિકૃતિઓ—વિકાર પેદા કરનારી—રસ ભરેલી વિકૃતિજનક ખાવાપીવાની વસ્તુઓ—દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ, મદ્ય અને માંસ. આ નવ વસ્તુઓ રસવિકૃતિ છે. આનું જ બીજું નામ 'વિગય' છે.

લક્ષણવાળો-બત્રીશ લક્ષણવાળો.

લોકાંતિક—વિશેષ પ્રકારના દેવો—જેઓ બ્રહ્મલોકમાં વસે છે.

વચનગુપ્તિ—બોલવાની પ્રવૃત્તિ ઉપર અંકુશ—ભાષાનિગ્રહ—મૌન જેવી પ્રવૃત્તિ.

વાદીઓની—વાદવિવાદ કરવામાં નિપુણોની.

વાનવ્યંતર—એક પ્રકારના દેવો. જેઓ ભૂતપિશાચને નામે ઓળખાય છે

વિકટ—નિર્દોષ આહારપાણી.

વિકટગૃહ—ગામનો ચોરો—જ્યાં ભેગા થઈને ગામલોકો બેસે તે સ્થળ.

વિકૃષ્ટ ભક્ત—અઠ્ઠમના તપ કરતાં વધારે તપ કરનારો.

વિગય—રસવિકૃતિઓ

વિપુલમતિજ્ઞાનવાળો—મનના ભાવોને જાણી શકનારું જ્ઞાન. આ જ્ઞાન વિશેષ શુદ્ધ હોય છે અને ઉત્પન્ન થયા પછી કેવળજ્ઞાન થતાં સુધી નાશ નથી પામતું (જુઓ 'ઋજુમતિ')

વિચારભૂમિ—શૌચ વગેરે માટે જવાની પ્રવૃત્તિ.

વિહારભૂમિ—ચૈત્ય વગેરે તરફ જવાની પ્રવૃત્તિ.

વૃષ્ટિકાય—વરસાદનું કે વરસાદના ફોરાંનું પાણી.

વેદનીયકર્મ-(જુઓ 'આઠ કર્મશત્રુઓ').

વૈમાનિક—વિમાનમાં વસનારા—એક પ્રકારના દેવો.

વૈક્રિયલબ્ધિવાળા—શરીરનાં વિવિધ રૂપો કરી શકવાની શક્તિવાળા.

વૈક્રિયસમુદ્ઘાત—શરીરનાં વિવિધરૂપો કરવા માટે કે શરીરના પરમાણુઓને બદલવા માટે કરવામાં આવતી એક પ્રકારની ક્રિયા.

વ્યંજનવાળો—શરીર ઉપરના તલ મસા વગેરે વાળો.

શુદ્ધવિકટ—ઉકાળો આવતાં સુધી ગરમ થએલું પાણી (જુઓ 'ઉષ્ણ વિકટ')

ષષ્ટિતંત્ર—સાંખ્ય તત્ત્વજ્ઞાનનો ગ્રંથ—જેમાં ષષ્ટિ-સાઠ-તત્ત્વોનું નિરૂપણ કરેલું છે.

સાગરોપમ—અસંખ્ય પલ્યોપમ જેટલો કાળ (જુઓ 'પલ્યોપમ').

અનુવાદમાં વપરાયેલા પારિભાષિક શબ્દોનો

કોશ.

અઠ્ઠમભક્ત–એક માથે આઠ ટંક સુધી કોઈ પણ જાતના આહારનો એટલે ભોજનનો અને પાણીનો ત્યાગ અથવા માત્ર ભોજનનો ત્યાગ.

અનગારીપણાની–મુનિપણાની. અનગારી એટલે મુનિ.

અનુત્તરૌપપાતિક-અનુત્તર વિમાનમાં જનમ પામનારો દેવ.

અભિગ્રહ–નિયમ–નિશ્ચય.

અવગ્રહ–એક સ્થાને ચોમાસું રહ્યા પછી આજુબાજુ જવા આવવાની મર્યાદિત જગ્યાનો નિશ્ચય કરવો.

અવધિજ્ઞાન–અવધિજ્ઞાની–પરોક્ષ–ઇંદ્રિયો સામે ન હોય–એવા માત્ર રૂપી પદાર્થોનું જ્ઞાન, આવું જ્ઞાન જેને હોય તે અવધિજ્ઞાની.

અવસર્પિણી–જમીન, વૃક્ષ વગેરેનો અને મનુષ્યના પુરુષાર્થ વગેરે ગુણોનો રસકસ ઓછો થતો જાય એવો સમય–કળિયુગ.

અવસ્વાપિની–જે વિદ્યા વડે માણસ વગેરેને ગાઢ ઉંઘમાં રાખી શકાય.

અશન–ભોજન.

અષ્ટાંગમહાનિમિત્તનાં–૧ અંગના ફરકવાથી થતા લાભાલાભનું જ્ઞાન, ૨ સ્વપ્નથી થતા લાભાલાભનુ જ્ઞાન, ૩ કાગડો, ઘુવડ અને ભૈરવ વગેરેના સ્વરથી થતા લાભાલાભનું જ્ઞાન, ૪ થનાર ધરતીકંપ વગેરેનું જ્ઞાન, ૫ શરીરની ઉપરના તલ, મસા વગેરેના લાભાલાભનુ જ્ઞાન, ૬ હાથપગની રેખાઓથી થતા લાભાલાભનુ જ્ઞાન–સામુદ્રિક, ૭ ઉલ્કાપાત વગેરેના અકસ્માતોથી થતા લાભાલાભનુ જ્ઞાન અને ૮ ગ્રહોના ઉદય, અસ્ત વગેરેથી થતા લાભાલાભનુ જ્ઞાન. આ આઠ પ્રકારની નિમિત્ત વિદ્યાઓનુ જ્ઞાન જેમાં હોય છે તે શાસ્રો.

આઠ કર્મશત્રુઓ / ઘાતી કર્મ–૧ જ્ઞાનાવરણ–જેના વડે જ્ઞાન–વિશેષ બોધ–અવરાય. ૨ દર્શનાવરણ–જેના વડે દર્શન–સામાન્ય બોધ–અવરાય. ૩ મોહનીય–જેથી આત્મસ્વરૂપનુ ભાન થતું અટકે–આત્મા મોહ પામે. ૪ અતરાય–જેથી પ્રાપ્ત થયેલુ પૌરુષ–પુરુષાર્થ ફોરવવામાં કે લાભ, દાન, ભોગ વગેરેમાં વિઘ્ન આવે. ૫ વેદનીય–જેથી સુખ કે દુઃખ અનુભવાય. ૬ આયુષ્ય–જેના વડે મનુષ્ય વગેરે ભવનુ ધારણ થાય. ૭ નામ કર્મ–જેના વડે વિશેષ

એટલે પીડામાંથી [illegible]. ધ્યાન
એટલે વિચાર.

આસ્વાદન–સ્વાદ ચાખી જોવો–[illegible]
પણ ચાખી જોવી

ઈર્યાસમિતિ–ઈર્યા એટલે ચાલવું. સમિતિ
એટલે સાવધાની અર્થાત્ ચાલવા-
માં કે બીજી [illegible] કોઈ ગતિ-
વાળી પ્રવૃત્તિ કરતાં બીજી જાતની
સાવધાની રાખવી જોઈએ કે જેથી
કોઈ પણ આજુબાજુના ચેતન
પ્રાણીને પીડા ન પહોંચે, સંયમની
મર્યાદાનો ભંગ ન થાય અને પો-
તાની પ્રવૃત્તિ પણ બરાબર સધાય.

ઉપપાત–નરકનાં પ્રાણીઓનો નારકીમાં
જનમ અને દેવગતિના પ્રાણીઓનો
દેવગતિમાં જનમ.

ઉબ્ભણુવિકટ–ઉકાળો આવી જાય એ રીતે
ગરમ કરેલુ પાણી–જેમાં દાણા
વગેરેની એક પણ કણી ન હોય.

ઉત્સર્પિણી–(જુઓ 'આરા').

ઉત્સ્વેદિમ–પીસેલા અનાજવાળું પાણી
અથવા કોઈપણ પીસેલા અનાજ-
વાળા હાથ વગેરે જે પાણીમાં
બોળેલા હોય કે ધોયેલા હોય
તે પાણી.

ઋજુમતિ–જે જ્ઞાનવડે મનવાળાં પ્રાણી-
ઓના મનના ભાવો જાણી શકાય
તેવું ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન. આ
જ્ઞાન થયા પછી ચાલ્યુ પણ જાય
છે અને આમાં જોઈએ તેવી વિ-
શુદ્ધિ નથી હોતી.

એષણાસમિતિ–એષણા–તપાસ કરવી.
સમિતિ એટલે સાવધાની અર્થાત્
ખાવાપીવાની કે પહેરવા ઓઢવાની
ના [illegible] ઉપયોગમાં
આવે તે તમામ વસ્તુઓ વિશે
તપાસ કરવી એટલે કેવી વસ્તુઓ
બનતાં કેટલા કેટલા પ્રકારની હિંસા,
અનીતિ, [illegible] વગેરે દુરિત [illegible]
ઓ થાય છે વા જેની વસ્તુઓ
મેળવવામાં ક્યા ક્યા ચેતન પ્રા-
ણીઓને [illegible] આઘાત થાય છે.
આવી તપાસ કર્યા પછી જે વસ્તુ-
ઓની બનાવટ પાછળ ઓછામાં
ઓછાં કે મુદ્દલ હિંસા વગેરે થતા
ન જણાય વા જે વસ્તુઓ મેળવતાં
ઓછામાં ઓછાં હિંસા વગેરે થતા
જણાય તે વસ્તુઓનો ઉપયોગ
કરવો.

કાઉસગ્ગ–ઊભા ઊભા ધ્યાન કરવાનું એ,
પ્રકારનુ આસન.

કાયગુપ્તિ–શરીરને સ્થિર રાખવું–તેના અવ-
યવોને હલાવ્યા ન કરવા તથા
પાસે રહેલા કોઈપણ ચેતન પ્રાણીને
લેશ પણ પીડા ન પહોંચે એ રીતે
શરીરને રાખવું કે તેના બીજા
હાથ પગ વગેરે અવયવોને રાખવા
અને સંયમને જરાપણ બાધા ન
થાય એવું શરીરનુ આસન ગોઠવવુ.

કુલકર–કુલોને કરનારા–જે વખતે માનવ
પ્રજામાં કુલોની–જત્થામાં રહેવાની
પ્રથા ન હતી તે વખતે શરૂશરૂમા
જેઓએ કુલોમાં રહેવાની પ્રથા
પાડી તેઓ કુલકર

ક્રતુ–આ શબ્દનો વૈદિક પરિભાષામાં 'યજ્ઞ'
અર્થ છે પણ જૈન પરિભાષામા

જ્ઞાન-જ્ઞાન [illegible]
[illegible]

જલોદક-જળનું પાણી [illegible] જેમાં [illegible] ધોયા હોય તે ધોણ

જાતિસ્મરણ જ્ઞાન-પોતાના આગલા જનમનું સ્મરણ થતું અર્થાત્ તે જનમ કે જનમોનું જ્ઞાન.

જ્યોતિષિક-સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા વગેરે. જૈન પરિભાષામાં એ બધા 'દેવો' કહેવાય છે.

તિલોદક-તલનું પાણી-જેમાં શેકેલા તલ ધોયા હોય તે ધોણ.

તીર્થંકર-તીર્થનો કરનાર-ધર્મચક્રને પ્રવર્તાવનાર-જુની પરંપરાઓમાં પેઠી ગયેલા દોષોને નિવારવા માટે ધર્મચક્રને ચલાવનાર.

તુષોદક-ફોફાંનું પાણી-જેમાં ફોફાંવાળી શાળ કે કુસાવાળો બાજરો વગેરે ધોયાં હોય તે ધોણ.

દર્શન-કોઇપણ વસ્તુને અંગેનું તદ્દન સામાન્ય જ્ઞાન એટલે શબ્દમાં ન કહી શકાય તેવો બોધ.

દંડનાયક-પ્રજામાં વ્યવસ્થા જાળવવા માટે દંડના નિયમોને પ્રવર્તાવનારા વા દંડને ફરમાવનારા.

દત્તિ-કણ જેટલા પણ આહારને કે ટીપા જેટલા પણ પાણીને એક વાર દેવું તે.

દ્વાદશાંગી-જૈન પરંપરાનાં મૂળ બાર અંગ શાસ્ત્રો-આચારાંગ વગેરે બાર ગ્રંથો.

નગરગુપ્તિકો-નગરને સાચવનારા કોટવાળો વગેરે.

[illegible]
[illegible]

[illegible]

પર્યાપ્ત શરીર, ઇંદ્રિયો વગેરેની પૂરેપૂરી [illegible]

પલ્યોપમ-વિશેષ પ્રકારનું સમયનું માપ જ્યારે જણાવવાની સંખ્યા આંકડાથી જણાવી શકાય તેમ ન હોય ત્યારે તેને ઉપમા દ્વારા જણાવવી પડે છે. પલ્ય-પાલો. ઉપમ-ઉપમા.

પાલામાં જેટલુ માય તે બધું ખાલી કરતાં જેટલો વખત લાગે તેટલો વખત. અહીં 'પાલો' તે સંકેતિત શબ્દ છે. ચાર ગાઉ ઊંડો, ચાર ગાઉ પહોળો અને ચાર ગાઉ લાંબો ખાડો હોય તેને અહીં 'પાલો' સમજવાનો છે. તેમાં નવા જનમેલા બાળકના બારીકમાં બારીક વાળ ભરવા અને તે એવી રીતે ભરવા કે તેમાં જરાય ખાડો કે ખાલી પોલાણ ન રહે અને એ ખાડા ઉપર મોટી સેના જેમ સડક ઉપર ચાલે છે તેમ ચાલી શકે. પછી એ ખાડામાંથી એકએક વાળ રોજ કાઢવો. એ રીતે કરતાં જેટલા વખતમાં તે ખાડો ખાલી થાય તેટલો વખત એ 'પલ્યોપમ.'

પાદપોપગત-અનશન લઇને મરણ આવતાં સુધી ગભરાયા વિના પાદપ-ઝાડ-ની પેઠે સ્થિર રહેવું.

પાન-પીવાનું-દારૂ પીણું કે મધુર પીણું.

[illegible]

[illegible]

[illegible]

મુંડ-[illegible]

મુષ્ટિયોગ-[illegible]

વિગય-રસવિકૃતિઓ-વિકાર [illegible] નારી-[illegible] ખાવાપીવાની વસ્તુઓ-દૂધ, [illegible], માખણ, ઘી, તેલ, [illegible], [illegible], મદ્ય અને માંસ. આ નવ વસ્તુઓ રસવિકૃતિ છે. આનું જ બીજું નામ 'વિગય' છે.

લક્ષણવાળો-બત્રીશ લક્ષણવાળો.

લોકાંતિક-વિશેષ પ્રકારના દેવો-જેઓ બ્રહ્મલોકમાં વસે છે.

વચનગુપ્તિ-બોલવાની પ્રવૃત્તિ ઉપર અંકુશ-ભાષાનિગ્રહ-મૌન જેવી પ્રવૃત્તિ.

વાદીઓની-વાદવિવાદ કરવામાં નિપુણોની.

વાનવ્યંતર-એક પ્રકારના દેવો. જેઓ ભૂતપિશાચને નામે ઓળખાય છે.

વિકટ-નિર્દોષ આહારપાણી.

વિકટગૃહ-ગામનો ચોરો-જ્યાં ભેગા થઈને ગામલોકો બેસે તે સ્થળ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

વેદનીયકર્મ (જુઓ [illegible]).

વૈમાનિક-વિમાનમાં [illegible] એક પ્રકારના દેવો.

વૈક્રિયલબ્ધિવાળા-શરીરનાં વિવિધ રૂપો કરી શકવાની શક્તિવાળા.

વૈક્રિયસમુદ્‌ઘાત-શરીરનાં વિવિધરૂપો કરવા માટે કે શરીરના પરમાણુઓને બદલાવા માટે કરવામાં આવતી એક પ્રકારની ક્રિયા.

વ્યંજનવાળો-શરીર ઉપરના તલ મસા વગેરે વાળો.

શુદ્ધવિકટ-ઉકાળો આવતા સુધી ગરમ થએલું પાણી (જુઓ 'ઉષ્ણ વિકટ')

ષષ્ટિતંત્ર-સાંખ્ય તત્ત્વજ્ઞાનનો ગ્રંથ-જેમાં ષષ્ટિ-સાઠ-તત્ત્વોનું નિરૂપણ કરેલું છે.

સાગરોપમ-અસંખ્ય પલ્યોપમ જેટલો કાળ (જુઓ 'પલ્યોપમ')

જ્ઞાન—જ્ઞાન એટલે કોઈપણ વસ્તુનો વિશેષ પ્રકારનો બોધ.

જવોદક—જવનું પાણી અર્થાત્ જેમાં જવ ધોયા હોય તે ધોણ.

જાતિસ્મરણ જ્ઞાન—પોતાના આગલા જનમનું સ્મરણ થવું અર્થાત્ તે જનમ કે જનમોનું જ્ઞાન.

જ્યોતિષિક—સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા વગેરે. જૈન પરિભાષામાં એ બધા 'દેવો' કહેવાય છે.

તિલોદક—તલનું પાણી—જેમાં ગોકળા તલ ધોયા હોય તે ધોણ.

તીર્થંકર—તીર્થનો કરનાર—ધર્મચક્રને પ્રવર્તાવનાર—જુની પરંપરાઓમાં પેસી ગયેલા દોષોને નિવારવા માટે ધર્મચક્રને ચલાવનાર.

તુષોદક—ફોફાંનું પાણી—જેમાં ફોફાંવાળી શાળ કે ફુસાવાળો બાજરો વગેરે ધોયાં હોય તે ધોણ.

દર્શન—કોઈપણ વસ્તુને અંગેનું તદ્દન સામાન્ય જ્ઞાન એટલે શબ્દમાં ન કહી શકાય તેવો બોધ.

દંડનાયક—પ્રજામાં વ્યવસ્થા જાળવવા માટે દંડના નિયમોને પ્રવર્તાવનારા વા દંડને ફરમાવનારા.

દત્તિ—કણ જેટલા પણ આહારને કે ટીપા જેટલા પણ પાણીને એક વાર દેવું તે.

દ્વાદશાંગી—જૈન પરંપરાનાં મૂળ બાર અંગ શાસ્ત્રો—આચારાંગ વગેરે બાર ગ્રંથો.

નગરગુપ્તિકો—નગરને સાચવનારા કોટવાળો વગેરે.

નામકર્મ
નામગોત્ર } ([illegible])

[illegible]—[illegible] જોનાં-તમાશાનાં.

પર્યાપ્તિ—શરીર, ઇંદ્રિયો વગેરેની પરિપૂર્ણ રચના.

પલ્યોપમ—વિશેષ પ્રકારનું સમયનું માપ—જ્યારે જણાવવાની સંખ્યા આંકડાથી જણાવી શકાય તેમ ન હોય ત્યારે તેને ઉપમા દ્વારા જણાવવી પડે છે. પલ્ય—પાલો. ઉપમ—ઉપમા. પાલામાં જેટલું માય તે બધું ખાલી કરતાં જેટલો વખત લાગે તેટલો વખત. અહીં 'પાલો' તે સંકેતિત શબ્દ છે. ચાર ગાઉ ઊંડો, ચાર ગાઉ પહોળો અને ચાર ગાઉ લાંબો ખાડો હોય તેને અહીં 'પાલો' સમજવાનો છે. તેમાં નવા જનમેલા બાળકના બારીકમાં બારીક વાળ ભરવા અને તે એવી રીતે ભરવા કે તેમાં જરાય ખાડો કે ખાલી પોલાણ ન રહે અને એ ખાડા ઉપર મોટી સેના જેમ સડક ઉપર ચાલે છે તેમ ચાલી શકે. પછી એ ખાડામાંથી એકએક વાળ રોજ કાઢવો. એ રીતે કરતાં જેટલા વખતમાં તે ખાડો ખાલી થાય તેટલો વખત એ 'પલ્યોપમ.'

પાદપોપગત—અનશન લઈને મરણ આવતાં સુધી ગભરાયા વિના પાદપ—ઝાડ—ની પેઠે સ્થિર રહેલું.

પાન—પીવાનું—સાદું પીણું કે મધુર પીણું.

મડંબ-જેની આસપાસ ચારે બાજુ બબ્બે ગાઉ પછી જ ગામ આવે એવાં સ્થળ.

મનોગુપ્તિ-મનનો પૂર્ણ સંયમ-મન ઉપર સંપૂર્ણ અંકુશ-મનોનિગ્રહ

મારણાંતિક સંલેખના-મરણ આવતાં સુધી અનશન સ્વીકારીને શરીર, ઇંદ્રિયો અને કષાયોને પાતળા કરવા.

મુણ્ડ-માથેથી વાળ કાઢી નાખેલા હોય તેવો.

મુષ્ટિલોચ-મુઠીએ મુઠીએ માથાના વાળને ખેંચી કાઢવા-લોચ કરવો.

વિગય-રસવિકૃતિઓ-વિકાર પેદા કરનારી-રસ ભરેલી વિકૃતિજનક ખાવાપીવાની વસ્તુઓ-દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ, મદ્ય અને માંસ. આ નવ વસ્તુઓ રસવિકૃતિ છે. આનુ જ બીજું નામ 'વિગય' છે.

લક્ષણવાળો -બત્રીશ લક્ષણવાળો.

લોકાંતિક-વિશેષ પ્રકારના દેવો-જેઓ બ્રહ્મલોકમાં વસે છે.

વચનગુપ્તિ-બોલવાની પ્રવૃત્તિ ઉપર અંકુશ-ભાષાનિગ્રહ-મૌન જેવી પ્રવૃત્તિ.

વાદીઓની-વાદવિવાદ કરવામાં નિપુણોની.

વાનવ્યંતર-એક પ્રકારના દેવો. જેઓ ભૂતપિશાચને નામે ઓળખાય છે

વિકટ-નિર્દોષ આહારપાણી.

વિકટગૃહ-ગામનો ચોરો-જ્યાં ભેગા થઈને ગામલોકો બેસે તે સ્થળ.

વિકૃષ્ટ ભક્ત-અઠ્ઠમના તપ કરતાં વધારે તપ કરનારો.

વિગય-રસવિકૃતિઓ

વિપુલમતિજ્ઞાનવાળો-મનના ભાવોને જાણી શકનારું જ્ઞાન. આ જ્ઞાન વિશેષ શુદ્ધ હોય છે અને ઉત્પન્ન થયા પછી કેવળજ્ઞાન થતાં સુધી નાશ નથી પામતું (જુઓ 'ઋજુમતિ'.)

વિચારભૂમિ-શૌચ વગેરે માટે જવાની પ્રવૃત્તિ.

વિહારભૂમિ-ચૈત્ય વગેરે તરફ જવાની પ્રવૃત્તિ.

વૃષ્ટિકાય-વરસાદનું કે વરસાદના ફોરાંનું પાણી.

વેદનીયકર્મ-(જુઓ 'આઠ કર્મશત્રુઓ').

વૈમાનિક-વિમાનમાં વસનાર-એક પ્રકારના દેવો.

વૈક્રિયલબ્ધિવાળા-શરીરનાં વિવિધ રૂપો કરી શકવાની શક્તિવાળા.

વૈક્રિયસમુદ્ઘાત-શરીરનાં વિવિધરૂપો કરવા માટે કે શરીરના પરમાણુઓને બદલવા માટે કરવામાં આવતી એક પ્રકારની ક્રિયા.

વ્યંજનવાળો-શરીર ઉપરના તલ મસા વગેરે વાળો.

શુદ્ધવિકટ-ઉકાળો આવતાં સુધી ગરમ થએલુ પાણી (જુઓ 'ઉષ્ણ વિકટ')

ષષ્ટિતંત્ર-સાંખ્ય તત્ત્વજ્ઞાનનો ગ્રંથ-જેમા ષષ્ટિ-સાઠ-તત્ત્વોનુ નિરૂપણ કરેલુ છે.

સાગરોપમ-અસંખ્ય પલ્યોપમ જેટલો કાળ (જુઓ 'પલ્યોપમ').

૪૦ ત્યાર પછી વળી, અંધારાં પડળોને ફોડી નાખનાર, તેજથી ઝળહળતો, રાતો આસોપાલવ, ખીલેલાં કેસુડાં, પોપટની ચાંચ, ચણોઠીનો અડધો ભાગ એ બધાનાં રંગ જેવો લાલચોળ, કમળનાં વનોને ખીલાવનાર, વળી, જ્યોતિષચક્ર ઉપર ફરનાર હોવાથી તેના લક્ષણને જણાવનાર, આકાશતળમાં દીવા જેવો, હિમનાં પડળોને ગળે પકડનાર એટલે ગાળી નાખનાર, ગ્રહમંડળનો મુખ્ય નાયક, રાત્રિનો નાશ કરનાર, ઊગતાં અને આથમતાં ઘડીભર બરાબર સારી રીતે જોઇ શકાય એવો, બીજે વખતે જેની સામે જોઇ જ ન શકાય એવા રૂપવાળો, તથા રાત્રિમાં અપાટાબંધ દોડતા ચોર જાર વગેરેને અટકાવનાર, ઠંડીના વેગને હડાવી નાખનાર, મેરુપર્વતની આસપાસ નિરંતર ફેરા ફરનાર, વિશાળ અને ચમકતા ચંદ્ર તારા વગેરેની શોભાને પોતાનાં હજાર કિરણોવડે દાબી દેનાર એવા સૂર્યને માતા સાતમે સ્વપ્ને જુએ છે. ૭

૪૧ ત્યાર પછી વળી, ઉત્તમ સોનાના દંડની ટોચ ઉપર બરાબર બેસાડેલો, ભેગાં મળેલાં નીલાં રાતાં પીળાં અને ધોળાં તથા સુંવાળાં, વળી, પવનને લીધે લહેરખીઓ લેતાં જેને માથે મોરપીંછાં વાળની પેઠે શોભી રહ્યાં છે એવા ધ્વજને માતા આઠમે સ્વપ્ને જુએ છે, એ ધ્વજ અધિક શોભાવાળો છે. જે ધ્વજને મથાળે–ઉપરના ભાગમાં–સ્ફટિક અથવા તોડેલો શંખ, અંકરત્ન, મોગરો, પાણીનાં બિંદુઓ અને રૂપાનો કળશ એ બધાની જેવા ધોળા રંગનો શોભતો સિંહ શોભી રહેલ છે જાણે કે એ સિંહ ગગનતળને ફાડી નાખવાને ફાળ ભરતો ન હોય એવો દેખાય છે એવો એ ધ્વજ છે તથા એ ધ્વજ, સુખકારી મંદમંદ પવનને લીધે ફરફરી રહેલ છે, ઘણો મોટો છે અને માણસોને એ ભારે દેખાવડો લાગે છે. ૮

૪૨ ત્યાર પછી વળી, ઊત્તમ કંચનની જેવા ઊજળા રૂપવાળો, ચોક્ખા પાણીથી ભરેલો, ઉત્તમ, ઝગારા મારતી કાંતિવાળો કમળોના જત્થાથી ચારે બાજુ શોભતો એવો રૂપાનો કળશ માતાને નવમે સ્વપ્ને દેખાય છે, તમામ પ્રકારના મંગલના ભેદો એ કળશમાં ભેગા થયેલા છે એવો એ સર્વ મંગલમય છે, ઉત્તમ રત્નોને જડીને બનાવેલા કમળ ઊપર એ કળશ શોભી રહેલ છે, જેને જોતાં જ આંખ ખુશખુશ થઇ જાય છે એવો એ રૂપાળો છે. વળી, એ પોતાની પ્રભાને ચારે કોર ફેલાવી રહ્યો છે, તમામ દિશાઓને

બધી બાજુએ ઊજળી કરી રહ્યો છે, પ્રશસ્ત એવી લક્ષ્મીનુ એ ઘર છે, તમામ પ્રકારનાં દૂષણો વિનાનો છે, શુભ છે, ચમકિલો છે, શોભાવડે ઉત્તમ છે, તથા તમામ ઋતુનાં સુગંધી ફૂલોની માળાઓ એ કળશના કાંઠા ઊપર મૂકેલી છે એવા રૂપાના પૂર્ણકલશને તે માતા જુએ છે. ૯

૪૩ ત્યાર પછી વળી, પદ્મસરોવર નામના સરોવરને માતા દસમા સ્વપ્નમાં જુએ છે. એ સરોવર, ઊગતા સૂર્યનાં કિરણોથી ખિલેલાં હજાર પાંખડીવાળાં—સહસ્રદલ—મોટાં કમળોને લીધે સુગંધિત બનેલ છે, એમાં કમળોનાં રજકણો પડેલાં હોવાથી એનું પાણી પિંજરા રંગનુ એટલે પીળું તથા રાતું દેખાય છે, એ સરોવરમાં ચારે કોર ઘણાં બધા જળચર જીવો ફરી રહ્યા છે, માછલાં એ સરોવરનુ અઢળક પાણી પીધા કરે છે, વળી. ઘણું લાંબું પહોળું અને ઊંડું એ સરોવર સૂર્યવિકાસી કમળો, ચંદ્રવિકાસી કુવલયો. રાતાં કમળો, મોટાં કમળો, ઊજળાં કમળો, એવાં અનેક પ્રકારના કમળોની વિસ્તારવાળી, ફેલાતી વિવિધરંગી શોભાઓને લીધે જાણે કે ઝગારા મારતું હોય એવુ દેખાય છે, સરોવરની શોભા અને રૂપ ભારે મનોહર છે, ચિત્તમા પ્રમોદ પામેલા ભમરાઓ. માતેલી—મત્ત—મધમાખીઓ એ બધાનાં ટોળાં કમળો ઊપર બેસી તેમનો રસ પી રહ્યાં છે એવા એ સરોવરમાં મીઠો અવાજ કરનારા કલહંસો, બગલાઓ, ચક્રવાકો, રાજહંસો, સારસો ગર્વથી મસ્ત બનીને તેના પાણીનો ઉપયોગ કરે છે તથા વિવિધ પ્રકારના પક્ષીઓનાં નરમાદાનાં જોડકા એ સરોવરના પાણીનો ઉપયોગ [illegible] એ સરોવર કમલિનીનાં પાંદડાં ઉપર બાઝેલાં મોતી જેવાં દેખાતાં પાણીના ટીપાઓ [illegible] દેખાય છે, વળી એ સરોવર, જોનારનાં હૃદયોને અને લોચનોને શાંતિ [illegible] છે એવા અનેક કમળોથી રમણીય દેખાતા એ સરોવરને માતા દસમે સ્વપ્ને [illegible] ૧૦

૪૪ ત્યાર પછી વળી, માતા અગિયારમે સ્વપ્ને ક્ષીરોદ [illegible] જુએ છે. એ ક્ષીરોદસાગરનો મધ્યભાગ, જેવી ચંદ્રના કિરણ [illegible] તેવી શોભાવાળો છે એટલે અતિઊજળો છે. વળી. એ [illegible] પાણીનો ભરાવો વધતો વધતો હોવાથી એ બધી બાજુએ [illegible] ભારે ચપળમાં ચપળ અને ઘણા ઊંચાં ઊછળતા [illegible] તથા જ્યારે ભારે પવનનુ જોર હોય છે ત્યારે પવન [illegible] અથડાય છે તેથી મોજાં જાણે જોરજોરથી દોડવા લાગે [illegible] દીસતા તરંગો આમતેમ નાચતા હોય એવા દેખાય [illegible] ગયા હોય એમ અતિક્ષોભ પામેલા જેવા દેખાય છે [illegible] કલ્લોલોના મેળાપને લીધે જોનારને એમ જણાય છે કે [illegible] તરફ દોડતો આવે છે અને ક્ષણેકમાં વળી એ [illegible] ક્ષીરોદસાગર ચમકતો અને રમણીય દેખાય છે. [illegible] મોટા મોટા મગરો. તિમિ, તિમિંગલ. [illegible]